કરણ ૫.

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૪૭૫૨ नांक

पुस्तकनुं नाम ૬૨૪

विषय ૮૧૧૩:૬

ફરજ

બે ભાગમાં

લખનાર

રૂસ્તમજી હોરમસજી મીસતરી,

દુશમન દારાબ, પ્યાર અને પરણેલી જીંદગી,
સુખશાંતી કોષ, વગેરેના કર્ત્તા.

મુંબઈ:
૧૯૧૩.

(સર્વ હક કર્ત્તાએ સ્વાધીન રાખ્યા છે.)

આ પુસ્તક જાણીતા બુકસેલરો પાસેથી મળશે.

કિંમત રૂ. ૧ાા

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતની કૉપીરાઈટ-સંગ્રહ
૪૭૪૨

આ પુસ્તક ધી જ. ન. પીટીટ પારસી ઑરફનેજ કૅપતન પ્રિંટિંગ વર્કસ, નં. ૧૪૧, લાલબાગ, પરેલ, મુંબઇમાં મેહેરજી બી. મીઠાઇવાલાએ છાપ્યું છે, અને રૂસ્તમજી હોરમસજી મીસ્ત્રીએ ના. ૧૪, સનતોક લેન, ધોબીતલાવ, મુંબઈમાં પ્રગટ કીધું છે.

Works by the Same Author.

આ પુસ્તક લખનારનાં બીજાં પુસ્તકો.

૧ **દુશમન દારાબ,** પારસી સંસારી વારતા, બીજી આવૃતિ.
૨ **લીકૉક,** છુપી પોલીસનો અમલદાર, ડિટેકટીવ વારતા.
૩ **સપલની સુના,** પારસી સંસારી વારતા.
૪ **પ્યાર બડા કે પૈસો,** પ્યાર અને પૈસા વિષેની વારતા.
૫ **ખાનદાની ખુની,** એક ડિટેકટીવ વારતા.
૬ **જમશેદની જેહમતો,** સાહસ કર્મોનું વર્ણન.
૭ **જગતનો ફાંસો,** એક ઇંગ્રેજી સંસારની વારતા.
૮ **શરમાલ કુંવર,** રમુજી સ્કૅચ, શરમાલપણાંનો ચિતાર.
૯ **દિલ્હીનો બાદશાહ,** એક મુસલમાની વારતા.
૧૦ **સોનારણ,** વેલાતના ચોથા એડવર્ડના વખતની વારતા.
૧૧ **ચુમીની મોહકાણ,** એક નિરદોષ સંસારી વારતા.
૧૨ **ટોમી અને હૅરી,** સેનફર્ડ મરટનનો તરજુમો.
૧૩ **સુખશાંતી કોષ,** ડિક્ષનરી ઑફ હૅલ્થનો તરજુમો.
૧૪ **ગુલબાનુ,** એક પારસી સંસારી વારતા.
૧૫ **પ્યાર અને પરણેલી જીંદગી,** લગન વિષે નિબંધ.
૧૬ Zoroaster and Zoroastrianism, જરથોસ્તી ધર્મ સંબંધી.
૧૭ Essays on 40 subjects, સ્કુલને લાયક.
૧૮ Notes on Lamb's Tales, શાળોપયોગી પુસ્તક.
૧૯ Notes on Homer's Iliad, નિશાળના છોકરાઓ માટે.
૨૦ પોકેટ ગુજરાતી ઇંગ્રેજી ડિક્ષનરી.
૨૧ English Idioms translated into Gujarati.

પ્રસ્તાવના.

સામાન્ય ગુજરાતી વાંચક વર્ગને ઉપયોગી થઇ પડે એવાં નીતિનાં પુસ્તકો બહુજ થોડાં છે એવી ફરિયાદ ગુજરાતી વાંચક વર્ગ તરફથી વારંવાર થાય છે. એમાં તો કશો શક નથી કે એવાં પુસ્તકો જેમ વધુ સંખ્યામાં પ્રગટ થાય અને જેમ તે વધુ વંચાય, તેમ પ્રજાને વધારે ફાયદો થાય છે. આ વાત સર્વ જણ માન્ય કરે છે. આથી જો વિદ્વાન ડાક્ટર સેમ્યુઅલ સ્માઇલ્સના Duty નામનાં વખણાયલાં પુસ્તકનું ગુજરાતીમાં ભાષાંતર થાય તો ગુજરાતીમાં એક સારાં પુસ્તકનો વધારો થાય એમ મને ખાતરીપુર્વક લાગ્યું, તેથી તુરત મેં મારી ફુરસદનો વખત એ કામ પાછલ રોક્યો, અને છેવટે આજે એ ભાષાંતર જાહેરમાં મુકવાને હું શકતીવાન થયો છું. મારી ખાતરી છે કે ગુજરાતી જાણનાર દરેક જણ એ પુસ્તકનું ઉપયોગીપણું અને ઉમદાપણું જરૂર સ્વિકારશે, કારણ કે એ પુસ્તકના ઉપયોગીપણાં વિષે અત્યાર સુધી યુરોપમાં કે અમેરિકામાં બે મત છેજ નહીં. સેમ્યુઅલ સ્માઇલ્સના દરેક પુસ્તકની યુરોપમાં લાખો નકલો ખપે છે, અને તેના જુદા જુદા પ્રગટ કરનારાઓ તેની એકેક પછી એકેક સંખ્યાબંધ આવૃતિઓ બાહેર પાડવાને શકતીવાન થયા છે. વળી યુરોપની કેટલીક ભાષામાં એ વિદ્વાન ફિલસુફનાં પુસ્તકોનો તરજુમો થઇ ચુક્યો છે. એ ઉપરાંત મને મારા ઇંગ્રેજ મિત્રો તરફથી જણાવવામાં આવ્યું છે કે વેલાતની ઘણી શાળાઓમાં ઉસ્તાદો તરફથી પોતાના ચેલાઓને તેમની જવાનીમાં કાંઇ નહીં તો એક વાર સ્માઇલ્સના પુસ્તકો વાંચવાની ભલામણ કરવામાં આવે છે. હું તો કહું છું કે એક વાર નહી પણ અનેક વાર આ પુસ્તક વંચાય તો તેથી કાંઇ ફાયદોજ થવાનો સંભવ છે. વળી એ ઉપરાંત સ્માઇલ્સના પુસ્તકો શાળાઓમાં અને કૉલેજમાં દાખલ કરીને સરકારે તેનું

ઉપયોગીપણું સ્વિકાર્યું છે. આવા એક ઉમદા લખનારના પુસ્તકનો ગુજરાતીમાં તરજુમો બાહેર પાડતાં મને ખુશી ઉપજે છે.

મારે જણાવવું જોઇએ કે વિદ્વાન સ્માઇલ્સના ઉચા પ્રકારની ઇંગ્રેજી બાપાનો બોલેબોલ તરજુમો કરવાને મને વાજબી લાગ્યું નથી, અને એ મારા વિચાર સાથે મારા કેટલાક ભણેલા મિત્રો એકમત થયા છે. મારી નાકેશ સમજણ મુજબ મને મારીજ બાપામાં એ પુસ્તકનો તરજુમો આપવાની જરૂર જણાઇ છે, અને મને જરાએ શક નથી કે વિદ્વાનો તરજુમો કરવાની એ મારી રીતીને પસંદ કરયા વિના રહેશે નહીં. બોલેબોલ તરજુમો કરવા જતાં કેવો છબરડો થાય છે તેના મેં ઘણા દાખલાઓ જોયા છે અને કોઇ પણ ઇંગ્રેજી બાપા, મૂખ્ય કરીને સ્માઇલ્સની ઉચા પ્રકારની બાપા-રચનાનો ગુજરાતીમાં બોલેબોલ છુટો તરજુમો કરવા જતાં કેવો છબરડો થાય, બલકે તેવો તરજુમો ગુજરાતી વાંચક વર્ગને કેવો વગર સમજણનો, વગર અર્થનો અને કાનને કેવો તદન નવો લાગે, તેનો મને ખ્યાલ છે, તેથીજ મેં મારી પોતાની ઢબે અને મારી પોતાની બાપા-રચનામાં, અને કેટલેક ઠેકાણે તરજુમો વધારે ખુલાસાવાર બનાવવાને માટે કેટલોક સુધારો વધારો કરીને, તેમજ વાજબી લાગે તે ભાગ પડતો મુકીને મેં આ પુસ્તક રચ્યું છે, અને તે એવી મતલબથી કે દરેક પારસી, હિંદુ, કે મુસલમીન બાનુ અથવા ગ્રહસ્થ, એ વાંચીને સમજી શકે, અને દરેક કોમને એ અનુકુળ થઇ પડે.

આજના જમાનામાં જ્યારે સ્કુલની કેળવણીમાં નૈતિક શિક્ષણની ખામી અને ખોટ માલુમ પડે છે, તેવા સમયે આવા નૈતિક અને ચાલચલણને સુધારીને ઉમદા માર્ગ દેખાડનારાં પુસ્તકને જાહેર પ્રજાએ વધાવી લેવું ઘટે છે. મને જરાએ શક નથી કે આપણી સ્કુલોના માલેકો અને હેડમાસ્ટરો પણ પોતાના શિસ્યોને આ પુસ્તક વાંચવાની ભલામણ કરશે, અને પોતાને ત્યાં થતા ઇનામના મેલાવડાઓમાં આવું ઉપયોગી પુસ્તક ઇનામની ચોપડી તરીકે આપતું કરશે.

આ પુસ્તકના બીજા ભાગ તરીકે મારી પોતાની અદના કલમથી લખાયલો 'ફરજ' વિષેનો વિષય છે. એ વિષયને છુટો છપાવીને બાહેર પાડવાને બદલે આ પુસ્તકની પછવાડે છપાવીને પ્રગટ કરવાનું મને દરૂસ્ત લાગ્યું છે. ડાકટર સ્માઇલ્સનો વિષય તેમજ મારો વિષય એકજ બાબદ ઉપર હોવાથી, એ બન્ને વિષયોમાં કેટલાક બિચારો મળતા આવે એ ખુદરતી છે, તે છતાં મારે અતરે એટલુંજ કહેવું છે કે એ વિષય તદન સ્વતંત્રપણે લખાયલો છે અને એ લખતાં કોઇ પણ ચોપડીનો આધાર લેવામાં આવ્યો નથી. એ ઉપરાંત, મને મારા પોતાના લખાણ વિષે કશું વધુ લખવું ઘટારત નથી, તેથી એની ખુબીખામી વિષે મત બાંધવાનું કામ વાંચક વર્ગને સોંપવાની રજા લઉ છું.

મુંબઇ, તા૦ ૧૭મી સપટેમબર ૧૯૧૩.

સેવક,

રૂસ્તમજી હોરમસજી મીસતરી.

સાંકળિયું.

ભાગ—૧.

(સ્માઇલ્સની 'ડ્યુટી'નું ભાષાંતર.)

ભાગ—૨.

(રૂસ્તમજી હોરમસજી મીસ્ત્રી કૃત 'ફરજ.')

ફરજ.

પ્રકરણ ૧.

અંતઃકરણ.

"તે ચાલતો હતો અને તેની સાથે જોરાવર મદદગાર હિમાયતી તરીકે તેનું અંતઃકરણ સાથે હતું"—કવિ મિલટન.

"તારી જાત ગમે તે હોય, તારી બોલી ગમે તે હોય, તોપણ ફરજનું જાથુકનું બળતું અંધારા તેમજ ધોળા દિવસોમાં જરા પણ પોતાનું તેજ ઓછું કર્યા વિના હમેશાં પ્રકાશ આપે છે."

"ઓ માનવી, તું દુન્યા વિષે શા માટે ભૂંડું બોલે છે? દુન્યા તો ઘણી રળીયામણી છે, અને તેના બનાવનારે સર્વથી સરસ અને સંપુર્ણ અક્કલથી તે બનાવી છે. તને તે અસ્વચ્છ અને ખરાબ ખરેખર લાગતી હશે, અને તેનું કારણ એ છે કે આ ભલી દુન્યામાં તું પોતે અસ્વચ્છ અને ભૂંડો છે."

માનવી ફક્ત પોતાને માટેજ જીવતો નથી. તે પોતાનાં ભલાંને માટે તેમજ બીજાંનાં ભલાંને માટે જીવે છે. સર્વથી તવંગરને તેમજ સર્વથી ગરીબને પણ પોતાની ફરજ બજાવવાની છે. કેટલાકોનાં મનથી જીંદગીમાં મજાહ છે, અને કેટલાકોનાં મનથી જીંદગીમાં દુઃખ છે. શ્રેષ્ટ માણસો પોતાની મજાહને માટે કે કિર્તિને માટે જીવતા નથી. તેમની સર્વથી મજબુત ઇચ્છા દરેક ભલાં કામમાં આશા રાખીને ઉપયોગી કામ બજાવવાની હોય છે.

"હિરોકલીસ" કહે છે કે આપણુ દરેક જણુ એક મધ્ય બિંદુ છીએ, અને તેની આસપાસ ઘણાં ગોળાકાર ફરી વળેલાં છે. પેહલું ગોળાકાર આપણું પોતાનું છે, અને તેમાં આપણાં માબાપ, બાયડી અને છોકરાં સમાયલાં છે. આપણાં ગોળાકારની પાસે બીજું ગોળાકાર આપણાં સગાંઓનું, તેની પાસેનું આપણાં હમજાતીઓનું, અને ત્યાર પછીનું ગોળાકાર આખી મનુષ્યજાતનું છે.

આ દુન્યામાં પરમેશ્વર અને મનુષ્ય જાત તરફની આપણી ફરજ સદા એક સરખી રીતે બજાવવા માટે પરમેશ્વરે જે આપણને શક્તિઓ બક્ષી છે તેની ખિલવણી કરવી ઘટે છે. પરમેશ્વરે આપણને દરેક ચીજ આપી છે. તે પરમેશ્વરની પ્રબળ ઇચ્છા આપણી ઇચ્છાને કેળવે છે અને દોરવે છે. ભલાઇ ભૂંડાઇનું જ્ઞાન, એટલે ખરૂં શુ અને ખોટું શું, તેના જ્ઞાનથી આપણે આ દુન્યામાં મનુષ્ય જાતને અને પેલી દુન્યામાં પરમેશ્વરને જવાબદાર છીએ.

ફરજનો વિસ્તાર ઓહલો છે. દરેક પંક્તીની જીંદગીમાં ફરજ હોય છે. તવંગર થવું કે ગરીબ, સુખી થવું કે દુઃખી, તે આપણા હાથમાં નથી, પણ આપણી આસપાસ જે ફરજ સમાયલી છે તે ફરજ આપણને દરેકને બજાવવી ઘટે છે. ગમે તેવા ખરચે, ગમે તેવા ભોગે અને જોખમે ફરજને તાબે થવું ઘટે છે, અને તેમાંજ શ્રેષ્ટ અને સુધરેલી જીંદગીનું તત્વ મેળાયલું છે. જેમ ભૂતકાળમાં થયું તેમ હમણા પણ મોટાં કામો

પછવાડે મેહનત થવી જોઇએ, મેહનત કરીને આશા રાખવી જોઇએ, અને મોટાં કામને માટે જીંદગી અર્પણ કરવી જોઇએ.

સીપાહબચ્ચાની નોકરી સાથે ફરજનો ખ્યાલ ઘણોખરો સંબંધ ધરાવે છે. પોમ્પીના કિલ્લાનાં રક્ષણ માટે એક ગામડીઆ સીપાહને દરવાજા ઉપર ચોકીબાન તરીકે રાખ્યો હતો, અને તે વખતે વીસુબ્યસના જ્વાળામુખી પાહાડના ફાટવાથી ત્યાં સઘળું દટાઇ ગયું, તે છતાં તે સીપાહ પોતાની જગાથી ખસ્યો હતો નહી. આ બનાવને અઢારસો વરસ થઇ ગયાં છે, તે છતાં ફરજ બજાવવાના એક અચ્છા દાખલા તરીકે તે સીપાહને હજી લોક યાદ કરે છે. તે પોતે બળીને રાખ થઇ ગયો પણ તે દુન્યાનાં મનથી હજી જીવતો છે. તેની ટોપી, તેનો ભાલો, અને તેનું બખ્તર હજી નેપલ્સના મ્યુઝયમમાં દેખાડવામાં આવે છે. આ સિપાહ તાબેદારી અને તાલીમ બરાબર સમજતો હતો. પોતાની ફરજ બજાવતાં પોતાના જાનની તેણે દરકાર કીધી હતી નહીં. તેજ પ્રમાણે માબાપ તરફ તાબેદારી, શેઠ તરફની તાબેદારી, પોતાના ઉપરી તરફની તાબેદારી દરેક આદમીએ શીખવી જોઇએ, અને તેજ ખરો માર્ગ છે. બચપણમાંથીજ તાબેદારી શીખવી જોઇએ, પણ મોટી ઉમરે તાબેદારી છોડી દેવી જોઇતી નથી. ફરજ બજાવતાં કોઇએ પોતાનો વિચાર કરવો જોઇએ નહીં. ફરજ આવી પડી, માટે તે ફરજ બજાવવીજ જોઇએ, અને તે વખતે જાતી–ભોગનો સેહજ પણ વિચાર કરવો ન જોઇએ.

ફરજ બજાવવામાં પોતાનો લાભ જુવો નહી. નિર્ભયપણું બતાવવામાં ફરજ સમાયલી નથી. એક વાઘની સામે થનાર શખ્સ પોતાની કિર્તી અને પોતાને મલનાર ઇનામનો ખ્યાલ રાખીને વાઘ સાંમે થાય છે તેની હિમ્મતને ફરજ ન સમજવી. પીઝારો નામના શખ્સે ન વર્ણવી શકાય એટલી મુસીબત વેઠી હતી, પણ તેમાં તેણે સોનું મળવાની આશા રાખી હતી, માટે તેણે ફરજ જેવું કશું કર્યું હતું નહીં.

'સેંટ ઑગસટાઇન' પૂછે છે, "તમે મોટા થવા માગોછો? ત્યારે તમે નાના રહી શરૂઆત કરો. તમે મોટું અને ઉંચું મકાન બાંધવા ઇચ્છો છો? ત્યારે તમે નિચાણના પાયાથી શરૂઆત કરો, અને જેમ ઉંચું મકાન બાંધવા ઇચ્છતા હોવો તેમ પાયો વધારે નિચાણમાં લો. સભ્યતાભરેલી નમનતાઈ એ ખુબસુરતીનું તાજ છે."

સર્વથી સરસ ફરજ છુપી રીતે બજાવવી જોઇએ, અને બીજા માણસોની નજરે તે પડવી ન જોઇએ, ત્યારેજ તે ફરજ ઉમદાપણાથી અને મન મુકીને બજાવી શકાય. ફરજ બજાવતાં દુન્યાનાં ડહાપણ ઉપર રચાયલાં નિતીશાસ્ત્રના કાનુન પ્રમાણે ચાલવાની જરૂર નથી. ફરજ બજાવતાં જગમાં જાહેરાત આપવાની જરૂર નથી. ફરજ બજાવનારનું નિતીશાસ્ત્ર ઘણું ઉમદા અને તેનું ધર્મશાસ્ત્ર પણ ઘણું મોટું હોય છે, અને તેને તાબે થતી વખ્તે એવું વિચારવું ઘટે છે કે દરેક આદમીનાં કામથી આખી કોમની ઉપર એક જાતુકનો ઉપકાર થાય છે. આપણાં ભૂડાં અને બેદરકારી ભરેલાં કામોથી દરરોજ આપણી કોમનું કરજ વધતું જાય છે, અને તે કરજ ભવિષ્યમાં મોડે યા વેહલે ફીટવુંજ જોઇએ.

પણ ત્યારે ફરજ બજાવતાં કેમ શીખવું? તેમાં કાંઇ મુશકેલી છે? પહેલાં પરમેશ્વર તરફની ફરજનો ખ્યાલ સંપુર્ણ કરવો ઘટે છે. ત્યાર પછી બીજી ફરજો:—પોતાનાં કુટુંબ તરફની ફરજ, પોતાના પાડોસી તરફની ફરજ, શેઠની નોકર તરફની ફરજ, અને નોકરની શેઠ તરફની ફરજ, આપણા ભાઇબંધો તરફની ફરજ, રાજ્ય તરફની ફરજ અને રાજ્યની દરેક શેહરી તરફની ફરજ. આમાંની ઘણી ફરજ મુંગે મોંઢે ખાનગીમાં બજાવી શકાય છે. આપણી જાહેર જીંદગી સર્વેને જાણીતી હોય છે, પણ ખાનગી જીંદગી કોઇ જોતું કે જાણતું નથી. આપણું દિલ અને મન કોઇ સમજી શકતું નથી. લાયક થવું કે નાલાયક થવું તે આપણા પોતાના હાથમાં છે. જો આપણાં કામથી આપણને પોતાને તેમજ બીજાઓને કાંઇ ફાયદો હાંસલ થતો હોય, તો તે ગનીમત સમજવું જોઇએ.

એક અમેરિકને પોતાની ફરજ બજાવી તેનો દાખલો લો. આસરે સો વરસ અગાઉ ન્યુ ઈંગ્લંડ નામનાં પ્રગણામાં ધારા બાંધનારી સભા મળી હતી. તે દિવસે સુર્ય ગ્રહણ હતું, અને તેથી સર્વ સ્થળે અંધારૂં વ્યાપી રહ્યું હતું. પુષ્કળ લોકો એમ માનતાં હતાં કે આજે આખેરીનો દિવસ આવ્યો છે. ઉપલી સભા મળી હતી તેમાં એક જણે દરખાસ્ત મુકી કે આજે અંધારૂં છે માટે સભા મુલતવી રાખવી. આ સાંભળી એક ખરો ધર્મચુસ્ત અમેરિકન ઉભો થયો અને બોલ્યો કે જેમ બધા માને છે તેમ આજે આખેરીનો દિવસજ હોય, ત્યારે તો આપણે આપણી ફરજ બજાવતાં હટવું ન જોઇએ, અને ફરજ બજાવતાંજ મરણ પામવું જોઇએ, માટે હું દરખાસ્ત મુકું છું કે મીનબતીઓ સળગાવીને આપણું કામ આગલ ચલાવવું. ફરજ બજાવવાનો આ એક અચ્છો દાખલો છે.

બીજો દાખલો લો. એક નબળા બાંધાનો માણસ પરોપકારી કામ પછવાડે ઘણો વખત કાહાડતો હતો. આજારીઓની મુલાકાત લેવી, કંગાળ ઘરોમાં જઇને ત્યાં બેસવું ને ત્યાંનાં લોકો સાથે વાત કરવી, તેમનાં દુઃખ દરદ ટાળવાની કોશેશ કરવી, અને તેમને બની શકતી મદદ કરવી, એવાં કામો પાછલ તે ઘણો વખત ગુજારતો હતો. તેના મિત્રો તેને ઠપકો આપતા હતા અને કહેતા હતા કે બિમારોની મુલાકાતમાં તને કાંઇ રોગ ઉડશે અને તું મરી જશે. તેમને તે જવાબ દેતો હતો કે "મારી બાયડી છોકરાંને ખાતર હું ધંધોધાપો તો જરૂર કરૂંછું, પણ મારે માથે મારી કોમ તરફની પણ ફરજ છે, તેથી જેઓ મારાં કુટુંબનાં નથી તેવાં કંગાળોને પણ મારે મારાથી બનતી મદદ કરવી જોઇએ." રાજીખુશીથી પોતાની ફરજ બજાવનારનો આ અચ્છો દાખલો છે. પૈસા આપીને મદદ કરે તે ખરો મદદગાર નહી કહેવાય, પણ જે માણસ પોતાનું તન અર્પણ કરે તે ખરો મદદગાર. જે માણસ પૈસાની મદદ કરે તેનું નામ છાપામાં પ્રગટ થાય છે, પરંતુ જે માણસ પોતે જાતે પોતાના વખતનો, પોતાના જોરનો, અને પોતાના

જીવનો ભોગ આપે તેની ઉપર લોક કુરબાન થાય છે. પૈસાની મદદ કરનાર થોડા વખતમાં ભુલાય છે, પણ પોતે જાતે મદદ કરનાર ભુલાતો નથી, અને તેનો ભલો દાખલો જાવેદાન યાદ રહે છે.

એક ફ્રેંચ લખનારે 'ફરજ' વિષે એક પુસ્તક લખ્યું છે, અને છુટાપણાં ઉપર ફરજનો મૂખ્ય આધાર રાખ્યો છે. અસલ ગુલામગીરી હતી અને હાલ તેવી ગુલામગીરી સુધરેલા મુલકોમા હસ્તી ભોગવતી નથી, છતાં ગુલામગીરી બીજાં રૂપમાં તો હસ્તી ભોગવેછેજ. આજે શેઠોની નોકરી કરવી, અને મોટાંઓની ખુશામત કરવી, અને તેઓ જે કહે તે માટે 'હાજી હા' કહેવું, એ બીજા પ્રકારની ગુલામગીરી છે. ફરજનો આધાર છુટાપણાં કરતાં પણ વધારે અંતઃકરણ ઉપર મોટો આધાર રાખે છે. અસલના વખતથી અંતઃકરણની શકિત સ્વીકારવામાં આવી છે. બાવીસ સો વરસની વાત ઉપર થઇ ગયલા એક યુનાની કવિ, મિનાનડર, પણ અંતઃકરણ વિષે લખતાં કહે છે કે "આપણી પોતાની છાતીમાં ખુદા છે, અને તે આપણું અંતઃકરણ છે." વળી ઉપલો કવિ કહે છે કે "આપણા પોતાને માટેજ જીવવું નથી. જ્યારે પણ તમે કાંઇ પવિત્ર કામ બજાવો ત્યારે ઘણા ખુશ થાઓ, કારણ કે સાચાં અને હિમત ભર્યા કામમાં ખુદા પોતે ભાગ લએ છે. માણસ જાતે દિલાવર દિલ, યાને મોટું દિલ ધરાવવું, એ એક મોટી અગત્યની બાબદ છે."

અંતઃકરણ એ જીવમાં અજાયબ જાતની એક શકિત છે, જેને ધાર્મીક અંગજ્ઞાન પણ કહી શકાય. આપણાં દિલમાં જ્યારે ઉમદા અને હલકા વિચાર વિષે મારામારી ચાલી રહે છે, જ્યારે બુરી વાસના અને ભલી વાસના વચ્ચે આપણાં દિલમાં ટપાટપી થાય છે, જ્યારે કાંઇ પણ ભુંડાં કામ ઉપર ભલું કામ સર્વોપરી ભોગવે છે, તે વેળા અંતઃકરણની હાજરી આપણને માલુમ પડે છે. ધર્મ સ્થળની અંદર જુવો, અથવા ધર્મની બાહેર જુવો, જ્યાં જોશો ત્યાં ભલાં ભૂંડાં કામ વચ્ચે મારામારી

ચાલી રહી છે, અને કેટલાંક નર અને નારીઓ ભલાં કામ માટે ફાંફાં મારેછે, પણ તેઓથી તે બનતાં નથી માટે તેઓ દુઃખી થાય છે.

અંતઃકરણના અનુભવ ઉપરથી ધર્મની હસ્તી થઇ, અને આ ઉંચો ધર્મના કાયદો આપણને તે જગદીશ્વર, જેની જગા આપણાં દિલમાં અંતઃકરણ લે છે, તે કિરતાર તરફ આપણને દોરવે છે. એક પાદરી (કૅનન મોઝલી) કહે છે, કે "આ અંતર અવલોકન ઉપર સઘળો ધર્મ રચાયલો છે. માણસ પોતાનાં અંતરમાં ઉતરે છે, અને ત્યાં જે તકરાર થાય છે તે ઉપરથી જાતે જ્ઞાન મેળવીને પોતે પરમેશ્વરને ઓળખતાં શીખે છે." આની અસરથી માણસ શીખે છે અને સમજે છે કે ખરૂં કયું ને ખોટું કયું. માણસ માત્ર ગમે તો સારો રસ્તો પસંદ કરે અથવા બુરો રસ્તો પસંદ કરે, તેમ કરવાની તેને છુટ છે, અને તે પોતે પોતાનાં કામ માટે જવાબદાર છે.

માણસો ગમે તે સિદ્ધાંત માનતાં હોય, તોપણ વહેવારૂ રીતે કામો કર્યા વિના છુટક નથી. આપણી ઇચ્છા ઉપર કોઇનું કાંઇ દબાણ નથી. આપણે જાણ્યે છીએ કે કોઇ આપણી પાસે ચોક્કસ કામ કરવાની ફરજ પાડતુ નથી. આપણે સમજ્યે છીએ કે જો આપણે એક બાબદની સામે થવા માગ્યે તો તેમ કરવાને આપણે સામર્થવાન છીએ.

આપણાં કામ ઉપર આપણે અંકુશ રાખવાને શક્તિવાન છીએ. તેમ ન હોત તો દુન્યામાં સઘળે ઠેકાણે કાયદાઓ ઘડવામાં ન આવત. કાયદા પ્રમાણે ચાલવામાં આવશે તેમ જાણીનેજ કાયદા ઘડવામાં આવે છે. આપણ દરેક જણ સમજ્યે છીએ કે આપણી ટેવો અને આપણી લાલચ આપણા ઉપરી નથી, પણ આપણે તેમના ઉપરી છીએ. આપણે લાલચો અને ટેવોને વશ થઇએ છીએ ત્યારે પણ આપણે જાણ્યે છીએ કે જો તેની સામે થવા માગીએ તો થઇ શકાય તેમ છે, અને જો કુટેવો અને લાલચોને સદંતર મારી હઠાવવી હોય તો ફક્ત મજબુત ઇચ્છા શક્તિની જરૂર છે, એમ આપણે સારી પેઠે સમજ્યે છીએ.

ઉંચા પ્રકારનું ધર્મ સંબંધી છૂટાપણું ભોગવવું હોય તો મનને જ્ઞાનથી સાવધ કરવું જોઇએ. જેમ મનને રોશણી મળતી જાય, અને જેમ અતઃકરણ પોતાની શકિત દર્શાવતું જાય, તેમ તે માણસની જોખમદારી વધતી જાયછે. તે માણસ સ્વૈ-પ્રબળ ઇચ્છિાની અસરને તાબે થાયછે, અને તે પ્રમાણે તે ચાલેછે, અને તેમ તે કોઇના દબાણથી નહી પણ પોતાની ખુશી અને મરજીથી ચાલેછે, અને તે સઘળાંઓ તરફ પ્યાર દેખાડતાં શીખે છે. પોતાનાં જ્ઞાનથી અને વિશ્વાસભરેલી માન્યતાથી તેની માણસાઇ ખાસ્યત પોતાની મેળે ખુલ્લી થાય છે. તે પોતે સમજતો થાય છે કે મારી પોતાની ખુલ્લી મરજીથી ઇશ્વરી ઇચ્છા પ્રમાણે ચાલવાથી હું સૌથી સારૂં અને ભલું કામ કરૂં છું.

એક ધર્મગુરૂના કહેવા પ્રમાણે ધર્મ વગરનું માણસ સંજોગો પ્રમાણે ચાલે છે, પણ ધર્મ સઘળાં સંજોગો કરતાં વધારે છે. પણ જ્યાં ખુદાઇ કાયદા સ્વીકારવામાં આવતા નથી, ત્યાં માણસો પોતાની ઇંદ્રીઓની ઇચ્છાને વશ થાય છે, પોતાના જુસ્સાઓને તાબે થાય છે, અને આપમતલબીપણું બતાવે છે. કોઇ દુર્ગુણ તરફ ઢળતાં તેઓ સારી પેઠે સમજે છે કે આ ખોટું કામ કરયે છીએ, અને તેઓનુ અંતઃકરણ પણ અંદરથી ઠપકો આપે છે. ખુદરતનો કાયદો તેમની સામે પોકાર મચાવે છે. તેઓ પોતે સમજે છે કે અમારાં કામો આપ મતલબી અને પાપી છે, પરંતુ ભવિષ્યમાં તેવાં કામોની સામે થવાની તેમની શક્તિ નબળી પડી ગયલી હોય છે. તેઓ પોતાની ઇચ્છા શક્તિ ઉપર કાબુ રાખી શકતા નથી. એ પ્રમાણે દિન પ્રતિ દિન તેમની ઇચ્છા શક્તિ નબળી પડી જાય છે અને છેવટે પાપી કામોની સામે થવાને તેઓ અશક્ત હોય છે, અને ટુંકમાં કહીએ તો તેમને તેવી ટેવ પડે છે.

તે છતાં અંતઃકરણ સદંતર ચુપ બેસતું નથી. આપણે અંતઃકરણને મારી નાખીને તેને ઘોરમાં દાટી શકતાં નથી. આપણે અંતઃકરણને કચડી

પણ નાખ્યે તે છતાં તે મરતું નથી. દરેક પાપી કામ અને ગુનાહ કરતી વખતે તેની સામે પોકાર ઉઠાવનાર તે ફરેસ્તો હાજર હોય છે. તે પોકાર તરફ આપણે કાન બંધ કરી શકતાં નથી. એ પ્રમાણે અંતઃકરણના અવાજ આગલ આપણે સઘળાં બિહકણ બન્યે છીએ. આ દુન્યામાં પણ એક દિવસ એવો આવે છે કે અંતઃકરણ આપણી સામે આવીને ઉભું રહે છે અને આપણને ભલી જીંદગી તરફ પાછાં ફરવાને ચેતવણી આપે છે.

અંતઃકરણ જાથુક અને સર્વ જગે હાજર છે. એ માણસાઇ ખાસીયતનું ગોયા અર્ક છે. અંતઃકરણ માણસને પોતાની ઉપર કાબુ રાખતાં શીખવે છે, લાલચોની સામે થવાની શક્તિ બક્ષે છે, અને લાલચોને દિલમાંથી હાંકી કહાડતાં શીખવે છે. પોતાનામાં માણસાઇ ખાસ્યત ખિલવવી, જીંદગીનો ખરો માર્ગ શોધવાની કોશેશ કરવી, અને ખરા માર્ગે બાહેર પડવું એ દરેક માણસની ફરજ છે. તેનામાં ઇચ્છા શક્તિ હાજર છે, તે પોતાની મરજી મુજબ ચાલી શકે તેમ છે, અંદરનુ અંતઃકરણ જે તેનો ભોમિયો છે તેનું તે સાંભળી શકે છે, માટે તેણે પોતાની અંદરના અવાજને તાબે થવું, અને બાહેરની કોઇની શીખવણી ઉપર ધ્યાન આપવું નહી, અને બાહેરની હલકી હાલતના વિચારને તેમજ ચાલતા આવેલા ધારાની અને રીવાજની માઠી અસર થવા દેવી નહી. પોતાની ઈંદ્રીઓ ઉપર કાબુ રાખવામાં ખરૂં માણસાઇપણું સમાયલુ છે. ઈંદ્રીઓ ઉપર કાબુ રાખવાનો ટુંકો રસ્તો એ છે કે અંતઃકરણને ફાવવા દેવું, અને બીજા બોલોમાં કહીએ તો ફરજ બજાવવી. અંતઃકરણજ માણસને પોતાના પગ ઉપર ઉભો રાખે છે, યાને તેને ટકવી રાખે છે, અને અંતઃકરણજ તેને પોતાના જુસ્સાઓ અને વ્યસનોની અસરમાંથી છોડવે છે. અંતઃકરણ તેને સર્વથી લાભકારક રાહ ઉપર મુકે છે, કારણ કે ફરજના રસ્તામાંજ સર્વથી સાચી અને ખરી મજાહ

મળે છે. મેહનતની પછવાડે વગર બોલાવવે મીઠી મજાહ ચાલી આવે છે, અને દરેક સારાં કામને ફતેહમંદી સાથે પુરૂં કરે છે. પુખ્ત હાલતે પુગેલું અંતઃકરણ માણસોને જે સર્વથા સુખાકારી કામ હોય તેજ કરવાને સૂચવે છે, અને જેથી નુકસાન થાય તેવાં કામો કરતાં અટકાવે છે. હરબર્ટ સ્પૅન્સર કહે છે કે "ઇશ્વરી ઇચ્છાને અનુસરીને ચાલવાથી માણસાઇ સુખ હાંસલ થાય છે, એમ નહી માનનારાં સુધરેલાં લોકોમાં કોઇ થોડાંજ હશે. સઘળા ધર્મગુરૂઓ એ કાનુન શીખવે છે, અને નિતી વિષે લખાણ કરનાર દરેક આસામી એ કાનુન સ્વીકારે છે, માટે એ કાનુન બધી તરફથી સ્વીકારાયલો અને ખરો છે એમ આપણે સલામતી સાથે માની લઇએ.

એક માણસ અંતઃકરણ વગર મિથ્યા મજાહ સિવાય બીજું કાંઇ કામ કરી શકતો નથી. તેને જે ગમે તે તે કરે છે, તે હવસોને આધીન થાય છે, અથવા તો તે પોતાનાં મગજમાં ઇંદ્રિ-વિષય સંબંધી નહરેવાર વિચારો ચલાવે છે. ફકત આપણા પોતાના સ્વાર્થને પોષવાને માટેજ આપણે જનમ્યાં નથી. ખુદરતની આખી રચના એવી જાતની જીંદગીની વિરૂધ છે. મગજને હલકા પ્રકારની વાસનાને તાબે થવા દેવુંજ ન જોઇએ. એમજ થાય તો પછી સ્વાર્થનો ત્યાગ થાયજ નહી, મન મારતાં કોઇ શીખેજ નહી, અને ઇંદ્રિઓને વશ કોઇ રાખી શકેજ નહી.

એક પ્રજા જો પોતાની હુસ્યારી છતાં પોતાના જુસ્સાઓમાંજ લંપેટાય, અને પોતાનાં કામો ઉપર અંતઃકરણને ફાવવા દે નહી, યાને અંતઃકરણની અસર જે પ્રજામાંથી નાબુદ થાય, તે પ્રજામાં અવ્યવસ્થા પેવસ થાયછે અને તે પ્રજા થોડા વખતમાં નાબુદ થાય છે.

તેમ થવું અટકાવવાને ફક્ત એકજ રસ્તો છે, અને તે એ કે લોકોને પોતાની ફરજ સમજાવવી. આપણા બાપદાદાઓ સચ્ચાઇને માટે લડાઇ કરી ગયા, હવે આપણું કામ એ છે કે લોકોને તેમની ફરજ શી શી છે તે શીખવવું, અને એવાં શિક્ષણનો ફેલાવો કરવો. ઇનસાફની રાહે ચાલવું, કારણકે

ઇનસાફ એ સદગુણનો પ્રકાશ છે, અને લોકોનું ભલું ચાહવું એ ઇનસાફનો સાથી છે. ધર્મ શીખવે છે કે 'જેવી રીતે આપણે ઇચ્છયે કે બીજાઓ આપણી સાથે ચાલે, તેવીજ રીતે બીજાઓ સાથે આપણે ચાલવું જોઇએ.'

કેટલાકનું કહેવું એમ છે કે જે કામકાજ હરરોજ આપણને કરવું પડેછે તે કીધું એટલેજ આપણે આપણી ફરજ બજાવી, પણ તેઓ ફરજની આ સમજુતી ઘણાજ સાંકડા વિસ્તારમાં આપે છે.

પ્યારને ખાતર યાને કોઇના ભલાંને ખાતર થયલાં કામો ઉપરજ આપણે ધ્યાન આપવું જોઇએ. મતલબ ખાતર થયલાં કામો તરફ જોવુ ઘટતું નથી. દયા માયાનાં કામો ઉપરજ આપણા આત્માએ ધ્યાન પુગાડવું ઘટે છે. ફક્ત પ્યારને ખાતર થયલાં કામકાજ ઘણાં હોય છે જે પૈસાને ખાતર થયલાં કામો કરતાં હજારગણાં ચઢિયાતાં હોય છે. દયા–માયાને ખાતર થયલાં કામોમાં જીવ-જાન પટકેલો માલુમ પડે છે, અને તેમાંજ ખરૂં શુરવીરપણું દીસે છે, જ્યારે પૈસાથી થયલું કામ પૈસા આપનારના ખસી ગયા પછી પાછુ સુસ્ત થઇ મરણ પામે છે. પૈસા આપીને ફરજ બજાવવી તેમાં કશું મહત્વ નથી.

હરેક માણસના માથે ફરજ લટકેલી હોય છે, પેહલાં એક મનુષ્ય તરીકે પોતાની તરફ, અને પછી જેઓ પોતાની પાસે હોય તે મનુષ્યો તરફ. જો જીંદગીમાં પવિત્ર ફરજ ભેળાયલી ન હોય, તો તે જીંદગી કશા ખપની નથી, માટે એક લખનાર (મારકસ ઓરેલીઅસ એનટોનીઅસ) કહેછે કે "સચ્ચાઇ, ગંભીરપણું, મેહનત, મોજશોખ તરફ તિરસ્કાર, તારાં નસિબ ઉપર સંતોષ, અને પરોપકાર, ભોલાપણું, અને મોટું દિલ, એટલા સદગુણો તું દેખાડ, કારણકે એ સઘળા ગુણો તારાથી બની શકે તેવા છે."

ઘણાં લોકોનું બુદ્ધિબળ ભારે હોય છે તે છતાં તેમનાંમાં ઉદારતાનો જરાપણ અંશ હોતો નથી. જે લોકોમાં અક્કલ અને ઇમાન ખિલેલાં હોય,

અને જેઓમાં અતઃકરણ ઉંચી પંક્તીએ પોંહચ્યું હોય તેઓજ ઉદાર દિલ ધરાવી શકે છે. ફક્ત ઇંદ્રિઓનાં બળ વડે દિલ ઉદાર થઇ શકતું નથી.

'ડારવીન' કહે છે કે 'પશ્ચાતાપ અને ફરજની લાગણી સાથે અંતઃકરણનો હેતુ હોવાને લીધે માણુસ બીજા જનાવરોથી જુદો પડે છે."

કેટલાક લોકો જેઓ અનઆત્માવાદી છે અને જેઓ આત્મજ્ઞાન જેવું માનતા નથી, તેઓ કહેછે કે જે આંખ્યોએ જોયું તે માનવું, કિંવા હાથે લાગ્યું તે માનવું, પણ જે આપણે સમજ્યે નહિ તે માનવું નહી. ખરૂં પુછો તો આપણે સમજ્યે છીએ કેટલું? ફક્ત સઘળું સપાટી ઉપરનું આપણે સમજ્યે છીએ. જીંદગીનો મર્મ આત્મ- જ્ઞાન વગર પદાર્થ—જ્ઞાન ઉપરથી કેમ સમજી શકાય? ઇચ્છા, લાગણી, મનના વિચાર, એ સઘળુ છે એમ આપણે જાણ્યે છીએ, પરંતુ એ શાથી થાય છે અને તેનાં કારણ ક્યાં તે કાંઇ આપણે સમજી શકતાં નથી.

આ દુન્યામાં હજારો ચીજો અને બાબદો આપણે સમજી શકતા નથી, તે છતાં તે આપણુને માનવી પડે છે. જેમ જીંદગીનો મર્મ આપણે સમજી શકતાં નથી તેમ પદાર્થ અને તેના રસાયણથી થયલાં મિશ્રો વિષે પણ આપણે હજી કાંઈ સમજી શકતાં નથી. અસંખ્યાબંધ ગ્રહો પોતાના માર્ગમાં ફર્યા કરે છે, તે જુવો, તેમજ આપણી દુન્યા તરફ ધ્યાન પુગાડો અને જુવો કે એ પોતાની ધરીપર ફરીને રાત અને દિવસ બનાવે છે, તેમજ સૂરજની આસપાસ ફરી વરસ પુરૂં કરે છે. એ બધું આપણે જાણ્યે છીએ તે છતાં એ સઘળી ગતીઓનાં કારણો આપણે કાંઇ સમજી શકતાં નથી. ફક્ત આમ બને છે, અને આ ચીજો હસ્તીમાં છે એ સિવાય વધુ આપણે કાંઇ જાણુતાં નથી.

'પાસકલ' કહે છે કે, "આકાશમાં સૂરજની ગતી ઘણી મોટી છે, છતાં તારાઓ અને ગ્રહોની તેથી પણ મોટી ગતી જોતાં સૂર્યની ગતી ઘણી નજીવી લાગે છે. આપણી દુન્યા પણ ખુદરતની ઓહોલી

છાતી ઉપર એક સાહીનાં નાનાં ટીપાં જેવી છે. ખરી હકીક્ત સાથે સરખાવતાં ફક્ત રજકણોનો આપણે ખ્યાલ કરી શકયે છીએ, જેનો છેડો જડતો નથી, અને જેનું મધ્યબીંદુ દેખાય છે પણ ઘેરાવો જડતો નથી. ત્યારે માણુસ એવી અણુહદ સૃષ્ટિમાં શી બીસાદમાં છે? પણ વળી બીજી બાબદ છે જે થોડી અચરતી ઉપજાવતી નથી, અને તે મનુષ્ય કરતાં ઉતરતાં જંતુઓની હદ વગરની હસ્તી છે. નાનામાં નાનું મગતરૂં લ્યો. તેને પણ અવયવો, લોહી, નસો, અને તેને પણ પ્રકૃતિઓ હોય છે. ફક્ત એક કણમાં આખી સૃષ્ટિની રચના દેખાય છે એટલુંજ નહી, પણ તેમાં ખુદરતનો વિસ્તાર પણ જણાય છે. જે કોઇ આવી બાબદ ઉપર લક્ષ આપશે તેને તુરત વિચાર આવશે કે તે પોતે કોણ છે, અને તેની હાલત શી છે, અને ખુદરતમાં તેની સ્થિતી કેવી છે, અને તે તુરત જોશે કે મનુષ્યની હાલત આ દુન્યા અને અણુહદ સૃષ્ટિની વચ્ચે કેવી લટકેલી છે. એ સૃષ્ટિની અજાયબીઓ ફક્ત તેનો બનાવનારજ સમજી શકે છે, અને તેના સિવાય બીજો કોઇ સમજી શકતો નથી."

ચીનાઓનો પેગમ્બર 'કોનફુશીઅસ' પોતાના ચેલાઓને કહેતો હતો કે "ચાલચલણુમાં જીંદગીનો પોણો ભાગ સમાઇ જાય છે. પવિત્રાઇ વિષે મનમાં તોલ કરો, અને સદગુણ અખ્ત્યાર કરો. જ્ઞાન, મોટું મન, અને મેહનત એ ત્રણ સૃષ્ટિમાં અવશ્યના છે. ગંભીરપણું, સખી દિલ, સચ્ચાઇ, ઉત્કંઠા, અને માયા એ સઘળા ગુણોથી સંપુર્ણ સદગુણી થવાય છે."

ઉપલા બોલો દસ હજાર જમાના ઉપર થઇ ગયલા આ મહાન પુરૂષના છે, જેને તેના માનનારાઓ પવિત્ર અને ભાવીજ્ઞાની સમજતા હતા, પણ ઉપલા સઘળા સદગુણો આપણા અંતરમાં જે શિક્ષક અંતઃકરણ છે તે આપણુને શીખવે છે. અંતઃકરણ આપણુને સત્યતાને માર્ગે દોરવે છે, અને જે ખોટું હોય તે કરવા આપણુને અંદરથી ના કહે છે. પુખ્ત થયલું અંતઃકરણ આપણુને એવાં કામો કરવા કહે છે જેથી બીજાઓ

સુખી થાય, અને જેથી બીજાઓને હાણી પોંહોચે તેવાં કામોથી હાથ ઉઠાવવા કહે છે. મનુષ્ય માતરે પોતાની ફરજ બજાવવા સત્યતાને માર્ગે ચાલવાની શક્તિ ખિલવવી જોઇએ, જેથી મનનું સુખ હાંસલ થાય. અંતઃકરણના યુદ્ધથી આપણે આપણી ખોડ ઉપર સરસાઇ ભોગવવા શક્તિવાન થઇએ છીએ. એ અંતરનો શિક્ષક પોતાનું કામ છુપ્યું કર્યો જાય છે, જેથી ઇશ્વરની અજાયબ જેવી ઇચ્છા અને શક્તિનો આપણને કાંઇક ભાસ થાય છે.

અસલના ઉમદા યુનાની લોકો ઉપરથી ફરજનો ખ્યાલ આવી શકે છે. 'સોક્રેટીસે' યુનાની ફિલસુફીનો પાયો નાખ્યો હતો. પરમેશ્વર તરફથી માણસોને નિતી શીખવવા આવ્યો છું એમ તે કહેતો હતો. તે ઇ. સ. પૂર્વે ૪૬૮ માં જનમ્યો હતો. પહેલાં તે શીલ્પશાસ્ત્રી હતો, પછી તે પોતાના દેશના રેવાજ મુજબ સીપાહ થયો, અને તેણે રાબેતા પ્રમાણે સોગંદ લીધા કે "મારા દેશે મને જે હથિયાર સ્વાધીન કીધાં છે તેને અપમાન થવા દઇશ નહી, તેમજ જે જગાનો બચાવ કરવા મને નેમ્યો છે તે જગા હું છોડી જઇશ નહી."

તેણે એ ત્રણ લડાઇમાં પોતાની બાહદુરી પુરવાર કીધી હતી. ત્યાર પછી તે દેશના રાજ્યવહીવટમાં પડયો હતો. ત્યાં પણ તેણે પોતાની બાહદુરી દેખાડી હતી. તેની સત્યતાની લડત સંબંધી હિમ્મત વખાણવાજોગ હતી, અને એ તેની સત્યતાની લડત માટે તેને રાજ્યસભામાંથી કહાડી મુકવામાં આવ્યો હતો.

ત્યાર પછી તેણે લોકોને વાયજ આપવા માંડી. બજારમાં, કારખાનાઓમાં, નિશાળોમાં, મનુષ્ય જાતીનાં કર્મો વિષે તેણે ભાષણો કરવા માંડયાં. તે જમાનો તદન વહેમી અને અવિશ્વાસુ લોકોનો હતો. તે વેળાના આત્મજ્ઞાન વિષે લોકો તહરેવાર ખોટી તર્કો બાંધતા હતા, તે સઘળું છોડી દઇને સોક્રેટીસ તેમને અંતરના શિક્ષક તરફ ધ્યાન પુગાડવા કેહતો હતો, અને

નિતી સંબંધી સબકો આપીને આ દુન્યાનું અને હવે પછીનું સુખ હાંસલ કરવાની શિખામણ આપતો હતો. ડાહયા માણસો તેના ચેલા બન્યા હતા. એક જણે તેને નાણાંની મોટી રકમ આપવા કહી, પણ તે તેણે લેવા સાફ ના પાડી. તે પૈસાને ખાતર વાયજ આપતો ન હતો. તે ફકત ડહાપણ ફેલાવવાનો યત્ન કરતો હતો, અને કહેતો હતો કે બીજાં મનુષ્યને ફાયદો કરીને હું મારી મેહનતનો બદલો મેળવું છું. તે ચોપડીઓમાંથી શીખવતો હતો નહીં. તે ફકત વાદવીવાદ કરીને શિક્ષણ આપતો હતો. તેનો મત એ હતો કે "ચોપડીને સવાલ પુછી શકાય નહી, ચોપડી જવાબ આપી શકે નહી, અને તેથી ચોપડી કાંઇ શીખવી શકે નહી. એક બાબદ દુન્યામાં જણાઇ ગઇ હોય તેજ બાબદ ચોપડીમાં પાછી વાંચ્યે છીએ." તેનો મત એ હતો કે નિતી સંબંધી ફરજો અને ધર્મ સંબંધી આશાઓ સિવાય બીજી કોઇ પણ કિમતી ફિલસુફી હસ્તી ધરાવતી નથી. ગેરઇનસાફ અને બેવકુફ્ઇને તે ધિક્કારતો હતો, અને તેવાં કામો ઉઘાડાં પાડવાની તક કદી ખોહતો હતો નહીં. બધાં માણસો રાજ્યકારોબારમાં માથું મારે તે તેને પસંદ હતું નહી, કારણકે તે એમ કહેતો હતો કે ફકત ડાહયા પુરૂષોજ રાજ્ય ચલાવવાને લાયક છે, અને તેવા ડાહયા દુન્યામાં ઘણાજ થોડા છે.

ઓંતેરમે વરસે તેને ન્યાયાધિશ આગલ ઉભો કરવામાં આવ્યો હતો. તેની ઉપર તોહમત મુકવામાં આવ્યું હતું કે એ ધણી બદકર્મ કરનાર છે, અને જુવાન્યાઓને બગાડે છે, અને રાજ્યના લોકો જે દેવતાઓને માને છે તેને એ માનતો નથી, અને નવાં શિક્ષણો આપે છે. આવું તોહમત મેલીને તેની તપાસ કરવામાં આવી અને તેને ગુનેહગાર ઠેરવીને મોહતની શિક્ષા કરવામાં આવી હતી. બંધીખાનામાં તેને કેદ કરવામાં આવ્યો ત્યાં પણ તેણે ત્રીસ દિવસ સુધી પોતાના મિત્રો સાથે પોતાની માનીતી બાબદો ઉપર વાદવીવાદ ચલાવ્યો. તેના એક મિત્રે (ક્રિટો) તેને બંધીખાના-માંથી નાહસી જવાની સઘળી સગવડ કરી આપી, પણ તે તકનો લાભ

લેવાને તેણે સાફ ના પાડી. હિમ્મત, સદગુણ અને મિતાહારીપણાં વિષે, તેમજ જીવ કદી મરતો નથી પણ અમર છે, તેમજ પોતાની બાયડી છોકરાં વિષે તેણે કેદખાનામાં પણ ખુશ મીજાજે વાતો ચલાવ્યા કીધી. તેની શિક્ષાને લીધે તેના મિત્રો રડતા હતા તેમને તે કહેતો હતો કે "હું ઉમરે પુગ્યો છું અને જો મારા દુશમનો થોડો વખ્ત થોભ્યા હોત તો ખુદરતી રીતેજ મારૂં મોહત આવત." મોહત એ એક બીજો જન્મ છે અને તેથી વધારે ઉંચી પંક્તીની હૈયાતી અને ઇમાનમાં જવાય છે એમ સોક્રેટીસ માનતો હતો. આખરે તેને ઝેરનો પ્યાલો આપવામાં આવ્યો તે તેણે ઘણી ખુશી સાથે પીધો, અને ઘણી શાંતીમાં મરણ પામ્યો. તે સર્વથી ડાહયો, ભલો અને ઇનસાફી પુરૂષ હતો એમ તેના સઘળા મિત્રો માનતા હતા.

એક લખનાર (Mr. Lewes) સોક્રેટિસ વિષે લખેછે કેઃ— "જમાના પછી જમાનાઓ વહી ગયા છે તોપણ તેના સદગુણોની અને તેના અંજામની યાદ ભુલાઇ નથી, પણ તેની તવારિખ ઉપરથી હજી લોકો ધડો લેતું નથી."

સોક્રેટીસે કાંઈ પુસ્તકો લખ્યાં નથી. 'પ્લેટો' અને 'ઝેનોફોન' તેના શિષ્યો હતા તેઓ તેને માટે સઘળું લખી ગયા છે.

તમને જે પણ કામ કરવાનુ મળે તે પુંર ઉલટથી કરવું. આ દુન્યામાં તમે ગમે તેવી હાલતમાં મુકાયલા હોવો તોપણ તમારી હાલતમાં સારી રીતે વર્તવાથી આગલ વધવાના માર્ગ ઉપર તમે જરૂર આગલ વધશો.

એક જણ પોતાની નિરાશીમાં બોલી ઉઠયો, "ભલાઇ કરવામાં ફાયદો નથી કારણકે તમે પોતે ભલા નથી, અને તમે પોતે ભલા હોવો તો તેમાં તમને પણ ફાયદો નથી." સારા શબ્દો અને સારાં કામો વીશે આવું બોલવું સચ્ચાઇથી અને ઇમાનથી વેગળું છે, તેમજ તે સારી આશા આપનારૂં નથી. આપણે જે હાલતમાં મુકાયા છીએ તે હાલતમાં કાંઈ પણ ભલું કામ કરી શકયે તેમ છે, અને જો તેમ બનતું હોય તો

તેમ કરવાની આપણી ફરજ છે. જેમ આપણને આપઘાત કરવાનો હક નથી, તેમ બિનઉપયોગી રહી આળસાઇમાં પડી રહેવાનો પણ હક નથી.

મોટી બાબદોમાં જેમ ઇમાનદારીથી વર્તવાની ભલામણ કરવામાં આવે છે તેમ નાની બાબદોમાં પણ ઇમાનદારીથીજ વર્તવું ઘટે છે. આપણને પરમેશ્વરે અનેક પ્રકારની બુધ્ધિ બક્ષી છે, તે સઘળી બુધ્ધિનો રૂડો ઉપયોગ કરવાની આપણી ફરજ છે. આપણે આપણાં અંતઃકરણના અવાજને આધીન થઇ શકયે છીએ, અને તેથી આપણે એકલા કોઇની મદદ વગર પણ આપણી ફરજના માર્ગે ચાલી શકયે છીએ. કાંઇ નહી તો આપણાં પોતાનાં માનને ખાતર આપણને પ્રમાણિક, સાચ્ચા, અને ઉપયોગી થવું જોઇએ, અને આપણી જીંદગીની છેલ્લી ઘડી સુધી કોઇની સાથે નિમકહરામી કરવી જોઇએ નહીં. એક ગુલામનો અજાયબ જેવો જવાબ દરેક જણને ગોખી રાખવા જોગ છે. એક ગુલામને એક નવા ખરીદનારે પુછ્યું, "જો તને હું ખરીદું તો તું નિમકહલાલ રહેશે કે?" તે ગુલામે જવાબ દીધો, "તમે ખરીદો કે ના ખરીદો તોપણ હું તો નિમકહલાલજ રહીશ."

એક ધર્મગુરૂએ વાયજ કરતાં કહ્યું તે દરેક મોટાં અને નાનાંએ જીગરમાં કોતરી રાખવું જોઇએ, કે "ઘણા ગરીબ માણસો એમ સમજે છે કે મોટા ગુણો અને ઉમદા ગુણો ફક્ત પૈસાવાલા અને મોટા રાજવંશીઓમાંજ હોય છે, પણ તેમ માનવાને હું ના પાડુ છું. દરેક ગરીબ માણસ, મરદ અથવા ઓરત, ખુદાની મેહરબાનીથી ઉમદા ખવાસ દેખાડી શકે છે. ઘણાં ગરીબનાં છોકરાંઓ એમ કહી શકશે કે મારો બાપ પહરેજગાર હતો, અને મારી મા ઘણી પવિત્ર હતી."

સદગુણ અને સારી તરબીયત નાની નાની ફરજ બજાવવાથી સંપાદન થાય છે. મનને મારતાં શીખવું, જાતી ભોગ આપવો, અને કોઇ તરફ નાની નાની માયા મેહરબાની દેખાડવાથી આપણા ગુણો આગલ ખિલે છે. એ સઘળાંનો પાયો ઘરથી શરૂ થાય છે. એક બચ્ચાંનો જાતી

ખવાસ ભલો કે ભૂડો હોય, તોપણ ઘરની કેળવણી જેવી હશે તેવોજ તેને પવન લાગશે. એટલું યાદ રાખવું જે નાની નાની બાબદોમાં યકીન અને ઇમાન સંભાળે છે, તે મોટી બાબદમાં પણ તેવોજ નિવડશે, અને જે નાની બાબદમાં બેઇમાની દેખાડશે તે મોટી બાબદમાં તેમ કરતાં અચકાશે નહી. એક દયાનું કામ કરવાથી સઘળાંઓ તમારી ઉપર દયા મયા દેખાડશે, અને સચ્ચાઈ તથા વિશ્વાસથી તમે બીજાંની સચ્ચાઇ અને વિશ્વાસ મેલવી શકશો. લાંબાં લાંબાં જીંદગીનાં વૃતાંત કરતાં એક માણસના ઉમદા ગુણો તેનાં નાનાં નાનાં ભલાં કામમાં સ્પષ્ટ દેખાઇ આવે છે.

ભલાઇ અને ભલું કામ કદી વીસરાતું નથી. આ દુન્યામાં મરણ જેવું કશું નથી, કારણકે આ જીંદગીનો અંત આવે છે તેમાંથી પણ બીજું અંગ ધારણ કરવામાં આવે છે. કાંઇ પણ ભલું કામ અથવા કાંઇ પણ રૂડો દાખલો વીસરાતો નથી. આપણી કોમમાં તે સદા યાદ રહી જાય છે. આપણું અંગ મરણ પામીને ધૂળ સાથે મળી જાય છે, પણ આપણાં કામ ન ભૂસાય તેવો છાપ મુકી જાય છે, અને આપણી પછીના જમાનાના આચારવિચારો ઉપર અસર કરે છે. એક કામ પાછળ લાંબો વખત રોકાય, તે ઉપરથી તેનું ઉમદાપણું પુરવાર થતું નથી. એકાદ નેકીનું કામ કેટલીક વાર આખાં ગામડાંને, કે આખાં શેહરને અને બલકે આખી પ્રજાને ફાયદો કરે છે. સારાં કામનો તમે આરંભ કરો. નેક અને પવિત્ર વિચારો ઉપર અમલ કરવાનું તમે હાલના વખતમાં શરૂ કરો, અને એક વાર તમે એક રૂડું કામ આરંભ્યું, તે હજારો વરસ સુધી, જમાના પછી જમાના સુધી પોતાની ફૂલંદુંપ અસર લંબાવશે. નાનાં નાનાં બીઆં જમીનમાં રોપવાથી મોટો પાક થાય છે, તેજ પ્રમાણે નાના નાના રૂડા વિચારો, અને નાની નાની ફરજો વિષે તમે અંતઃકરણથી ખ્યાલ કરો, તો તેમાંથી તમારા ગુણો ખિલીને ઉમદા અને મોટા થશે.

પ્રકરણ ૨.

કામકાજમાં ફરજ.

'લુથર' કહે છે કે "પરમેશ્વર ઉપર વિશ્વાસ રાખ, અને ફરજને રસ્તે ચાલ્યો જા. તે સાહેબના હુકમ ઉપર તારી નજર ટીકી રાખ, અને તેથી તારૂં કામ સિદ્ધ થશે."

જે માણસને પોતાની ફરજનો સંપુર્ણ ખ્યાલ હોય છે તે પોતાની માન્યતા પ્રમાણે વર્તે છે. આપણાં કામો ઉપર આપણો સંપૂર્ણ કાબુ રહી શકે છે, અને આપણાં કામો તેજ આપણી ટેવોનું તેમજ આપણી ચાલચલણનું તાતપર્ય છે. પરંતુ યાદ રાખવું જોઇએ કે ફરજનો માર્ગ કાંઇ સેહલો નથી. તેમાં ઘણી મુશકેલીઓ અને વિરૂધતા સમાયલી છે. આપણામાં વિચાર કરવાનું ડહાપણ હોય છે, પણ તે પ્રમાણે વર્તવાની શક્તિ હોતી નથી. જેઓનાં મન મક્કમ હોતાં નથી તેઓને રસ્તામાં બહુ વિઘ્ન નડે છે. તેઓ ડાહયા ડાહયા વિચાર કરશે, બીજાંઓને નિતીના સબકો કહી સંભળાવશે, હવામાં મોટા મોટા કિલ્લા બાંધશે, પણ એક પણ રૂડું કામ બજાવી શકશે નહીં. ફકત કાંઇ પણ કામ કરી બતાવવુ એ અવશ્યનું છે.

આપણને પોતાને એક કામ ગમે કે ન ગમે તોપણ તેની ઉપર જીત મેળવી એટલે પુરૂં થયું એમ ન સમજવું. લોકોના મત વિરૂધ હોય તે છતાં ફત્તેહ મેળવવી એ કામ ઘણું અઘરૂં છે. એક માણસને એક સારૂં કામ કરવાનું મન થાય ત્યારે જો તે પેહલો વિચાર એમ કરે કે લોકો શું બોલશે, તો તે ધણી કદી કામ શરૂ કરશેજ નહી, પણ જો તે મનમાં વિચારશે કે આ કામ કરવાની મારી ફરજ છે કે નહી, તો ફરજના ખ્યાલથી તે પોતાની નિતીમાન નેમમાં આગળ વધશે, અને લોકોના

બોલોની અથવા તેમની ઠઠ્ઠામશ્કરીની દરકાર કરશે નહીં. સારાં કામો ઉપર ઇતબાર રાખવો અને ખરાબ કામો ઉપર શંકા અને અપતીજ રાખવી. અવિશ્વાસ રાખવા કરતાં તો ઠગાયલું સારૂં.

ફરજનું શિક્ષણ પેહલાં ઘરમાં શરૂ થાય છે. બચ્ચું આ દુન્યામાં અવતરે છે ત્યારે પોતાની તનદરૅસ્તી, પોતાના પોષણ, તેમજ નૈતિક અને શારિરીક ખિલવણી માટે બીજાઓના આધારે પડેલું હોય છે. રફતે રફતે તેને વિચારશક્તિ આવતી જાય છે અને યોગ્ય અસર તળેજ તે તાબેદારી શીખે છે, સારી તાલીમથીજ તે કાબુમાં રહે છે, અને ત્યારેજ તે પોતાની ફરજ સમજે છે, અને તેમ ચાલીને સુખી નિવડે છે. બચ્ચપણથી તેનામાં ઇચ્છાશક્તિ હસ્તી ભોગવે છે, પણ તે ઇચ્છાશક્તિ સારી દિશામાં કે માઠી દિશામાં વાપરવી તેનો આધાર મૂખ્ય કરીને માબાપો ઉપર રહેછે.

ઇચ્છાશક્તિને વેહવાર રૂપ આપવાથી નિષ્ટા પ્રગટ થાય છે, અને જીંદગીની શરૂઆતથીજ સારી નિષ્ટા સંપાદન કરવી અગત્યની છે. ઇચ્છાને જે પ્રમાણે દોરવો તે પ્રમાણે ચાલચલણ બંધાય છે. એક વાર ઇચ્છા દોરવાઇ અને ચાલચલણમાં ફેરવાઇ, તો તે ચાલચલણ અચળ અને જાથુકની થઇ પડે છે. એક સારૂં માણસ સારી નિષ્ટાથી એક સારાં કામ પછવાડે લાગે, તો તે લોકો તરફથી વાખવાખાની કે તેમની તરફના બદલાની જરા પણ આશા રાખતો નથી. તે બસ પોતાનાં અંતઃકરણની વાખવાખીથી પોતાનાં કામનો બદલો પુરતો મળેલો સમજે છે.

ઇચ્છાશક્તિને કાંઇ નેમ વગર વાપરનાર શખ્સમાં હઠીલાઇ, મક્કમપણું અને ખંતપણું હોય છે. જો મક્કમ ઇચ્છાની નેમ માઠી હોય તો દેખાઇતી રીતે તે નુકસાનકર્તા નિવડે છે. જુલમગાર રાજાઓમાં એવી માઠી નેમની મક્કમ ઇચ્છાશક્તિ હોય છે જેથી તેઓ શૈતાનીઅત ઉપજાવે છે. તેમની સત્તાથી તેઓ નુકસાન કરે છે તેની હદ હોતી નથી. લાખો માણસ તેને તાબે થાય છે, અને તેઓ પણ મારફાડ અને જુલમ વગર બીજું કશું જાણતાં નથી. કેટલાકોમાં હદ વગરની ઇચ્છાશક્તિ

હોય છે, દાખલા તરીકે એક સીકંદર કે એક નેપોલીઅન. જ્યારે સીકંદરે બધા મુલકો જીત્યા અને પછી જીતવાનું કાંઇ બાકી રહ્યું નહી, ત્યારે તેને રડવું આવ્યું અને તે બોલ્યો કે "અફસોસ, હવે જીતવાનું બીજું કાંઇ રહ્યું નથી!" તેજ પ્રમાણે નેપોલીઅન બોનાપાર્ટે આખુ યુરોપ તારાજ કીધું અને બાકી કાંઇ રહ્યું નહી, ત્યારે છેવટે રશિયાના બરફના મુલકોમાં પોતાનું લશકર લઇ ગયો. નેપોલીઅન નિતીના કાનુન બિલકુલ સમજતો હતો નહી, અને છેવટે જ્યારે તેનું કામ તે કરી રહયો, ત્યારે યુરોપનાં લોકે તેને તજી દીધો હતો.

પણ જો મજબુત ઇચ્છાશક્તિ રૂડી નેમથી વાપરી હોય તો તે નુકસાનને બદલે આશીરવાદ વરસાવે છે. તેથી બીજાંઓનાં મન અને અંતઃકરણ સારે રસ્તે ફરેરાય છે, અને બીજાંઓને પોતાને પગલે ચાલતાં શીખવે છે, અને તેથી ખોટું દાબી નાખીને સાચ્ચું બાહેર તેરવી કાઢવામાં અનેક જણ સામેલ થાય છે. એક મજબુત ઇચ્છાશક્તિનો માણસ પોતાની રૂડી નેમથી જે જે મંડળીઓમા ફરે છ તે તે મંડળીઓમાં નવું નવું ઝેણ ઉરકેરે છે, એટલુંજ નહી પણ પોતાની રૂડી નેમ સમજાવીને તે પોતાની કોમને પણ જાગૃત કરે છે. તેની મદદથી બિહકણ લોકોને હિમ્મત આવે છે, અને સુસ્ત લોકોમાં શૂર આવે છે, અને તે પોતાનો રૂડો દાખલો બેસાડીને સર્વેમાં નવી ઉલટ પેદા કરે છ.

કેટલાકોમાં તો બિલકુલ ઇચ્છાશક્તિ હોતી નથી. અને તેવાં માણસોમાં ચાલચલણ જેવું કશું હોતુ નથી. એવા લોકોમા સદગુણની ઇચ્છા જેમ હોતી નથી તેમ દુર્ગુણની પણ હોતી નથી. તેઓ આગળ વધતાં નથી તેમજ પાછળ હટતાં નથી. પવન જોઇને તેઓ પીઠ ફરવે છે. એવાં માણસોને બીજાંઓ સહેલાઇથી દોરવી શકે છે. સચ્ચાઇ અને આતુરતાને તેઓ વળગી રહી શકતાં નથી. દરેક કોમનો મોટો ભાગ આવાં બેદરકાર અને નબળાં મગજનાં લોકનો બનેલો હોય છે.

આથી, ઇચ્છાશક્તિ સુધારવી અને મજબુત બનાવવી એ બહુ અવશ્યનું છે, કારણ કે તેમ કર્યા વીના સ્વતંત્રતા અને મક્કમપણું મળતું નથી, અને ચાલચલણનું બંધારણ થતું નથી. ઇચ્છાશક્તિ મજબુત બનાવ્યા વગર સચ્ચાઇને મજબુત ટેકો આપી શકાતો નથી, નિતીનો માર્ગ સેહલો થતો નથી, અને નિચ અને મતલબી માણસો તેવાં માણસોને પોતાનું હથિયાર સહેલાઇથી બનાવી શકે છે. બુદ્ધિને ખિલવી તેથી ચાલચલણનું બંધારણ થયું એમ ન સમજવું, કારણ કે ફિલસુફો વાદવીવાદ ચલાવી શકે છે, પણ મક્કમ મનનાં શખ્સોજ મોટાં કામ માથે ઉઠાવી શકે છે.

'લૉક' નામનો લેખક કહે છે કે ઇચ્છાશક્તિને કેળવવાનો વખત નાનપણનો છે. ચોક્કસ ઉમરેજ આપણું મન ખિલવી શકાય છે, અને સચ્ચાઇનો મોટો ભંડાર સંપાદન થઇ શકે છે, તે વેળાજ આપણા જોસ્સાઓ નમી જઇને અક્કલને શરણ થાય છે, અને તે વેળા જે ખરા કાનુનો મગજમાં ઠસ્યા, તે ભવિષ્યમાં યાને મોટી ઉમરમાં અગત્યનાં કામકાજની વેળા સારી અસર નિપજાવે છે. જો એવી રાતે નાનપણમાં અને જુવાનીમાં ઇચ્છા ખિલવવાની કાળજી ન રાખી તો પછી મોટપણે તેમ કરવાને બની શકતું નથી, અને મોટી ઉમરે અજ્ઞાનતા અને ભૂલોના ભોગ થવું પડે છે.

પહેલો લૉર્ડ 'શાફ્ટસબરી' કહેતો હતો કે ડાહપણ દિલમાં છે, નહી કે મગજમાં, અને જ્ઞાનની ગેરહાજરીથી નહી પણ ભુંડી ઇચ્છાની હઠીલાઇથી લોકોમાં મૂર્ખાઇ અને ગેરવ્યવસ્થા ચાલે છે. ફકત જ્ઞાનથી ગુણદોષ મળતા નથી. એક જ્ઞાની માણસ તહરેવાર તકરારો રજુ કરી શકે છે, અને એક યા બીજી બાજુનો હજારો પૉઇન્ટ શોધી કાઢીને બચાવ કરી શકેછે, પણ ચોક્કસ કામ કરવું હોય અથવા મક્કમ ઠરાવ કરવો હોય તો તે તેનાથી બની શકતું નથી. એકલાં જ્ઞાનથી કેટલીક વાર કામકાજ.. ચોક્કસ અટકાવ થાય છે. બરાબર સમજીને ઇચ્છા શક્તિ વાપરી હોય ત્યારેજ સંપૂર્ણ ગુણદોષ ખિલે છે અને ત્યારેજ માણસની જીંદગીનું કામ પુરું થાય છે.

અક્ષરો, શબ્દો અને વાકયો લખતાં વાંચતાં આવડયા, તેમાં કાંઇ વળ્યું નહીં. તમે શીખશો તેથી કાંઇ ભલા અથવા સુખી થશો નહી. ઉલટું, લખતાં વાંચતાં આવડયું તેથી નમ્રતાઇ જતી રહીને મગરૂબી આવે છે. દુન્યાની અંદર જેઓ મહાન પુરૂષો થઇ ગયા છે તેઓ મનુષ્ય જાતના મૂખ્ય રાહબર હતા પણ તેઓ સાહિત્યના પુંજારી ન હતા. વિદ્વાન માણસો ઘણી વેળા ઉમદા વિચારો દર્શાવી શકેછે, પણ તેઓનાં કાર્યમાં નૈતિક મોટાપણું ક્વચીતજ જડે છે.

આખી કોમને એકી વેળા સાથે સુધારી ન શકાય. અકેક માણસને સુધારી શકાય, અને ત્યારેજ કોમનો સુધારો થાય. શિક્ષકો અને ભાષણ-કર્તાઓ ફકત બાહેરથીજ અસર કરી શકે છે, પણ માંહેલી અસર એ મૂખ્ય અગત્યની બાબદ છે. દરેક માણસ પોતે જાતે મેહનત કરીને પોતે પોતાને મદદ કરતાં શીખવું જોઇએ, નહીં તો બાહેરની મદદની જોઇએ તેવી અસર થતી નથી.

નિશાળનાં શિક્ષણને નિતી સાથે કાંઇજ સબંધ નથી. ફકત બુદ્ધિની કેળવણીથી ગુણદોષ ઉપર અસર થતી નથી. યાદદાસ્ત શકિત ઉપર ધર્મના પોથાઓ ઠસાવ્યાથી મનની બુરી વળણનો નાશ થતો નથી. બુદ્ધિ માત્ર એક હથિયાર છે અને આત્મનિયમ અને આત્મ નિગ્રહ, એટલે ઇંદ્રિઓને વશ કરવાની અને મન ઉપર કાબુ રાખવાની શકિતઓ વડેજ બુદ્ધિ વાપરી શકાય છે. ગુણદોષ ખિલવવાના સઘળા કાનુનોની જડ ઘરમાં ઉગે છે, અને ઘરમાંજ તે કાનુનો ખિલે છે, નિશાળમાં નહીં. જે ઘરમાં નિચપણું હોયછે અને ઢંગઘડો હોતો નથી, તે ઘરમાંથી બચ્ચાંને દૂર રાખવું ભલું છે. ઘરમાંજ સદગુણ શીખાય છે. ઘરમાં બનતા બનાવો આપણાં મગજ ઉપર જાદુકની અસર કરે છે, માટે ઘરની કેળવણી કેવી અપાય છે તેનો અભ્યાસ કરયા પછી, એક દેશના લોકોમાં ગુણદોષ કેવા છે તે ખાતરીપૂર્વક કહી શકાય છે.

ઘરનાં વડાંઓની ફરજ છે કે પોતાનાં ઘરના નાનાંઓને બરાબર કેળવવાં, અને નાનાંઓની ફરજ છે કે માબાપોને તાબે રહીને ડહાપણનો વધારો કરવો. નિશાળની કેળવણીથી તમારી સત્તા અને માન વધશે, પણ ધર્મની કેળવણીથી તમે સદ્ગુણી અને ઉમદા વિચારવાળા અને જાતી ભોગ આપનારાં થશો. ધર્મની કેળવણી તમારાં અંતકરણ સુધી પોહચી વળશે, અને ધર્મની કેળવણીથીજ તમે માણસાઈ હાલતોના ભેદની વિરૂદ્ધ બડબડયા વગર તમારી જીંદગી સુખમાં ગુજારી શકશો.

એક મહાન લેખક કહે છે કે કેળવણીની મોટી નેમ છૂટાપણું છે, અને તેથી એક નાનું માણસ જેમ જલદીથી પોતાને માટે એક કાયદો સમજતાં શીખે તેમ તે એક લાયક માણસ નિવડે છે.

તાબેદારી, સ્વ-કાબુ, અને સ્વરાજ્ય એ ત્રણ બાબદની મુખ્ય નેમ આપણી સામે રાખવી જોઇએ. પોતે પોતાની ઉપર રાજ્ય ભોગવી શકે એ કેળવણીની મુખ્ય નેમ છે, અને તે નેમ શિક્ષણથી મેળવી શકાતી નથી, પણ પોતે દાખલો બેસાડીને તેમ ચાલવાથી મેળવી શકાય છે. 'ઓનાલ્ડ' કહે છે કે બચ્ચાંને પેહલાં ટેવો પાડીને, નહીં કે લાંબી લાંબી તકરાર કરીને—અને દાખલો બેસાડીને અને નહી કે પાઠો ભરડાવીને કેળવણી આપવી જોઇએ, અને મોટી મોટી વાયજ સંભળાવવા કરતાં પોતે દાખલો બેસાડીને કેળવણી આપવી જોઇએ.

સાચે માર્ગે કામ કરવું તે નિતીશાસ્ત્રમાં સહીસલામતીભરેલું પગલું ગણાય છે. ફકત સારી નિષ્ટા રાખીને બેસવું બસ નથી, તેથી હંમેશાં સારાં ફળ નિપજતાં નથી, પણ ખંતથી કામ કરવું શ્રેષ્ટ છે. ઉદ્યોગ અને મહેનત જોઇને જોનાર ઉપર મુગી અસર થાય છે. એક પાદરી પોતાના ધર્મનાં ભાષણમાં જવાન્યાંઓને શિખામણ દે છે કે ઉદ્યોગ જીંદગીની એક ખરી નેમ છે. તે કહે છે કે માણસની જીંદગી મહેનત અને સહનશક્તિની બનેલી છે, અને જેમ મહેનત ઉમદા, અને જેમ સબુરી સાથે ખંત હોય તેમ તેનું પરિણામ પણ ફળદ્રુપ નિપજે છે.

ઉમદા કામ એ માણસને ખરૂં કેળવણનાર છે, અને આળસાઇ શરિરને, જીવને અને અંતઃકરણને અનિતીમાન બનાવે છે. દુન્યામા સોમાંથી નેવું ટકા દુર્ગુણો અને સંકટો આળસાઇથી નિપજે છે. ઉદ્યોગ વગર માણસનાં ભલાંમાં વધારો થઇ શકતો નથી. દાખલા તરીકે ઘડી ભર એમ ધારો કે એક આળસુ માણુસ ઉપર એવો ખુદરતનો કોપ ઉતરે કે તે જવાન રહે અને બુઢો થાયજ નહીં અને મરણ પામેજ નહીં. એમ થાય ત્યારે તેની નજર આગલ સઘળાં બુઢાં થઇને મરણ પામે તે જોતાં જોતાં તે કેવો કંટાળે? પછી તે ખરાં અંતઃકરણથી કેવો ખુદા પાસે હાથ જોડીને દુવા માગે કે ઓ ખુદા મારો છૂટકારો કર!

'કારલાઇલ' નામનો નામીચો લખનાર કહે છે કે નબળામાં નબળું માણસ જો એકજ બાબદ ઉપર પોતાનુ લક્ષ આપે તો તે કાંઇ પણ કામ બજાવી શકશે, પણ એક ઘણો બાહોશ અને ઘણો હુસ્યાર માણસ ઘણી બાબદમાં પોતાનું લક્ષ વેહચી નાખશે તો તે એક પણ બાબદ સંપૂર્ણ ઉતારવામાં નિષ્ફળ નિવડશે.

શું તમને મુશ્કેલીની સામે થવુ પડે છે? જો તેમજ હોય તો તે મુશ્કેલીઓની વચ્ચેથી કામ કરો. મહેનત સઘળી મુશકેલી ઉપર જાદુઈ અસર કરે છે, અને મહેનતથી તે સઘળી મુશકેલીઓ ઉડી જાય છે મનની અને શરિરની આળસાઈ કાટ મીસાલ છે. વપરાસ કરતાં કાટથી વધારે બિગાડો અને ઘસારો થાય છે. એક નામીચો લખનાર કહે છે કે "હું આળસાઇથી કીટાઇને ઘસાઇ જાઉ તેના કરતાં કામ કરીને મારાં તનને ઘસી નાખું તે બેહતર."

જ્યાં મુશકેલીની જરા પણ આશા નહીં, ત્યાં ઘણી મુશકેલીઓ આવી નડે છે. જ્યારે દુઃખદાયક બનાવો બને, ત્યારે એમ સમજવું કે એ બનાવો કદાચ આપણી તપાસ લેવા માટે ખુદાએ મોકલ્યા છે, માટે આવી આપણી તપાસ વેળાએ આપણે મક્કમ રહીએ, તો મક્કમપણાંથી આપણાં

મનને રાહાત મળે છે, અને તેના પછવાડે હમેશાં ફરજ બજાવવાનો સંતોષ હાંસલ થાય છે.

મુશકેલીમાંથી આગલ વધવું એ આપણી નૈતિક તરખીઅતની મોટી તપાસ છે, અને જ્યારે મુશકેલી આવી ઉભી રહે ત્યારે તેની સામે હિમ્મત અને ખુશ મીજાજથી સામે થવું જોઇએ. આપણી કામ કરવાની શક્તિઓમાં જેટલું સુખ સમાયલું છે તેટલું આપણી મિથ્યા મતલબમાં સુખ સમાયલું નથી. મુશકેલીની સામે થવાથી આપણે તે મુશકેલીઓ પસાર કરી શકયે છીએ. એક કામ કરવાનો નિશ્ચય કર્યો એટલે આપણી માન્યતા નક્કી થઇ કે એ કામ કરીને પાર ઉતારી શકીશું. આપણે માથે એક કામ આવી પડે છે ત્યારે આપણુને પોતાની મેળે તેમાંથી પાર પડવાની અક્કલ આવે છે અને તેથી જે મુશકેલીઓ નડે છે, તેની સામે થવાથી તે મુશકેલીઓ દૂર થઇ શકે છે.

જે માણસોએ પોતાને મળેલી તકોનો લાભ જતો મુકયો હોય, તે માણસોના દાખલા એકઠા કરીને પુસ્તકો લખ્યાં હોય, તો દુન્યાની જાણ માટે તે પુસ્તક ઘણું દુઃખદાયક પરંતુ અભ્યાસ કરવાજોગ પુસ્તક થાય. કોઇબી તનદરોસ્ત અને જોરાવર માણસ, જો તે પોતે પોતાની તરફ સાચો નિવડે, તો તે બીજાઓનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યા વિના રહેતો નથી. જો એક હજાર જવાન માણસો પોતે પોતાની તરફ સાચા રહીને ઉદ્યોગમાં પડે તો તેમાંથી કેટલા નિષ્ફળ ઉતરશે? એક લખનારના કહેવા મુજબ સોએ એક કરતાં વધારે નિષ્ફળ નિવડશે નહીં. કેટલાક માણસો ફત્તેહને માટે બબડે છે, પણ તેઓ જાણતા નથી કે નિષ્ફળતાઓની હારમાં ફત્તેહ છેલ્લી સાથે જોડાયલીજ હોય છે. તેઓ પહેલાં નિષ્ફળ થાય છે, તેની પછવાડે બીજી નિષ્ફળતા આવે છે, તેની પછવાડે પાછી નિષ્ફળતા આવે છે, પણ નિષ્ફળતાઓની હાર પૂરી થાય છે અને તેની પાછલ ફત્તેહ તો જોડાયલી હોય છેજ.

મહેનતનો બોજો ઉપાડયા વગર આઇતું મળે એવી ખાહેશ રાખનાર ખરેખર આળસુ અને અયાસી હોવો જોઇએ. આ દુન્યામાં જે જે ચીજો ખરેખર ભોગવવા જેવી છે તે સઘળી ચીજો મહેનતનાં ફળ તરીકેજ મળે છે.

એક ન્યાયાધિશ માટે કહે છે કે તે વાસ્તવીક અને વાજબી તક કદી જવા દેતો હતો નહી, પણ જે બાબદ ગેરવાજબી અને ગેરકાયદેની હોય તે બાબદનો લાભ લેવાની હલકાઇ કદી કરતો હતો નહી. આમ કરવા છતાં જ્યારે તેની મહેનતનાં પરિણામમાં નિષ્ફળતા મળતી હતી, ત્યારે તે માટે તે હરગેજ બડબડતો હતો નહી, કારણકે તેનું દિલ તેને ધિરજ આપતું હતું કે તારાથી જે શ્રેષ્ટ બન્યું તે તું કરી ચુકયો છે.

આપણે ભલાં કામની શરૂઆત કરીને પછી આશા રાખવી કે જે ભલાં કામનાં બી આપણે વાવ્યાં છે તેમાંથી જમીનમાં મૂળ બાઝે, અને ભલાં કામનું ઝાડ તૈયાર થાય. એક માણસ પોતે પોતાને માટે શરૂઆત કરેછે પણ પરમેશ્વર બીજાઓના હાથે તેનો છેડો લાવે છે. બીજા બોલોમાં ખરૂં કહીએ તો આપણે શરૂઆત કરી શકયે છીએ, પણ પુરૂં કરી શકતાં નથી. આપણી આગલનાઓએ જે કામ અધુરૂં રહેવા દીધું હોય તે આપણે આગલ ચલાવ્યે છીએ, અને એમ કરીને સંપુર્ણતા તરફ એક ડગલું આગલ વધ્યે છીએ. તેજ પ્રમાણે આપણી પછી જેઓ આવશે તેમને માટે આપણે તે કામ છોડી જઇએ છીએ, અને જે ઉમદા કામ આપણે મુકી જઇએ, તેની નકલ કરીને આગલ વધવાની તેમને વસિયત કરી જઇએ છીએ.

ઘણાં થોડાંઓને ખ્યાલ આવતો હશે કે આપણે આ દુન્યામાં કશા ખપના નથી. આપણે જન્મ લીધો માટે ગુજરાન માટે નીભાવ કરવાની જરૂર છે. આપણી આગલ આખી દુન્યા પડેલી છે. આપણને ભલાઇ કે બૂંડાઇનો તેમજ ઉદ્યોગ કે આળસાઇનો રસ્તો લેવાની છૂટ છે. આપણે

વખતનો અને પૈસાનો શો ઉપયોગ કરીયે છીએ ? આપણે કદી દુન્યાને દેખાડી આપ્યું છે કે આપણા જન્મથી દુન્યાને કશો લાભ થયો ? શું આપણા જન્મથી કોઈ એકને પણ લાભ થયો ? આપણી કારકીર્દીમાં ફક્ત આળસાઇ અને મતલબીપણુંજ, અને આળસાઈ અને સુસ્તીપણુંજ છે ? શું આપણે મોજમજાહની તલબને માટેજ જીવ્યે છીએ ? આળસાઇથી મોજમજાહ મળી શકતીજ નથી, કારણકે આળસુ માણસોથી મોજમજાહ હમેશાં દૂર રહે છે, અને ઉદ્યોગ અને કામકાજનાં ફળો તરીકેજ મોજ અને સુખ મળે છે. બેદરકારી અને અયાસીપણામાં બિલકુલ મોજ મજાહ રહેતી નથી.

એક કમનસીબ જવાન્યાનાં મનમાં એવોજ ધખારો આવ્યો કે હુ આ દુન્યામાં ન ખપનો છું, માટે મારૂં જીવવું ફોકટનું છે. આથી તેણે પોતે જાહેરમાં બધાં લોકોની સનમુખ આપઘાત કરવાનો ઠરાવ કીધો. આ વાત યુનાઇટેડ સ્ટેટસના ઇલીનોઇસ પ્રાંતમાં બની હતી તે માણસ સ્કુલમાં ઘણું શીખેલો હતો, પરંતુ ફરજ, સદ્દગુણ, અને ધર્મનો તેને જરાપણ ખ્યાલ હતો નહી. તે જીવનું અમરપણું માનતો હતો નહી, અને તેથી મરણ પછીની વાતની તેને કશી ચિંતા હતી નહી. તેણે જાહેર ખબર છપાવી કે હું એક જાહેર ભાષણ આપીને મારાં માથામાં ગોળી મારીને આપઘાત કરીશ. તે ભાષણમાં દાખલ થવાની ફી એક ડૉલર રાખવામાં આવી હતી. તે દિવસની આવકમાંથી તેનાં મરણનો ખરચ બાદ કરીને બાકી રહેલી રકમ ચોક્કસ પદાર્થ–જ્ઞાની લખાણોનાં પુસ્તકો લાઇબ્રેરીને માટે ખરીદવા તે જણાવી ગયો હતો. ભાષણમાં લોકોની મોટી ઠઠ મળી હતી અને ઉપજ સારી થઇ હતી. લોકો આગલ નાનું જેવું ભાષણ કરીને આગલથી ઠરાવ કીધો હતો, તે પ્રમાણે પોતાનાં માથાંમાં પિસ્ટોલ છોડીને તે ત્યાંજ મરણ પામ્યો. આ બનાવ ૧૮૬૮ ના આગસ્ટ માસમાં બન્યો હતો.

ખુદાની દરબારમાં ખુની તરીકે જવું એ આ દુન્યવી જીંદગીનો કેવો અંત ! ઉપલો શખ્સ કદાચ એમ સમજ્યો હશે કે આવી રીતે મરણ પામવાથી

લોકોમાં હું નામ મુકી જઇશ, અને મારી હિમ્મત અને બાહાદુરીની લોકો વખાણ કરશે, પણ એ હિમ્મત નહી પણ હિચકારાપણું કહેવાય. એમાં બાહાદુરી તો સહેજ પણ છેજ નહીં. ધારવા પ્રમાણે, તેણે મોટી મોટી આશાઓ બાંધી હોય તેમાં તેને નિરાશી મળેલી હોવી જોઇએ. 'શેરીડન' જેવો બાહોશ લખનાર કહે છે કે "કેટલાકો લોભ લાલચ અને માનઅકરામની ઇચ્છાને મોટા ગુણો ગણે છે, પણ એ તદન ભૂલભરેલું છે. એ તદન હલકા ગુણો છે. તેમાં શેખીનો ગુણ સઘળા હલકા ગુણોમાં ઘણો આગેવાન છે. એ દુર્ગુણને લીધે મોટા મોટા કમકમાટભરેલા અપરાધો થાય છે, માટે એ ગુણથી મને બચાવો, બાકી બીજા ગુણોની સામે હું થઇ શકીશ. એ બાકીના બીજા બચ્ચાં જેવા છે જ્યારે શેખીનો ગુણ રાક્ષસ સમાન છે."

મુશકેલીભરેલી ફરજો બજાવવાને માટે ફક્ત મક્કમ મનની જરૂર છે એમ ન સમજવું. હજારો મુશકેલીઓ દરરોજ આપણી સામે આવી ઉભી રહે છે, તે સઘળી મુશકેલી વચ્ચે મક્કમ મન સાથે ઝડપ અને ઉમંગ રાખીને તે સઘલી મુશકેલીઓ એક પછી એક ટાળવી ઘટે છે.

મુશકેલીઓને ટાળવાને માટે જેમ પ્રમાણિકપણાંની જરૂર છે, તેમ હિમ્મતની પણ જરૂર છે. મુશકેલીઓને આપણા ઉપર ફાવવા દેવી જોઇએ નહી. મુશકેલીઓ આવશે તે માટે સાવચેતી આગલથી રાખવી જોઇએ, અને તે વેળા મીજાજને બગડવા દેવો નહીં, પણ મન શાંત રાખીને ધિરજથી આપણે આપણો માર્ગ લેવો જોઇએ.

દરેક જમાનામાં ચોક્કસ પ્રકારના ભય અને અનેક પ્રકારની જેહમતમાંથી લોકોને પસાર થવું પડે છે. આળસાઇ, મોજશોખ, અને દુર્ગુણની અનેક લાલચો માણસોની સામે આવી ઉભી રહે છે. ફરજની લાગણીથી હિમ્મત વાપરીને દરેક જણે એવાં દુન્યવી સ્વાર્થની સામે થવું જોઇએ. એમ કર્યાથી સદગુણ અખત્યાર થશે, અને જે મહાન નેમથી માણસ જન્મ લે છે તે નેમ મોટે ભાગે પાર પડશે.

એક નાનો ગામડાંનો ધર્મગુરૂ પોતાનાં ગામમાં લોકોને ઇનસાફ અને સદ્ગુણની રાહે ચલાવવાની કોશેશ કરે તો તેણે સીકંદર બાદશાહ કરતાં વધારે મહાન કામ બજાવેલું ગણાય.

કેટલાંક માણસો કામ કરવા ઘણી આતુરતા બતાવવાના ઢોંગ કરે છે, અને કામ નહી કરવાને માટે કાંઇ અને કાંઇ બહાના કહાડે છે. તેઓ દરિયે કિનારે ઉભા રહીને દરિયામાં જવા ઇચ્છે છે, પણ અંદર પડીને તરવાને બિહે છે. ટુંકમાં, તેઓ શરૂઆત કરી શકતા નથી, અને એવાં હજારો લોકો આળસાઇ અને દલિદ્રતામાં મરણ પામે છે.

'સર અલેકઝાનડર બર્ન્સ' એક વાર બોલ્યો હતો કે—"હું જે કામ માથે ઉઠાવું છું તે કામ તરફ કદી બેદરકાર રહેતો નથી. જો એક કામ કરવું એવો મેં ઠરાવ કર્યો તો હું તેને કદી પડતું મુકતો નથી." એક મજબુત મનનાં અને એક નબળાં મનનાં માણસ વચ્ચે એટલો ફરક છે. બાહાદુર માણસો વારંવાર માર્યા જાય છે, જબાન-દરાઓ પાછાત રહી જાય છે, અને હિચકારાઓ નાહસભાગ કરે છે. મોટેથી મોટી મોટી વાત કરનારાઓ ભવિષ્યની મોટી આશા આપે છે, પણ મોટાં મોટાં કામ કરી બતાવનારાઓજ ખરેખર પોતાની મોટાઈ પૂરવાર કરે છે. તેમની જીંદગીની દરેક પળે અકેકી મહાન જીત થાય છે.

દુન્યાને કાળી ચિતારનારાઓ કહે છે કે માણસને કામકાજનો ધસડબોડો કરવાની ફરજ પડે છે અને તેથી માણસને નુકસાન થાય છે. બીજા હાથ ઉપર એક ફ્રેંચ લખનાર (મોનસીઓ ફેરો) કહે છે કે એક જાતની, સામે થઈ ન શકાય તેવી ખુદરતી શક્તિથી માણસ ઉદ્યોગ તરફ ખેંચાય છે, અને તેમાંથી ખરી મજાહ ભોગવે છે, અને તેમ કરીને તે ગોયા પોતાની ફરજ બજાવે છે. દુન્યાની ખરી મજાહ શી છે તે દુન્યાને કાળી ચિતારનારાંઓ બિલકુલ સમજી શકતાં નથી. 'એરીસટોટલ' કહે છે તેમ દરેક માણસ પોતાના હાથે અથવા ઉદ્યોગથી જે મજાહ મેળવે છે તે

મજાહ ન વર્ણવી શકાય તેવી છે, પછી ગમે તો એક ખેડુત પોતાના હાથે ઉગાડેલો પાક જોઇને મજાહ મેળવે, કે એક ઘર બાંધનાર મીસ્ત્રી ઘર પુરૂં થાય ત્યારે તે જોઇને મનમાં ખુશી થાય, કે પછી એક પુતળું કોતરનાર પુતળું તૈયાર થાય ત્યારે હરખ સાથે તેને નિહાળીને જોય, અથવા તો એક કવિ કે ગ્રંથકર્તા પોતાનાં લખાણ જોઇને મઘન થાય. કોઇ પણ ઉદ્યોગનું ફળ જે તેના ઉગાડનારને મજાહ આપે છે તેવી મજાહ આળસુઓને મળતી નથી. જ્યારે એક કામ પુરૂં થાયછે ત્યારે હરખ ભરેલો સંતોષ મળે છે, તે સંતોષની ખુશાલીથી વખત અને મેહનતનો પુરતો બદલો મળે છે. આમ થવાથી બીજું તેથી પણ મોટું કામ માથે ઉઠાવવાની ઉલટ આવે છે, અને એ પ્રમાણે એક માણસ પોતાના ઉદ્યોગથી આગલ વધીને લોકોને ઉપયોગી થઇ પોતે પોતાની જીંદગીનું કાર્ય પુરૂં કરે છે.

એકાંતવાસમાં રહીને ખુદાને યાદ કરવો અને એકમાર્ગીપણું અખત્યાર કરીને દુન્યાથી દુર રહેવું તેનાં કરતાં આપણા બાઇબંધોના સમાગમમાં આવીને ઉદ્યોગ સાથે દિલસોજી દેખાડવી, તેમાં ફરજ વધારે સારી રીતે બજાવેલી કહેવાય. એક લખનાર લખે છે તેમ "દુન્યાના લોકોની સાથનો વહેવાર ત્યાગ કરવાથી બેહસ્ત તરફનો રસ્તો મળતો નથી, પણ દુન્યાના લોકો સાથે ઉદ્યોગી રહીને ફરજ બજાવવાથી બેહસ્તનો રસ્તો જડે છે. ખુદરતના કાયદાને આધીન થઇને દરેક જાતના વહેવારમાં અને ઉદ્યોગમાં, ઇનસાફના અને સચ્ચાઇના માર્ગે ચાલવાથી પહરેજગાર જીંદગી ભોગવાય છે, પણ દુન્યાનો વેહવાર છોડીને અખત્યાર કીધેલા વૈરાગ્યથી બેહસ્ત તરફ નજદીક જવાને બદલે બેહસ્તથી દૂર જવાય છે."

કેટલાંક લોકોનાં મનથી ધર્મ ફક્ત પુસ્તકમાં લખાયલા શબ્દોજ છે, પણ શબ્દોથી કાંઇ કામ થતાં નથી. ફક્ત ધર્મ સંબંધી લખાણોથી પ્રમાણિકપણું, ભલું મન, અને પવિત્રાઇ, યાને નેક મનશની, નેક ગવશની, અને નેક કુનશની હાંસલ થતી નથી. ધર્મને નામે ઘણા ફારસ થાય છે,

પણ ઉત્સાહ સાથે ખરેખરૂં ભલું કામ ઘણું થોડું થાય છે. ધર્મ સંબંધી પુસ્તકો વાંચ્યાં એટલે ધર્મી કહેવાયાં એમ તમારે ન સમજવું. હજારો ધર્મનાં પુસ્તકોમાંથી ધર્મ શોધો તેનાં કરતાં માણુસાઇ ખાસીયતમાં, માણુસાઇ ગુણોમાં અને માણુસાઇ ઉદ્યોગમાં ખરો ધર્મ સમાયલો છે, તમે તે ધર્મ શોખો અને તે ધર્મ અખત્યાર કરો. એક મજબુત ઇચ્છા શક્તિ ધરાવતો શખ્સ ઉદ્યોગ વગર કામ લંપટમાં પડે છે, અથવા ઐશ્વર્યભરેલી આળસુ અને મંદ જીંદગી ગુજારે છે.

જુવાનીઆઓની આસપાસ એક મોટો ભય રહે છે, અને તે આળસાઇનો છે. તેઓ નાની વયને લીધે કશી વાતે ગણ્યા નથી. આળસાઇ સાથે તેઓનો નૈતિક ધોરણ ઘણોજ હલકા પ્રકારનો રહે છે. મોટાંઓની ખુશામત કરતાં તેઓને આવડે છે, અને ગરીબો અને નિચલા વર્ગો તરફ ધિક્કારથી તેઓ વર્તે છે. એક દુરાચરણી આળસુ જુવાનીઓ કોઇ વાત માનતો નથી, કોઇને માન આપતો નથી, કોઇ નેમ રાખતો નથી, એટલુંજ નહી પણ વળી નેકીનો બદલો આયંદે મળે છે એમ પણ તે માનતો નથી. દુન્યામાં એવા ઘણા ગરદનકશો પડેલા છે જેઓ કહે છે કે "મારાં મનથી બધું સરખું છે! એમાં શું વળ્યું!" પણ દુન્યામાં બધું સરખું નથી, અને આજથી સો વરસ પછી બધું એમજ રહેશે નહી. દરેક માણુસનાં કામોથી આખી કોમ ઉપર ચોક્કસ અસર થાય છે. દરેકે દરેક માણુસને માથે ચોક્કસ ફરજો લટકેલી છે, અને તેને માટે ખાસ કામ સરજાયલું છે, અને જો તે પોતાની ફરજ ભુલી જઇને પોતાનું કામ કરતો નથી, તો તેને એકલાને નુકસાન થાયછે. એટલું નહી પણ તેથી બીજાઓને પણ નુકસાન થાયછે. તેની સુસ્તીથી બીજાઓને ખમવું પડે છે, અને તેના દાખલાપરથી બીજાઓ ખોટો ધડો લે છે. એક નકામી જીંદગી તે માત્ર વહેલું આવેલું મોહત છે એમ સમજવું.

ઘણા જુવાનીઆઓ બડબડાત ઘણો કરે છે. કાંઇપણ કામ કરવાનું તેમને હજી તો મન થાય છે, તેટલામાં તેઓ વાંધાસાંધા રજુ કરીને કામ

શરૂ કરવાની વાતજ કરતા નથી. વિદ્વાન 'ચૅનીંગ' એ માટે બલાપો કરતાં લખે છે કે આપણા જુવાનીઆઓ મોટે ભાગે નિરાશીમાં ઉધરે છે, અને તેઓ જીંદગી ફોકટની છે એમ સમજે છે. શું જીંદગી ફોકટની છે? જો તે આળસાઇમાં ગુમાવી હોય તો અલબતાં જીંદગી ફોકટની છે. વાંચણ પણ વારવાર મગજ ખસેડી નાખે છે, અને દરેક બાબદ તરફ છીટ ધરાવતાં શીખવે છે. આથી આપણે ઘણા બેદરકાર બડબડતા જુવાનીઆઓ જોઇએ છીએ, જેઓનાં મગજ વાંચણ વાંચણથી પાલીસ થયલાં હોય છે, અને તેઓ ઝટ બીજાઓનાં કામ ઉપર ટીકા કરવાની તક છોડતા નથી, પણ પોતે સદંતર કાંઇજ કરી શકતા નથી. જો કોઇએ કાંઇ માથે કામ ઉઠાવ્યું હોય તો તેની ઉપર સખત ટીકાના બાણ છોડવાને તેઓ ચુકતા નથી. શીખેલા પણ અચાસી અને બેપરવા જુવાનીઆઓ મગજની એવીજ ભમતી વળાણ ધરાવે છે. તેઓના મત પવન સાથે ફરે છે. તેઓ કાંઇ પણ માન્યતા વગરની સમજણ ધરાવે છે. આવાં મગજમાંથી જે વિચારો બાહેર પડે છે તેમાંથી ભલું કાર્ય કાંઇ થતું નથી. તેઓ ચોક્કસ કાનુન કે ચોક્કસ માન્યતા ધરાવતા નથી: ધર્મના ફતવા તરફ તેઓ તદન આંખમીંચામણા કરે છે. તેઓનો ધર્મ કાંઇજ નથી, અને તેમની જીંદગીમાંથી કાંઇ ભલું કામ પ્રાપ્ત થતું નથી. તેઓ ઉચી જીંદગી ભોગવવાની નેમ રાખતા નથી, ઉમદા ખવાસ ઉપર ચઢવાને તેઓ કોશેશ કરતા નથી, અને પોતાનો જાતી ગુણ ખિલવવાની તેઓ કશી દરકાર કરતા નથી.

આપણામાં શીખેલા ઘણા છે પણ ઇમાની જુજ છે. આપણામાં જ્ઞાની ઘણા છે, પણ ડાહ્યા જુજ છે. આપણામાં કેળવણી ઘણી છે પણ પરોપકાર જુજ છે. એક માણસ સુધરેલો થઇ શકે છે, પણ તે સિવાય તેનામાં બીજું કશું હોતું નથી. જ્ઞાન અને ડાહપણ એ બન્ને એકમેકથી જુદાં છે, એટલુંજ નહી, પણ કેટલીક વાર એક બીજા સાથે અકેકને કાંઇ સંબંધ નથી.

કેળવણીથી ડાહપણ અને ભલાઇ હાંસલ થાય છે એ એક શકની બાબદ છે. 'ફ્રેનેલો' નામનો શખ્સ કહે છે કે ભલી ભલી સેંકડો ચોપડીઓ ઉપર ચાહ રાખવો તેના કરતાં ફક્ત એકજ ભલી ચોપડી પ્રમાણે પોતે ચાલવું તે બેહતર છે. પુષ્કળ જાતનું વાંચણ વાંચવા કદાચ ગમે, પણ તેથી મગજ પોષાતું નથી. 'એનસેલ્મ' નામનો ખ્રિસ્તી સાધુ કહે છે કે—"અભણ લોકો જેઓ ખુદાઇ ચીજોની શોધમાં હોય છે તેની બાજુએ પરમેશ્વર જડે છે, પણ જે વિદ્વાનો પોતાના સ્વાર્થની ચીજોની શોધમાં હોય છે તેવા વિદ્વાનોની પડખે ઇશ્વર જડતો નથી."

એક ફ્રેંચ લખનાર પોતાના જમાનાના માણસો માટે નિચે પ્રમાણે ફરિયાદ કરે છે:—"આપણે બધી બાજુએ શું જોઇએ છીએ? સર્વ ઠેકાણે ધર્મ અને ફરજ તરફ ઉંડી બેદરકારી, અને સોના તરફ અને મોજમજાહની તરફ ભારે આતુરતા, કારણ કે સોનાથી દરેક ચીજ મેળવી શકાય છે, અંતઃકરણ, માન, ધર્મ, મોટો ઓધ્ધો, સત્તા, માન આબરૂ વગેરે: સઘળી સચ્ચાઇનું અને સઘળા સદગુણોનું એ કેવું સત્યાનાશ! સઘળાં ફિલસુફી ભરેલાં સિદ્ધાંતો, અને અપવિત્રાઇના સઘળા કાનુનો આવી બેદરકારીથી નાશ પામ્યાં છે અને સમજણ શક્તિ ઘોરમાં સુતી છે."

પણ વળી એક નવો શબ્દ 'સુધારો' આપણી મદદે આવ્યો છે. વિદ્વાન સુધારાવાલાઓ સંસારના કેટલાક કાયદા તરફ તિરસ્કારની નજરથી જોય છે અને ધર્મ તરફ બિલકુલ શ્રદ્ધા રાખતા નથી, અને ફક્ત કેળવણીને તેઓ સુધારાનું પાલીસ ગણે છે. સુધારાવાળાઓ બેશક સંસારની ઉંચી પક્તીમાં રહેતા હોવાથી, તેઓ જુની ફાશીનના ઉદયોગો અને અસલી ફાશીનના સદગુણોને અને જાતી મેહનત ખિલવવાની અને સ્વાર્થ ત્યાગ કરવાની બાબદોને હસી કાહડે છે. તેઓનો ધર્મ ફકત સઘળું ઠઠે પેટે હસી કાહાડીને કાંઇ નહી સ્વીકારવામાં સમાયલો છે, તેઓના ધર્મમાં કાંઇપણ તારિફલાયક બાબદનું પ્રકરણ છેજ નહી, અને તેઓ ભવિષ્યની જીંદગીની કશી આશા રાખતા નથી. તેઓ દરેક વાત ઉપર શકની નજર

ફેંકે છે, અને પોતે કાંઇ સારૂં કામ કરી શકતા નથી, તેમજ જેઓ ભલુ કામ માથે ઉઠાવે છે તેનો પણ અંગીકાર કરતા નથી, તેઓ કોઇનું માનતા નથી, અને કોઇ ચીજ માનતા નથી, પણ ફકત પોતાને માને છે. તેઓ પોતે નાના જેવા ઇશ્વર હોય તેમ પોતાને સમજે છે.

એકલું જ્ઞાન હાંસલ કર્યા પછી મિથ્યા મગરૂબી કેટલી બધી આવે છે! દિલની મોટાઇ સાથે સરખાવતાં તે કેટલું નિર્જીવ છે અને કેટલું ધિક્કારવાજોગ છે! મગજની અને શરિરની શક્તિ શું કરી શકે છે? જેમ જીવ વનાનું લાકડાંનું હાડપીંજર તેમ એક માણુસ પોતાની મગજ શક્તિનાં બળ વડે ચોકકસ મત બાંધી શકે છે, પણ તે મતમાં જીવ કે દમ, સચ્ચાઇ કે ખુશાલી બિલકુલ આમેઝ થતી નથી. મહાન ફિલસુફ ન્યુટન, એના જેવો બીજો ફિલસુફ જવલેજ થશે, જેણે ખુદરતની છુપી શક્તિઓની શોધ કીધી છે, જેણે ગુરૂત્વાકર્ષણની શોધ કીધી છે, અને જેણે રોશનીનું પૃથકરણ શોધી કાહાડ્યું, તે પોતે કહેતો હતો કે હું દરિયા કિનારે કાંકરામાં રમતા એક છોકરા મીસાલ છું. મારી સામે સચ્ચાઇનો મોટો દરિયો ઉભો છે જેની શોધ હજી હું કરી શકયો નથી. આજનો કોઇ ફિલસુફ એવી રીતે પોતે પોતાનું નાકેશપણું કબુલ કરશે?

"ચોકકસ વાતો ફક્ત દિલ કબુલ કરી શકે છે. એક નેક માણુસની નજરમાં ઝટ સાચી લાગે એવી વાતો પણ કેટલાક શીખેલા અને મોટી મનશક્તિવાળા માણુસો માનવા સાફ ના પાડે છે. આવા માણુસોમાં ચોકકસ બુદ્ધિ ખિલેલી હોતી નથી. એક ઘણોજ હુસ્યાર માણુસ જ્યારે ધર્મની વાતો માનવા ના પાડે છે, ત્યારે આપણે તેને મનાવી શકતા નથી એટલુંજ નહી, પણ તેને સમજાવવાનો માર્ગ પણ આપણુને જડતો નથી."

સાહિત્ય અને ચોપડીઓની બાહેર ફરજનું મોટું ખેતર પડેલું છે. માનવીને જ્ઞાની કરતાં વહેવારૂં બનવું વધારે અવશ્યનું છે. માણુસાઇ ખાસીઅત મંડળીમાં ફરવાથી વધારે ખિલે છે. સભ્યતા, સ્વમાન, એક

બીજા તરફ નાખતી કરવાની શક્તિ, અને પારકાંનાં ભલાં માટે પોતાનો સ્વાર્થ છોડી દેવાનું મોટું દિલ, એ ગુણો સંસાર અને મંડળીના વેહેવારમાંજ હાંસલ થઇ શકે છે. સાહિત્ય કરતાં અનુભવ માણસને વધારે ફાયદો કરે છે. જીંદગી એ એક એવી ચોપડી છે જે આપણે જીવ્યે ત્યાં સુધી વાંચી શકાય છે, પણ જીંદગીની ચોપડીનાં મુશકેલ પાનાં વાંચીને સમજવા માટે મોટાં ડહાપણની જરૂર છે.

એક ઉમરાવજાદી કહે છે કે—"આપણા જમાનામાં મનની ખિલવણી અને લખાણ વાંચણને એક બીજા સાથે ઘાટો સંબંધ છે, અને આજના વખતમાં અજ્ઞાન અને બોથડ હોય તેજ એ બન્ને સાથે કરી શકતો નથી, પણ પચાસ સો વરસની વાત ઉપર ચોપડીઓનો ઉપયોગ અતી ઉંડા અભ્યાસ માટેજ થતો હતો, અને તે વખતના બાહોશમાં બાહોશ અને ચંચળમાં ચંચળ માણસો ફક્ત ધર્મ પુસ્તક ઉપરથીજ મહાન વિચારો દર્શાવી શકતા હતા. સો વરસની વાત ઉપર વાંચણ જેમ આજે સાધારણ છે તેમ હતું નહી, અને ઓરતોનો મોટો ભાગ બિલકુલ લખી વાંચી શકતો હતો નહી, તે છતાં આજની ઓરતો કરતાં તેઓ વધારે ડાહી અને વધારે અકકલવાલી હતી."

અસલના વખતમાં કોઇ કામમાં ઉલટ પેદા કરવા માટે છોકરાઓને ફક્ત તેમની ફરજની યાદ આપવામાં આવતી હતી, અને તે કામમાં ફત્તેહ મેળવી તો ફરજ અદા કીધી અને તે કામમાં નિષ્ફળતા મળી તો ફરજમાં પછાત પડયા, એમ કહેવામાં આવતું હતું. 'હયુ મિલર' કહે છે કે, "કેળવણીના બળ વડે માણસ જાતને આ દુન્યાના સાધારણ માંચડા ઉપરથી અસાધારણ ઉંચાઇએ લઇ જવાનો વિચાર કરવો, એ ફક્ત એક સ્વપ્ના મીસાલ છે, અને આજના જમાનાનો એ એક હવાઇ ખ્યાલ છે, અને ત્રાંબાના સીકાને માંજીને સોનાના સીકા જેવા ચળકતા બનાવવાનો એ ફકત દુન્યાનો રસાયણી અખતરો છે."

ગમે તે કહો, પણ સર્વથી સરસ તાલીમ ઘરમાં મળે છે. જુવાનીઆઓને કેળવવા માટે ખુદરતે પોતે કુટુંબની શાળા સ્થાપી છે, અને ઘરસંસારનો મુખ્ય આધાર બાયડાંઓ ઉપરછે. એક ફ્રેંચ મોટા પાદરીના બોલ આ છે કે, "ફ્રાંન્સની સઘળી આશા તેની માતાઓ ઉપર લટકે છે." અને આ બોલો સર્વ દેશોને લાગુ પડે છે. અફસોસ છે કે ઓરતો પોતાનું ઓરતપણું છોડી દેવા માટે બંડ મચાવે છે, અને પોતાની સર્વથી સુંદર ખાસ્યતોને છોડી દેછે, અથવા તેનો રંગ બદલવાની કોશેશ કરે છે, તે જોઇને દલગીરી પેદા થાય છે. ઓરતો હવે સત્તા માગે છે, રાજ ચલાવવામાં હિસ્સો માગે છે, અને તે છતાં દુન્યા તો તેમના સંસારની અસર તળેજ રહેલી છે. 'સેંટ પૉલ' જેવો અકકલમંદ સાધુ પણ કહી ગયો છે કે "જે ઓરતો ઘરમાં રહીને કામ કરે છે તેમનેજ ધન્યવાદ ઘટે છે, કારણકે ઘરસંસારમાંજ મંડળીની ચોખ્ખાઈ સમાયલી છે, અને દુન્યામાં જે આપણને માટે સર્વથી વાહલામાં વાહલું છે, તેની સલામતી માટે ફકત ઘરસંસારની ફરજ અને મોહબત સિવાય બીજું વધારે કાંઈ પણ મોટું નથી."

એક બાનુ લખનાર ઓરતો વિષે લખતાં લખે છે કે "દલગીરીની વાત છે કે આજકાલની ઓરતો નવી નવી ફેશન અને નવા નવા સુધારા તરફ ઢળે છે, અને તેમની માતાઓ અને મમઇઓ જેઓ ખુદાની નજદીકનો રસ્તો લેતાં હતાં તેમની માફક ન ચાલતાં ખુદાથી દૂરનો રસ્તો લે છે. ધર્મ તેમનાં મનથી કાંઇ નજીવી જેવી બાબદ છે, અને ખુદાનાં કામો તરફ વિશ્વાસ વગર અને ઇમાન વગર તેમનાં અંતઃકરણો તદન ખાલી છે."

'બેરન સ્ટૉફેલ' નામના એક શખ્સને ફ્રેંચ સરકારે ફ્રાંકો-પૃસ્યિન લડાઇની વેળા હૂકમ કીધો કે પૃશીઆના લોકોની નિતી સંબંધી તપાસ ચલાવીને રિપોર્ટ કરવો. તે પોતાના રિપોર્ટમાં લખે છે કે— "લશકરની કવાયદનો આધાર મંડળીની અને કુટુંબની કવાયદ ઉપર રાખે છે. પૃશીઆમાં જવાનીઆઓ તાબેદારી સારી પેઠે સમજે છે, અને પોતાની ફરજ બજાવતાં શીખ્યા છે, પણ એવી તાલીમ ફ્રેંચ

કુટુંબોમાં હસ્તી ધરાવતી નથી ત્યારે તે લશ્કરમાં તે ક્યાંથી હોય ? ફ્રાન્સમાં સ્કુલોમાં, કૉલેજમાં અને બીજે ઠેકાણે છોકરાંઓને માબાપ તરફ માન, પોતાની ફરજ તરફ ધ્યાન, સત્તા અને કાયદા તરફ તાબેદારી, અને પહેલી અગત્યનો ખુદા ઉપર વિશ્વાસ રાખતાં શીખવવાની કોઈ કોશેશ કરેતું નથી. આનાં પરિણામ તરીકે દર વરસે આપણા ફ્રેંચ લશકરમાં જે નવા નવા જવાનીઆઓ દાખલ થાય છે, તે લોકોમાં ધર્મ અને નિતીના કાયદાનું કશું જ્ઞાન હોતું નથી, અને તેઓ નાનપણથી કોઇને તાબે થવાં શીખેલા ન હોવાથી, દરેક બાબદમાં તકરાર ઉઠાવે છે, અને કોઇને પણ માન આપતા નથી. કેટલાક લોક એમ સમજે છે કે લશકરમાં દાખલ ર્ક્યા પછી આ વગર કેળવાયલા છોકરાઓ એકદમ તાબેદારી કરતાં શીખીને તાલીમ અખત્યાર કરશે, પણ તે લોકો એમ જાણતા નથી કે ખાનગી ઘરોની તાલીમ તેજ લશકરની તાલીમ છે. ચોક્કસ સંજોગોમાં ફરજ્યાત તાબેદારી કરવી પડે છે, પણ તે ખરાં અંતઃકરણની તાબેદારી હોતી નથી, અને તેવી તાબેદારી વખત ફેરવાતાં દૂર થાય છે, અને તાબેદારીની ખરી તપાસમાં તેઓ નિષ્ફળ નિવડે છે."

કેટલીક પ્રજાઓ ઘણી ફુગડાઇ જાય છે. તેઓ પોતાના દેશની દોલત, સત્તા, આવક, ખુશ્કી અને દરિયાઇ બળ અને વેપારના ચઢિયાતાંપણાંથી ઘણો અહંકાર કરે છે, પણ એ સર્વ ચીજો થોડાં વરસમાં જતી રહે છે. હૉલંડ દેશનો દાખલો લ્યો. તે એકવાર પુષ્કળ બળવાન દેશ હતો. આજે પણ તેની પાસે પૈસા છે છતાં તેનું બળ કાંઇ નથી. દરેક માણસની ચાલચલણ ઉપર કોમનો આધાર છે, અને જો એક [illegible]નું દરેક માણસ નિતી અને પોતાની ફરજ સારી પેઠે સમજે નહી, તો તે દેશની પ્રજા નિતી અને પોતાની ફરજ માટે કદી પણ જાણીતી થશે નહી અને તેની પડતી આવશે.

બે વિચારો ઘણા અગત્યના છે, અને એ બે વિચાર ર્ક્યાથી આપણી જીંદગીમાં મોટો ફેરફાર થાય છે. એક તો એ છે કે આપણી

દુન્યા આખી સૃષ્ટીની રચનામાં ફક્ત એક સુન્ય જેવી છે, અને આપણી હૈયાતી અમર છે અને આ દુન્યાની આપણી હસ્તી મોટાં ઘરમાં દાખલ થવાનો ફક્ત એક દરવાજો છે; અને બીજો વિચાર એ કરવો કે ઇશ્વર આપણામાં અહીં વસે છે તેમજ તે હવે પછીની જીંદગીમાં પણ હાજર છે. આપણને દરેકને સારા અથવા ખરાબ રસ્તે જવાની છૂટ છે, અને એ બે માર્ગમાંથી વધારે સારો માર્ગ કયો તે આપણે જાણવું જોઇએ, અને તે પ્રમાણે ચાલવું તે સઘળું આપણી પોતાની ઉપર, આપણાં અંતઃકરણ ઉપર અને આપણી મરજી ઉપર આધાર રાખે છે. આપણી અનેક ફરજો બજાવતાં મુશ્કેલીઓ અને નાસીપાસીઓ અનેક મળે છે, તે છતાં આપણને ફરજ તો બજાવવીજ જોઇએ, અને તે ફરજો ખુશીથી બજાવવી જોઇએ, કારણકે ઇશ્વરનો હુકમ છે કે તમારી ફરજ બજાવો. સારાં કામોથી આપણને જોર અને શૂર છૂટે છે, અને આપણાં સારાં કામોથી બીજાઓ ધડો લે છે. તેટલાં માટે આપણે આપણું મન મક્કમ કરીને અને આપણી મરજી ઉપર કાબુ રાખીને ભવિષ્યમાં આપણું અંતઃકરણ શુદ્ધ કરવું અને જીંદગીની દોડાદોડની સરત ચાલુ કરવી.

પ્રકરણ ૩.

પ્રમાણિકપણું—સચ્ચાઈ.

"પ્રમાણિક માણસ, પછી ગમે તેવો ગરીબ હોય, તોપણ તે પ્રમાણિકપણાંને લીધે માણસોનો રાજા છે."

"સોનાને હાથ લગાડવામાં અડચણ નથી, પણ સોનું જો હાથને ચોંટી બેહું તો શરીરને નુકસાનકારક છે."

પ્રમાણિકપણું અને સચ્ચાઈ બન્ને સાથે સાથે ચાલે છે. પ્રમાણિકપણું તે સચ્ચાઇ છે, અને સચ્ચાઇ તે પ્રમાણિકપણું છે. એકલી સચ્ચાઇથી એક માણસ મોટાઈ મેળવતો નથી, પણ એક મહાન પુરૂષને માટે સચ્ચાઇ સર્વથી અગત્યનો તત્વ છે. સાચ્ચા માણસનો ઉપરી પોતાને સહીસલામત સમજે છે, અને સાચ્ચા માણસનો નોકર સાચ્ચા શેઠ ઉપર વિશ્વાસ રાખે છે. સચ્ચાઇ એ કાનુન, અખંડપણું, અને સ્વતંત્રપણાંનો અર્ક છે. દરેક માણસને સચ્ચાઇની પહેલી જરૂર છે. આગલ કરતાં હાલના વખતમાં પુરેપુરી સચ્ચાઈની ઘણી જરૂર છે.

જુઠું, જોકે તે સાધારણ જુઠું પણ હોય, તોપણ જુઠું બોલનાર પોતે પણ જુઠાને ધિક્કારે છે. જુઠું બોલનાર હમેશાં કહે છે કે હું તો સાચું બોલું છું, કારણ કે તે પોતે સમજે છે કે જુઠાંને સર્વ જગેથી ધિક્કારવામાં આવે છે અને સચ્ચાઇને સર્વ જાણ માન આપે છે. જુઠું બોલવામાં ફક્ત અપ્રમાણિકપણુંજ નથી, પણ સાથે લાગ્યું હિચકારાપણું પણ છે. 'જીઓર્જ હર્બટ' કહે છે કે "સાચ્ચા થવાની હિમ્મત કરો, કારણ કે કોઇબી વખતે જુઠું બોલવાની જરૂરજ નથી." જે જુઠું બોલનારાં

પોતાની વાતમાં થોડીક સચ્ચાઇ દાખલ કરવાની કોશેશ કરે છે, તેઓ વધારે નુકસાનકર્તા છે, કારણ કે એકદમ સાચ્ચું બોલવાની તેઓમાં હિમ્મત હોતી નથી, અને તેટલા માટે તેઓ ગોળ ગોળ વાતો કરે છે, અને સામટી રીતે જોતાં જુઠું બોલે છે. એક જુઠ જેમા અરધું સાચું ભેળાયલું હોય તે જુઠું સર્વથી જબુન છે.

કેટલાંક માણસો જીંદગીમાં એ જાતની વર્તણુંક રાખે છે, અને તે મોઢેથી જુઠું બોલવા જેટલુંજ નુકશાન કરે છે.

ખોટા કામ પણ ખોટા બોલ જેવાંજ ખરાબ છે. એક હલકો માણસ પોતે ખરૂં માનતો હોય તોપણ તે જુદીજ રીતે વરતે છે. તે દહીંમાં અને દુધમાં રમે છે. તેનામાં અંતઃકરણની સચ્ચાઇ હોતી નથી. એક સાચ્ચો માણસ પોતાના વિચાર ખરેખરા જણાવે છે, અને તે જે માનતો હોય તેજ બોલે છે, અને તે જે અંતઃકરણથી સાચ્ચું માનતો હોય તેજ કામ કરે છે, અને જેમ તે બોલે છે તેમજ તે વર્તે છે અને ચાલે છે.

કેટલાકો જાહેરમાં જેમ બોલે છે તેમ ખાનગીમાં વર્તતા નથી. ઘણાં જણ લોકોને સખાવત કરવાને શિખામણ દે છે પણ તેઓ પોતે મખીચુસ હોય છે. ઘણા જણ લોકોને મિતાહાર અખત્યાર કરવાની ભલામણ કરે છે, પણ તેઓ પોતે મિતાહારી હોતા નથી. કેટલાકો જાહેરમાં પ્રમાણિક-પણાંનું ડોળ ઘાલે છે પણ તેઓ આપલેમાં ઘણીજ ઉલથાપ આપે છે, પોતાના પાડોસીઓની નિંદા કરે છે, અને પોતાના સગાં સ્નેહી સાથે પ્રમાણિકપણે વર્તતાં નથી.

જુઠું બોલવાનું ઘણું સાધારણ હોયછે અને કેટલીક વખતે જુઠું બોલવાનો ચાલ થઈ પડયો હોય છે, અને તેવો ચાલ મંડળીમાં સાધારણ હોયછે. દાખલા તરીકે યુરોપિયન મંડળીઓમાં જ્યારે એક માણસ બીજાની મુલાકાતે જાય છે, અને જો તે ધણી મુલાકાત લેવાને ખુશી ન હોય, તો તે ઘરમાં બેઠા બેઠા નોકર પાસે કેહવાડે છે કે 'શેઠ ઘરમાં નથી.' આ એક

સાધારણ રેવાજ પડી ગયો છે, અને તેમાં કાંઇ નુકસાન જેવું ધારવામાં આવતું નથી, તોપણ આ એક જુઠુંજ છે. આવું નાનું જુઠું બોલવાનું અતીધણું સાધારણ થઇ પડયું છે, પણ ખરા સાચ્ચા અને પ્રમાણિક માણસનાં મનથી સહેજ જુઠું પણ કમકમાત ઉપજાવે છે.

રાજદ્વારી કુશળ નરો પોતાની રાજદ્વારી બાબદોમાં જુઠું બોલે તે દેશના ફાયદા માટે છે એમ ધારવામાં આવે છે, પણ એક માણસે પોતાની જીંદગી કરતાં પોતાના બોલની વધારે દરકાર કરવી ઘટે છે. જ્યારે 'રેગ્યુલસ' નામના શખ્સને કારથેજીનીઅન લોકોએ કેદ પકડયો, ત્યારે તેઓએ તેને એવી સરતે પોતાના રોમ દેશ પાછો જવા દીધો, કે ત્યાં જઇને સલ્લાહ કરાવવી, અને જો રોમન લોકો સલ્લાહ કરવા ના પાડે, તો તેણે એક કેદી તરીકે પાછું ફરવું. તેણે સોગંદ લીધા કે જો સુલેહ ન થશે તો હું કેદી તરીકે પાછો ફરીશ. તે રોમ ગયો પણ ત્યાં જઇને તેણે રોમન સલ્લાહકારીઓને લડાઇ ચાલુજ રાખવાનો આગ્રહ કીધો, અને બંદીવાનોની અદલાબદલી નહી કરવી એમ સમજાવ્યું. આવી સમજાવતથી તેને પોતાના વચન પ્રમાણે પાછું ફરવું પડયું. રોમન સલ્લાહકારોએ તેમજ રોમન વડા પાદરીએ તેને સમજાવ્યો કે તુ અહીંજ રહે, પાછો ના જા, તું તારા વચન પ્રમાણે જવાને બંધાયલો નથી, કારણ કે એ વચન તારી પાસે જોર અને જબરદસ્તીથી લેવામાં આવ્યું છે. ત્યારે રેગ્યુલસ બોલ્યો, "તમે શું મને બેહોરમત કરવા માગો છો? હું જાણું છું કે હું પાછો જઇશ ત્યારે તેઓ મને રીબાવીને મારી નાખશે, પણ એક બેવચની માણસ થવું, અને વચન તોડીને દગો કરવો, તેની સાથે સરખાવતાં મોહત મારા મનથી બીસાદ વગરનું છે. હું અતરે કારથેજીનીઅન લોકોના કેદી તરીકે આવ્યો છું, પણ મારામાં એક ખરા રોમન તરીકેનું ખમીર છે. પાછું ફરવાના મેં સોગંદ લીધા છે, અને તેથી પાછું જવાની મારી ફરજ છે. બાકીનું મારૂં સરજત પરવરદેગારના હાથમાં છે." એમ કહીને તે કારથેજ પાછો ગયો, અને ત્યાં તેને કારથેજીનીઅનોએ રીબાવ્યો અને મારી નાખ્યો.

'પ્લેટો' કહે છે કે "જે માણુસને પોતાની જીંદગી સારી રીતે ગુજારવી હોય, તેણે સચ્ચાઇ અખત્યાર કરવી, અને ત્યારેજ તે દલગીરીથી મુક્ત રહેશે."

રાજા **મારકસ ઑરેલીઅસ** કહી ગયો છે કે "જે માણુસ ગેરઇનસાફીથી ચાલે છે તે અપવિત્રાઇથી ચાલે છે, કારણ કે સૃષ્ટિમાં ખુદરતે અક્કલવાળાં માણુસો એક બીજાને માટે બનાવ્યાં છે, અને તેથી દરેકે પોતાનાથી બની શકે તેટલી એક બીજાને મદદ કરવી ઘટે છે, પણ કોઇબી કારણે એક બીજાને નુકસાન કરવું જોઇતું નથી. સૃષ્ટિના રચનારની આવી મરજી છે, અને તેથી જેઓ તેની આ મરજીની વિરૂધ જઇને ગેરઇનસાફીવાળી અપવિત્રાઇ ચલાવે છે, તે લોકો તે પરવરદેગાર તરફ નાફરમાની કરીને પાપ કરે છે. સૃષ્ટિની રચનામાં જે સઘળી ચીજો હસ્તી ધરાવે છે તેને એક બીજા સાથે સંબંધ રહે છે, માટે જેઓ જૂઠું બોલે છે તેઓ પણ અપવિત્રાઇથી વર્તી ખુદા તરફ પાપ કરે છે. ખુદરત પોતેજ સચ્ચાઇ છે, અને ખુદરતનો અર્થજ સચ્ચાઇ છે, અને જે ચીજોમાં સચ્ચાઇ છે તેમાં પહેલો હાથ ખુદરતનો છે. જેઓ જાણી જોઇને જૂઠું બોલે છે તેઓ ગેરઇનસાફીથી ચાલી દગબાજી કરે છે, અને તેટલા માટે તેઓ પાપના તકસીરવાર થાય છે. વળી જેઓ જાણ્યા સુજ્યા વગર જૂઠું બોલે છે તેઓ પણ ખુદરતના કાયદાની વિરૂધ કામ કરતા હોવાથી, તેમજ પૃથ્વી ઉપરની ખુદરતની વ્યવસ્થામાં હરકત કરતા હોવાથી, પાપ કરે છે. માણુસને ખુદરત તરફથી શક્તિ બક્ષવામાં આવી છે, જે વડે તે સચ્ચાઇ અને જૂઠાઇ વચ્ચે ફરક સમજી શકે છે, અને જો તે પોતાની શક્તિનો ઉપયોગ કરવામાં નિષ્ફળ અથવા બેદરકાર નિવડે, અને તેવી હાલતમાં અંજાણપણે જૂઠું બોલે, તોપણ તે ખુદરતનો ગુનેહગાર ઠરે છે. વળી જે શખ્સ મોજમજાહને પસંદ કરીને મોજમજાહની શોધમાં ફરે છે અને મહેનતને દુઃખ સમજી નાહસ્તો ફરે છે, તે માણુસ પણ ખુદરતનો ગુનેહગાર છે."

સચ્ચાઇ અને પ્રમાણિકપણું તહરેવાર રીતે પોતાની મેળે જણાય છે. જે માણસો વેહવારના ચોખ્ખા હોય, જે માણસો કામ ધંધામાં વિશ્વાસઘાત નહી કરે, અને જે માણસો પોતાના ફાયદાને માટે બીજાને ઠગે નહી, તેઓમાં પ્રમાણિકપણું જણાઇ આવે છે. સચ્ચાઇનો દાખલો સૌથી સારી રીતે અને સૌથી નમ્ર રીતે પ્રમાણિકપણાંમાં દેખાય છે. પુરેપુરૂં માપ, ખરાં તોલ, સાચો નમુનો, પુરેપુરી મજુરી, અને બોલી પ્રમાણે કામ કરી આપવું, એ સઘળું પ્રમાણિક માણસને માટે અવસ્ય છે.

એક સાધારણ દાખલો લ્યો. 'સૅમફ્ટ' નામના શખ્સને ખાણા ઉપર બીર દારૂ જોઇએ તે કરતાં થોડો પીરસવામા આવતો જોઇ તેણે દારૂવાલાને તેડીને પૂછ્યુ, "એક મહિનામા તમારે ત્યાં દારૂનાં કેટલાં પીપ ખપે છે?" તેણે જવાબ આપ્યો, "સાહેબ, દસ પીપ ખપે છે." "તમારે ત્યાં અગીઆર ખપે એમ તમે ચાહોછો?" સૅમે પૂછ્યુ. તેના જવાબમાં દારૂવાલો બોલ્યો, "હા સાહેબ." ત્યારે તેને સૅમે કહ્યું, "અગીયાર પીપ કેમ ખપે તે તમને કહું તે સાંભળો. પુરેપુરૂં માપ ગ્રાહકને આપો તો અગીઆર પીપ જરૂર ખપશે."

વળી, ખોટાં કાટલાં અને માલમાં ભેલસેલની આપણે ફરિયાદ સાંભળ્યે છીએ, અને ઘણી વાર એકને બદલે બીજી ચીજ આપવામાં આવે છે. માલ વેચવો તો જોઇએ, અને નફો મળે તો બેહતર. જો વેચનારની ઠગાઈ માલુમ પડી આવે તો ગ્રાહક તેને છોડીને બીજાને પકડે છે. એક જાણીતો માણસ ઘણાં વર્ષ અગાઉ વેલાત ગયો ત્યાંના વેપારીઓનુ અને કારખાનાવાળાઓનું પ્રમાણિકપણુ જોઇને તે લખે છે કે "બીજા દેશ તરફ માલ મોકલતી વેળા તેઓ માલની જાતમાં અને માલનાં વજનમાં ઘણીજ બારીકાઇથી ચીપી ચીપીને ધ્યાન આપે છે."

પરંતુ આજે પણ તે વેલાત વિષે ઉપલું મત આપી શકશે? વેલાતના કારખાનાવાળાઓ ભર કોરટમાં ઉઘાડા પડયા છે. તેઓ રૂની ગાંસડીમાં

મટોડી, જસતના કટકા, પથરા વગેરે ભરે છે, અને વજન વધારે છે. વળી તેથી રૂનો રંગ બગડે છે અને ફુગ આવે છે, અને તેથી વેચાવો મુશ્કેલ પડે છે. અગાઉ વેલાતી રૂનું બજાર ચીનમાં પુષ્કળ હતું, પણ જ્યારે માલમાં દગો થવા લાગ્યો ત્યારે વેપાર પડી ભાંગ્યો. ચીના લોકોમાં એક કહેવત છે કે, 'જાદુના ખેલો કરતી વેળા જે માણસ લોઢી વગાડે છે તેનાથી જાદુગર કાંઇ છુપ્યું રાખી શક્તો નથી.' ચીનાઓ પોતે વેલાતવાલા કરતાં વધારે ઠગારા છે. ચાહની પેટીઓમાં તેઓ લોખંડના કટકા મુકે છે, રેશમના વેપારમાં પણ તેઓ પાણી વાપરીને ઠગબાજી કરે છે. પોતે ઠગબાજીથી વાકેફ હોવાથી તેઓ બીજાંની ઠગબાજી જત શોધી કાહડે છે આથી ચીનના ચીફુ શેહરનો બ્રિટિશ કૉનસલ લખે છે કે, 'આનું પરિણામ એ આવ્યું છે કે વેલાતી કાપડનું નામ ચીનમાં વાયદું થઈ પડયુ છે, અને વેલાતી કાપડની જગાએ અમેરિકન કારખાનાવાળાઓનો માલ ચાલુ થયો છે. અમેરિકન ડ્રિલ વેલાતી ડ્રિલથી ચાલીસ ટકા મોંઘો રહે છે તે છતાં અમેરિકન કારખાનાવાળાઓ ચીનમાં ફાવ્યા છે.' એ પ્રમાણે વેલાતના કારખાનાવાલાઓ ઉપરથી ચીનાઓનો વિશ્વાસ ઉઠી ગયો છે. અગાઉ ઈંગ્રેજી છાપનો માલ ચોખ્ખો કહેવાતો હતો, પણ આજે તેમ નથી. કારખાનાવાલાઓ એમ સમજે છે કે કાપડ ખરીદનારાંઓ બધાં બેવકુફ છે અને કાંઇ સમજતાં નથી, પણ તેમ નથી. સારા અને ખરાબ માલ વચ્ચેનો દગો લોકો પારખી શકે છે. જુવો, દોરાનું એક કાટલું લઇએ છીએ તો તેની ઉપર ૨૫૦ વાર છાપેલા હોય છે અને જ્યારે દોરો ભરી જોઇએ ત્યારે ૧૭૫ વાર નિકળે છે. એ ઉપરથી કારખાનાવાલાઓની સચ્ચાઇ ઉપર કેમ ભરોસો રાખી શકાય?

આજે જાહેર પુરૂષોનું પ્રમાણિકપણું, જાહેર નિતીનું માપ, અને રાજદ્વારી પુરૂષોની સચ્ચાઇ ઘણે દરજ્જે ઘટી છે એમ કોઇથી ના પાડી શકાશે નહી. 'મેરન કુપીન' જ્યારે આસરે સાઠ વર્ષની વાત ઉપર ઈંગ્લંડ ગયો હતો, ત્યારે તેણે ઈંગ્રેજી કારખાનાવાલાઓની, ઈંગ્રેજી રાજદ્વારી પુરૂ-

ષોની, અને ઇંગ્રેજી સાધારણ પ્રજાની સચ્ચાઇ, ઇમાનદારી અને પ્રમાણિક-પણાંની જાબજા તારીફ કીધી હતી, પણ આજે ઇંગ્રેજી પ્રજા અગાઉ હતી તેટલી પ્રમાણિક છે એમ કોઇ છાતી ઠોકીને કહી શકશે નહી.

ધંધામાં અપ્રમાણિકપણું વાપરવા માટે વેપારીઓ અને કારખાના-વાલાઓ બાહાનુ કહાડે છે કે આજે હરિફાઇનો વખત છે, અને સરકારનો દરેક ચીજ ઉપર જાપતો છે, અને સરકારના કાયદા અમારા હાથ પગ દરેક બાબદમાં બાંધી લે છે. સરકારના કેટલાક કાયદા બહુ સારા છે, દાખલા તરીકે બૈરાં છોકરાંઓના કામ કરવાના કલાકોનો ધારો, તેમજ બૈરાં છોકરાં-ઓને કોલસાની ખાણોમાં કામે લગાડવાની મનાઇ, એ ધારા બહુ સારા છે, પણ તેથી ચોક્કસ નુકસાન પણ થાય છે. ઇંગ્લંડમાં નાનાં છોકરાંઓને કામે લગાડવામાં આવતાં નથી, જ્યારે બેલજીઅમમાં નાનાં છોકરાંઓ કાર-ખાને જઇ શકે છે, અને તેથી લોખંડ અને સ્ટીલના જુદા જુદા કદના નાના સળીઆઓ ત્યાં સસ્તા બનાવવામાં આવે છે, તેમજ લોખંડનાં ઓત-કામ પણ બેલજીઅમથી ઇંગ્લંડ જાય છે, કારણકે બેલજીઅમમાં નાના છોકરાંઓની મજુરી સસ્તી પડે છે. વળી નાનાં નાનાં ઇનજીનો પણ ઇંગ-લંડમાં બનાવવાને બદલે ફ્રાંન્સમાં બને છે અને ત્યાંથી તે વેલાત જાય છે. એ પ્રમાણે જ્યાં કારખાનાવાલાઓ ઉપર સરકારનું સખ્ત દબાણ હોય ત્યાં માલ મોંઘો પડે છે. વળી કારખાનાવાલાઓને હડતાલથી ખમવું પડે છે. જ્યારે વેપાર સારો ચાલતો હોય ને માલની માગણી વધારે હોય ત્યારે માણસો વધારે પગારને માટે હડતાલ પાડે છે. મીલો અને કારખાનાઓ એ પ્રમાણે કેટલોક વખત બંધ પડે છે. માટે કામદારોએ પોતાના શેઠો તરફ સખ્ત બનવું ન જોઇએ, તેમજ શેઠોએ પોતાના કામદારોની સગવડ ધ્યા-નમાં રાખવી ઘટે છે.

પણ હાલ કામદારોનું કામ કેવું હોય છે? અસલના કામદારો ખરાબ કામ થાય તો નિચું જોતા હતા, અને પોતાનાં નામને ખરાબ લાગે નહી તે માટે પોતાનાથી બનતું જોર, અને પોતાની બનતી હુસ્યારી કામે લગાડતા

હતા. આજે તેમ નથી. આજે તો મોટાં મોટાં કામો પણ હાલહવાલ થાય છે. ઘુગડાઓ, પુલો, અને ઘરોનાં કામમાં ખામી રખાય છે, અને પછી તે કરરરઘુસ થઇ લચી પડે છે. ઘરો અને ગટરોનાં કામ અધુરાં રહી જાય છે, અને તેથી રોગનો ફેલાવો થાય છે. બસ, આજે તો એક કામ જલદીથી આટોપી નાખવાની દોડાદોડી ચાલે છે, પણ તે કામ સંપુર્ણ થયું કે નહી તેની કાળજી રાખવામાં આવતી નથી. એમાં કામદારોનો ઝાઝો વાંક નથી. આ જમાનામાં કામદારોને લેભાગુ તાલીમ આપવામાં આવે છે, અને કનત્રાકટરો બાહેરથી શોભણશાભણનો દેખાવ રાખીને સસ્તું અને ઝડપી કામ કરીને મોટો નફો રાખવાની કાળજી રાખે છે.

પૈસા લઇને ખરાબ કામ કરવું એ પણ ખોટારૂં છે, અને એમ કરવું તે અપ્રમણિકપણું છે. આપણે એક કામ માટે પુરા પૈસા આપ્યે તે છતાં તે ખરાબ થાય છે અને તેમાં ઠગાઇ વાપરવામાં આવે છે. બાહેરના દેખાવ ઉપરથી તે કામ ઠીક લાગે છે, અને વખત ગયા પછીજ માલુમ પડે છે કે ઠગાઇ કરવામાં આવી છે. આવો મામલો જ્યાં ચાલુ રહે, ત્યાં કામદારો વિષે સારો મત કદી બાંધી શકાય નહી, અને એવા લેભાગુ ઠગબાજીભરેલા કામદારોથી પ્રજાને ફાયદા કશા થાયજ નહી. જ્યાં ઇમાનદારીથી કામ થાય નહી, ત્યાં કામદારોનો મોભો વધી શકેજ નહી. પોકળ અને જલદીથી નાશ પામે તેવું કામ કરવામાં કામદારોની મોટાઇ નથી, પણ મજબુત અને ટકાઉ કામ કરવામાંજ કામદારોનો મરતબો સચવાય છે. આપણા બાપદાદાના વખતમાં ટકાઉ અને મજબુત કામ થતું હતું અને આજે લેભાગુ અને લુલું કામ થાય છે તેનું કારણ શું? કારણ ફક્ત એટલુંજ કે હરિફાઇના વખતમાં ઓછા ભાવે કામ માથે લેવાય છે, અને તેમાં પણ મોટો નફો કરવાની હોંશ અને ઉતાવળમાં કામ ઘણુંજ હલકું થાય છે.

'પેટસન' નામનો પાદરી પોલીનીશીઅન ટાપુઓના જંગલી લોકો માટે લખતાં કહે છે કે તેઓ દરેક ચીજ ખરીદતી વખતે ટકાઉ ચીજ

હોય તેજ ખરીદે છે. તે લખે છે કે ૭ પાનાની શોભતી છરીને બદલે તેઓ એકજ પાનાની ચાલતી અને ટકાઉ છરી વધારે પસંદ કરે છે. તેજ પ્રમાણે આફ્રિકાના મુલકમાં શોધ કરનાર જાણીતો ડાક્ટર 'લીવીંગસ્ટન' કહે છે કે આફ્રિકાના રહીશો લોખંડકામ ખરીદતી વેળા ટકાઉ માલ ખરીદવાની બહુ સંભાળ રાખે છે.

'સૉક્રેટીસ' લોકોને શિખામણ દેતો હતો કે દરેક માણસે પોતાના ધંધામાં સંપુર્ણતા મેળવવાની કોશેશ કરવી જોઇએ. એક સુથાર પોતાની લાઇનમાં નામીચો થવાની કોશેશ કરે તો તે પોતાને મોટો લાભ કરે છે. જો એક માણસ રાજદ્વારી બાબદમાં પડે તો તેણે પોતાની લાઇનમાં પ્રસિધ્ધતા અને સંપુર્ણતા મેળવવાનો યત્ન કરવો. એ પ્રમાણે ખરી ફત્તેહ મેળવી શકાય છે. એક જાણીતો સુથાર પણ એક જાણીતા રાજદ્વારી પેઠે કિર્તી મેળવે છે.

ખરાં પ્રમાણિકપણાં અને હિમ્મતનો દાખલો જાણીતો કનત્રાકટર 'ટૉમસ બ્રાસી' પુરો પાડે છે. તેના વખતમાં લેભાગુ કામ ઘણુ ચાલતુ હતું, તે છતાં તે પોતાનાં નામને ખાતર પોતાના બોલ પ્રમાણે સારૂં કામ આપવાને હમેશાં કોશેશ કરતો હતો. તેણે એક રેલ્વે ઉપર આવજાવ કરવાનો સત્તાવીસ આરકાંનો જબરદસ્ત ગંજાવર પુલ બાંધ્યો હતો, પણ તે થોડા વખતમાં ભારે વરસાદથી પડી ભાગ્યો. નુકસાન ૩૦૦૦૦ પૌંડ યાને ૪૫૦૦૦૦ રૂપીયાનું અડસટવામાં આવ્યું હતું. આમાં કનત્રાકટરની કસુર કાંઇ હતી નહી, માટે તે આ નુકસાન આપવાને કોઇ બી રીતે બંધાયલો હતો નહીં, કારણ કે આ પુલ બાંધવામાં તેને જે જે માલમસાલો આપવામાં આવ્યો હતો તે સઘળો હલકા પ્રકારનો હતો, અને તેને માટે તેણે લાગતા વળગતાઓનું અનેક વાર ધ્યાન ખેંચ્યું હતું. આથી કાયદાશાસ્ત્રીઓનો મત મળ્યો હતો કે 'બ્રાસી' એ નુકસાન માટે જોખમદાર નથી, પણ બ્રાસી પોતે વકીલના મતથી જુદો પડયો. તેણે કહયું કે આ રસ્તો મેં બાંધ્યો, અને તેથી એ કામ

બરાબર સરનજામ ઉતારવાને હું બંધાયલો છું. આમ કહીને તેણે તે રસ્તો પાછો પોતાના ખરચે બાંધી આપ્યો. આ ઉપરથી આજના જમાનાના લોકોને એક અચ્છો ધડો લેવાનો છે.

કામકાજના સંબંધમાં કોઇ વરસ સારૂં તો કોઇ વરસ માઠું પણ પસાર થાય છે, તે છતાં ભવિષ્યનો વિચાર કોઇ કરતુ નથી. જ્યારે ખરચની તાણ પડે ત્યારેજ કામદારોને કરકસરની સુઝ પડે છે. જ્યારે વેપારની આબાદી વ્યાપી રહે છે ત્યારે વેપારીઓના મસ્તકમાં ધુંઇ આવે છે, અને પૈસા અને બસ પૈસા તેઓ એકઠા કરવા મંડે છે. તેવી વખતે કામદારોને પણ મોં માગ્યા રોજ મળે છે, અને તેઓ ઓછા કલાક કામ કરવા છતા સારો પગાર પાળે છે, પણ જ્યારે વેપારની મંદી આવે છે, ત્યારે તેમને સારા રોજ મલતા નથી, અને ત્યારેજ તેમને પ્રમાણિકપણે પાછું કામે લાગવાની ફરજ પડે છે.

હડતાલના હિમાયતીઓ કહે છે કે 'જેમ બને તેમ ઓછું કામ કરવું અને મોટા રોજ માગવા' આ પ્રમાણે જો ચાલે, તો કામદારોમાં સુસ્તી અને અહકાર આવીને તેમનો વર્ગ અનીતિવાન થાય છે. આથી ઉલટું એક બીજો શખ્સ હડતાલની વિરૂધ કહે છે કે, 'કામદારોના મંડળની હસ્તીથી અનિતીને ઘણું ઉત્તેજન મળે છે.' એક કામદાર પોતાનો રોજ ભરવાની ઉલટ રાખે છે, અને જ્યાં ત્યાંથી દાહાડો આશાયસમા અને આળસાઇમાં પસાર કરે છે. દાહડો ભરાયો એટલે બસ, પછી શેઠનું કામ થાય કે નહી થાય તેની તેને પરવા નહી. શેઠને નુકસાન કરવામાં કામદારોને લાભ થાય એ માનવાજોગ નથી. વળી આવા અપ્રમાણિક કામદારો પાસે સારાં કામની આશા પણ રાખી ન શકાય.

કામદારો ભેગા મળીને શેઠોની સામે થાય તેના કરતાં શેઠો અને કામદારો વચ્ચે દિલસોજી અને ઇમાનદારી રહે તો વધારે સારૂં. શેઠ તરફથી ખાતરી મળે કે તમારી નોકરી સલામત છે, તો કામદારોએ પોતાનો રોજ ઇમાનદારીથી ભરવો જોઇએ. જેમ બને તેમ સારૂં કામ ઉતારવાની

કોશેશ કરનાર કામદારે પોતાનાં સારાં કામ માટે મગરૂબ થવું જોઇએ. સારા કામદારોની મદદથી શેઠોની કીર્તિમાં વધારો થાય છે, અને તેમનો નફો વધે છે, અને તેવી વેળા શેઠોએ પોતાના કામદારોને ભૂલી જવા ન જોઇએ. શેઠો નફાના ધણી છે કારણ કે તેઓ જોખમ ખેડે છે, પરંતુ કામદારોની ઇમાનદારીથી શેઠો નફો મેળવે છે, માટે બન્ને વચ્ચે દિલસોજી અને મિત્રાચારી અવશ્ય જોઇએ.

ઇંગ્રેજી પ્રજા પાસે સર્વથી સરસ સાંચાકામ અને બીજાં સાધન પૂરતાં છે, અને તેમની પાસે હુસ્યાર કામદારો પણ છે, પણ જે કામ થાય છે તે સારૂં થતું નથી, કારણ કે તેઓ કામ કરવામાં હરામખોરી કરે છે, અને તેમને થોડા કલાકનો રોજ અને મોટો રોજ જોઇએ છે. સારાં કામની પેહલી જરૂર છે પણ સારૂં કામ થતું નથી. કામદારોની હરામખોરીથી કામ સારૂં ઉતરતું નથી, અને તે પરદેશમાં વખણાતું નથી. આથી કામદારોની હરામખોરીથી એક પ્રજાનો ઉદ્યોગ પડી ભાગે છે અને આ સઘળાં માટે હરામખોર કામદારો અપરાધી ઠરે છે. કામદારો મોટા પગાર લેવા માટે સાથે મળી કામ બંધ પાડવાનો ઠરાવ કરે છે, પણ સારો રોજ લઇને ખરાબ કામ નહી કરવું એવો ઠરાવ તે લોકો શા માટે નથી કરતા ? ટુંકમાં, કામદારોની ફરજ છે કે શેઠોની તરફ વેરભાવ રાખવો નહી, અને કામ કરવામાં હરામખોરી કરવી નહી, અને જેમ બને તેમ સારો માલ બનાવવાની કોશેશ કરવી, તેમાં તેમને અને તેમના દેશને ફાયદો છે.

અમેરિકામાં પણ ઠગબાજીની બૂમ છે. એક અમેરિકન પેપર પોતાના દેશ વિષે બબાપો કરતાં કહે છે કે "અમારા દેશમાં ખુદા નથી, પણ ડૉલર તે ખુદા છે અને અમારે ત્યાં ડૉલરની પુંજા સાધારણ છે. અમેરિકનો પૈસાના પુંજારી છે અને પૈસા કેમ કમાવા તે જાણે છે. તેઓને માથે રાજારાણી નથી અને ઉમરાવોને તેઓ માન આપતા નથી. તેઓ પૈસાને ઉમરાવ ગણે છે ને પૈસાને માન આપે છે. પૈસાના હવસ આગલ તેઓને બીજો કશો વિચાર આવતો નથી. વેપારમાં દગો કરવો તે અમો

અમેરિકનોનો કાયદો છે. ખોરાકની જણસોમાં અમે ઝેર જેવી ચીજોની ભેળસેળ કરયે છીએ. દવાદારૂમાં પણ અમે હલકી વસ્તુઓ વાપરયે છીએ. નવું ઊન વાપરવાને બદલે જુનાં ઊનનાં કપડાંનું ઊન કહડીને તેનું ફરીથી કપડું બનાવ્યે છીએ. લાકડકામની ચીજોમાં નક્કર લાકડું વાપરવાને બદલે બાહેરથી લાકડાંની પોપરી વાપરીને માંહે દગો કરયે છીયે. ઇંટ, ચુનો, અને બીજી ઘર બાંધવાની જણસોમાં હલકી બનાવત ઘુસાડયે છીએ. અમે દરેક ધંધામાં અને દરેક જાતના ઉદ્યોગમાં બની શકે તેમ લુટવાની અને ઠગવાની કોશેશ કરયે છીએ, અને અમે પૈસા કમાવામાં એટલા બધા મશગુલ થઇ ગયા છીએ કે અમારામાંના કોઇને આવા દગાફટકાની સામે અવાજ ઉઠાવવાનું ધ્યાન આવતું નથી, તેમજ ફુરસદ મળતી નથી. અમે અમેરિકનો અમારૂં પ્રમાણિકપણું દહાડે દહાડે ગુમાવ્યે છીએ. બીજા દેશોમાં જ્યાં રાજાઓ રાજ્ય ચલાવે છે, ત્યાં અમારા કરતાં વધારે ઓછા પૈસામાં, વધારે સારી રીતે ગુજરાન થઇ શકે છે, અને ત્યાં દગા-ફટકા કરનારને સરકાર સજા ફરમાવે છે, પણ એ સઘળા દેશોના લોકો અસલી મૂર્ખા છે, કારણ કે છૂટાપણું તે શું તે એ લોક સમજતા નથી, અને તેઓ સમજતા નથી કે જીંદગીમાં છૂટાપણું અને મોજમજાહ અને પૈસો ભોગવવાનો અને પોતાનું દુઃખ ટાળવા કાજે પોતાના પાડોસી-ઓને ઠગવાનો દરેક માણસને હક છે.”

હવે અમેરિકનો સમજવા લાગ્યા છે કે સ્કુલની કેળવણીના પ્રતાપથી કામદારો મળતા નથી, અને જે મળે છે તે પ્રવીણ મળતા નથી. અમે-રિકામાં દરેક જણ સ્કુલમાં સારીપેઠે શીખે છે, અને શીખ્યા પછી કાર-ખાનામાં કામ કરવાનું હલકુ ગણે છે. અમેરિકામાં શિખાઉ કામદારો મળતા નથી અને નોકરો મેળવવા મુશ્કેલ છે. એક અમેરિકન ન્યુસ-પેપરમાં નિચલું લખાણ આવ્યું હતુંઃ—

“અમેરિકનો સ્કુલની કેળવણીને માટે ઘણુંજ ઉંચું મત અને માન ધરાવે છે, અને જો કોઇ તેની સામે બબડ્યું તો તેને મોટો અપરાધી ગણે છે.

કેળવણીની કિંમત વિષે જે કોઇ શક બતાવે તેને દુશ્મન ગણવામાં આવે છે, પણ આપણા અમેરિકનોની આંખ્યો હજી ઉઘડતી નથી કે કેળવણીને લીધે કારખાના અને બીજા હાથના ઉદ્યોગો આપણા દેશમાં પડી ભાગ્યા છે."

ઉપલો લખનાર જણાવે છે કે અમેરિકનોમાં દરેક જણ સ્કુલમાં કેળવણી લે છે, અને કારખાનામાં શીખવા જવું હલકું ગણે છે, આથી કારખાનાઓમાં બીજા દેશોના માણસોને રોકવાની ફરજ પડે છે. જે જે છોકરાએ સ્કુલની કેળવણી લીધી તે હાથે કામ કરવા માગતો નથી, અને અંગ કસવા તે રાજી નથી. તે આફિસની સહેલી નોકરી પસંદ કરે છે, અથવા તો પોતાનાં મગજની બુધિ વાપરીને પૈસા પેદા કરવાની કાંઇ યુક્તિ રચે છે.

એક અમેરિકન બાપે પોતાના દીકરાને કહ્યું, દીકરા તું હવે દુન્યાદારીમાં પડયો છે. એમાં તને કોઇ વખત નુકસાન પણ થશે, પણ જો તને કોઇ નુકસાન કરવા માગે તો તેના હાથે ઠગાવાને બદલે તું તેને ઠગજે. બીજા એક અમેરિકન બાપે પોતાના દીકરાને શિખામણ દીધી કે દીકરા, પૈસા ભેગા કરવાની કોશેશ કર. જો પ્રમાણિકપણે થઇ શકતું હોય તો ભલે, નહી તો કોઇ બી રીતે પૈસા તો ભેગા કરવા. એક ત્રીજા શખ્સે પોતાના દીકરાને કહ્યું કે અપ્રમાણિકપણાં કરતાં પ્રમાણિકપણું બેહતર છે, કારણ કે મેં બન્ને અજમાવી જોયાં છે. આ દાખલાઓ ઉપરથી માલુમ પડશે કે અમેરિકનો નીતિશાસ્ત્ર બરાબર સમજતાં નથી. લોકો કહે છે કે વેપારમાં પ્રમાણિકપણું રાખવામાં ઝાઝો ફાયદો નથી. હશે, ઝાઝો નહી હશે, પણ થોડો તો છેજ. એક પ્રમાણિક વેપારી થોડું કમાશે પણ તેનો વેપાર સલામત રહે છે. તેને નફો થોડો રહે છે પણ તેનું અંતઃકરણ કહે છે કે એ થોડો નફો સચ્ચાઇની રાહે મેળવેલો છે. એક સાચ્ચા વેપારીને ઘણી રીતનું સુખ મળે છે. જે માણસ દોલત મેળવવાની દોડાદોડી કરે છે તે નિરદોષ હોતો નથી, તેની દયાનત બદ હોય છે, પણ તે બાપડો જાણતો નથી કે અપ્રમાણિકપણાંથી તે અંતે ગરીબાઇમાં સબડશે.

મોટાં શેહેરોના આગેવાન વેપારીઓનો ઠાઠ અને ભપકો જોઇ નાના ઉધરતા વેપારીઓ તેમને પગલે ચાલવાની કોશેશ કરે છે, અને પૈસો કમાવા માટે ફાંફાં મારે છે અને સટ્ટો ખેલે છે. તેમાં એક બે વાર તડાકો પડે છે પણ પાછલથી તેઓ તદન ઉખડી જાય છે. તેમની હુંડીઓ બજારમાં રખડે છે, અને તેઓ પોતાની આંટ દેખાડવા માટે બાહેરથી ભપકો વધારે રાખે છે. છેવટે તેમનો માલ લીલાઉથી વેચાય છે. એક વેપારીએ દીવાળું ફુક્યું, ત્યારે તેના ચોપડામાંથી માલુમ પડયું કે તેણે પાંચ લાખ રૂપીઆની રકમ સખાવતમા આપી હતી. તે વેપારીએ ચાર પાંચ વરસ મોટા વેપારમાં પુષ્કળ નફો કીધો હતો, પણ પછી તેણે મોટો સટ્ટો કીધો અને તેથી તે એકદમ નાદાર થયો. એક ધર્મગુરૂના બોલમાં કહીએ તો 'કેટલાક માણસો એવા છે કે હરામના પૈસામાંથી દેવલ બંધાવીને સવાબનો માર્ગ હાસલ કરવાની કોશેશ કરે છે.'

બેંકો સટ્ટાથી અને દગાથી પડી ભાગે છે તે કોણે નથી સાંભળ્યું ? અને તેથી શેરહોલડરોનાં કુટુંબમાં કેવો ગજબ બને છે તે કોણ નથી જાણતું ? એક રૂપીઓ ચોરવો ને મોટો ગુનાહ કહેવાય છે, જ્યારે લાખો અને કરોડો રૂપીઆનું બેંકો દીવાળું ફુકે તેનું કાંઇ નહી. રેલ્વેના શેરોમાં અને પારકા દેશના સાહસમાં બેંકનાં નાણાં રોકવામાં આવે છે અને ટોટો આવે છે ત્યારે સેંકડો અને હજારો કુટુંબો પાયામાલ થઇ જાય છે. કેટલીક વાર બેંકના ભાંગવાની ખબર સાંભળ્યાથી કેટલાક શેરહોલડરનાં મગજ ખસી ગયાં છે, અને કેટલીક બાઇબાવરી અને રાંડી રાંડો જેનો ગુજારો થોડીક પુંજીનાં વ્યાજ ઉપરજ હોય તે જીંદગીભર હાથ ચોળતી રહી બેસે છે.

કેટલાક માણસો જેઓ પાસે ઠીક દોલત હોય છે તેઓ પણ વધારે દોલત મેળવવાની કોશેશમાં આંખ મીંચીને સટ્ટો કરે છે અને તેનું પરિણામ શું આવે છે ? બીજું કાંઇ નહી, છેવટે નાદારી નોંધાવ્યા વિના છૂટક નહી. એવા પુષ્કળ દાખલાઓ બની ચુકેલા છે. એક મોટો નાણાવટી

જે લોકોનો ઘણો વાહલો હતો અને લોકોને માટે લડત કરવા માટે મશહુર હતો, તે પારલામેન્ટનો મેમ્બર થયો, અને થોડા વખતમાં સરકારે તેનું મોં દાબવા માટે તેને 'લૉર્ડ ઑફ્ ધી ત્રેઝરી'નો ઓધ્ધો આપ્યો. તેને ઉમરાવપદ ઉપર આવવાની દરેક આશા હતી, પણ આશા ફળીભુત થઇ નહી. તેણે ઇટલી, અમેરિકા અને સ્પેન દેશની રેલ્વેના શેરોનો સટ્ટો કરવા માંડયો અને તેમાં તેને મોટી ખોટ ગઇ. નુકસાનમાંથી નિકળવા માટે તેણે દગા ફટકા કરવા માંડયા, અને લખતો અને હુંડીઓ ઉપર ખોટી સહી કરવા માંડી. તેની ગમે તેવી હુસ્યારી અને યુક્તિ કામ ન લાગી. ખોટી હુંડીઓ કોઇએ સ્વીકારી નહી, અને તેની પાયામાલી થઇ. એક દિવસ જ્યારે બધું રંધાઇ ચુકયું, અને હાથમાં લોખંડનાં કડાં પહેરવાનો વખત નક્કી નજદીક આવ્યો, ત્યારે પોતાના ઓરડામાં ભરાઇને પ્રસીક આસીડ પીને તે સુઇ ગયો અને ખલાસ થઇ ગયો. જ્યારે તે મરણ પામ્યો એમ જાહેર થયું ત્યારે મોહલે મોહલે અને ઘરે ઘરે રડવાના અને કકળાટના સાદો સંભળાયા. આવો મોટો નાણાવટી અને સરકારની તીજોરીનો મોટો અમલદાર મરણ પામ્યો, અને સાથે લાગ્યો હજારો વીધવાઓને અને બચ્ચાંઓને જીવતાં મારી ગયો. તેણે સટ્ટો કીધો, નુકસાન થયું, અને તે નુકસાનમાંથી નિકળવા જતાં તેને દગાફટકા કરવા પડયા, અને આખરે તેનો અંજામ પુરો આવ્યો. તેણે પોતાના નજદીકના સગા ઉપર છેલ્લો કાગળ લખ્યો હતો તેમાં તેણે લખ્યું કે, "મને કેદની શિક્ષા થાય તે માટે હું ડરતો નથી, પણ મારી નાદારીથી અને મારી ચાલથી હજારો લોકો પાયામાલ અને ખ્વાર થઇ જશે તેમનો કકળાટ અને રડાપીટ હું જોઇ શકું તેમ નથી, અને તેટલા માટેજ હું આપઘાત કરૂં છું. અફસોસ! પહેલેથીજ સટ્ટાની બુરી લાલચને મેં હટાવી કહાડી હોત તો હું લુચ્ચાઇતાં ઉંડાણમાં નહી ઉતરત. હું ઘણો તવંગર નહી થાત, તોપણ પ્રમાણિક અને રાસ્ત કહેવાત, તે ખાસ હતું: હું ઘણો પસ્તાઉંછું અને એકલો બેસીને મારૂં માથું કુટુંછું, પણ હવે એ બધું કરવામાં કશો ફાયદો નથી."

રૈયતના માણસો અપ્રમાણિકપણું કરેછે અને દગાફટકા કરેછે તેમ કેટલીક વાર સરકાર પણ કરેછે. એક દેશની સરકારની આંટ તેના ૩ ટકાનાં બૉંડ ઉપરથી કહી શકાય છે. આજે સ્પેન, ગ્રીસ અને ટરકીનાં બોંડને વેપારી વર્ગ સ્વીકારતો નથી. સ્પેન દેશનાં લોકો એક વાર અમેરિકાથી મળેલાં સોનાથી તવંગર બની ગયાં, અને તવંગરીથી આળસાઇ અને એશઆરામમાં પડી નામ ગુમાવ્યું. આજે સ્પેન દેશના લોકો ભીખ માગતાં શરમાતાં નથી પણ કામ કરવાને શરમાય છે. ગ્રીસ દેશની સરકાર પોતાનું કરજ અદા કરી શકતી નથી. તુરકી સરકારની માફક સરકારી બોંડનાં નાણાં ભરપાઈ કરવાને ગ્રીસ પણ અશક્ત છે. આજે પણ ગ્રીસમાં મોટા હુન્નર ઉદ્યોગ બીજી પ્રજાના હાથમાં છે.

ખરી વાત આ છે કે આજે આપણે જોઇએ તે કરતાં મતલબી બન્યા છીએ. બીજાંનો વિચાર આપણે લેશ ભાર કરતાં નથી અને આપણોજ વિચાર કર્યે છીએ. જેમ જેમ આપણી હાજતો અને મોજશોખ વધતાં જાય છે તેમ તેમ આપણે આપણા ભાઇબંધોનો વિચાર છોડતાં જઇએ છીએ. મતલબી માણસો બીજાંની હાજતો તરફ આંખ મીચીને ફરે છે. તેઓ પોતે સુખનુ બખ્તર પહેરીને ફરે છે અને તેથી બીજાંનાં દુઃખ અને સંકટના કારી તીર તેમને લાગતા નથી. પોતાની મોજશોખની કોઇ વાત કરે તે ધણીનુંજ બસ તેઓ સાંભળે છે. એક ખ્રિસ્તી સાધુ કહે છે તેમ—"તેઓ ફક્ત આ દુન્યામાં મોજશોખને માટેજ આવ્યા છે, અને ખાઇપીને તેઓ પોતાનાં આ ખાકી શરીરને ઢાંગા બનાવે છે. તેઓની જમવાની ટેબલ ઉપર સ્વાદીષ્ટ મિષ્ટાનો અને મોજશોખની વસ્તુઓ જોઇ ફરેસ્તાઓ નાસે છે, ખુદા ક્રોધે ભરાય છે, શેતાન ખુશ થાય છે, નેક માણસો કમકમે છે, અને ઘરના નોકરો ચાકરો મનમાં હસે છે અને મસ્કેરી કરે છે."

થોડાં ઉપર સંતોષ પકડતાં આપણને આવડતું નથી. બસ, મોજમજાહનાં સાધનો આપણ દરેકને જોઇએછે. એક માણસ પાસે પુષ્કળ

ચીજો હોય તેથી તે માણસની જીંદગી સુખી છે એમ નહી સમજવું. ગરીબ પણ સંતોષી અને પ્રમાણિક જીંદગી હોય તેજ જીંદગીમાં સુખ રહેછે. આપણને નકામી હોય તેવી ચીજો છોડી દેવી, અને આપણને જરૂરની ચીજો હોય તેજ રાખવી, એમાં ખરો ધર્મ સમાયલોછે, અને એ ઉપરથીજ આપણા ગુણદોષની પરિક્ષા થાય છે. વાજબી ઇચ્છાને તૃપ્ત કરી શકે અને થોડાં ઉપર સંતોષ પકડે એટલુંજ આ જમાનામાં જોઇએછે. એક મહાન પુરૂષના બોલમાં કહીએ તો, "આ દુન્યામાં નાનાં ઘરમાં રહીને મોટું દિલ ધરાવતાં શીખવું જોઇએ. જે માણસ સચ્ચાઇ અને ભલાઇનાં બી રોપે છે તેનો પાક કદી નિષ્ફળ નિવડતો નથી."

પ્રમાણિકપણાંનો એક જાણવા જોગ દાખલો નોંધાયલો છે. ૧૭૬૦માં જરમનીના 'હેસે' પ્રગણામાં લડાઇ થઇ ત્યારે લશકરના માણસો દરેકના ઘર, ખેતર, અને વાડીમાં લુટ ચલાવતા હતા. તે વખતે એક લશકરી અમલદારે એક ખેડુતનું બારણું ઠોક્યું અને કહયું, "મને તારાં અનાજનાં ખેતરમાં લઇ જા." ખેડુતે કહયું, "ચાલો સાહેબ" અને પોતાની લાકડી હાથમાં લઇને તે આગલ ચાલ્યો. તેઓ એક ખેતરમાં જઈ પુગ્યા જે જોઇને પેલો અમલદાર બોલ્યો, "બસ, થોભ, આ જવનું ખેતર બસ થશે," પણ પેલા ખેડુતે કહયું, "નહી સાહેબ, આગલ ચાલો, અને પછી જુવો." આગલ ચાલતાં બીજું ખેતર આવ્યુ તે પેલા ખેડુતે દેખાડયું અને કહયું કે આમાથી જેટલો અનાજ લેવાય તેટલો લયો. પેલા અમલદારે ખેડુતને પુછ્યું, "ભાઈ, તું અહી લાંબે સુધી મને શા માટે લઇ આવ્યો? પેહલું ખેતર પણ ઠીક હતું" તેના જવાબમાં પેલા ખેડુતે કહયું "તે ઠીક હતું, પણ તે ખેતર મારૂં નહી હતું."

પ્રકરણ ૪.

લાંચ નહીં લએ તેવા માણસો.

"જો તને સચ્ચાઇજ શીખવી હોય, તો તને હિમ્મતવાન બનવું જોઇશે. સચ્ચાઇથી રહેશે તો તારી જીંદગી એક ઉમદા અને માહાન ધડા મીસાલ બનશે."

"જ્યાં સુધી તું ઉછીનું આપે, પૈસા ખરચે, અને નાખતી કરે ત્યાં સુધી આ દુન્યા તને ઘણી સારી લાગશે, પણ તેં જો હાથ ઓરચો, અથવા ઉછીનું માંગ્યું, અથવા તારૂં પોતાનું પાછું મેળવવાની કોશેશ કીધી, તો તને આ દુન્યા ઘણીજ ખરાબ માલુમ પડશે."

"મરદ અને ઓરતમાં, ભલું નામ એક કીમતી ઝવેર છે. જે મારી કોથલી ચોરી જાય, તે એક નજીવી ચીજ ચોરે છે. કોથલીમાં કાંઈ હોય તોપણ તે દમ વગરનું છે. કોથલીમાં જે મારૂં હતું, તે કોઇબી દિવસ બીજાના હાથમાં જાત, અને હજારોના હાથમાં ગુલામ થઈ ફરત: પરંતુ જે ધણી મારૂં ભલું નામ મારી પાસેથી લૂટી લએ છે, તેથી તે ધણીને ફાયદો થતો નથી, પણ તેથી હું તો ખરેખર કંગાલ બનું છું."—શેકસપીયર.

પહેલાં, એવાંબી માણસો છે જેમને પૈસાથી હાથમાં લઇ શકાય છે. એવા ઘણા લુચ્ચાઓ પડેલા છે જેઓ પૈસા અને દારૂને ખાતર પોતાનાં શરિર અને જીવને વેચે છે. ચુંટણીની વેળા લાંચ વિષે અને રૂસવત વિષે

આપણે શું સાંભળ્યું નથી? લાંચ આપીને છૂટાપણું ભોગવી શકાતું નથી. જેઓ લાંચ લે છે તેઓને ગુલામગીરી કરવી પડે છે, અને જેઓ તેમને લાચ આપે છે તેઓ અપ્રમાણિક અને અધર્મી હોવા જોઇએ. છૂટાપણાનાં નામે ઘણી ભૂલથાપ અપાય છે. એક છટાદાર પણ અપ્રમાણિક ભાષણ કરનારે દરમ્યાન જણાવ્યું કે "હું છૂટાપણાંની જમીન ઉપર ઉભો છું." સાંભળનારાંમાંથી એક બુટવાળો બોલી ઉઠયો, "નહી, નહી, તમે જે બુટ પેહરયાં છે તેના પૈસા હજી મને આપ્યા નથી."

આજકાલ બહુમતને માન આપવાનો અને વાહવા અને શાબાશની પુઠે ચાલવાનો રવૈયો પડયો છે. 'સ્કીલર' નામનો પુરૂષ કહે છે કે, "બહુમતની મતલબ શી છે? અક્કલ તો ઘણા થોડાઓમાંજ સમાયલી હોય છે. મતોની સંખ્યા નહી પણ મતોનું વજન જોવું જોઇએ. જે રાજ્યમા પુષ્કળ લોકોનું ચલણ હોય અને અજ્ઞાન લોકો ચુકાદો આપતા હોય તે રાજ્ય મોડે વા વેહલે પાયમાલ થાય છે."

જ્યારે કાંઇ મોટો બનાવ બને તે વેળા મનની કસોટી થાય છે. તે વેળા ફરજને વળગીને અંતઃકરણના સાચા અવાજને તાબે થવું, અને બહુમતી તરફ તણાવું નહી, પણ જેઓ સાચા અને ખરા હોય, પછી ગમે તો તેમની સંખ્યા થોડી હોય, તેઓની બાજુએજ ખડા રહેવું. કબર ઉપર લેખ લખાય કે—'મરનાર ઘણો પ્રમાણિક માણસ હતો' એજ જીંદગીની નેમ રાખવી. મરણ પાછળ ભલું બોલાય તેમ ચાલવું.

અધર્મી લોકો અજ્ઞાન લોકોને હાથમાં નચાવે છે. આજે જ્યાં જોશો ત્યાં અજ્ઞાન પુરૂષોની સંખ્યા વધુ છે.

ફ્રાન્સમાં એક રસ્તે રસ્તે ફરીને દવા વેચનારને એક પુલ ઉપર ઘણી ગીરદી કરવાના વાંક માટે માજીસ્ટ્રેટ પાસે ઉભો કરવામાં આવ્યો. માજીસ્ટ્રેટે તેને પૂછ્યું, "આ તમારી 'તોફા' દવા વેચતી વેળા તમારી આજુબાજુ આટલાં બધાં લોકોને તમે કેમ ખેંચી શકો છો? દવા વેચનારે પૂછ્યું,

"સાહેબ, એ પુલ ઉપરથી એક કલાકમાં કેટલાં લોકો પસાર થાય છે તે કહેશો?" માજીસ્ટ્રેટે કહ્યું, "મારા ધારવા પ્રમાણે કલાકે દસ હજાર માણસ." દવા વેચનારે પૂછ્યું, "અને એ દસ હજારમાંથી તમે કેટલાંને ડાહ્યાં સમજો છો?" માજીસ્ટ્રેટે કહ્યું, "દસ હજારમાંથી ઘણાં ઘણાં તો સો માણસ ડાહ્યાં હશે." ત્યારે દવા વેચનારે કહ્યું, "તમે જે સો ડાહ્યા માણસ દેખાડો તેમાંથી પણ નવાણું મારી દવા લેશે, એવા એવકુફ છે."

આ ઉપલા દાખલાની મતલબ એ છે કે લોકોમાં અજ્ઞાનપણું ઘણા મોટા પ્રમાણમાં રહે છે, અને દસ હજારમાંથી એક પણ માણસ ખરેખરો અને પુરેપુરો ડાહયો મળવો મુશકેલ છે.

જ્યાં નજર કરશો ત્યાં માણસો લાંચ લે છે. તેઓમાં સચ્ચાઇની હિમ્મત હોતી નથી, સ્વમાન તેઓ સમજતા નથી, અને પોતાના મોભાનું તેમને ભાન હોતુ નથી. જો સચ્ચાઇ, સ્વમાન અને મોભા લોકો સમજે, તો દરેક પ્રકારની લાંચને ધિક્કારતાં શીખે. સરકારી નોકરો માલ સારો હોય કે ખરાબ હોય તોપણ લાંચ લઇને તે પસાર કરે છે. લશકરના સિપાઇઓના બુટ રસ્તે કુચ કરતી વેળા અરધે રસ્તે ફાટી જાય છે, નવા તરીકે પસાર કીધેલા દગલા થોડી વારમાં ફાટી જાય છે, તેમને માટે પતરાંના દબ્બામાં ભરેલો ખોરાક પણ હલકો પસાર કરવામાં આવે છે. લશકરના વડાઓ એ વિષે અવારનવાર ફરિયાદો કરે છે અને એ બધી ઠગાઇ ક્યાંથી જન્મ પામે છે? સરકારી ખાતાંમાં હલકા અમલદારો લાંચ રૂસવત લે છે તેથી આ સઘળું બને છે.

ગેરકાયદે કમીશન લીધાથી ઘણું નુકસાન થાય છે. ચોકકસ વડા અમલદારના હાથમાં એકાદુ ચેક સેરવી દીધો, એટલે બિલ પસાર થાય છે. એ પ્રમાણે થયાથી નાના પગારના અમલદારો ઠીક પૈસો મેળવે છે. બાવરચી, બટલર, હોટેલના મેનેજર, સરવે જણ કમીશન ખાય છે. આવી રીતે ગેરકાયદે કમીશન લીધાથી કામકાજમાં ખલલ થાય છે. નાના નોકરો કમીશન

ખાય છે એટલુંજ નહી, પણ મોટી મોટી જાહેર કંપનીઓના અમલદારો પણ લાંચ લે છે. આથી કંપનીનો વહીવટ સીધો ચાલતો નથી. વિશ્વાસુ ઓદ્ધા ઉપર લાંચ રૂસવટ લેવી એ વિશ્વાસનો ઘાત કરવા બરાબર છે. વળી સરકારી મોટા ઓધેદારો લાંચ લે ત્યારે દેશનો વહીવટ બગડયા વગર રહે નહી.

કેટલેક ઠેકાણે ગણુત્રી કરવાના સાંચાઓ ખવામાં આવે છે જેથી નોકરો ચોરી કરે નહીં, પણ તે છતાં તેઓ ચોરી કરે છે. સાંચાઓની કાંઇ જરૂર નથી. ખરી જરૂર છે તે ફક્ત પ્રમાણિક માણસોની છે. પોલીસ કોર્ટમાં અવારનવાર મુકદમાઓ આવે છે તે ઉપરથી આપણે જોઇએ છીએ કે ચોરી અને વિશ્વાસઘાતના દાખલા ઘણા સાધારણ છે. પરિણામમાં વિશ્વાસઘાત કરનારાઓ ખ્વાર થાય છે. આજે વિશ્વાસુ માણસોની ખોટ છે, માટે તમારી ચાલચલણુથી પુરવાર કરો કે તમે ભરૂસો મુકવા લાયક છો.

આપણા દેશમાં આવો મામલો છે એમ ન સમજવું. બીજા દેશોમાં પણ તેવુંજ છે. રશીઆ, ઇજીપ્ત, અને સ્પેન તો સર્વથી ખરાબ છે. રશીઆમાં મોટામાં મોટા સરકારી અમલદારો લાંચ લે છે તે જાણીતી વાત છે. કાંઇબી કામ કરવુ હોય તો તમને પૈસા વેરવાજ પડે. પૈસા વગર તમારૂં કાંઇ પણ કામ થાય નહી. આનું કારણ એમ જણાવવામાં આવે છે કે રશીઆમાં સરકારી નોકરોના પગારો ઘણા ઓછા રહે છે.

અમેરિકામા પણ લાંચ રૂસવત ચાલુ છે. અમલદારો પોતાના પગાર ઉપર ગુજારો કરી શકતા નથી. મોટા અમલદારો પણ ભેટ સોગાદ વગર ટકી શકતા નથી. આથી ત્યાંના દુરઅંદેશ અને પ્રમાણિક રાજદ્વારીઓ સમજવા લાગ્યા છે કે આવો મામલો જો આગલ ચાલતાં ચાલુ રહેશે તો અમેરિકન લોકોની નિતી દુન્યાની નજરમાં ઘણી હલકી પડશે.

જ્યાં રાજ કરતા લોકોમાં સ્વાર્થ વધે છે ત્યાં પ્રજાની હાલત બગડે છે. જ્યાં ડહાપણ અને ઇનસાફથી રાજ્ય ચલાવવામાં આવે છે ત્યાં પ્રજાને મોટું સુખ થાય છે. જ્યાં ઇનસાફના અમલદારો પોતાની મતલબમાં રમે, ત્યાં પ્રજાનું નખોદ વળ્યું એમ સમજવું. પૈસા અને સ્વાર્થને માટેજ જન્મ લીધો છે એમ જ્યાં સમજવામાં આવે ત્યાં ઇનસાફ અને પ્રમાણિકપણું ક્યાંથી આવે? જ્યાં લાંચ રૂસવત લેવામાં આવે, ત્યાં કાયદાની કોઇ દરકાર કરતું નથી, ત્યાં પ્રમાણિકપણું શું તેનો વિચાર કોઇ કરતું નથી, ત્યાં ઇમાનદારી કેવી થાય છે તેનો ખ્યાલ કોઇને આવતો નથી, અને ત્યા લોકો અને મંડળીઓ ફક્ત માન અને પૈસાનાજ ભૂખ્યા હોય છે.

પણ, એવાબી માણસો થઇ ગયા છે જેઓએ લાંચ લેવા સાફ ના પાડી હતી. વળી ગરીબમાં ગરીબ જે પોતાની ફરજ સારી પેઠે સમજે છે તેઓ પૈસા લઇને પોતે વેચાવા સાફ ના પાડે છે. અમેરિકાના જંગલી ઇંડીઅનો પણ બાહદુરી પસંદ કરે છે અને દોલતને ધિક્કારે છે. ત્યાં બાહદુર માણસ પૈસાવાળો કહેવાવા માગતો નથી, અને તેની પાસે પૈસા હોય તો તેને બાહદુર તરીકે લોકો ગણતા નથી, આથી તેમનો વડો તેમની કોમમાં સૌથી ઓછા પૈસા ધરાવે છે. યુનાનીઓ, રોમન લોકો, ઇસરાયલ લોકો, એ સઘળા લોકોમાં જેઓ માણસ જાતને વાસ્તે ભલાં કામ કરી ગયા છે તેઓ સઘળા ગરીબ હતા. 'સીનસીનેટસ' જે રોમન લોકના લશ્કરનો વડો હતો તે એક ખેડુત હતો. 'એલીશા' જે ઇસરાયલ લોકોનો પેગમબર થઇ ગયો તે એક હળ ખેંચનાર હતો. 'સોક્રેટીસ' યુનાન દેશમાં એક ઘણોજ ગરીબ માણસ હતો.

યુનાનીઓનો મોટો રાજદ્વારી નર 'એરીસટાઇડીસ' જેને લોકો ઇનસાફીના એલકાબથી બોલાવતા હતા તેનો ઇનસાફ ચોખ્ખો હતો. તે કદી લાંચ લેતો હતો નહી. રાજ્યમાં મોટામાં મોટો ઓહદો તેણે ભોગવ્યો તે છતાં તે મરણ પામ્યો ત્યારે તેની પાસેથી કાંઇ દોલત નિકળી હતી નહી.

‘ફોશીઅન’ નામનો એથન્સનો લશ્કરી વડો ઘણો બાહદુર અને દુરઅંદેશ હતો. તેને લોકોએ ‘ભલા’ નો ખેતાબ બક્ષ્યો હતો. ‘સીકંદર’ બાદશાહે એથન્સ ઉપર હુમલો કીધો ત્યારે સીકંદરે તેને લાંચ આપીને પોતાની તરફમાં ખેંચવાની ઘણી કોશેશ કીધી પણ ફોશીઅને તેને જવાબ આપ્યો, “જો સીકંદરને મારે માટે જરા પણ માન હોય, તો હું તેને અરજ કરૂં છું કે મારૂં પ્રમાણિકપણું મારી પાસે રહેવા દેવું.”

‘ડેમોસ્થનીશ’ નામનો જાણીતો જાહેર વક્તા લાંચ લેતો હતો. જ્યારે સીકંદરનો પ્રતિનિધી એથન્સમાં આવ્યો, ત્યારે ડેમોસ્થનીશની નજર તે પ્રતિનિધીના પૈસા ઉપર પડી હતી. પ્રમાણિકપણાં વગર છટાદાર ભાષણ શા ખપનાં? ડેમોસ્થનીસે સીકંદર બાદશાહના પ્રતિનિધી પાસે એક સોનાનો પ્યાલો ભેટ લીધો હતો, પણ તે વાત જાહેરમાં જણાઇ આવી, ત્યારે આ નામીચા વક્તાને ઘણી ખેજાલત લાગી હતી અને આખરે તેને એ માટે ઝેર ખાઇને આપઘાત કરવો પડયો હતો.

બીજો જાણીતો વક્તા, ‘સીસેરો’ લાંચ લેવાની વિરૂધ હતો. તે દોસ્ત કે દુશમન તરફની કશી ભેટ સ્વીકારતો હતો નહી.

એક હારેલા દેશમાંથી લોકો પોતાની માયાપુંજી લઇને નાહસતાં હતાં, ત્યારે એક માણુસને બીજાઓએ પૂછ્યું, “કેમ, તેં કાંઈ સાથે લીધું નહી?” તેના જવાબમાં પેલાએ કહ્યું, “મારો સઘળો ખજાનો મારા પોતાના મગજમાં છે.”

રોમ દેશના ‘ડાયોકલીશીઅન’ નામના બાદશાહે રાજગાદી છોડી દીધી, પછી કેટલેક વખતે એક જણ રાજઅમલ પાછો હાથમાં લેવાને તેને સમજાવવા ગયો. ડાયોકલીશીઅને તેને જવાબ દીધો તે ઘણો યાદ રાખવાજોગ છે. તેણે કહ્યું, “જો તમે મારી વાડીમાં મારા હાથે ઉગાડેલી કોબીજ અને મારી જાતી મેહનતથી ઉગાડેલાં સુંદર તરબુચો જુવો, તો મોટી સત્તા કરતાં આ મારૂં કામ છોડી દેવાની તમે મને ભલામણ

કરો નહી." તેને ઉદ્યોગ પસંદ હતો અને તે ઉદ્યોગ અને ખંતથી ઘણી સુખી જીંદગી ગુજારતો હતો, જે સુખ તે રાજગાદીનાં સુખ કરતાં ચઢીયાતું ગણતો હતો.

સંતોષ એ દોલત અને એશઆરામ કરતાં વધારે છે. ખરૂં કહીએ તો સંતોષ એક જાતની કુદરતી દોલત છે. વેલાતની ગાદી ઉપર રાજ્ય ભોગવી ગયલી રાણી 'મેરી' વારંવાર ઇચ્છતી હતી કે હું રાણી થઇ તેના કરતાં એક દુધવાલી થઈ હોત તો વધારે સારૂં.

બાહદુર અને પ્રમાણિક માણસો પૈસાને માટે જીવતોડ મેહનત કરતાં નથી. તેઓ દયાને માટે, માનને માટે, અને પોતાના ઉંચા ગુણને લીધે મેહનત કરે છે. સોક્રેટીસે પોતાના સાચા નિતીના સબકો છોડી દેવાને બદલે મોહત પસંદ કીધું તે ફક્ત લોકોને માટે કીધુ, નહી કે પૈસાને માટે.

સરકાર દરબારમાં મોટી પદવી અને પૈસા એ બેઉ એક બીજાની શોધમાં રહે છે. મોટી પદવી ઉપર લાયકાત બાજુ રાખીને નેમણુક કરવામાં આવે, તો લાંચ રૂસવતના સોદા ચાલુ થાય છે. વળી બીનં લાયક માણસ જોખમદાર ઓધ્ધા ઉપર પોતાની ફરજ બજાવવામાં પાછલ પડે છે અને તેથી જાહેરમાં તે નુકસાનકર્તા થઇ પડે છે. આથી લાંચ રૂસવતથી મોટા ઓધ્ધા જ્યાં આપવામાં આવતા હોય, ત્યાંનો રાજદ્વારી મામલો બેહકેલો, અને લોકોની દયાનત બિગડેલી હોય છે.

ઈંગ્લંડની તવારિખમાં પ્રમાણિકપણાંનો અભ્યાસ કરવા જોગ દાખલો 'એન્ડરૂ મારવલ'નો છે. તે રાજ્યને વફાદાર હતો, પણ ઘણો સીધો હતો. ચાર્લ્સ બીજાને ગાદી ઉપર પાછો લાવવા તે ઇંતેજાર હતો, અને જ્યારે રાજા પાછો ગાદી ઉપર આવ્યો, ત્યારે તે હર પળે નાણાંની તંગીમાં હતો. લોકોને ઉમરાવપદ આપીને, અને કેટલાકોને ધંધાના ઇજારા વેચીને રાજા હરરોજ નાણાંની રકમ મેળવતો હતો. એન્ડરૂ મારવલ રાજાની આ ચાલને જાહેરમાં વખોડતો હતો. દરબારીઓ મારફતે રાજા દરેક જણ પાસે પૈસા

કહડાવતો હતો. દરબારીઓને મોટી મોટી રકમો બક્ષેસ કરીને તે સઘળાઓને પોતાની તરફેણમાં ખરીદી લેતો હતો, પણ ફક્ત એન્ડરૂ મારવલને તે લાંચ આપી શકયો હતો નહી. એન્ડરૂ મારવલે રાજા અને તેના દરબારીઓ માટે જાહેરમાં લખાણો કરીને ઝાટકણી કહાડી હતી, અને તેનાં લખાણ રાજા અને પ્રજા ધ્યાનથી વાચતાં હતાં. રાજાએ તેને પોતાની પક્ષમાં લેવાનો ઠરાવ કર્યો. રાજ્ય તરફથી કોઇ વાર તેને ધમકી આપવામા આવતી, કોઇ વાર તેની તારીફ કરવામા આવતી, કોઇ વાર તેને તોડી પાડવાની કોશેશ કરવામાં આવતી, અને કોઇ વાર તેને પંપાળવામાં આવતો હતો. હમેશાં તેની પછવાડે છુપા જાસુસો રાખવામાં આવતા હતા. વળી તેની પછવાડે કેટલાક બદમાસોને છોડી મેળવામાં આવ્યા હતા. તે ઉપરાંત કેટલીક ખુબસુરત સ્ત્રીઓને સમજાવીને તેને પોતાની લમ્પટમા રોકવાની પણ તજવીજ કરવામા આવી હતી, પણ એન્ડરૂ મારવલ કોઇના સપાટામાં સપડાયો હતો નહી. તેના પ્રમાણિકપણાથી અને ચોખા વેહવારથી તે હરેક પ્રકારના જોખમની અને લાલચની સામે થઇ શકયો હતો. ચાર્લસ બીજાની લાંચ રૂસવતની દરબારમાં આ એકલો ધણી પ્રમાણિક-પણાની જાદૂઇ અસરથી બધાં સામે ટકી શકયો હતો. કહે છે કે રાજાનો વડો ખજાનચી, જે મારવલ સાથે એકજ નિશાળમાં શીખ્યો હતો, તે મારવલને, જે એક નાના જેવાં કાતરીઆં ઉપર રહેતો હતો, તેને મળવા ગયો. મળી ભેટીને ઉઠતી વેળા રાજાની સહી સાથનો ૧૦૦૦ પૌંડનો ચૅક મારવલના હાથમાં મુકીને તે નિચે ઉતરી પડયો, પણ મારવલે તે ચૅક વાંચીને ખજાનચીને પાછો ઉપર બોલાવ્યો અને બેસાડયો. તેને બેસાડીને મારવલે પોતાના બાવરચીને તેડયો અને પૂછ્યું, "આજે શું પકાવ્યું છે?" બાવરચીએ જવાબ દીધો, "આજે ગોસ્તનો સેરવો તમે કરવા કહયો હતો તે." "ઠીક છે, જા," એમ તેને કહીને, ખજાનચી તરફ ફરીને તે બોલ્યો, "મારા મેહરબાન, એન્ડરૂ મારવલને ખુદા તરફથી સાદો સુતરો ખોરાક દરરોજ મળે છે, માટે લઓ, આ કાગળ (ચૅક,) મને એની કશી જરૂર નથી.

મને એ આપીને તમે મારી પાસે શી આશા રાખશો તે હું સારી પેઠે જાણું છું. હું તો પ્રમાણિકપણેજ મારી સેવા બજાવીશ. રાજાને અને દરબારીઓને જે માણસોની જરૂર છે તેમાંનો હું નથી." આ રીતે એન્ડ્રૂ મારવલ તે જમાનામાં એક જાણીતો સીધો, સાચો અને પ્રમાણિક માણસ થઇ ગયો, અને મરણની છેલ્લી ઘડી સુધી લાંચ રૂસવતની લાલચમાં તે કદી ફસ્યો હતો નહી.

'બૅન જૉનસન' નામનો લેખક પણ સીધો અને સાચાબોલો હતો. જૉનસન આજારી પડયો ત્યારે તેની ગરીબાઇ જાણી રાજા ચાર્લ્સ પેહલાએ તેને માટે કાંઇ નાણાની રકમ બક્ષેસ મોકલી હતી, પણ તે તેણે લીધી નહી અને પાછી મોકલી હતી.

ગોલ્ડસ્મિથ નામનો નામીચો લેખક પણ લાંચ રૂસવતને ધિક્કારતો હતો. તેની ગરીબાઇ ઘણી સખ્ત હતી. પોતાની વાંસલી વગાડીને આખા યુરોપમાં ભટકીને તે પોતાનું ગુજરાન કરતો હતો. તે ઘાસ ઉપર સુતો હતો અને કેટલીક વાર આસમાન તેનું છતર હતું. નાટકના તખ્તા ઉપર પોતાનો ભાગ ભજવીને, અને વૈદુ કરીને તે કોઇ વાર પૈસા કમાતો હતો. તે છતા તેનો હાલ ભીખારી હતો. છેવટે તેણે ચોપડીઓ લખવા માંડી અને તેમાથી તેનું ગુજરાન થવા લાગ્યું, પણ ગરીબાઇનાં દબાણમાં તે હમેશ રહેતો હતો. તે એક કાતરીઆં ઉપર રહેતો હતો. એક દાહડો તે ઘણી મુસીબતમાં આવ્યો ત્યારે તેણે જૉનસન ઉપર કાગળ લખ્યો. આ વિદ્વાન જૉનસન તેને મળવા ગયો અને જોય છે તો ગોલ્ડસ્મિથની ઘરવાળીએ ભાડાંને માટે તેને પકડાવ્યો હતો. ગોલ્ડસ્મિથ પાસે ફુટી બદામ હતી નહી, પણ ફક્ત એક હાથની લખેલી ચોપડી હતી. વિદ્વાન ડાકટર જૉનસને તે વાંચી જોઇ અને તેની ખુબી ઝટ જોઇ લઇને તેણે તે એક ચોપડી પ્રગટકરનારને દેખાડી, જેણે તે હાથની લખેલી ચોપડી ૬૦ પૌંડે ખરીદી લીધી. આ ગોલ્ડસ્મિથ જેવો અચ્છો લખનાર પણ જીંદગી સુધી ગરીબ રહયો, અને જ્યારે તે મરી ગયો ત્યારે તેને કરજ

હતું. પરંતુ આ ગોલ્ડસ્મિથને પણ પૈસાવાળો થવાની ઘણી તક મળી હતી. સરકાર તરફથી લખાણો કરવા માટે તેને મોટો પગાર આપવાની માગણી થઇ હતી, પણ તેણે પોતાનું અંતઃકરણ વેચવા સાફ ના પાડી હતી. કોઇ પણ પક્ષ તરફથી પગાર ખાઇને તે પક્ષને છાપરે ચઢાવવા તે રાજી ન હતો.

'પિટ,' અર્લ ઑફ ચેથમ આખાં ઇંગ્લંડ દેશનાં લશકરનો પગાર કરતો હતો. તેને પૈસાવાળા થવાની ઘણી તક હતી. તે પોતાના ઓદ્ધાની રૂએ હજારો પાઉન્ડ કમાઇ શકત. વળી તેના ઓધ્ધાનાં માનને ખાતર કેટલીક વાર તેને બીજા મુલકોના રાજકુંવરો તરફથી મોટી મોટી નાણાંની બક્ષેસો મળી હતી, પણ તે તેણે સઘળી માન સહિત પાછી ફેરવી હતી, અને તે ફક્ત પોતાના પગાર ઉપરજ રહ્યો હતો.

'વિલિઅમ પિટ' નામનો નામીચો રાજદ્વારી નર પૈસાને પગ તળે દાબીને ધિક્કારતો હતો, અને પ્રજાના હિત માટે અને પ્રજાની વખાણને માટેજ તે લડત ચલાવતો હતો. તે લાંચ રૂસવત કદી લેતો હતો નહી. તેના વખતમાં એક ખાલી માનનો ઓધ્ધો જેને માટે વરસ દહાડે ૩૦૦૦ પૌંડ બક્ષીસ મળતા હતા, તે માનનો ઓધ્ધો ખાલી પડયો, ત્યારે દરેક જણ એમ ધારવા લાગ્યું કે એ ઓદ્ધાને મળતું સાળિયાણું 'પિટ' પોતાનાં ગજવાંમાં મુકશે. તેમ તે કરત તો કોઇ સામે થાત નહી. તેમ કરવાનો તે જમાનામાં રવૈયો હતો, પણ તેણે તેમ કર્યું નહીં. તેણે તે ઓદ્ધા ઉપર બીજા લાયક નરની નેમણુક કીધી. ડ્યુક, મારક્વીસ, વગેરે ઉમરાવ-પદ આપવાનું તેના હાથમાં હતું, પણ તે પૈસાને ખરાં જીગરથી ધિક્કારતો હતો, અને તેથી તેણે પોતાના દોસ્તો તેમજ દુશમનોને પોતાની ઇમાન-દારીથી અને પ્રમાણિકપણાંથી હેરત કીધા હતા.

એક મોટા ફ્રેંચ બૅરિસ્ટરનાં પ્રમાણિકપણાં વિષે વાખવાખ બોલ્યા વિના ચાલે તેમ નથી. 'પૅમીલર્ડ' નામનો મોટો બૅરિસ્ટર એક મુકદમામાં અમુક ઓચરીઉ રજુ કરવાને તદ્દન ભૂલી ગયો હતો. મુકદમો પુરો થયો અને

જડજે ચુકાદો આપ્યો, અને તે ચુકાદા ઉપર પારલામેંટની પણ બાહાલી મળી. હવે અપીલ થઇ શકે તેમ હતું નહીં. મુકદમાનો મુળ પાયો પેલાં ઓચરીઆં ઉપર હતો, પણ તે ઓચરીઉ રજુ ન થયું, તેથી આ મુકદમો તે હારી ગયો હતો. મુકદમો હારનાર શખ્સ ચૅમીલર્ડ પાસે ગયો અને તે ઓચરીઉ કાં નાહી રજુ કીધું એમ પુછવા લાગ્યો. ચૅમીલર્ડ કહેવા લાગ્યો કે મેં તે ઓચરીઉ જોયુંજ નથી, પણ ગ્રાહકે તેને ખાત્રીથી કહ્યું કે મેં બીજાં કાગળીઆં સાથે તે પણ આપ્યું હતું. ચૅમીલર્ડે પોતાનો કોથળો ઉઘાડીને તપાસ્યું તો તેમાંથી તે ઓચરીઉ નિકળ્યું ખરૂં. ચૅમીલર્ડની પણ ખાતરી થઇ કે તે ઓચરીઉં કોર્ટમાં રજુ થાત તો કેસ હારી ન જાત, પણ હવે કાંઇ પણ થઇ શકે તેમ હતું નહી. પરંતુ ચૅમીલર્ડે તેને બીજે દિવસે બોલાવ્યો. બીજે દિવસે જ્યારે ગ્રાહક તેને મળવા ગયો ત્યારે આ સુધ્ધા બૅરિસ્ટરે પોતાની પાસે જે દોલત હતી તે સઘળી પેલા ગ્રાહકને આપી, અને કહ્યું કે મારી ગફલતીથી તું કેસ હારી ગયો છે, માટે મારી ફરજ છે કે તને ખોટ ભરી આપવી. આ ખોટ ભરી આપતાં પોતાની સઘળી દોલત તેને ખોહવી પડી હતી. આ રીતે આ મહાન બૅરિસ્ટરે પોતાનું પ્રમાણિકપણું બતાવી આપ્યું હતું.

'સર આરથર વેલેસ્લી' (જે પાછલથી ડયુક ઑફ વૅલીંગટન થયો) તેને નિઝામ હૈદરાબાદના વડા વજીરે એક મોટી રકમ આપવા કહી ચોકકસ છુપી વાત જાણવા માંગી, ત્યારે તેણે પેલા વજીરને વાત કરતાં કરતાં પુછયું, "છુપી વાત તમારાં પેટમાં રાખી શકશો કે ?" પેલા વજીરે કહ્યું, "હા, હું તે વાત કોઇને કહીશ નહી." ત્યારે વેલેસ્લીએ કહ્યું, "જ્યારે તમે છુપી વાત તમારા પેટમાં રાખવાને શક્તિવાન છો, ત્યારે હું પણ છુપી વાત મારાં પેટમાંજ રાખવા માગું છું," એમ કહીને તે ત્યાંથી ચાલી ગયો. ત્યાર પછી કોદુરના રાજાએ તેને ૧૦૦૦૦ પાગોડા (સોનાના સીક્કા) ની લાંચ આપવા કહી, પણ તેણે ચારડાઇને કહ્યું, "તમારા રાજાને કહો કે મને તેમજ મારા બ્રિટિશ અમલદારોને લાંચ

આપવા કહેવું એ તેમને અપમાન કરવા બરાબર છે, પછી તે આપનાર શખ્સ તમારા જેવો રાજા હોય તો શુ થયુ ?"

માર્કવીસ ઓફ વેલેસ્લી, જે ઉપલા સર આરથર વેલેસ્લીનો સગો થતો હતો, તે પણ અતી પ્રમાણિક હતો. તેને ૧૦૦૦૦૦ (એક લાખ) પાઉંડ ઇસ્ટ ઇંડિયા કંપનીએ આપવા કહ્યા, પણ તેણે તે ઉપકાર સાથે લેવા ના પાડીને કહ્યું કે "મારા ઓધ્ધા સાથે જે મોભો સચવાયલો છે તે સાચવવા મારે સ્વતંત્ર રહેવું જોઇએ."

કેટલાક વિદ્યા હુન્નરમાં પ્રવીણ શખ્સોએ પોતાના જાતભાઇનાં ભલાંને ખાતર પોતાનો જાતી સ્વાર્થ તજી દીધો હતો. સર્વથી જાણીતો દાખલો 'સર હમફ્રી ડેવી' નો છે. તેણે એક એવી બતીની શોધ કાઢી જે કોલસાની ખાણમાં નિચે લઇ જઇ શકાય. એક દોસ્તે તેને કહ્યુ કે એ બતીનુ તુ પેટંટ મેળવ. સર હમફ્રીએ સાફ ના કહી, અને કહ્યું કે વરસ દહાડે પંદર પચીસ હજાર મળ્યા અને નહીં મળ્યા તેની મને દરકાર નથી. મેં આ શોધ કરતી વેળા મારા પોતાના લાભનો કદી વીચાર કર્યો નથી. કામદારોની સલામતીને માટે મેં આ શોધ કીધી છે. મારી પાસે મારી ગરજ અને મારી જરૂર માટે પુરતા પૈસા છે. મારી પાસે જો દોલત પુષ્કળ થાય તો રખેને મારા માનીતા અભ્યાસમાંથી મારૂં ધ્યાન નિકળી જાય. વળી વધારે દોલતથી મારાં સુખમાં કે મારી કિર્તિમાં વધારો થનાર નથી. બેહદ દોલતથી હું ચાર ઘોડાની ગાડીમાં ફરી શકું, પણ જો કોઇ એમ બોલે કે 'સર હમફ્રી' ચાર ઘોડાની ગાડીમાં ફરે છે, તો તેમા મને શો લાભ થાય ?"

સર હમફ્રીનો મદદનીશ 'ફેરાડે' પણ પૈસાની લાલચ રાખતો હતો નહી. તેણે રસાયણશાસ્ત્રમાં અનેક શોધો કીધી છે, છતાં તે સઘળી શોધો તેણે વગર પૈસા માગવે જાહેરને સપુરદ કીધી છે. કાંઇ પણ નવી બાબદ શોધી કહાડવાની કોશેશ કરતાં તે કેહતો હતો કે "આપણે આટલું બધું જ્ઞાન ધરાવ્યે છીએ તે છતાં હજી જે શોધો થશે તે સાથ સરખાવતાં

આપણે ઘણુંજ થોડું જાણ્યે છીએ." 'સર આઇઝેક ન્યુટન' ના બોલોને ફેરાડાના ઉપલા બોલો મળતા આવે છે.

પૈસાની લાલચ ન રાખવા વિષેનો બીજો એક જાણવા જોગ દાખલો જણાયલો છે. 'રોથ્સચાઇલ્ડ' કરોડપતીનું કુટુંબ યુરોપમાં આજે પણ વખણાયલું છે. તે ખાનદાનની ચડતીનો પાયો પ્રમાણિકપણું ઉપર રચાયો હતો. એ ખાનદાનનો વડવો 'એનસેલ્મ' ૧૭૪૩માં જરમનીના એક શેહેરમાં જનમ્યો હતો. તેના માબાપો યાહુદી હતા. તે વખતમાં જરમની તેમજ યુરોપના બીજા દેશોમાં યાહુદીઓ ઉપર બહુ જુલમ હતો. એનસેલ્મના માબાપ તેને અગીઆર વરસનો મુકીને મરણ પામ્યા હતાં. કાંઇ થોડું ઘણું શીખ્યા પછી બીજા શહેરમાં એક નાણાવટીને ત્યાં તે નોકરીએ રહ્યો હતો. ત્યાંથી ૧૭૭૨મા તે પોતાની જન્મ ભૂમીના શેહેરમાં જઇને પૈસાની ધીરધાર કરવા લાગ્યો. તે પોતાની દુકાનમાં જુના અને અસલી સીક્કાઓ વેચતો હતો. પૈસાવાળા શોખીનો તેની દુકાને જતા હતા આથી તેને રાજવંશીઓ સાથે પીછાણ પડી હતી. જ્યારે નેપોલીઅને યુરોપ ઉપર ધુંજારો ચલાવા માડયો, તે વખ્તે એક રાજવંશીને (જે જરમનીના 'હેસ' મુલકનો વડો હતો) નાહસી જવાની ફરજ પડી. પોતાના મુલકમાંથી નાહસી જતી વેળા તેણે એનસેલ્મ યાહુદીના હાથમાં ૨૫૦૦૦૦ પૌંડ આપ્યા અને કહયુ કે 'આ તારી પાસે સાચવી રાખજે. જો હું પાછો આવીશ તો હું તારી પાસે પાછા લઇશ' આ પૈસામાંથી એનસેલ્મે વધુ ધીરધાર કરીને પુષ્કળ નાણું મેળવ્યુ તે વખ્તે નાણાંની બહુ તાણ હતી અને સારૂં વ્યાજ મળી શકયું હતું. પરંતુ જ્યારે નેપોલીઅને રશીઆ ઉપર હુમલો કીધો અને બરફમાં તેનું સઘળુ લસ્કર પાયામાલ થયુ, અને નેપોલીઅનના ધુંજારાની ધાસ્તી મટી ગઇ, ત્યારે 'હેસ' પ્રગણાનો વડો પોતાના મુલકમાં પાછો ફર્યો. તે વેળા એનસેલ્મનો વડો છોકરો તેની પાસે ગયો અને તેની બધી દોલત તેને પાછી આપી. વગર માગવે આ દોલત પાછી મળેલી જોઇને તે રાજા ખુશી થઇ ગયો. આ દોલત પાછી

મળશે એમ તેણે સ્વપ્ને આશા રાખી હતી નહી. આથી તે ખુશી થઇ ગયો અને તેણે તે યાહુદીને પોતાના મુલકમાં અમીરની પદવી આપી. ત્યાર પછી રોથ્સચાઇલ્ડના કુટુંબની ઇમાનદારીની ખબર આખા યુરોપમાં ફેલાઇ, અને આજે પણ એ કરોડપતી જાણીતાં ખાનદાનની દોલત અને ઇમાનદારી આખી દુન્યામાં મશહુર છે.

'લોર્ડ મેકૉલે' પણ બહુ પ્રમાણિક હતો. તે કોઇ પણ માગનારને ચોવીસ કલાકથી વધારે વાયદો નહી કરતો હતો. સ્વતંત્ર રહેવુ અને પોતાની ખરી મેહેનતની આવક ઉપરજ આધાર રાખવો એ તેનો કાનુન હતો. તે પોતાના માગનારનાં બિલો ચુકવી આપતા કહેતો હતો કે "માગતું તુરત આપી દેવું દરેક જણની આપ્તન ફરજ છે.'

પ્રકરણ ૫.

હિમ્મત—સબુરી.

"નાલાયક કામો કરવાથી ડરવું એમાં હિમ્મત છે. વળી કોઇ તમારી સાથે નાલાયકી કરે તો તે ખમી જવામાં પણ હિમ્મત છે."

હિમ્મત એવો ગુણ છે જે સઘળા લોકો ખુશીથી વખાણે છે. જીંદગીની દરેક મુશકેલીની વખતે જે શક્તી કામ કરે છે તે હિમ્મત છે. હિમ્મત એ એક જાતની સંપુર્ણ મરજી છે જેને ધાસ્તીથી હટાવી શકાતી નથી. જેનામાં હિમ્મત હોય, તે આદમી પોતાની ફરજ બજાવતાં જરૂર પડે તો મરવા પણ ડરે નહી.

હીચકારાપણાંની તારીફ કોણ કરશે? આ સૃષ્ટિમાં દરેક જણ હીચકારાને તુચ્છકારે છે. હીચકારો માણસ નિચ તેમજ નામર્દ હોય છે. તે પોતાના મતને વળગી રહી શકતો નથી. તે ગુલામગીરી કરવા તૈયાર રહે છે. કવિ હોમર કહે છે કે જ્યારે એક માણસ બીજાનો ગુલામ બને છે ત્યારે તેના અરધા સદ્‌ગુણ તેનામાંથી જતા રહે છે.

એક હીચકારા માણસ સાથે વર્તવાને માટે પણ હિમ્મતની જરૂર છે. એક બેવકુફ જવાને 'સર ફીલીપ સીડની' સાથે મારામારી શોધીને તેને ઉશ્કેરવાની બહુ કોશેશ કીધી, એટલા સુધી કે તે જવાન સર ફીલીપનાં મોંહ ઉપર થુકવાને પણ ચુકયો નહી. સર ફીલીપે શાંતપણે થુક લુછી નાખીને કહ્યું, "અએ જવાન, જેટલી સેહેલાઇથી આ થુક મેં લુછી નાખી, તેટલી સેહેલાઇથી જો તારા ખુનના હાથ હું ધોઇ શકતો હોત, તો આ ઘડીએ

તને મારી નાખત." આ ઉમદા હિમ્મતનો દાખલો છે. દરેક જણે ખમતા અને માફ કરતાં શીખવું જોઈએ.

ધ્રુજતાં માણુસોએ હિમ્મતવાન માણસનો દાખલો લેવો જોઇએ. હિમ્મતવાન માણસ લોહચુંબકની માફક બીજાઓ ઉપર અસર કરે છે. એક માણસની હિમ્મત જોઇ આસપાસનાં બીજાઓને હિમ્મત છૂટે છે. એક હિમ્મતવાન માણસની પછવાડે બીજાઓ ચાલે છે, અને તેની હિમ્મતથી તેઓ મરવાને ડરતા નથી. જે લોકો ફત્તેહમંદ થાય છે તેઓજ તારીફને લાયક છે એમ ન સમજવું. જે માણસો ઘડીભર નિષ્ફળ નિવડે છે તેઓ પણ આખી કોમમાં ચળવળ પેદા કરવાને શક્તિવાન થાય છે. એક સારાં કામનો આગેવાન કદાચ નિષ્ફળ નિવડે અને મરણ પામે, પરંતુ તેના મરણ પછી તેના ગોઠીયાઓ કોશેશ ચાલુ રાખવાથી ફાવે છે.

સચ્ચાઇને માટે પોતાનો જાન આપનાર આ દુન્યાનાથી ચાલી જાય છે, પણ જે સચ્ચાઇને માટે તે જીવ આપે છે તે સચ્ચાઇ તેના મરણથી વધારે પ્રકાશીત થાય છે. એક માહાન પુરૂષનાં મરણથી તેનાં કામ વીસરાતાં નથી, પણ બીજાઓનાં મગજમાં તેની યાદદાસ્ત રહી જાય છે.

હોંશી અને ઉત્સાહી માણુસો પોતાની લડત ચલાવતા આ જેહાન છોડી જાય છે, પણ તેમના ગોઠીયાઓ પોતાના ગુજર પામેલા આગેવાનોના પાયા ઉપર ઊભું રહેવાનું ચાલુ રાખે છે. આ પ્રમાણે એક સાચી લડતને ફાવતાં વખત લાગે છે, પણ જ્યારે આખરે ફત્તેહ થાય છે, ત્યારે તે ફત્તેહની કીર્તિ, જેઓ લડત શરૂ કરીને મરણ પામ્યા હોય તેમને, તેમજ તેમની પછવાડેના જીવતા માણુસોને એક સરખી રીતે ઘટે છે.

આ દુન્યાનાં સઘળાં માહાન કામો હિમ્મતથી પાર પડયાં છે. આજે જે જે સુખ આપણે ભોગવ્યે છીએ, દાખલા તરીકે આપણાં જાનમાલની સલામતી, આપણું છુટાપણું, વગેરે, તે સઘળું લાંબા વખતની લડત પછી આપણુને મળ્યાં છે.

•

અસલના વખતમાં ધર્મને માટે જીવ આપનારાઓના દાખલા દરેક ઠેકાણે બન્યા છે. રોમ દેશમાં જેઓ રાજ્યનો ધર્મ પાળતા ન હોય તેઓને એક સરકસ જેવા ઘેરાવામાં છોડીને તેમની ઉપર વાઘ છોડવામાં આવતા હતા. વાઘો આ ધર્મને માટે જીવ આપનારાઓને મારી નાખે તે જોવા લોક મોટી સંખ્યામાં એકઠાં થતાં હતાં. તે વખ્તે ધર્મને માટે જીવ આપનાર એટલાં બધાં હતાં, કે જંગલી પ્રાણીઓ પણ ધરાયલાં હોવાથી કેટલાકને જીવતા રહેવા દેતાં હતાં, પરંતુ રાજ્ય તરફથી આ પ્રમાણે વાઘના મોંમાથી બચેલાઓનો જીવ લેવાની બીજી રીતની કોશેશ થતી હતી. જેઓને વાઘ સોંહ હાથ ન લગાડે તેમને એક ચોગાનમાં છોડીને તલવારબાજી અજમાવવાની ફરજ પાડવામાં આવતી હતી, પણ તેઓ તલવારબાજીમાં પોતાની હુસ્યારી દેખાડવાને બદલે સઘળા ખુશીથી ઘાયલ થઈને મરણ પામતા હતા. આ પ્રમાણે અસલ રોમ દેશમાં ધર્મને માટે પોતાનો જીવ આપી જનારા હજારો માણસો જીવ ખોઈ ગયા છે.

યુરોપની તવારિખ ઉપરથી જોઈએ છીએ કે ખ્રિસ્તી ધર્મની સ્થાપના પછી પણ પાદરીઓના જુલમથી તરાસ વરસી રહ્યો હતો. ખ્રિસ્તી ધર્મના જુદા જુદા પંથ વચ્ચે મારામારીમાં અને પંચાતીમાં સેંકડો જણે પોતાના જીવનો ભોગ આપ્યો છે. કેટલાકોને જીવતા બાળી નાખવામાં આવ્યા હતા, કેટલાકોને જીવતા દાટવામાં આવ્યા હતા, કેટલાકોની ગરદન ઉરાડી નાખવામાં આવી હતી, એ પ્રમાણે ધર્મને માટે હિમ્મત અને સહન શકિત દેખાડવાના દાખલા આપણને યુરોપની તવારિખમાંથી પુષ્કળ મળે છે. એટલુંજ નહીં, પણ ધર્મના નામે અને પોતાની માન્યતાથી ઉલટી રીતે ચાલે તેની સામે રાજાઓએ એક બીજાની સામે લડાઈ કરીને અબજો રૂપીઆ અને લાખો માણસોના ભોગ આપ્યા છે. ધર્મને માટે મરદોએ પોતાના જીવની દરકાર કીધી નહી, એટલુંજ નહી, પણ કેટલીક સ્ત્રીઓને પણ જીવતી બાળી નાખવામાં અથવા કાપી નાખવામા આવી હતી

આજના જમાનામાં જેને ગમે તે ધર્મ માનવાની છુટ છે, પછી

રાજ્યધર્મ ગમે તે હોય. હવે ધર્મને માટે લોકોને બાળી નાખવામાં આવતાં નથી. આજના જમાનામાં ફક્ત સમજાવી ફુસલાવીને ધર્મનો ફેલાવો કરવામાં આવે છે. જેમ અસલ જાદુનો જમાનો વહી ગયો છે તેમ હવે સ્વ-ધર્મને માટે પ્રાણ અર્પણ કરવાનો જમાનો પણ વહી ગયો છે. અગાઉના જમાનાનો ગોળીથી ભેજાન કરવાનો, ખીલા મારીને રીબાવવાનો, અને એવી એવી બીજી ક્રુર વર્તણુંકોનો ચાલ આ જમાનામાં હવે રહયો નથી. તે છતાં હજી ખોટી સમજાવત, હાંસી, અને ઠપકા આપવાનું ચાલુ છે. અંતઃકરણ જે બાબદ સાચી કહે તે સાચ્ચી બાબદને વળગી રહેવું તેમાં હિમ્મત સમાયલી છે. હાલના ધર્મ તરફ બેદરકાર જમાનામાં સાચ્ચા અને પવિત્ર કાનુનોને વળગી રહેવાનું કામ અસલના અજ્ઞાન જમાના કરતાં વધારે મુશકેલ છે. અસલના વખતમાં ધર્મને માટે સતાવણી હતી તે વેળા લોક ધર્મ તરફ જાગૃત હતાં, પણ હાલના જમાનામાં કોઇ ધર્મની દરકાર કરતું નથી. તે વેળા ધર્મની જાુંબેસની કોશેશ વધારે નિષ્ફળ જવાની આશા રહે છે.

અસલના વખતમાં ચાલતા ધર્મની સામે બખાડનારાઓને ચોર, લુટારા અને ખુની કરતાં પણ વધારે અપરાધી ગણવામાં આવતા હતા, પણ હાલના જમાનામાં ધર્મનું છૂટાપણું દેશેદેશ પ્રસરેલું છે, અને પારકા ધર્મનાં માણસને કોઇ હેરાન કરતું નથી. આજનો મત એવો છે કે એક દેશમાં ધર્મને માટે જેમ જુદા જુદા પંથો અને જુદી જુદી માન્યતાઓ હોય તેમ દેશને વધારે ફાયદો છે.

યાહુદી ધર્મના પુસ્તકમાં એક વાત છે જે દરેક જણને ધ્યાનમાં રાખવા જોગ છે. યાહુદીઓનો ધર્મગુરૂ **એબ્રાહામ** એક દિવસે પોતાના તંબુના દરવાજા આગલ બેઠેલો હતો, તે વેળા એક બુઢો માણસ કાંઇ ખાવાનું માગતો આવ્યો. એબ્રાહામે તેને બેસાડયો અને ખાવાનું આપ્યું, પણ ખાવા અગાઉ તે બુઢાએ યાહુદી ધર્મના રેવાજ પ્રમાણે ખુદાની સ્તુતી કીધી નહી. એબ્રાહામે તેને ઠપકો આપીને પુછયું કે તું અમારી માફક

ખાવાની અગાઉ સ્તુતી કેમ નથી કરતો ? તેણે જવાબ દીધો કે હું અગ્નીને માનું છું અને બીજા કોઇ દેવને માનતો નથી. આથી એબ્રાહામે ચીરડાઇને તેને ત્યાંથી હાંકી કહાડયો. તે વેળા યાહુદીઓના દેવે એબ્રાહામ આગલ દેખાવ દીધો અને ખુલાસો પુછયો, ત્યારે એબ્રાહામે કહયું કે ઓ દેવ, તને એ માનતો નથી તેથી મેં તેને હાંકી કાહડયો. આથી તે દેવે એબ્રાહામની ભુલ બાંજીને કહ્યું, કે તે મને માનતો નથી તે છતાં તે બુઢો થયો ત્યાં સુધી આજ લગણ મેં તેને કશી હેરાનગતી આપી નથી, ત્યારે શું તું તેને એક દિવસ તારે ત્યાં રાખવાની સહનશક્તી ધરાવી શકતો નથી? આ સાંભળીને એબ્રાહામે તે બુઢાને પાછો તેડાવી મંગાવ્યો, અને તે જુદા ધર્મનો હતો તે છતાં તેની અચ્છી પરોણાગત કીધી.

આ તો ધર્મ વિષે થયું, પણ અગાઉ તો વિદ્યા શાસ્ત્રીઓના મત સામે પણ લોકો છેડાઇ પડતાં હતાં, અને તેમને હેરાનગતી આપતાં હતાં. લોક મત ખોટું જણાવી પોતાનું મત જાહેર કરવામાં પણ અસલના વખતમાં જીવનો જોખમ સમાયલો હતો. "કોપરનીકસ"નો દાખલો લ્યો. સુરજની ચાલ વિષે તેણે પોતાનો નવો મત જાહેર કીધો કે લોકો તેને અધર્મી અને કાફર સમજવા લાગ્યા. 'ગેલીલીઓ'નો દાખલો પણ જાણીતો છે. તેણે દુરબીન બનાવીને આકાશ વિષેની તરેહવાર શોધો કીધી, તેને પણ લોકોએ અધર્મી ગણ્યો. તે વેળાની ધર્મની અદાલત જે મત જણાવે તે મત માનવાને લોકો બંધાયલાં હતાં, પણ જ્યારે ગેલીલીઓએ જુદાં મત જાહેર કીધાં, ત્યારે તેને ધર્મની અદાલતમાં ઘસડવામાં આવ્યો, અને તેને પોતાનાં મતો ખોટાં છે એમ માનવાની ફરજ પાડી. ગેલીલીઓ, કોપરનીકસ, વગેરે ખગોળ-શાસ્ત્રીઓનાં પુસ્તકો ધર્મની અદાલતે ખોટાં ઠેરવ્યાં, અને તેનો ફેલાવો થતો અટકાવવાનો હુકમ બાહેર પાડયો હતો. ગેલીલીઓમાં હિમ્મત હતી નહી, તેથી ધર્મની અદાલતના જુલમથી ડરી જઇને તે પાછલ હટયો હતો. ધર્મગુરૂઓના જુલમથી આખરે તે મરણ પામ્યો, પણ તેની શોધ આજે ખરી કબુલવામાં આવે છે.

"કોલમબસે" જ્યારે જાહેર કીધું કે દુન્યા ગોળ હોવાથી બીજી બાજુએ જમીન હોવી જોઇએ, ત્યારે લોકોએ તેને હસી કાહડયો હતો, કારણ કે તે વેળા પૃથ્વી ગોળ નથી પણ સપાટ છે એમ માનવામા આવતું હતું. તેણે ઇંગ્લંડ, ફ્રાન્સ, ઇટલી વગેરે દેશોનાં રાજ્યની મદદ માગી હતી, પણ કોઇએ તેને મદદ આપી હતી નહી. છેવટે તેને સ્પેનનાં રાજા રાણીએ મદદ કીધી, તે છતાં પાદરીઓની અને બીજા લોકોની ખફગીમાંથી તે બચવા પામ્યો હતો નહી. પરંતુ કોલમબસ હિમ્મતવાળો હતો, અને હિમ્મત ન હારી જવાથી તે અનેક નિષ્ફળતા પછી આખરે અમેરિકા ખંડ શોધી કહાડવામા ફત્તેહ પામ્યો. તેના વિરૂધીઓએ તેને બંધીખાનામા વટીક પુરયો હતો, અને તેની ઉપર જફા અને આપદા પાડવામાં કશી બાકાત રાખી હતી નહી, તે છતાં તે હિમ્મતથી સઘળી મુશકેલીઓની સામે થયો હતો, અને પોતાની શોધમાં ફત્તેહ પામ્યો હતો. મુશીબતો ખમી, આપદાઓ વેઠી, દુશમનોની સામે સહનશક્તિ બતાવી, આ માહાન શોધક જ્યારે મરણ પામ્યો ત્યારે તેની હાલત ઘણી કંગાળ હતી

જેઓ નવા નવા દેશો શોધી ગયા, જેઓએ આકાશમાં નવી નવી શોધો કીધી, જેઓએ વિદ્યા હુન્નરની શોધો કીધી, જેઓ સચ્ચાઇ, ધર્મ, અને સ્વદેશભક્તીમાં જીંદગી પસાર કરી ગયા, તેઓ સઘળાઓએ પોતાના લાભનો કદી વિચાર કર્યો હતો નહી. એવા માહાન બુધીવાળા નરોની નેમ ઘણી ઉંચી અને ઉમદા હોય છે. તેઓ મુશકેલીથી ડરતા કે હારી જતા નથી, પણ પૂર હિમ્મતથી પોતાનાં કામમાં ગુંટાયલા રહે છે. જ્યારે એવા નરો મરણ પામે છે ત્યારે દરેક જણ તેઓને માન સાથે યાદ કરે છે. તેઓ પોતાની મેહનતના ફળો પોતાની પાછલના જમાનાના લોકોને સોંપી જાય છે.

આપણી ઉચી ચાલચલગત, આપણી શ્રેષ્ટ કામ કરવાની શક્તિ, અને આપણી બુધ્ધિને ઉચી પંક્તી ઉપર લાવતાં સંકટ અને મુશકેલીઓની જરૂર છે. કોશેશ અને સબુરી એ દરેક કામમાં સાથેજ રહે છે.

મુગે મોઢેની સબુરી એ એક સદ્ગુણ છે. ખમવું, વેઠવું, અને સબુરી રાખી આશા રાખવી, અને વચમાં મુશકેલીઓ નડે તો હસ્તે મોંઢે તેને આવકાર આપવો, અને માથે જબરો બોજ આવી પડે તે છતાં ટટાર ઉભુ રહેવાની કોશેશ કરવી. સબુરીથી દુ:ખ સહન કરવું એ માણસ-જાતનો ઉત્તમ ગુણ છે. જેઓમાં એવો ગુણ હોય તેઓ ઉમદા અને પેહલવાની ખાસ્યતના કહેવાય છે. કવિ મિલ્ટન કહે છે કે જેઓ સર્વથી વધારે ખમી શકે છે તેઓ સર્વથી વધારે કામ કરી શકે છે.

અસલના યાહુદીઓ અને રોમન લોકો પોતાના દેશને માટે બહાદુરી અને જાનફેશાની બતાવી ગયા છે, તેમના અનેક દાખલા તવારિખમાંથી મળી આવે છે. સ્વદેશભક્તોમાં ખપતા કેટલાક લોકો મોટી મોટી ડીંગ મારે છે, અને વરની માફક બુમો પાડે છે, પરંતુ તેઓનાં સઘળાં કામો હેઠલ આપમતલબીપણું જરૂર છુપાયલુ હોય છે, અને તેઓ ફક્ત બોલીનેજ બેસે છે પણ કામ વખતે કામ કરતા નથી. પ્રમાણિકપણાંમાં, સચ્ચાઇમા, ઉદારતામાં, સ્વભોગમા, અને છુટાપણાંના ખરા શોખમા ખરૂં દેશભક્તીપણું સમાયલુ છે. યુરોપ ખંડમાં સ્વીટઝરલૅંડના લોકો સ્વતંત્ર-પણાનો ખરો ખ્યાલ આપે છે. ત્યાં જુલમી રાજાઓના સેંકડો વરસો સુધી દોર ચાલ્યો હતો, પણ લોકો સ્વતંત્ર ખવાસના હોવાથી રાજ્યગાદી ઉપરથી રાજાને ઉઠાડીને તેઓએ પોતાના પ્રતિનિધી તરીકે પોતાના વડાને પસંદ કીધો તેઓએ દરેક માણસને છુટાપણું બક્ષ્યુ, અને આજે પણ જેઓ પોતાના અંતઃકરણના અવાજ પ્રમાણે ચાલનારા હોવા છતાં પોતાના દેશની ખફગીમાં આવી પડે છે તેઓ ઈંગ્લંડ અથવા સ્વીટઝરલૅંડના મુલકમાં જઈને રહેછે, તો તેઓને ત્યાં પોતાની મરજી પ્રમાણે ચાલવાની છૂટ છે. આ સ્વીટઝરલેંડમાં મરદોજ બાહાદુર છે એમ ન સમજવું. ત્યાંની ઓરતો પણ ઘણી બાહાદુર અને સ્વતંત્ર હોય છે, અને જો જરૂર પડે તો મરદોના જેટલીજ હિમ્મત બતાવાને બાહેર પડે છે.

સ્કોટલંડ દેશના લોકોએ પોતાના છુટાપણા માટે કેવી કેવી લડત

ચલાવી છે, તે તવારિખમાં મશહુર છે. તેમના બાહાદુર આગેવાનો, જેમા "રોબર્ટ બ્રુસ," અને "વાલેસ" મૂખ્ય હતા, તેઓએ પોતાના દેશના છૂટાપણુ માટે જે બાહાદુરી બતાવી હતી તે વખાણુને પાત્ર છે. વાલેસ દુશમનના હાથમાં સપડાયો ત્યારે તેના કટકે કટકા કરવામાં આવ્યા હતા. તે છતાં સ્કૉટલાંડ દેશ આખરે પોતાનું છૂટાપણું મેળવી શક્યું.

બાહાદુરીનો એક દાખલો ફ્રાન્સ દેશની એક ઓરત, 'જોન ઑફ આર્ક,' પૂરો પાડે છે. ઇંગ્રેજોએ ફ્રાન્સ ઉપર હુમલો કીધો, તેવારે તેણીને સ્વપ્નો આવ્યો કે ઉઠ અને ફ્રાન્સના રાજાને મદદ કર, અને ઇંગ્રેજોને હાંકી કાહાડ. પેહલાં તેણીને દીવાની સમજવામાં આવી, પણ પછી તેણીને થોડા માણસોનું લશકર આપવામા આવ્યું, અને તેણી હિમ્મત અને બાહાદુરીથી લડી, અને આખરે તેણીએ ઇંગ્રેજોને મારી હટાડ્યા. પરંતુ થોડો વખત પછી જ્યારે ઇંગ્રેજોએ પાછો ફ્રાન્સ ઉપર હુમલો કીધો, તેવારે તેણી ઇંગ્રેજોના હાથમાં કેદ પકડાઇ, અને તેઓએ તેણીને ધર્મની અદાલતને સોંપી, જેઓએ તેણીને ડાકણ તરીકે ગણીને જીવતીને જીવતી બાળી નાખી. ફ્રેંચ લોકો જોન ઑફ આર્કને હજી ભૂલ્યાં નથી. તેણીની યાદમા હજારો બાવલાં અને સ્તંભો ફ્રાન્સમાં ઉભાં કરવામાં આવ્યાં છે, અને ફ્રેંચ લશકર તેણીનાં બાવલાં આગલથી જ્યારે પસાર થાય છે, ત્યારે હથિયાર નમાવીને તેણીને માન સાથે યાદ કરે છે.

પ્રકરણ ૬.

ભલાં કામમાં બાહાદુરી.

"આ દુન્યામાં ફરજનો રસ્તો તેજ પેલી દુન્યામાં મુક્તિનો રસ્તો છે."

અસલના વખતમાં પરાક્રમ અથવા બાહાદુરીનો અને સદગુણનો અર્થ એકજ થતો હતો. રોમન લોકોમાં બાહાદુરીની પિછાણ થતી હતી. ઉમદા કાર્યો માટે જોર અને શક્તિ તે બાહાદુરી છે. જે શખ્સ પોતાના ભાઇબંધોને જેમ બને તેમ ઉપયોગી થાય, તેમને ઉંચી પંક્તી ઉપર લાવે, અને તેમને બચાવે, તે શખ્સ ખરો પરાક્રમી કહેવાય.

વળી અંતઃકરણની બાહાદુરી પણ છે. પ્રમાણીકપણું, જાતી ભોગ, સ્વાર્થત્યાગ, એ ગુણો બતાવવાને જે માણસ લોકનિંદાની દરકાર કર્યા વગર બાહેર પડે, તે માણસ પણ બાહાદુર કહેવાય. ખરા પરાક્રમી માણસમાં સહન શક્તિ અને કાર્ય શક્તિ એ બે મુખ્ય જોઇએ. લડાઇના મેદાનમાં જે બાહાદુરી બતાવવામાં આવે છે તે કાંઇ ઉત્તમ પ્રકારની બાહાદુરી નથી.

ઓરતજાત જેનું કામ ખમવાનું અને માફ કરવાનું છે, તે મરદની માફક સહનશકિત બતાવવાને યોગ્ય છે. લડાઇની ખુનરેજીની હકીકતમાં જ્યારે આપણે વાંચ્યે છીએ કે એક ઓરત પોતાના આશકની સાથે મરદનો પોશાક સજીને બખ્તર પેહરીને પોતાના આશકની પાસે ખડી ઉભી રહે છે અને પોતાના આશકને જખમી થઈ પડતાં જોય છે, અને તે છતાં ત્યાંથી નાહસવાને બદલે પોતે મોહોતની સામે થાય છે, ત્યારે ઓરત પણ બાહાદુરી બતાવી શકે છે એમ પુરવાર થાય છે.

લડાઇમાં જઇ આવેલા કેટલા સિપાહો સંસારની ઢગાણુવાળી બીકટ ટેકરી ઉપર લડાઇ કરી શકે છે તે કહેશો ?

સિપાહ બાહાદુર કરતાં પોતાનો ધર્મ સમજનાર ફરજ—બાહાદુર જુદીજ રીતે વર્તે છે. તે કાંઇ મારામારીના મેદાનમાં બાહેર પડતો નથી. ફરજ—બાહાદુર સંકટ અને જાતી-ભોગના મેદાનમાં બાહેર પડે છે. તેની છાતી ઉપર લડાઇના ચાંદો લટકતા નથી, અને તેના મેદાનમાં લડાઇનો વાવટો ઉડતો નથી, અને જ્યારે તે પોતાની ફરજ બજાવતાં મરણ પામે છે, ત્યારે ધ્વજા સાથનો જાહેરશોક પળાતો નથી, પણ ફક્ત તેનાં મરણને લીધે સૌ જણુ તેને યાદ કરતાં આંખમાં આંસુ લાવે છે.

ફક્ત માન, કિર્તી અને ફત્તેહને માટેજ માણુસ જનમ્યું નથી, પણ તેના જન્મની નેમ આથી પણુ વધારે ઉમદા છે. 'જેરીમી ટેલર' કહે છે તેમ પરમેશ્વર માણુસને આ દુન્યામાં થોડો વખત રહેવા દે છે, પણ તે થોડા વખત ઉપર અનંતકાળનો આધાર છે. ઘણા દુશમનોની સામે થવું છે, ઘણાં દુઃખોની સામે થવું છે, ઘણા જોખમોની સામે થવુ છે, ઘણી મુશકેલીઓની સામે થવું છે, ઘણી તંગીઓની સામે થવુ છે, અને ઘણાં ભલાં કામો કરવાના છે, એ બધુ આપણે ભુલી નહી જવુ જોઇએ.

ધર્મની મુખ્ય ચાવી જાતી-ભોગ છે. ખરા પરાક્રમી મરદો અને ઓરતો જેઓ થઇ ગયાં, તેઓએ સ્વાર્થ કદી શોધ્યો હતો નહીં. તેઓએ પોતાની જીંદગી પારકાંઓને અર્પણુ કીધી હતી, અને તેમા કિર્તી અથવા માનની જરા પણુ આશા રાખી હતી નહી. ફરજ બજાવવાનો સંતોષ એજ બદલો તેઓએ મેળવ્યો છે. કેટલાક પરાક્રમી પુરૂષો તો લોકોનાં મોંમાંથી 'શાબાશ' નિકળે તે પેહલાં મરણુ પામ્યા છે. જેવી વર્તણુકની આપણે બીજાંઓ તરફથી આશા રાખ્યે, તેવી વર્તણુક આપણે બીજાઓ તરફ ચલાવવી જોઇએ, પરંતુ જેઓ દોલતમંદ અથવા માલેતુજાર હોય તેઓ પાસેથી તેવી આશા રાખવી મુશકેલ છે.

જો આપણે બરાબર સમજી શકીએ, તો આ દુન્યામાં કાંઈ પણ ચીજ નકામી નથી. આપણી જીંદગીના એકે એક અનુભવના કાંઈ પણ મહત્વ છે. દુ:ખ પણ માણસ જાતની મોટાઇની એક જાતની કસોટી છે. એક વખણાયલો જર્મન કવિ કહે છે તેમ—"જે શખ્સ ખાતાં ખાતાં રડ્યો નહી હોય, અને જે શખ્સે રાતે બિછાનામાં પડીને રડીને રાત નહી કાહડી હોય, તે માણસને ખુદરતની શક્તિનો ખ્યાલ નહીં હોય." જ્યારે દુ:ખદાયક બનાવો બને છે ત્યારે એમ સમજવું કે ખુદરત તરફથી આપણી પરિક્ષા લેવામાં આવે છે. જો આપણે સંકટની વેળા મુસ્તકીમ ખડા રહીએ તો મુસ્તકીમપણાંથી મનને શાંતી મળે છે, અને તેથી આપણી ફરજ બરાબર બજાવવામાં આપણને સંતોષ થાય છે.

જેઓ માગે તેમને ભલાં કામ કરવાની ઘણી તક મળે છે. જો તમે ચાહો તો બીજાઓનાં દિલ તમારી તરફ ખેંચી શકો. સબુરી અને ખંતથી મહાભારત કામો પાર પડે છે. લોકોની વખાણની આશા વગર ઘણા માણસો, તેમાં ઘણી ઓરતો પણ, મરવા તૈયાર થાય છે. તેઓ ગરીબ લોકોની મુલાકાત પાછળ ઘણો વખત રોકે છે. તેઓ બીમારોની માવજત કરવા મથે છે, અને તેમનાં દુ:ખોથી પોતે દુ:ખી થાય છે, અને તેમના દુ:ખનો ચેપ લાગવાથી તેઓ મરણ પામે છે. ફક્ત ફરજ અને દયાને ખાતર એ પ્રમાણે ઘણા જણે પોતાનો જીવ ખોહ્યો છે. લોકો એવાં માણસોને ચાહતાં શીખે છે, તે સિવાય બીજો કશો બદલો તેમને મળતો નથી. પોતાના લાભને ખાતર નહીં પણ પારકાંના લાભને ખાતર ભોગ આપવો એ કામ ખરેખર ધાર્મીક છે.

અસલના વખતમાં પણ મરકીની વેળા સઘળાં નાહસી જતા હતા. સોળમી સદીમાં ઇટલીના મીલાન પ્રગણામાં મરકી ફાટી નિકળી હતી. તે વેળા દરદીઓને મુકીને તેમના સગાં વાહલાંઓ દૂર નાહસી ગયા હતા. તે વેળા થોડાંક બાહદુર નર નારીઓ તેમની માવજત કરવા મેદાને પડયાં હતાં. પાદરીઓ પણ બીમારોથી બિહને નાહસતા હતા. તે વેળા ત્યાંનો વડો

ધર્મગુરૂ મરકીવાળી જગાએ ફરવા અને તપાસવા નિકળ્યો, ત્યારે તેના મદદનીશોએ તેને ઠપકો આપીને આવી દુલડાઇ કરવા માટે તેનું ધ્યાન ખેંચ્યુ, ત્યારે તેણે જવાબ દીધો, "એક ધર્મગુરૂ ભરવાડ જેવો છે અને લોકો તેનાં મેંઢાં જેવાં છે. પોતાના ટોળાને જોખમમાંથી બચાવવાની દરેક ભરવાડની ફરજ છે" એમ કહીને તેણે પ્લેગના દરેક દરદીની મુલાકાત લીધી હતી અને તેમને જોઇતો ખોરાક, દવા, દારૂ વગેરે પોતાની ગીરેથી પુરાં પાડયાં હતાં.

લંડન શેહેરમાં ઇ. સ. ૧૬૬૫માં પ્લેગ ફાટી નિકળ્યો, અને લાખો માણુસ મરણ પામ્યા, તે વેળા પણ બાહાદુર માણસો મદદ કરવા નિકળ્યા હતાં. કેટલાક ડાકટરો પણ તે વેળા બિહને નાહસી ગયા હતા, પણ ડાકટર હોલ્ડજનું નામ તેની સંપુર્ણ મદદ માટે આજ સુધી વખાણાયછું છે.* પારકાઓનાં દુઃખ ટાળવા માટે આ પ્રમાણે મોહોતના ડાચામા ઝંપલાવવુ એ ખરેખરા પરાક્રમી શુરાતન બાહાદુર માણુસનુ કામ છે.

લડાઇના મેદાનમાં સિપાહી અને અમલદારો જખમી થઇને પડે, તેમને લડાઇના મેદાનમા તોપોના ગોળાની વચ્ચે મદદ કરવી લશકરી ડાકટરોનું કામ છે, અને બાહાદુર લશકરી ડાકટરોએ તોપો અને ગોળીના મારની દરકાર ન કરતાં શાંતપણે જખમી થયલાઓને ત્યાંને ત્યાંજ મલમપટા કીધા છે, તેના દાખલા તવારિખમાં એટલા બધા સાધારણ છે કે અતરે આપવાની જરૂર નથી. આ તો મરદોની બાહાદુરીની વાત છે, પણ તુ લડાઇના મેદાનમાં જખમી થયલાઓને લશકરી હૉસ્પીટાલમા રાખીને તેમની સારવાર કરવાને કેટલીક દયાલુ નર્સો હિમ્મત દેખાડે છે, તે ખરેખર તારિફલાયક છે. યુરોપિયન લેડીઓ આજકાલ લશકરી હૉસ્પીટાલમા પૈસાને માટે નહી પણ ફક્ત ઉંચી માણુસાઇ ખાસીઅતથી દોરવઇને રાત

---

* હિંદુસ્તાનમાં પણ દર વરસે પ્લેગ ચાલે છે તે વખતે ઘણા બાહાદુર માણુસો દરદીઓની માવજત કરે છે, અને તે વેળા તેઓ પોતાના જીવની દરકાર કરતા નથી, તેમને પણ ધન્યવાદ ઘટે છે.

અને ડાહાડો પોતાના જીવને જોખમે જખમી થયલા સિપાહીઓને મદદ કરે છે, એટલુંજ નહી, પણ પોતાના પૈસા ટકાની મદદ કરવાને પણ ચુકતી નથી. તેઓ એમ કરીને ખરેખર પોતાની ફરજ બજાવે છે. યુરોપિયનોમા કેટલીક ઉચા વર્ગની સ્ત્રીઓ પોતાની મોજશોખ છોડીને દરદીઓ, જખમીઓ અને ભૂખે મરતાં અને રીબતાં લોકોને મદદ કરવામાં પોતાનો વખત રોકે છે, અને તેવી પેહલ કરનાર તરીકે મિસ 'નાઇટીનગેલનું' નામ તવારિખમાં મશહુર છે. તેણીની પાસે પૈસા પૂરતા હતા, તેણીની પાસે બેસીને સુખમાં જીંદગી ગુજારવા માટે પરતાં સાધન હતાં, છતાં બસ પોતાના દુ:ખી, દરદી અને જખમી થયલા જાતભાઇઓને મદદ કરવામાંજ તથા તેમની સારવાર કરવામાંજ તેણીએ પોતાની જીંદગી અર્પણ કીધી હતી.*

સંસાર છોડીને, સાધુ બનીને, જપ કરીને અથવા ભુખમરો વેઠીને કે તપ કરીને કેટલાંક પોતાની દેહનો ભોગ આપેછે તેના કરતાં એક સિપાહ-બચ્ચો પોતાનું જોર અને પોતાનો જીવ, પોતાના રાજાને માટે કહો, કે પોતાના દેશને માટે કહો, પોતાની આખી જીંદગી દરમ્યાન અર્પણ કરે છે તે પેલા સાધુ કરતાં પોતાની ફરજ વધારે બહાદુરીથી બજાવેછે એમાં કશો શક નથી.

સાદી અને એકમાર્ગી જીંદગીમાં બાઝે વખત ઘણી બાહાદુરી હોયછે. વળી ગરીબ માણસો જેટલી બાહાદુરી અને હીમ્મત દેખાડીને ફરજમાં જીપલાવે છે તેટલી પૈસાવાળાથી થતી નથી. ગરીબોને જેટલી ગરીબોની દાઝ હોય છે તેટલી દાઝ પૈસાવાળાને હોતી નથી. સદગુણી જીંદગી પછી તે ગમે તેવી ગરીબ હોય તોપણ તારિફને પાત્ર છે.

'મિસ મેરી કારપેનટર'નું નામ પણ એક પરમાર્થી બાનુ તરીકે મશહુર છે. તેણીએ લુચ્ચા લફંગાઓને સુધારવાની નેમ રાખીને સ્કુલો સ્થાપી હતી.

*** આપણા મુંબઇ ઇલાકામાં થોડુંક થયું કેટલીક પારસી તથા હિંદુ બાઇઓ પોતાની ગરીબ, દુ:ખી અને ભુખે મરતી બેહનપણીઓને મદદ કરવામાં પોતાનો ફુરસદનો વખત રોકે છે, એ તારિફલાયક શરૂઆત છે.**

પોતાની ઉમદા નેમથી, તેણી જે ગલીમાં પોલીસનો સિપાઇ જવાને બિહે તે ગલીમાં જતી હતી. ગરીબ અને કંગાલ જીંદગી ગુજારતાં માણસોનાં રખડતાં રઝળતાં છોકરાંઓને કેળવણી આપીને સારો માર્ગ બતાવવાની તેણીની મુખ્ય નેમ હતી, જે ખરેખર વખાણવા જોગ હતી. આખરે તેણીની શુભ નેમ એટલી વખણાવા લાગી કે સરકારને તેવાં ખાતાં ખોલવાની સુઝ પડી. ફક્ત પોતાના દેશમાંજ પોતાનું પરમાર્થી કામ લંબાવાને તેણી સંતોષ પામી હતી નહી. તેણી ચાર ચાર વખત અને તે પણ સાઠ અને સીત્તેર વર્ષની વૃદ્ધ વયે હિંદુસ્તાન આવી હતી, અને અહીં પણ પોતાની નેમ લંબાવવાને તારિફ લાયક યત્ન કરી ગઇ હતી. હજારો અને લાખો માણસો બદી અને ગુનાહમાં સબડતાં હતાં તેઓ આજે તેણીની બરકતથી જાતી મેહનતથી કમાઇને પોતાનું ગુજરાન કરતાં થયાં છે. આવી પરમાર્થી બાનુઓને માણસના રૂપમાં ફરેસ્તા કહીએ તો તેમાં કશું ખોટું નથી.

'ગ્રેસ ડારલીંગ'ની બાહાદુરી વિષે કોણ અજાણ્યું છે? ઉત્તર ઇંગ્લંડ તરફ તોફાની દરિયામાં સ્ટીમરોને ખડકોથી દૂર રહેવા માટે એક 'લાઇટ હાઉસ' બાંધવામાં આવી હતી, ત્યાંના રખેવાલ તરીકે એક બુઢ્ઢો, તેની ઓરત અને તેની દીકરી તે દીવાદાંડીમાં રહેતાં હતાં. ઇ. સ. ૧૮૩૮ માં એક સ્ટીમર (ફોરફારશીઅર) તોફાનમાં સપડાઇ, અને ભાંગીને ડુબી ગઇ. સ્ટીમરનાં સઘળાં માણસો દરિયાની તળેટીએ જઇ સુતાં, પરંતુ એક મછવામાં નવ જણ બેઠાં, અને પાસેના ખડક ઉપર જઇ ઉતર્યાં. દીવાદાંડીના રખેવાલની દીકરી ગ્રેસ ડારલીંગ સહવારના પોહોરમાં બતી બુઝાવવા ગઇ, તે વખતે તેણીની નજર સામેના ખડક ઉપર પડી, અને તેણીએ તેમને મદદ માટે નિશાનીઓ કરતાં દીઠાં હતાં. દીવાદાંડીનો રખેવાલ આવા તોફાની દરિયામાં બોટ ઉતારવા તદ્દન નાખુશ હતો, તે છતાં પોતાની બાહાદુર દીકરીની સમજાવતથી તેણે મછવો ઉતાર્યો, અને ગ્રેસ ડારલીંગની મદદથી અને હિમ્મતથી તેણે નવ જણને એકેક પછી પોતાની દીવાદાંડીમાં લઇ જઇને તેમને ખોરાક પાણી પૂરાં પાડયાં. આ ગ્રેસ ડારલીંગ પોતાની

આવી બાહાદુરીથી વેલાતમાં એટલી તો પંકાઇ ગઇ કે તેણીને જોવાને હજારો માણસો દૂરદરાજ શેહેરોથી આવવા લાગ્યાં. તેણીના ફોટોગ્રાફો વેચાવા લાગ્યા, અને તેણીની જાજા તારિફ થવા લાગી, પરંતુ તેણીએ કોઇબી વાત ઉપર ધ્યાન આપ્યું હતું નહીં. તેણીએ પોતાનાં મરણની છેલ્લી ઘડી સુધી સાદી જીંદગીજ ચાલુ રાખી હતી.

પ્રકરણ ૭.

દિલસોજી.

"છુપી દિલસોજી રૂપેરી કડી અને રેસમી ગાંઠ છે, જે કડી દિલને દિલ સાથે જોડે છે, અને જે ગાંઠ મનને મન સાથે બાંધે છે."—સર વૉલ્ટર સ્કૉટ.

દિલસોજી એ જીંદગીનો એક મોટો જરમ છે. દિલસોજીથી દુઃખ ટળે છે અને સુખ વધે છે. તેથી દુશમનાઈનો નાશ થાય છે, ચાતકી દિલ પીગળે છે અને માણસાઈ ખાચ્યત ખિલે છે. દરેક ધર્મનો મુખ્ય પાયો 'એક બીજાને ચાહો' એ ઉપર રચાયલો છે.

ખ્રિસ્તીઓના એક મહાન ધર્મગુરૂ (St. John) વિષે કહે છે કે ઘણી વૃદ્ધ વયે, જે વયે તે ઝાઝું ચાલી કે બોલી શકતો હતો નહી, તેને નાનાં છોકરાંઓના એક મેલાવડામાં ઉચકીને લઈ જવામાં આવ્યો. ત્યાં તેણે છોકરાંઓ સામે ભાષણ કરતાં કહ્યું, "નાનાં બાળકો, તમે એકબીજાને ચાહતાં શીખજો." ફરીથી તે બોલ્યો, "તમે એકબીજાને ચાહો." એ પ્રમાણે તેણે ઘડી ઘડી આ એકજ શિખામણ છોકરાંઓને દીધી, ત્યારે તેમાંથી એક જણ બોલી ઉઠ્યું, "બસ આ એકજ શિખામણ સિવાય બીજી કાંઈ શિખામણ નથી?" ત્યારે તેણે જવાબ આપ્યો, "હું આ શિખામણ ફરી ફરીને ભાર મુકીને આપું છું, તેનું કારણ એ છે કે જો તમે એ શિખામણ પ્રમાણે ચાલો, તો પછી બીજી કોઈ શિખામણની જરૂર નથી."

ઉપલી શિખામણ સર્વને લાગુ પડે છે. દિલસોજીનો પાયો માયા ઉપર રચાયલો છે. માયા અને બિનસ્વાર્થનો બીજો બોલ દિલસોજી છે. દિલસોજીની વેળા આપણે બીજાનાં મનની હાલતનો વિચાર કર્યે છીએ. તે વખ્તે આપણે આપણી જગા છોડીને બીજાની જગા લઇએ છીએ, અને તેની તરફ દયા બતાવ્યે છીએ, તેને મદદ કયે છીએ, અને તેનું સંકટ ઓછું કરયે છીએ. દિલસોજી વગરની માયા હોતી નથી, તેમજ દિલસોજી વગર મિત્રાચારી પણ હોતી નથી. દયાની માફક, દિલસોજી અને પરોપકાર આપનાર અને લેનાર બન્નેને ફાયદો કરે છે. દિલસોજ અને પરોપકારી માણસના દિલમાં સંતોષનો ઝરો છૂટે છે, તેમજ જે ધણી દિલસોજી અને મદદ મેળવે તે ધણીનાં દિલમા પણ સુખ અને સંતોષ પેદા થાય છે.

એક ધર્મગુરુ કહે છે કે હાથની મેહનત કરતાં દિલસોજીથી આપણે વધુ ભલું કરી શકયે છીએ. દિલસોજીથી આપણાં દિલમાંથી અદેખાઇ નિકળી જાય છે અને આપણે લાયકાતની પીછાણ કરતાં શીખયે છીએ. એક માણસ ઓહ્દો, લાગવગ, દોલત, તનદરોસ્તી પણ ખોહી દે, પરંતુ જો તેની તરફ બીજાઓની દિલસોજી હોય, તો તે આ સઘળી ખોટ ધિરજથી સહન કરી શકે છે, પણ જો બધું ખોહવા સાથ તે લોકોની દિલસોજી પણ ખોહી દે છે તો પછી તેની જીંદગી બોજા સમાન થઇ પડે છે.

ઘણી વાર બને છે કે ભલાઇનો ઉપકાર માનવામા આવતો નથી, પણ તેથી દિલસોજ માણસે પાછલ હટવું ન જોઇએ. આટલુ યાદ રાખવું કે કોઇ પણ માણસ પોતાનું ભલું કે બુરૂં કર્યા વિના પારકાંનું ભલું કે બુરૂં કરી શકતો નથી. દિલસોજ માણસ બીજાં તરફ દિલસોજી બતાવીને આડકતરી રીતે પોતાનું ભલુંજ કરે છે.

માણસના દિલમાં હેત ઉત્તપન્ન કરવા માટે દિલસોજી જેવી બીજી જોરાવર શકિત કોઇ નથી. કોઇ થોડાજ બુરી ખાસ્યતના હશે કે જેઓ ઉપર દિલસોજીની અસર નહિ થઇ શકે. એક મીઠો બોલ અથવા એક મીઠી નજર ઘણા દૃઢ વિચારના માણસને પણ પીગળાવી શકે છે. દિલસોજી દેખાડીને પ્યાર અને તાબેદારી મેળવી શકાય છે, પણ ઘાતકી-

પણાંથી અભાવ અને દ્વેશ ઉત્પન્ન થાય છે. એક કવિ કહી ગયો છે કે નરમાસથી જેટલું કામ થઈ શકે તેના કરતાં સત્તાથી અરધું કામ થઈ શકતું નથી.

કોઈ માણસની દિલસોજી ઉશ્કેરાઇને મોટું રૂપ લે. ત્યારે તે પરદુઃખ-ભંજન બને છે, અને લોકોનુ ભલું કરવા માટે તે દિલસોજી દેખાડતો રહે છે. અને ત્યારે તે પોતાના ગરીબ અને દુઃખી બાહબંધોની હાલત સુધારવા, ઉતરતા વર્ગના લોકોને ઉચી પંક્તી ઉપર લાવવા, માણસજાત વચ્ચે સુધારાનાં બીનો બોહલો ફેલાવો કરવા, અને જુદા જુદા દેશોની જુદી જુદી પ્રજા વચ્ચે સલાહસંપજ અને ભાઇચારો વધારવાની કોશેશ કરે છે. દરેક પૈસાવાલા અને જ્ઞાની માણસની ફરજ છે કે જે પોતાની હાલત સારી અને ઉચી હોય તો પોતાનાથી ઉતરતા જાતભાઇઓની અને બાહબંધોની સાધારણ હાલત સુધારવા પાછલ પોતાના પૈસાનો અને પોતાના વખતનો થોડો ભાગ આપવો.

પારકાના દુઃખ ટાળવા માટે પૈસા અને જ્ઞાનની ઘણી જરૂર નથી. પૈસાથીજ બધું થાય છે એમ ધારવું ભુલ ભરેલુ છે. વગર પૈસે પણ ઘણુ થઇ શકે છે. દરેક જણુ જો બીજાને ઉપયોગી થવાની કોશેશ કરે તો આ દુન્યામાં ઘણું ભલુ થઇ શકે. જોરાવર નબળાંને મદદ કરે, પૈસાવાલા ગરીબને મદદ કરે, શીખેલો અજ્ઞાનને મદદ કરે તો આ દુન્યાની હાલત ઘણી સુધરી શકે. વળી આ વાત પણ ધ્યાનમા રાખવી જોઇએ છે કે ગરીબ, નબળાં અને અજ્ઞાન માણસોએ પણ પૈસાવાલા, જોરાવર અને ભણેલાંને મદદ કરવી જોઇએ, કારણકે ચેલા વગર ગુરૂ નહી, અને ગુરૂ વગર ચેલા બનતા નથી.

જેઓને પોતાનાં મન ઉપર કાબુ હોતો નથી, જેઓ બીજાઓ તરફની પોતાની ફરજ સમજતાં નથી, જેઓ આખી જીંદગી દરમ્યાન પોતાની મોજશોખ શોધે છે, જેઓ નિચ મતલબને ખાતર બીજાઓને મદદ કરે છે, અને જેઓ જાહેરમાં નામ કરવા ભલાં કામ કરે છે, તેઓ

આપણી દયાને પાત્ર છે. આવા લોકો પોતાની સુંદર લાગણીને માટે મગરૂબી લે છે, પોતાના જીવનેજ ચાહે છે, અને પોતાની આસપાસનાઓ તરફ સહેજ પણ ચાહ ધરાવતા નથી. આ લોકો જાહેરમાં અને મંડળીમા ઘણી સભ્યતા દેખાડે છે, પણ તેમના ઘરે જઇને તપાસ કરયે, તો તેઓ પોતાની બાયડી છોકરાંઓ તરફ સહેજ પણ હેતથી કે સલુકાઇથી વર્તતા નથી. જ્યારે એક નાના છોકરાને બેહસ્ત વિષે કહેવામાં આવ્યુ કે જેઓ મરણ પામ્યાં છે તેઓ બધાં આપણને બેહસ્તમા મળશે, ત્યારે તે છોકરાએ પુછ્યુ, "મારા બાવા પણ ત્યાં મળશે કે?" જ્યારે તેને કહેવામાં આવ્યુ કે બચ્ચિત તારો બાપ પણ ત્યાં મળશે, ત્યારે તે છોકરાએ બન્ને હાથો હીલવીને કહ્યું કે હું બેહસ્તમાં જવા માગતો નથી. જે દીકરો પોતાના મુવેલા બાપને મળવા ન ઇચ્છે, તો તે બાપ કેવા દયાહીન અને ઘાતકી હશે તે આપણે સમજી શકીશુ.

આજે ખોટી અને ઢોંગી દિલસોજી ઘણી સાધારણ છે. જોડી કાઢેલા કાહાણી કીસ્સાઓ તરફ નાપસંદગી બતાવવામા આવે છે, તેનું એક કારણ એ છે, કે એવી જોડી કાઢેલી વારતાઓથી દયા અથવા ગુસ્સાની લાગણી ખોટી ઉસ્કેરાય છે. વારતામાં આવતા એક જાનવર તરફ વાંચનારની દયાની લાગણી ઉસ્કેરાય છે, જ્યારે તેજ વાંચનાર પોતાની બાયડી ઉપર જુલમ ગુજારતાં અચકાતો નથી. ભલાઇને ખાતરજ ભલુ કરવામા આવે, અને તે પોતાની આઇન ફરજ સમજીને કરવામા આવે, તોજ તેમાં ખરૂ માણસાઇપણું સમાયલું છે. એમ કરવાથીજ માણસાઇપણું ઉચી પંકતીએ ચઢે છે.

જેઓ લોકરક્ષી થઇ ગયા, તેઓ સર્વમાં દિલસોજીનો ભારે અંશ હતો. જો કોઇ પુછે કે ફલાણો શખ્સ ફાવે છે તેનું કારણ શુ, તો તેનો જવાબ આપી શકાય કે તેનામાં બીજાઓ તરફ દિલસોજી છે, માટેજ તે ફાવે છે. જે માણસ દરેક યોજનામાં સ્વાર્થ છોડી દઇને પોતાનુ સર્વ તન અને ધન રોકે, તે માણસ બીજાનું ભલું કરવામાં જરૂર ફતેહ પામે છે.

બીજાઓના સંકટ, તેમની મુશ્કેલીઓ, અને તેમની નિરાશીઓના કારણો કેવાં અને કેટલાં છે તે જાણી શકવું તેમાં ફિલસોફી છે.

એક જાણીતા ગ્રંથના નિચલા શબ્દો ઘણા કીમતી છે:—

"આપણા લોકોને સંભાળથી કેળવણી આપવી જોઇએ. તેઓને દરેકને પોતાની ફરજો શીખવવી જોઇએ, જેવી કે પોતાના કામધંધા ઉપર નિયમીત ધ્યાન આપવું, પોતાની તનદરોસ્તી સાચવવી, મીતાહારીપણું, દયા, ડાહ્યપણ, પવીત્રાઇ, એ સઘલું તેમને શીખવવું જોઇએ. માબાપ તરીકે તેમની ઘરની ફરજો શીશી છે, તે તે લોકે જાણવી જોઇએ. મંડળી તરફ સભ્યતાભરેલો અને પ્રમાણિક વેહવાર કેમ રાખવો તે દરેકે જાણવું જોઇએ. કામદારો તરીકે પોતાના વડાઓ તરફ સ્વતંત્રતા સાથે તાબેદારી બતાવતાં તેમને આવડવું જોઇએ. રાજ્ય તરફની ફરજ પણ દરેક જણે જાણવી જોઇએ, અને કાયદાને માન આપીને ચાલતાં આવડવું જોઇએ. આટલી ફરજો શીખ્યા પછી પોતાના દેશની અને સરકારની તવારિખ જાણવી અવસ્યની છે, પણ દરેક માબદ ધર્મનાં સિદ્ધાંતો ઉપર રચાવી જોઇએ."

દુન્યાનાં મોટાં શેહેરોમાં તેમજ નાનાં શેહેરોમા અને ગામડાંઓમાં ઉપલી જાતની કેળવણી આપવી જોઇએ. ગરીબ લોકો કંગાળ્યતપણાંમાં અને તંગીને લીધે પાપમાં સબડે છે, તેમને મદદ કરવા માટે કેટલાક લોકો પૈસા કાહડી આપે છે, પણ ઘણા ઝુજ લોકો પોતાનો વખત અને ભેજું વાપરીને તેઓને જાતે મદદ કરે છે. કંગાળ્યતમાં રહેતાં અને પાપમાં સબડતાં લોકોને સુધારવા, અને તેમને ઉચી પંક્તી ઉપર લાવવાને પરોપકારી નરોએ પોતે બાહાર પડવું જોઇએ. પહેલાં તેમને દારૂની બદી-માંથી મુક્ત કરીને પોતાની કમાણીમાંથી કાંઇક પૈસા બચાવતાં શીખવવું જોઇએ, અને તેમ કરીને તેમની પાસે પોતાનાં ભવિષ્યને માટે કાંઇ ગોઠવણ કરાવવી જોઇએ. પરોપકારી નરોએ મુફત નિશાળો, મુફત લાયબ્રેરીઓ ઉઘડાવીને તેનો લાભ લેવાને ગરીબોને સમજાવવાં જોઇએ. વળી તેમને ધર્મની સમજણ આપવી જોઇએ, કે જેથી તેઓ લુચ્ચાઇ લફંગાઇમાં

પડતા અટક. મોટા શેહરોમાં એક નહી, પણ અનેક પરગજુ નરોએ બાહેર પડવું જોઇએ, અને પોતાનાં બાહોશ ભેજાથી પોતાની કિમતી મદદ લોકોને આપીને તેમને ભૂખમરામાંથી અને અકાળ મૃત્યમાંથી બચાવવાં જોઇએ, અને જો પરોપકારી નરો પોતાનાં પરમાર્થી કામોની શરૂઆત કરીને વચમા મરણ પામે, તો તેમનાં કામો આગલ ચલાવવા માટે બીજા પરોપકારી નરોએ બાહેર પડવુ જોઇએ.

એક માણસે પોતાને નિચલા સવાલો પુછવા જોઇએ: (૧) આ દુન્યામા મે ભલાઇનાં કામ કેટલાં કર્યાં ? (૨) લોકોને ઉપયોગી થવાને મે શુ કર્યુ ? (૩) મારો સામટો સરવાલો ભલાઇનો છે કે ભુંડાઇનો ?

એક જડજના બોલો ધ્યાન પુગાડવાજોગ છે. તે કહે છે કે મોટાં લોકો ગરીબોની સાથે ભેળાતા નથી તેનુ મુખ્ય કારણ મને પુછો તો હું કહીશ. તેનુ કારણ એજ છે કે મોટાંઓનાં દિલમાં ગરીબો તરફ દિલસોજી રહેતી નથી આથી જ્યારે પૈસાવાળાઓ ગરીબ તરફ દિલસોજી અને મદદ લબાવતાં નથી, ત્યારે ગરીબો પૈસાવાળાં તરફ તાબેદારી અને માન ધરાવતાં નથી.

અસલના જમાનામાં સાધારણ ધારો હતો, કે જેઓ પાસે પૈસાની રગછેળ હોય, તેઓએ મુરબી તરીકે બાહેર પડીને જેઓ ગરીબ હોય તેમની તરફ સખાવતનો હાથ લંબાવવો, પરંતુ આજે ધારો એ છે કે સો સોએ પોતાના સ્વાર્થને વળગી રહેવું, અને પોતાના સ્વાર્થને પોપવાને ખંતથી મંડયા રહેવું, અને પોતાની ભૂખ તૃપ્ત કરવા માટે જે જે નડતર વચમાં નડે તેને પગે કચડી નાખવી.

આજે શેઠો અને કામદારો વચ્ચેની દિલસોજી પણ મરણ પામી છે. શેઠો અને કામદારો એક બીજા સાથે ભેળાતા નથી. કેટલીક વખત તેઓ એક બીજાને ઓળખતા નથી. જો કામદારોને વધારે રોજ જોઇએ તો તેઓ હડતાલ પાડે છે. જો શેઠોને સસ્તા કામદારો જોઇએ તો કાર-

ખાતું બંધ કરે છે. કામદારો શેઠોની ગાડી તરફ ધસી જાય છે, અને તેમના ઘરને નુકસાન કરે છે અથવા આગ લગાડે છે. બન્ને બાજુ તરફથી પોતાના બચાવમાં લાંબાં લાંબાં લખાણુ થાય છે, અને છેવટે સઘળું થંડું પડે છે; પણ આવી બાબદનો એક વાર છેવટનો નિવેડો લાવવાને કશો યત્ન થતો નથી.

ઘરના નોકરો તરફ પણ ઝાઝી દિલસોજી દેખાડવામાં આવતી નથી પૈસા આપીને કામ લેવું; અને પૈસા લઇને કામ કરવું; બીજી કશી વાત જાણવામાં આવતી નથી. શેઠને કે શેઠાણીને નોકરો તરફ કશી દિલસોજી રહેતી નથી. નોકરોની સગવડ કે સુખ તરફ શેઠ શેઠાણી કશું ધ્યાન આપતાં નથી, અને જો તેમને કાંઇ ઓછું પડયુ તો નોકરને રજા આપે છે.

કોમ તરફ પણ દિલસોજીની કોતાઇ સર્વે જગે હાજર છે. કોઇ એક બીજાને જેવું જોઇએ તેવું ઓળખવાની દરકાર કરતું નથી. આખી કોમમાં પણ જ્યાં જુવો ત્યાં મતલબીપણુંજ દેખાય છે. સર્વ કોઇ પોતાની મોજમજાહમાં અને પૈસા કમાવામાં રોકાયલાં રહે છે. દરેક માણસ 'હું સરસ' બસ એમ સમજીને બીજાને ઉતરતુ ગણે છે જેઓ ઉપર આ દુન્યાનો અતીઘણો બોજો પડેલો હોય, તેમનો બોજો ઓછો કરવાને કોઇ હાથ લંબાવી મદદ કરતું નથી. દુકમાં બાઝીયાગે કેવો થાય છે તે સમજવાની કોઇ દરકાર કરતું નથી.

આળસુ અને મતલબી માણસ દુન્યાના લોકો માટે ઘણીજ થોડી દરકાર કરે છે. ગરીબ, નાચાર, અથવા અનાથ લોકોને મદદ કરવા તે ખુશી હોતો નથી. મને શું લાગે વળગે છે, સૌ સૌને પોતાનું ફોડી લેવા દો, મને તેને શા માટે મદદ કરવી જોઇએ, મને તો કોઇ મદદ કરતું નથી માટે મારે શા માટે બીજાની દરકાર કરવી જોઇએ, દુન્યામાં તો ઘણા ગરીબ નાચારો છે, અને ખુદાએ તેમને ગરીબ બનાવ્યાં તો તે લોકે મુગે મોઢે ગરીબાઇ ખમવી જોઇએ, એવું એવું કહીને તેઓ પોતાનાં મતલબીપણાંને ટેકો આપે છે.

જે દેશમાં પૈસાવાલાઓ અને આગેવાન શખ્સો ઉતરતા વર્ગો તરફ દિલસોજી ધરાવતા હોય, અને જ્યાં પૈસાવાલાઓ સખાવતનો હાથ ખુશીથી લંબાવતા હોય, તે દેશના લોકો આબાદ કહેવાય, અને ત્યાંના લોકોની હાલત સુધરેલી કહેવાય, પણ જ્યાં પૈસાવાળાઓ ફક્ત પૈસા આપીને ગરીઓ પાસે વહીવટ કરાવીને બીજી કોઇ પણ જાતની દિલસોજી અથવા મદદ આપવા ખુશી ન હોય, ત્યાં તે શેહેરની હાલત કોઇ પણ પ્રકારે ચઢીઆતી કહેવાય નહી.

કેટલાક પૈસાવાળાઓના હૈયા લોખંડના જેવાં કઠણ હોય છે તેઓનું દિલ એટલું સખ્ત હોય છે કે તેમના પગ આગલ કોઇ રડીને મરણ પામે, અથવા તેમની નજર સામે છાતી ફાડી નાખે તેવો ગજબ બને, તોપણ તેઓ પાસેથી અરધી સખાવતમાં અપાય, એવી આશા રાખવી ફોકટની છે. બીજાઓ તરફ દિલસોજી તે કેળી હોય તેથી તેઓ તદન અંજાયા હોય છે.

ખરૂં સુખ શામાં છે? "મોટી પદવીમાં કે માનચાંદ અને ખેતાબોમાં સુખ નથી; બેંક પાસે પૈસા હોય તેટલા તમારી પાસે હોય તો તેથી તમે સુખ અને સંતોષ ખરીદ કરી શકશો નહી; ધંધામાં મોટો નફો મેળવ્યા, તેથી તમને સુખ મળ્યું એમ સમજશો નહી. ચોપડીઓ વાંચી અને ઘણું શિખ્યા અને મોટી મોટી પરિક્ષાઓ પસાર કીધી તેથી તમે ખરેખર સુખી થયા એમ ધારશો નહી; ખરાં સુખ અને સંતોષના જબા તમારી છાતીમાં છે; તમે ગમે તેવા મોટા હો, ગમે તેવા પૈસાવાળા હો, અને ગમે તેવા ભણેલા હો, પણ તમારા દિલમાં દિલસોજી નહી હોય, તો તમે સુખી કહેવાઇ શકો નહી."

વિધવાઓને અને માબાપ વગરનાં છોકરાંઓને મદદ કરીને તેમના દિલ ખુશી કરવાં, નાચાર અને સંકટમાં સપડાયલાંની હાલત સુધારવાની કોશેશ કરીને ગરીઓનાં દિલ રાજી કરવાં, તેમાં સુખ છે. આંખ મીચીને પૈસા કમાઇને એકઠા કરવા અને આજુબાજુના લોકોની હાલત તરફ આંખ મીચીને ચાલવું, તેમાં સુખ સમજવું એ ખરેખર મોટી ભૂલ છે.

જેઓ પોતાના જાતભાઇઓને ચાહે છે, તેઓ મોજમજાહને કે કિર્ત્તીને ચાહતા નથી. આપણા જાતભાઇઓને ચાહવાં, અને તેમને મદદ કરવી એ આપણી જીંદગીની મૂખ્ય ફરજ છે, કારણ કે આ દુન્યામાં આપણે જન્મ લીધો છે તે ફક્ત આપણા એકલા માટેજ નથી.

નિચ અને ગુનાહભરેલી બાબદોને ધિક્કારતાં શીખવું તેમાંજ મોટાઇ અને સરસાઇ છે. સદગુણ એટલે શું? સદગુણ એટલે સારાં કામ તરફ પ્યાર અને ખોટાં કામ તરફ ધિક્કાર.

વળી બીજાંઓ તરફ માયા મોહબત અને દિલસોજી બતાવવામા પોતાની મેળે આપણને ફાયદો થાય છે. તેથી સામી બાજુએથી આભારની લાગણી ઉત્તપન થાય છે, અને જે કામ પૈસાથી ન થઇ શકે તે કામ આભારની લાગણીથી થઇ શકે છે. જે ઘરમાં માબાપ અને છોકરાઓ વચ્ચે, તેમજ શેઠો અને નોકરો વચ્ચે દિલસોજી હોય, તે ઘરમાં સઘળુ આનંદ દીસે છે. જે ઘરમાં દિલસોજી ન હોય, તે ઘરમાં આનંદ જેવું કશું દેખાતું નથી, અને તે ઘરમા માયા, મોહબત, અને મુખ સંપજ કાંઇ જણાતું નથી.

એક લખનાર પોતાના નિબંધમાં લખે છે કે આપણે એક માણસને દાહડે દાહડે વધારે અને વધારે પૈસા કમાતો જોઇએ છીએ, તેની પદવી વધતી જાય છે, અને તે પોતાના ધંધામાં નામના કરે છે, એમ જોઇને આપણે કહીએ છીએ કે એની જીંદગીની કારકીર્દી ફત્તેહમંદ ઉતરી છે. પણ જો તેના ઘરમાં કશો ઢંગધડો હોય નહી, તે પોતાનાં કુટુંબનાં માણસો સાથે મોહબતથી વર્તતો હોય નહી, જો તેના નોકરો તરફ તેણે કદી માયા ભરેલી નજર કીધી હોય નહી, અને તેમની તરફ કોઇ દિવસે દિલસોજી દેખાડી હોય નહી, તો તેની જીંદગીની કારકીર્દી ફતેહમંદ ઉતરી છે એમ હું કહું નહી. તેણે ધંધાધાપામાં ગમે તેવી ફત્તેહમંદી મેળવી હોય, પણ તેને માટે હજી બીજી ફત્તેહ મેળવવાની બાકી રહી છે. પોતાનાં ઘરને માયા

મોહબત અને દિલસોજીનું મધ્યબીંદુ બનાવીને તે મધ્યબીંડામાંથી દિલસોજીનાં કિરણો ચોમેરે ફેંકવા તે શક્તીવાન થાય, ત્યારેજ તેની આ જીંદગીની કારકીર્દીમાં સંપુર્ણ ફત્તેહ મેળવેલી કહેવાય."

એક કુટુંબનો બાપ તે એક રાજા છે, પણ જેઓની ઉપર તે હકુમત ભોગવે છે તેઓ તરફ તેની સંપુર્ણ દિલસોજી હોવી જોઇએ. પેહલો સુધારો કુટુંબમાં થાય છે, અને પછી તે મંડળીમાં ફેલાય છે. માબાપોની મુખ્ય સતા દિલસોજીમાં અને પ્યારમાં હોય છે. બાળબચ્ચાંના લાભને માટે કુદરતે ઓરતને ઉમદામાં ઉમદા અને સુંદરમાં સુંદર પ્યારની લાગણી બક્ષેલી છે. બચ્ચાંને પહેલાં માતાનો પ્યાર મળે છે. તેણી તેને બોકીઓ લેછે, અને રાતે ઉજાગરો કરીને તેની સંભાળ કરે છે, અને જેમ છોકરૂં નબળું અને અશક્ત તેમ માતાની દિલસોજી અને પ્યાર વધારે હોય છે. બાપ કુટુંબ ઉપર હકુમત ચલાવે છે, અને મા ઘરનું કામકાજ સંભાળે છે. બાપને માયા બતાવતાં અને પોતાના મન ઉપર કાબુ રાખતાં આવડવું જોઇએ. ઘરનું સુખ અને સગવડ સાચવવાનો હુન્નર માતાને આવડવો જોઇએ. નહી તો પરણેલી જીંદગી કજીઆ કંકાસથી ભરપુર થાય છે. જો બાપ દિલસોજ ન હોય તો તેના કુટુંબમા ભારે નુકસાન થાય છે. જો એક માણુસે સુખી થવું હોય, તો તેને ઘરનો સાથી તેમજ જાનનો સાથી જોઇએ. બન્નેએ એકબીજાં તરફ પ્રમાણિક, વફાદાર અને દિલસોજ રહેવું જોઇએ. તેઓ બન્નેએ પોતાનાં બચ્ચાં તરફ પ્યાર રાખવો જોઇએ. એક ઘરની જંજાલ ઘણી હોય છે, પણ જાતી-ભોગ અને જાતી-કાબુથી તે સઘળી જંજાલ દૂર થઇ શકે છે. સબુરી એ ઓરતનું ભૂષણ છે અને મરદની કસોટી છે. સબુરીવાલા છોકરાને સર્વ જણ ચાહે છે, અને એક સબુરીવાલા જવાનની સર્વ જણ તારિફ કરે છે. મોટી ઉમરવાલામાં સબુરી હોય તે પણ વખણાય છે. જો કોઇ ગુસ્સાવાલા માણુસને જવાબ આપવો હોય, તો જોરનું કશું કામ નથી તેમજ ડહાપણુની કશી જરૂર નથી. ગુસ્સાવાલા માણુસ સાથે સબુરી અને નાખતીની જરૂર છે. કહેવત છે કે એક કણુભાર ખુશ મીજાજ તે એક મણુભાર ઉદાસીની બરાબર છે.

બાહેરના દેખાવ પરથી એક ઓરતની જીંદગી સમજી શકાતી નથી, તેમજ તેણીના દિલના ગુણો પણ કહી શકાતા નથી. દરેક છોકરીને શીખવીને પાકત ઓરત બનાવવી જોઇએ. ઓરતપણાંનો અર્થ એહલો છે. નાજુકઇ, સામા ધણી ઉપર આધાર, વિશ્વાસ, માન, તાબેદારી, તેમજ સહનશક્તિ, સંભાળ લેવાની શક્તિ, અને ઉછેરવાની શક્તિ એ સઘળું ઓરતપણામાં સમાઇ જાય છે. ઓરત પોતાની ફરજ અદા કરવામાં તૈયાર હોયછે તેમજ મક્કમપણામાં મરદ કરતાં ઉતરતી નથી. નરમાસપણાંથી નાના માણસનું દિલ જીતવાની શક્તિ, અને ધીરાગીરીમાં તેણી બેશક ચઢીઆતી છે. એક નેક ઓરત પોતાના વરનાં કામકાજ તરફ દિલસોજી ધરાવે છે. તેણી તેને સમજાવી પતાવીને ઉત્તેજન આપે છે અને મદદ કરે છે. ધણીની ફતેહને અને ધણીની મોજને તેણી પોતાની ફત્તેહ અને પોતાની મોજ માને છે, અને ધણીના ગુસ્સાની અને ચીડની તેણી ઝાઝી દરકાર કરતી નથી.

જ્યારે સામા ધણીની જીંદગી જોખમમાં હોય છે, ત્યારે તેના જાન બચાવવાની મજબુત ઇચ્છા થાય, તે દિલસોજીનો એક અચ્છો નમુનો છે. એક બાઇ પોતાના ખાનગી સંગ્રહસ્થાનને માટે દરિયે કિનારે ફરીને શંખ એકઠા કરતી હતી. દરિયા તરફ નજર જતાં તેણીએ કોઇ એક મરદને દરિયાની અંદરના એક ટેકડા ઉપર ઉભેલો જોયો. તે કોણ હતો તે તેણી દૂરથી કહી શકી નહી, પણ તેનો જાન જોખમમા હતો એમ તેણી જોઇ શકી. ભરતીના પાણી તે ટેકડાની આજુબાજુ ફરી વળ્યાં હતા, અને જે વખત જાય તેમાં પેલો માણસ પાણીમાં ધસડાઇ જવાની ધાસ્તીમા હતો. આ દેખાવ જોઇ તેણીની દિલસોજી ઉશ્કેરાઇ અને તેણીએ એક બોટવાલાને જે માગે તે આપવા કબુલ થઇને તે માણસનો જીવ ઉગારવાની વિનતી કીધી. મોટું દામ લેવા કહીને એક બોટવાલાએ તે ટેકડા તરફ હંકારયું. તે માણસની છાતી સુધી પાણી ઉંચે ચઢયાં હતાં, પણ પેલા બોટવાલાએ તેને જેમ તેમ બચાવ્યો, અને કિનારે

ઉતાર્યો. તે માણસને જોઈને પેલી બાઈની અચરતીનો પાર રહ્યો નહી, કારણ કે તે મરદ બીજો કોઈ નહી પણ તેણીનો પોતાનો ધણી હતો.

એક બીજો દાખલો લ્યો. આ દાખલામાં દિલસોજીની સદંતર ગેરહાજરી છે. એક મીટીંગમાં એક જણ ધર્મની વાયજ કરતાં કહેવા લાગ્યો કે ભાઈઓ, એક વાર મેં એક માણસની હિમ્મત અને સબુરી ઘણી વખાણવા લાયક જોઈ. તેની બાયડી મરી ગઈ, અને એક પછી એક બધાં છોકરાં મરણ પામ્યા, પણ જાણે કાંઈ નહી બન્યું હોય તેમ તે ધણી જરા પણ દુ:ખી દેખાયા વગર પોતાની સરજતને તાબે થયો. આમ તે બોલી રહ્યો કે તે મીટીંગનો સદનશીન ઉઠીને કહેવા લાગ્યો, કે આ મારા મિત્રે જે તમને દાખલો આપ્યો છે તે કોઈ કઠણ છાતીના અને ક્રૂર સ્વભાવના પાપી માણસનો છે એમ સમજવું. પોતાની બાયડી છોકરાં મરણ પામ્યા તે માટે જે ધણીને જરાએ દુ:ખ ઉતપન્ન થયું નહી, તે માણસ તદન દિલસોજીહીન હોવો જોઈએ. ધર્મ કાંઈ એમ શીખવતો નથી કે તમારે તમારા દિલમાંથી દિલસોજી કાહડી નાખવી. ઉલટો, ધર્મથી માણસ વધારે ને વધારે દયાળુ અને દિલસોજ બને છે.

બીજો એક દાખલો ખરી દિલસોજીનો છે. એક બંગલાના દરવાજા આગલ એક યુરોપિયન ગ્રહસ્થ ઉભો ઉભો બીડી પીતો હતો, તેની આગલ એક કાંડીની પેટી વેચનાર છોકરો આવ્યો અને બોલ્યો, "એક દોઢીઆંની કાંડીની પેટી ખરીદશો?" પેલાએ કહ્યું કે મને કાંડીની પેટીની જરૂર નથી. પરંતુ જ્યારે પેલા છોકરાએ પોતે ભુખ્યો છે એમ જણાવ્યું, ત્યારે ફક્ત દિલસોજીને ખાતર પેલા ગ્રહસ્થે બે કાંડીની પેટી ખરીદી, પણ ગજવામાં છુટાં દોઢીઆં ન જડયાં, ત્યારે તેણે અરધો રૂપીઓ કાહડી આપ્યો, જે વટાવા તે છોકરો દોડયો. ઘણો વખત વહી ગયો પણ તે છોકરો પાછો ફરયો નહી, તે છતાં પેલા ગ્રહસ્થનું અંતઃકરણ અંદરથી કહેતું હતું કે તે છોકરો પૈસા લઈને નાહસી જાય તેવો લાગતો હતો નહીં. રાત્રે તે જમવા બેઠેલો હતો તે વારે એક નોકરે આવીને

કહ્યું કે એક મુસલમાનનો નાનો છોકરો તમને મળવા માગે છે. આ છોકરો પેલા કાંદીવાલાનો નાનો ભાઇ માલુમ પડયો. આ છોકરો પણ ઘણો ગરીબ અને કંગાળ અવસ્થામાં હતો. તે છોકરાએ પુછ્યું, "મારા ભાઇને સહવારે અરધો રૂપીઓ આપ્યો હતો તે તમે કે' લો આ ચાર આના. મારો ભાઇ આવી શકતો નથી, કારણ કે તમારા પૈસા વટાવા ગયો તે વખતે તેને ગાડીનો આંચકો લાગ્યો, અને તે ગાડી તળે આવી ગયો છે, અને તેના બન્ને પગને ઇજા થઇ છે. તેને ઇસ્પીટાલમા લઇ જવામાં આવ્યો છે, અને ડાક્ટર કહે છે કે તે બચશે નહીં. હાથમાંથી અરધો રૂપીઓ ગબડી ગયો એમ મારો ભાઇ કહે છે. મારી પાસે ફક્ત આ ચાર આના છે, વધારે નથી!"

ઉપલી વાત કહેતાં તે પ્રમાણિક નાનો છોકરો પુષ્કળ રડવા લાગ્યો આ યુરોપિયન ગ્રહસ્થ જે ઘણો દયાળુ અને દિલસોજ હતો, તેણે તે છોકરાને પેટ ભરીને ખાવાનું આપ્યું, અને તેને કપડાં બદલાવીને એક ગાડીમાં બેસાડીને, તે તેના ભાઇને ઇસ્પીટાલમાં જોવા ગયો. ખબર કાઢતાં માલુમ પડયું કે આ બન્ને ભાઇઓ એક છાકટ મત્રાઇ માની સાથે રહેતા હતા. તેમનાં ખરાં માબાપ મરણ પામેલાં હતાં. ઇસ્પીટાલમાં જ્યારે પેલા ગ્રહસ્થે ઇજા પામેલા છોકરાને જોયો, ત્યારે તેણે પેલા ગ્રહસ્થને ઓળખીને માફી ચાહી કે સાહેબ, હું ગાડી તળે આવી ગયો ત્યારે મારા હાથમાંથી પૈસા પડી ગયા. હવે હું શું કરૂં! હવે મારા નાના ભાઇનું શું થશે' પેલો યુરોપિયન ગ્રહસ્થ એટલો દયાળુ હતો કે આવા ગરીબ પણ પ્રમાણિક બે છોકરાઓને જોઇને તેને તેમને માટે ઘણું દુ:ખ થયું, અને તેણે પેલા મરણતોલ છોકરાને ખાતરી આપી કે હું તારા નાના ભાઇને મારે ત્યાં નોકરી રાખીશ, અને તેની સંભાળ લઇશ. આવી રીતે જ્યારે તે વડા ભાઇએ પોતાના નાના ભાઇની સલામતીની ખાતરી મળેલી જોઇ, ત્યારે તે બિચારાએ પોતાનો પ્રાણ છોડી દીધો!

દિલસોજીથી માણસની કિર્તી વધે છે. દિલસોજીનો બીજો અર્થ પ્યાર છે. દિલસોજ માણસ દુઃખી અને દિલગીર માણસોની મદદે ધાય છે. જ્યાં ધાતકીપણું, અજ્ઞાનપણુ, કંગાળીઅતપણું હોય ત્યાં દિલસોજ માણસ મદદ કરવા દોડે છે. કાંઇ દિલગીરીનો દેખાવ દેખાય કે કોઇ કકળાટનો અવાજ સંભળાય, ત્યારે દિલસોજ માણસનું ધ્યાન તુરત ખેંચાય છે, અને તે ત્યાંથી મદદ કરવા વિના ચાલી જઇ શકતો નથી. ગુલામગીરીની સામે અંગ્રેજોની લડત પણ દિલસોજીનું પરિણામ છે. દારૂનિષેધક મંડળીની હિલચાલો પણ દિલસોજીને લીધે થાય છે. પછાત વર્ગની ઉન્નતી કરવાનું કામ પણ દિલસોજી વગર થતું નથી.

દરેક માણસના દિલમાં દિલસોજીને માટે જગા રહે છે. જેને ખુદા ઉપર પ્યાર હોય છે તે પોતાના પાડોસીને પણ ચાહે છે, પછી તે પાડોસી ગરીબ હોય કે તવંગર હોય. દરેક ખુદાપરસ્ત માણસ દાનસારી, પ્રમાણીક અને દયાલુ થવાને ચુકતો નથી. ગરીબની પરવરેશ કરવી, માબાપ વગરનાં છોકરાંને મદદ કરવી, અને વિધવાઓને સહાય થવું, પરોપકારની યોજનાઓ અમલમાં મુકવી, ગરીબોની સ્થિતી સુધારવી, એ સઘળાં માટે ઉદ્યોગની દયાની અને પ્યારની જરૂર છે.

પરોપકારનાં કામ મોટાં અને પૈસાવાલાંઓથીજ થાય છે એમ માનવું ભુલભરેલું છે. દુન્યાની તવારીખ કહે છે કે એ કામ ગરીબોથી પણ થઇ શકે છે. ગરીબ માણસની હાજત ગરીબ વધારે સમજે છે. મોટાં શેહેરમાં ગરીબ છોકરાંઓના ચિંતાતુર ચેહરાઓ અને ફિકર ચિંતાથી કરચલી વળેલાં મોઢાંઓ જોવાથી તુરત માલુમ પડે છે, કે તેઓ સંકટ અને આફતના બોજા તળે દુઃખી થાય છે. ગરીબોના રહેઠાણને રહેઠાણનું નામ આપવું પણ ખોટું છે. પૈસાવાલા અને ગરીબોની રહેવાની રીતજ સદંતર જુદી છે. ગરીબોનેજ ગરીબનું લાગે છે. ગરીબોને કયી જાતની હાડમારી હોય છે તે ગરીબને વધારે ખબર હોય છે. ગરીબ તરફ કેવી રીતે દિલસોજી દેખાડવી તેની ખબર ગરીબને વધારે હોય છે. લોકો પૈસાવાલાની સખાવત

વિષે ગમે તેવી મોટી વાત કરે, પણ ગરીબ લોકોની ખરાં દિલની મદદ સાથે તે સરખાવી ન શકાય. ગરીબ વર્ગમાં એક બીજાને કેમ મદદ થાય છે તે વિષે પૈસાવાળાઓ તદન અજાણ્યા હોય છે. આખો દાહડો વહીતરૂ કરનાર માણસ, જેને પોતાનાં પેટ પુરતું પણ મળતું ન હશે, તે બીજા ગરીબને દુઃખી જોઇને જેટલી દિલસોજી દેખાડીને મદદ કરશે, તેટલી દિલસોજી અને મદદ પૈસાવાલાથી થઇ શકતી નથી. ગરીબ વર્ગની બાયડીઓ એક બીજા તરફ જેવી હળીમળીને ચાલતી હશે, તેવી રીત પૈસાવાળાઓની બાયડીઓમાં જવલેજ દીઠામાં આવશે.

વેલાતમાં 'મેરી એન કક'નું નામ ગરીબો તરફની દિલસોજી માટે મશહુર છે. તેણી પોતે એક મીલમાં નોકરી હતી, પણ પોતાના આખા દહાડાનાં કામ પછી તેણી મીલમાં કામ કરતાં નાનાં છોકરાંઓને સાંજે ભેગાં કરીને લખતાં વાંચતાં શીખવતી હતી, અને ભલી રીતે કેમ વર્તવું, અને સુઘડાઇ કેમ રાખવી, અને સાચા અને પ્રમાણિક થઇને ધર્મી કેમ બનવું, તે સઘળું શીખવતી હતી. એ પ્રમાણે તેણીએ કેટલાંક વરસ સુધી ગરીબોનાં છોકરાંને સુધારીને સારે માર્ગે મુક્યા હતાં. પાછલથી જ્યારે તેણીની તનદુરોસ્તી લથડી, ત્યારે કારખાનાના છોકરાઓને ધર્મની કેળવણી આપવાની મંડળી ઉભી થઇ, અને તેમા હજારો છોકરાઓ જોડાઇને શીખીને સીધે રસ્તે ચાલતાં શીખ્યા. આવી પરોપકારી બાઇઓ હિંદુસ્થાનમાંથી નિકળે, અને આવી ધર્મની મંડળીઓ જો હિંદુસ્થાનનાં દરેક શેહરમાં સ્થાપવામાં આવે, તો કેટલો બધો ફાયદો થાય.

પ્રકરણ ૮.

જન—પ્રીતિ.

"મીઠી માયા તે અમીરપણાંની ખરી નિશાની છે."

"ઘણાં મરણતોલ માણસોનાં હૈયાંમાંથી પુષ્કળ હાય નિકળે છે જે આપણાં સાંભળવામાં આવતી નથી; વિધવાઓ અને નિરાધાર છોકરાંઓનાં મોંમાંથી રડાપીટના અવાજો ઘણા નિકળે છે પણ તે આપણા કાને આવતા નથી; ઘણા ગાલો આંસુઓથી ભીંજાયલા હોય છે અને ઘણા ચેહરાઓ ઉપર ઉદાસી રહે છે પણ તે આપણા જોવામાં આવતું નથી. ઘાતકીપણાંને ઉત્તેજન મળે છે, ચોરોના હાથ મજબુત થાય છે, અને જેઓએ આપણને કદી ઇજા કીધેલી નહી, તેવા હજારો માણસો ગુલામગીરીમાં સબડે છે."

બીજાઓને રસ્તો દેખાડવા માટે, તેમને સુધારવા માટે, અને કેળવવા માટે અંગબળની જરૂર નથી. જોર વાપરનાર દેખાઇતી રીતે સમજુતી બાજુ મેલે છે. તકરારમાં ઉતર્યા વગર જોરવાળો એકદમ જોરથી એકાદ બાબદનો નિવેડો લાવે છે. જોર વાપરીને કામ કરવું એ અસલના જંગલી લોકોનું તર્કશાસ્ત્ર હતું, કારણ કે તેઓમાં જે વધારે મજબુત ફટકો લગાવે અને વધારે ચોક્કસ નેમ લઇ શકે તે વધારે ચઢીઆતો ગણાતો હતો.

સુધરેલા લોકો પણ હજી જોર ઉપર થોડુંઘણું લક્ષ આપે છે. થોડાં વરસ અગાઉ જો બે આબરૂદાર શખ્સો વચ્ચે ટંટો જાગતો, તો

તેઓ બન્ને હાથોહાથ લડીને પોતાના ટંટા ચુકવતા હતા. હજી પણ જુદી જુદી સરકારો કોઇ પણ અપવાદ વગર મુલકી વાંધાઓ લશકર સાથ ચઢાઇ લઇ જઇને ચુકવે છે. જોર અને સત્તાને આપણે અસલથી એટલું બધું વજન આપતા આવ્યા છીએ કે તવારિખમાં લડાઇને આપણે માન, અને કિર્તી અને એવાં બીજાં ચઢીઆતા નામ આપ્યે છીએ, અને તેમ કરીને માયા, મોહબત, પ્યાર, ઉપકાર અને ઇનસાફથી વર્તીને મંડળીને અને કોમને ઉચી પંક્તી ઉપર લાવી શકાય, એમ માનવામાં પછાત પડયે છીએ.

પણ જોર વાપરવાથી કાંઇ ફાયદો થાય છે એમ હવે ઘણા લોકો માનવાને ના પાડે છે. હવે લોકો સમજવા શીખ્યા છે કે જોર વાપરવાથી સામી ઉશ્કેરણી વધે છે, અને જો જોર વાપરીને લોકોને દાબી દેવામાં આવે, તો બંડ મચાવવામાં આવે છે, અને બંડખોરો વખતે વખત ઘાતકી અને જાુન કામો અને અપરાધો કરીને હુલ્લડ મચાવે છે. જે જે દેશોમાં જોર અને જુલમ વાપરવામાં આવે છે, ત્યાં સઘળે ઠેકાણે લોકોની હાલત ઉશ્કેરાયલી અને હુલ્લડખોરી હોય છે.

પણ ત્યારે શું આપણે હવે ડાહયા થઇએ છીએ કે? જો લોકોને વધારે સુખી અને સમજુ બનાવવાની કોશેશ કરયે, તો આપણે બીજીજ જાતની શક્તી જોઇએ, અને તે શક્તી નમ્રતાની છે. નમ્રતાથી લોકો કદી સામે થતાં નથી, કદી હુલ્લડ મચાવતાં નથી, અને બગડવાને બદલે તેઓ વધારે ભલાં થઇ ચાલે છે. આપણે જેની તરફ પ્યાર બતાવ્યે તે આપણા પ્યારથી આપણી સામે થતો અટકે છે. પ્યારની અસરથી દરેક જણ સુધરે છે, અને ચઢતી પંક્તી ઉપર આવે છે. પ્યારથી સામા ધણીના દિલમાં વિશ્વાસ આવે છે, અને સામા ધણીનો વિશ્વાસ મેળવ્યા વિના બીજી કોઇ પણ જાતની વર્તણુક કારગત લાગતી નથી. સામા ધણીમાં જે ભલાઇની લાગણી સુતેલી હોય છે તે માયાથી જાગૃત થાય છે, તે દુશમનાઇ છોડી દે છે, તેનો ગુસ્સો નરમ પડી જાય છે, અને તેનું કઠણ હૈયું પીગળે છે. મોહ-

બતથી ભુંડાઈનો નાશ થાય છે અને ભલાઈ મજબુત થાય છે. દરેક માણસે માયાથી વર્તવું જોઈએ એટલુંજ નહી, પણ સરકારે આખી પ્રજા તરફ માયા મોહબતથી વર્તવું જોઈએ. માયા મોહબતથી વર્તવાથી કોમ કોમો વચ્ચે, અને જુદા જુદા પંથો વચ્ચે મારામારી કમી થાય છે, અને માયા મોહબત અને પ્યારની લાગણી ખિલે છે. ત્યારેજ એ પ્રજાઓ પણ લડાઈનો ખ્યાલ ત્યાગ કરશે જોકે લડાઈનું નામ દુન્યામાંથી હજી એકદમ નાબુદ થયું નથી, તે છતાં ભવિષ્યમાં કેળવણીના મોહલા પ્રસારથી અને સુધારાના વધારાથી બધી પ્રજાઓ લડાઈનાં નામથી કમકમીને દુર રહેવાનું શીખશે.

ભૂતકાળમાં દીવાનાઓ ઉપર, કોહડીઆઓ ઉપર, વાહણના ગુલામો ઉપર અને કેદીઓ ઉપર બહુ જુલમાત ગુજારવામાં આવતો હતો. દીવાનાઓને પીંજરાંઓમાં બંધ કરવામાં આવતાં હતાં. કોહડીઆઓને શેહેરથી અને વસ્તીથી દુર રેહેવાનો હુકમ હતો, વાહણના ગુલામો પાસે હલેસાં મરાવતાં તેમની પાસે સખ્ત મજુરી લેવામાં આવતી હતી, અને કેદીઓમાં માટીડાઓ, બાયડીઓ, અને છોકરાઓને એકાદ નાની જગામાં સાથે રાખવામાં આવતા હતાં. ચારસો વરસની વાત ઉપર ઇટલીમાં કેદીઓમાંથી કેટલાંકોને હસ્પીટાલમાં મોકલીને તેમને જીવતાં જીવત હાથ પગ કાપીને રીબાવવામાં આવતાં હતાં. હાલ હવે માણસોની ઉપર પ્રયોગો કરવાને બદલે જીવતાં જનાવર ઉપર પ્રયોગો કરવામાં આવે છે.

યુરોપમાં કેટલીક દયાની બેહેનોની મંડળી હસ્તી ભોગવે છે. તેઓ દરેક પરમાર્થી કામમાં મદદ કરે છે, બીમારોની માવજત કરે છે, નાનાં છોકરાંઓને કેળવે છે, અને નાવારેસ છોકરાંઓને પોતાની સંભાળ હેઠલ રાખે છે. ટુંકમાં, તેઓ દરેક જાતનાં ભલાં કામમાં જાતી મદદ કરે છે.

અગાઉ પેહલવાનોના જમાનામા મજબુત કીલ્લાઓમાં અને અંધારા ગારમાં કેદીઓને જાડી સાંકળ પેહરાવીને બંધ કરતા હતા, પણ હાલની તુરંગોમાં ઘાતકીપણું અને જુલમાત ગુજરે છે તેના અહેવાલો

ઉપરથી કેટલુંક અજવાળું મળે છે. દુન્યાની તુરંગોમાં જે સુધારા થયા છે તે સઘળાં માટે 'જૉન હાવર્ડ' નામના શખ્સને સઘળી શાબાશી ઘટે છે. તેને પોતાને તુરંગનો અનુભવ મળ્યો હતો. ઇંગ્લંડ અને ફ્રાન્સને અનબનાવ હતો, તે વેળા તે ફ્રાન્સ દેશ આગલથી એક વાહણમાં બેસીને પસાર થતો હતો, તે વાહણને ફ્રેંચ લોકોએ પકડયું, અને તેમાંના સઘળાઓને કેદ કીધા હતા. તેની પોતાની ઉપર બહુ જાસ્તી ગુજારવામાં આવી હતી. ૪૮ કલાક સુધી તેને કશું ખાવાપીવાનું આપવામાં આવ્યું હતું નહી. એક કંગાલ અને વાસ મારતી ઓરડીમાં તેને અને તેના સાથીઓને પુરવામાં આવ્યા હતા. બારીના સળીઆમાંથી એક માસનો ટુકડો તેમના વચ્ચે ફેંકવામાં આવ્યો હતો, જે તેઓને જાનવરોની માફક દાંત વડે તોડીને વેહચી લેવો પડયો હતો. વળી તેમને ભીનાસવાળી ભોંય ઉપર ઘાસ પાંથરીને સુતું પડયું હતુ. હાવર્ડને જ્યારે છોડવામાં આવ્યો ત્યારે તે વેલાત ગયો, અને ત્યાર પછી તેણે પોતાની બાકીની જીંદગી તુરંગોમાં સુધારા કરાવા પાછલ કહાડી હતી. તેણે ઇંગ્લંડની તુરંગોની મુલાકાત લીધી, અને ત્યાં પણ તેણે કેદીઓ ઉપર તહરેવાર જાતના જુલમ અને ગજબ પડતા દીઠા હતા. વળી જ્યારે તેને 'બેડફર્ડ' શેહેરના શેરીફનો માનભર્યો ઓહ્દો મળ્યો, ત્યારે તેને તુરંગો તપાસવાની વધુ તકો મળી હતી. કેદીઓની સાથે પોતે વાતચીત કરીને તેણે તુરંગો માંહેલી સઘળી ખામીઓ જોઇ લીધી હતી. પેહલાં સઘળે ઠેકાણે તુરંગમાં બધા કેદીઓને એકજ ઓરડામાં સાથે રાખવામાં આવતા હતા. તેમના ગુનાહ પ્રમાણે કે તેમની વય અને લાયકાત પ્રમાણે તેમને છુટા કે વર્ગમાં વેંહચીને રાખવામાં આવતા હતા નહી. એક નાના અપરાધીને, જે બાજે વખત તદ્દન નિરદોષ પણ હોય છે, તેને એક ખુની જેવા મોટા અપરાધીના સાથે રાખવામાં આવતો હતો. આથી સાધારણ જેલા અપરાધનું ધામ થઇ પડતું હતું. એક શખ્સ, જેને ભૂખમરાથી બચવા માટે એક પાંઉ ચોરવાની ફરજ પડી હોય, તેને એક ઘરફાડુ લુટારા કે ખુનીની સાથે

રાખવામાં ઘણું નુકસાન થતું હતુ. એક સારાં માણસને, જેને કરજને માટે કેદ કીધો હોય, તેને એક ઉઠાઉગીર ખોટી સહી કરનાર સાથે રાખવામાં આવતો હતો. એક નાની ચોરી કરનારને એક ગળાંકાંપુ સાથે રાખવામાં આવતો હતો. એક સારા ખાનદાનની નિરદોષ છોકરીને નજીવા વાંક માટે સજા થતી તો તેણીને એક વેસ્યા જેવી ચંડાલ ઓરત સાથે રાખવામાં આવતી હતી. આથી આખી જેલો ભાડ ભાયા અને બદમાશોથી વ્યાપી રહેતી હતી. જેઓમાં સેહેજ ભલાઇનો ગુણ હોય તે પણ જેલમા ગયા પછી તેમનામાંથી સદંતર જતો રહેતો હતો, અને તેઓ પણ બીજા બદમાશો સાથે રહીને લુચ્ચાઇના ઉંડાણમાં ઉતરતાં હતાં. અસલ જો એક માંગનાર કરજદારને જેલમાં સબડાવા માગતો, તો તે ખરેખર તેને સબડાવતો હતો, કારણ કે તે વખતની વાસ મારતી અને અસુખાકારીભરેલી જેલમાં તેની તબીઅત ખરેખર બગડતી હતી. હાવર્ડના કહેવા પ્રમાણે હજારો કેદીઓ સરદી અને ભીનાશના તેમજ દુ:ખદરદ અને ભુખમરાના ભોગ થઇ જેલોમાં મરણ પામતા હતા. વળી તે વખતે જેલરનો પગાર સરકાર તરફથી મળતો ન હતો, પણ કેદીઓ પાસેથી છુટતી વખતે ચોક્કસ ફી લેવામાં આવતી હતી. હાવર્ડ લડત ચલાવીને જેલરોને સરકારમાંથી પગાર મળે એવો બંદોબસ્ત કીધો. હાવર્ડ કેટલીક જેલોની મુલાકાત લીધી હતી. ત્યાં તેને કેદીઓ ઉપર ત્રાસ વર્તતો દીઠો હતો. તેઓ નાહસી ન જાય માટે તેમને ભોંય ઉપર ચત્તાપાટ સુવાડીને તેમને સાંકળથી બાંધવામાં આવતા હતા, એવી રીતે કે તેઓ જમીન ઉપરથી ઉઠી શકે નહી. વળી તેમના શરિર ઉપર લોખંડના વજનદાર પાટા મુકવામા આવતા હતા અને તેમનાં ગળામાં લોખંડનો કૉલર પેહરાવીને તેમાં સાંકળ બાંધીને તે સાંકળના બીજા છેડાને તાળું મારવામાં આવતું હતું. કેટલીક જેલોના ઓરડાઓ ભોંયરાંમાં ઉતારેલા હતા. વળી તેમને બિછાના માટે સુકું ઘાસ આપવામાં આવતું હતું, અને તે માટે વરસ દાહડે ૧ ગીનીની ફી લેવામાં આવતી હતી. જેલરોને પગાર મળતો ન હતો પણ તેઓ કેદીઓને જુલમથી નિચવી પોતાનું ગુજરાન કરતા હતા.

હાવર્ડે એક શેહેરથી બીજે શેહેર ફરીને દરેક શેહેર અને મુલકની જેલોની મુલાકાત લીધી હતી. તેનું ધ્યાન ફકત આ એકજ બાબદમાં લાગેલું હતું અને કેદીઓની હાલત સુધારવી એ તેની એકલી નેમ હતી. મેહનત, જોખમ કે પોતાનાં તનને દુઃખ થાય તેની તેને પરવા ન હતી. ઇંગલંડનાં એકેએક ખુણામાં આવેલી જેલમાં તે ફરી આવ્યો હતો. કેટલેક ઠેકાણે નજીવાં કરજ માટે સબડતા નિરદોષ કેદીઓને તેણે પોતાની ગીરેથી પૈસા ચુકવી આપીને છુટા કરાવ્યા હતા. જ્યારે તેણે પોતાની તપાસ પુરી કીધી, ત્યારે તેણે પારલામેંટ પાસે એક કમીટીની નેમણુક કરાવી, અને તે કમીટીની આગલ તેણે પોતાની નોટ બુકમાં ટપકાવેલી સઘળી વીગતો રજુ કીધી હતી. છેવટે ઇ. સ. ૧૭૭૪ માં તેણે પારલામેંટ પાસે કાયદા ઘડાવ્યા, જેથી કેદીઓ પાસેથી ફી લેવાનું બંધ કીધું, જેલરોને સરકાર તરફથી પગાર મળવા લાગ્યો, અને કોઇ પણ કેદીને તેની મુદત પછી એક મિનિટ પણ રોકવાનું બંધ થયું. વળી કાયદામાં દરશાવ્યા પ્રમાણે, દરેક જેલને સાફસુફ રાખવા, તેને ચુનો ચોપડાવા, અને હવા ઉજાસનાં સઘળાં સાંધનો ખુલ્લાં રાખવાની તાકીદ થઇ. વળી આ કાયદાથી જે કેદીઓ બીમાર પડે તેના સરકાર તરફથી સારવાર કરવાની, તેમજ તેમને પુરતો ખોરાક પાણી આપવાની ગોઠવણ થઇ. આ સઘળું થયું તે ફકત એક માણસની મેહનતથી અને એક માણસની જેહમતથી થયું.

હાઉવર્ડે પોતાનાં ગજવાંમાંથી હજારો રૂપીઆ ખરચીને શેહેરે શેહેર મુસાફરી કીધી હતી. કેદીઓની બેહતરી માટે પોતે પોતાનું તન, મન અને ધન અર્પણ કરીને તેણે આખરે પારલામેંટ પાસે જેલ અને કેદીઓને માટે કાયદા ઘડાવ્યા. પારલામેન્ટે પણ આ હાઉવર્ડની જન-પ્રિતી માટે તેને ધન્યવાદ આપ્યો હતો. ઇંગલંડમાં જેલના સુધારા કરાવ્યા પછી હાઉવર્ડ સ્કોટલંડ, આયરલંડ, ફ્રાન્સ, જરમની, ઇટલી, હોલૅંડ, વગેરે દેશોમાં ફરયો, અને ત્યાંની જેલોની મુલાકાતો લઇને ત્યાંની સરકારોનું પણ કેદીઓ ઉપરના જુલમાત અને ઘાતકીપણાં તરફ ધ્યાન ખેંચ્યું, અને

ત્યાં પણ તેની મેહનતથીજ જેલમાં સુધારા થયા. કહેછે કે હાર્વર્ડ પોતાની નેમ બર લાવવા પોતાની જીંદગીમાં ૪૨ હજાર માઇલની મુસાફરી કીધી હતી. જ્યારે તે રશીઆની રાજધાનીમાં એકલો અને પગે મુસાફરી કરતો જા પુગ્યો, ત્યારે ત્યાંની રાણીએ તેને પોતાની મુલાકાતે બોલાવ્યો, પણ તેણે કેહવડાવ્યું કે હું કેદીઓની જેલોની મુલાકાત લેવા આવ્યો છું, રાજા રાણીઓના મેહલો અને તેમની દરબારની મુલાકાત લેવા આવ્યો નથી. તે જ્યારે રશીઆમા હતો ત્યારે તેને ત્યાની સરકારની રજાથી કોરડાના મારની સજા જોવાની તક મળી હતી. એક મરદને કોરડાના સાઠ ફટકા અને એક બાયડીને પચીસ ફટકા મારતાં તેણે દીઠા હતા. હાર્વર્ડ જેલ વિષેના પોતાના પુસ્તકમાં લખે છે કે તેણે તે બાયડીને બીજે દિવસે જીવતી દીઠી હતી, પણ પેલા મરદને તેણે પાછો દીઠો હતો નહી. જે ધણીએ આ ફટકા મારયા હતા તેને પુછતાં માલુમ પડયું હતુ કે તે મરદ ફટકા મારયા પછી મરણ પામ્યો હતો. કહે છે કે રશીઆની સરકારે ફાંસીની સજા કાહડી નાખી હતી, પણ સરકાર જેને મારી નાખવા માગતી હોય તેને ૫૦—૬૦ કોરડાના ફટકા મારવામાં આવતા હતા, અને ફટકા મારનારને છુપો હુકમ આપવામાં આવતો હતો કે ફટકા એવી રીતે મારવા કે પ્રાણઘાતક નિવડે.

આ પ્રમાણે આખાં યુરોપની સુધરેલી પ્રજાઓની જેલમાં સુધારા કરાવાનું માન જોન હાર્વર્ડને ઘટે છે. જન-પ્રિતીનો આ દાખલો ઘણો મનન કરવા જોગ છે, કારણકે આ સઘળી જેહમત ઉઠાવા ઉપરાંત હાવર્ડે પોતાના ખીસામાંથી ૩૦૦૦૦ પૌંડ એટલે સાડા ચાર લાખ રૂપીઆ જેલના કેદીઓનાં કરજ, દવાદારૂ અને કપડાં માટે ખરચ્યા હતા.

દુન્યાના લોકોના દુ:ખ જોઇને તે ટાળવાની કોશેશ કરવી દરેક માણસની ફરજ છે. આ ટુંકી જીંદગી પસાર થઈ જશે, અને તે ટુંક જીંદગીમાં ખુદાને મળી શકાય એવાં ભલાં કામો કરી લેવાં જોઇએ. અપરાધીઓમાં કરીને તેમને સુધારવાની કોશેશ કરવી, દુ:ખી દિલનાં અને નિરાશ થયલાંઓને કાંઇ આશા આપવી, બીમારોનાં દુ:ખ ઓછાં કરવાં, અને આ

દુન્યાના અંધારા ગારમાં જઈને ત્યાં સબડતાં રીબતાં અને મરતાં લોકોને અજવાળાંમા લાવવાં, એ દરેક માણુસનો ધર્મ છે.

ઘણી વાર બને છે કે કેટલાક માણુસો જે સંજોગોમાં જન્મે છે અથવા ઉછરે છે તે સંજોગોમાં કેળવણીની ગેરહાજરીથી તેઓ કુદરતી રીતે અપરાધો કરે છે. ઘણી વાર બનેછે કે જો એક અપરાધીને, જો તેને સારો માર્ગ દેખાડવામાં આવ્યો હોત, તો તે અપરાધ કે ગુનાહ કરત નહી. આથી હવે સરકારનું તેમજ પ્રજાનું ધ્યાન ખુલ્યું છે કે જો નવા અપરાધીઓને તુરંગ માંહે નિતી અને ધર્મના સબકો આપવામા આવે, અને જો તેમને સદ્ગુણના માર્ગ ઉપર મુકવામાં આવે, તો બેશક અપરાધીઓના મોટો ભાગ જેલમાંથી છુટયા પછી પ્રમાણિક અને ઉદ્યોગી જીંદગી ગુજારી શકે છે.

અગાઉ જેલમાંથી છુટી આવેલા શખ્સ તરફ બહુ સખ્તાઈથી વર્તવામાં આવતું હતું, પણ હાલ છુટી આવેલા કેદીઓને ધંધેધાપે લગાડવા અને તેમને પ્રમાણિકપણે પોતાનું ગુજરાન ચલાવવાને શક્તીવાન કરવાની મદદ કરવાની જરૂર સમજુ અને સ્યાણા વર્ગ તરફથી સ્વીકારવામા આવે છે. એવી રીતે છુટી આવેલા કેદીઓને મદદ કરવા અને ઠાર પાડવા માટે ઈંગલંડમાં ઘણાં પરગજુ નર નારીઓનાં નામ મશહુર થયલા છે એક જણ ખાતરીથી જણાવે છે કે "કેદીઓમાંથી બધાંજ ખરાબ હોતા નથી. તેમનામાંથી ઘણા જણનાં દિલમાં દયા મયાની લાગણી સુતેલી હોય છે તેને જાગૃત બનાવી શકાય છે. તેમનાં અંતઃકરણ જે મંદ હાલતમાં રહેલાં હોય તેમને કેળવણી અને સારી સમજણથી સીધે રસ્તે દોરવી શકાય છે, અને તેમની સામે સુધરેલી અને સારી જીંદગી ગુજારવાનો માર્ગ ખુલ્લો કરવામાં આવે તો તે માર્ગે જવા તેમનામાંના ઘણા જણ ખુશીથી તૈયાર થાય છે. ફક્ત દયાલુ દિલના દિલસોજ નરનારીઓની મદદની તેમને જરૂર છે."

'કૅપટન પીલ્સબરી' નામનો એક જેલર કેદીઓ તરફ અસ્લી ઘાતકી રીત તદન બાજુએ મેળીને માયા મેહરબાનીથી દરેક કેદી સાથે વર્તતો હતો,

અને તેમની ઉપર વિશ્વાસ મેળીને તેમનો વિશ્વાસ જીતી લેતો હતો. તે પોતાના રિપોર્ટમાં જણાવે છે કે, "હું કોઇ પણ કેદીને સાકળથી બાંધી રાખતો નથી, પણ તેની ઉપર વિશ્વાસ રાખીને તેને સારી શીખામણ આપીને સારી રીતે ચાલવાની સલ્લાહ આપું છું, અને તેઓ સઘળા મને માન આપતાં શીખે છે. એક વાર એક જુનો હામીજ જેણે સત્તર વર્ષ જેલમાં કાહડયા હતાં, તે માણસ મારી તુરંગમાં આવ્યો. બીજી જેલોમાંથી તેણે ઘણી વાર નાહસી જવાની કોશેશ કીધી હતી, અને તેથી જ્યારે તે મારી જેલમાં આવ્યો ત્યારે મે તેને ખુલ્લે ખુલ્લું કહયું કે હું તને બાંધી રાખવા માગતો નથી, તું છૂટો ફર, હુ તારી તરફ માયાથી વર્તીશ, પણ તેના બદલામાં તુ એવી રીતે ચાલજે કે તારે લીધે મને ઠપકો આવે નહી. તે છતા જો તુ નાહસ્વાની કોશેશ કરતો માલુમ પડશે, તો પછી હુ તને અંધારી કોટડીમાં એકલો બંધ કરીશ. આવી રીતે મારી માયાલુ વર્તણુંકથી તે બંધવો થોડા વખ્ત ઘણો નરમ બનીને ચાલવા લાગ્યો, પરંતુ પાછળથી મને ખબર મળી કે તે નાહસ્વાની વેતરણમાં છે. તુરત મે તેને મારી આગલ બોલાવ્યો અને તેની ઉપર નાહસ્વાનો વાંક મેલ્યો. તે બંધવો ચુપચુપ મારી સામે ઉભો. મેં તેને અંધારી કોટડીમાં પુરવાનો હુકમ કીધો, અને તેના હાથપગમાં કશી પણ બેડી પેહરાવ્યા વિના મેં તેને મારી પછવાડે આવવા કહયું. તે બંધવો ઘણો જબરદસ્ત હતો, અને મારા જેવા નાના કદના માણસને સેહજમાં મારી નાખે તેવો હતો, તે છતાં તે ચુપચુપ મારી પછવાડે આવ્યો. મેં અંધારી કોટડીનુ બારણુ ઉઘાડયું અને તેને અંદર જવા કહયું. તે ચુપચુપ અંદર ગયો, પછી મે તેને ઠપકો આપવાનું ચાલુ કર્યું, અને પુછ્યુ કે મેં તારી સાથે ભલાઇ કીધી તેના બદલામાં નાહસી જઇને મને મુશ્કેલીમાં લાવવાની તેં કોશેશ કીધી, એ કામ તેં સારૂં કર્યું કે? હજી પણ તને આ અંધારા ગારમાં કેદ કરવાને મારૂં દિલ ચાલતુ નથી પણ હું શું કરૂં? તું મને આવી રીતે સખ્તાઇ વાપરવાની ફરજ પાડે છે. આટલા

શબ્દો હું બોલ્યો તેટલાંમાં આ સખ્ત દિલના જુના અપરાધીની આંખ્યો-માંથી આંસુ ટપકવા લાગ્યાં અને તેણે જવાબ દીધો, 'સાહેબ, હું સત્તર વરસ થયાં શયતાનનું રૂપ ધારણ કરીને ફરૂંછું, તે છતાં હું જોઉછું કે તમે મને માણસ ગણીને મારી તરફ લાયકીથી વર્તો છો.' આટલું તે બોલ્યો કે મેં તેને ઓરડીમાંથી બાહેર નિકળવા કહ્યું, અને તેને પાછો છૂટો ફરવા દીધો. તે પળથી તે ધણીએ મારી આગલ પોતાના દિલ માહેલી સઘળી વાતો કરવા માંડી, અને ખુલ્લાં દિલથી અને ઘણી સારી વર્તણુકથી તેણે પોતાની આખી ટેપ પૂરી કીધી, ત્યાં સુધી તેણે મને ફરીથી કાંઇ પણ તકલીફ આપી નહી."

એક વાર ઉપલા કેપટન પીલ્સબરીની જેલના કેદીઓમાંથી એક જણે તેનો જાન લેવાનું કાવત્રું રચ્યું હતું. પીલ્સબરીને જ્યારે આ વાતની ખબર મળી, ત્યારે તેણે તુરતજ તે કેદીને પોતાની આગલ બોલાવ્યો, અને બધાંને ત્યાંથી ચાલી જવા કહીને તે કેદીના હાથમાં એક અસ્ત્રો આપ્યો, અને પોતાની દાઢી બોડવાનો હુકમ કીધો. તે કેદીએ ધ્રુજતા હાથે પીલ્સબરી (જેલર)ની દાઢી બોડી. જ્યારે તે દાઢી બોડી રહયો ત્યારે પીલ્સબરીએ તેને કહ્યું, તું મારૂં ખુન કરવા ધારે છે એવી મને ખબર મળી હતી તે છતાં મેં તારી ઉપર વિશ્વાસ રાખીને તારા હાથમાં અસ્ત્રો આપ્યો. આ સાંભળીને તે કેદીએ જવાબ દીધો, 'સાહેબ, ખુદા તમને સલામત રાખે, આ સઘળી વિશ્વાસની કરામત છે.'

કેદીઓ જેલમાંથી છૂટે ત્યાર કેડે તેમને નોકરી મળવાની મુશકેલીથી તેમના સુધારામાં મોટી નડતર થાય છે. પોલીસ આ સઘળા કેદીઓનાં રેહઠાણની ખબર રાખે છે, અને દરેક જણ તેમને દૂર રાખે છે તેથી તેમને કામ મળતું નથી. આપણી ફરજ છે કે તેવા છૂટી આવેલા કેદીઓને બનતાં સુધી મદદ કરવી, તેમને પ્રમાણિકપણે ચાલવામાં મદદ કરવી, અને તેમને કામે ધંધે લગાડવા. 'ટૉમસ રાઇટ' નામનો શખ્સ આવાં ઉદાર કામ માટે પોતાનું નામ મશહુર કરી ગયો છે.

'ટૉમસ રાઇટ' કાંઇ વિદ્વાન નહી હતો તેમજ તેની પાસે દોલત નહીં હતી. પરંતુ તેની માએ તેને ધર્મના બોધ આપ્યા હતા. તે એક કારખાનાના નોકરી હતો, જ્યાં તે દર અઠવાડિયે ૩ શીલીંગના પગારથી અઠવાડિયે ૭૦ શીલીંગના પગાર ઉપર વધ્યો હતો. તેણે જે માહભારત બજાવ્યાનું કામ કીધું તે તેની આવક અને હાલત સાથે સરખાવતાં ઘણું મોટું અને અતી વખાણવા લાયક હતું. તે વખતે જેલમાંથી છુટી આવેલા કેદીઓને નોકરીએ કોણ રાખે? શેઠો સારી ચાલચલણની સરટીફીકેટ વગર કોઇને રાખે નહી. આથી કેદીઓ છુટી આવ્યા પછી પાછા કેદખાને જવાની કોશેશ કરતા હતા. એક દિવસે એક માણસને ટૉમસ રાઇટના કારખાનામાં રાખવામાં આવ્યો. તે આખો દિવસ તન પટકીને મેહનત કરવા લાગ્યો અને પુરં સંતોષ આપવા લાગ્યો, પણ થોડા દિવસ પછી માલુમ પડયું કે તે એક વાર કેદમાં જઇ આવ્યો છે. શેઠે ટૉમસ રાઇટ જે કામદારોનો ઉપરી હતો તેને ખબર કાહડવા હુકમ કીધો. ટૉમસ રાઇટે આ નવા કામદારને નહરેવાર રીતે સવાલો પૂછીને બાતમી મેળવવાની કોશેશ કીધી, ત્યારે તેણે રડતી આંખ્યોએ કબુલ કીધું કે હા, હું એક વાર કેદમાં જઈ આવ્યો છું, પણ હવે હું ઉદ્યોગથી અને ખંતથી મારી આગલી ચાલચલણ વીસરી જવાય તેમ વર્તવા ચાહું છું.

ટૉમસ રાઇટે તેની વાત સાંભળી અને તે શબ્દે શબ્દ માની. ખરી વાત હતી કે તે એક વારનો બદમાશ હવે તદન સુધરી ગયલો હતો. ટૉમસ રાઇટે પોતાના માલેકને સઘળી વીગતોથી વાકેફ કીધા, અને આ નવા કામદારને કાહડી ન મુકતાં કામપર ચાલુ રાખવાનો આગ્રહ કર્યો, અને જ્યારે તેના માલેકે એવાં માણસ ઉપર ભરૂસો મેલવા ના પાડી, ત્યારે ટૉમસ રાઇટે પોતે પોતના ખીસામાંથી ૨૦ પૌંડની રોકડ રકમ માલેકના હાથમાં પેલા કામદાર તરફથી જમીન તરીકે મુકી, અને ત્યારેજ તેના માલેકે તેને કાહડી મુકવાનો વિચાર માંડી વાળ્યો. આટલું છતાં બીજે દિવસે પેલો નવો કામદાર કામ ઉપર આવ્યો નહીં. તુરત એક જણને તેના

તેડી લાવવા મોકલ્યો, પણ ખબર મળી કે તે પોતાનાં કપડાંના ગાંસડા લઇને ઘર છોડી ચાલી ગયો છે. તે કયે રસ્તે ગયો છે તેની ખબર કાઢીને ટૉમસ રાઇટ પોતે તેની શોધમાં નિકળ્યો, અને શોધતાં શોધતાં શેહેરથી અને વસ્તીથી કેટલેક દૂર એક એકાંત મેદાનમાં એક ઝાડની નિચે તેને બેઠેલો દીઠો. ટૉમસ રાઇટ તેને માલેક સાથના બંદોબસ્ત અને પોતે જામીન તરીક મુકેલી રકમ વિષે વાકેફ કીધો, અને તે તેને પાછો કારખાને લઇ ગયો. ત્યાર પછી તે કામદારની સર્વ વર્તણુંકે પરવાર કરી આપ્યું કે તે ખરેખર એક ભલો માણસ હતો.

આ બનાવથી ટૉમસ રાઇટના મન ઉપર ઘણી અસર થઇ. તેણે વિચાર કીધો કે જો આવા છુટી આવેલા કેદીઓ તરફ દિલસોજી અને દયા બતાવવામાં આવે અને તેમને ગુનાહને રસ્તે પાછા જતા અટકાવવામાં આવે તો કેટલો બધો ફાયદો થાય? ડામીજ થયલા આસામીઓને સુધારવાની આશા તદન છોડી દેવી એ ભુલભરેલું છે, એમ સમજીને તેણે પોતાનાં દિલમાં મક્કમ ઠરાવ કીધો કે બનતી મદદ કરીને આવા ડામીજોને સારે માર્ગે મુકવા. તેની પાસે દોલત ન હતી, અને તેને આ કામમાં કોઇની મદદની આશા ન હતી, તે છતાં આ ભલું કામ હતું, એટલે તેને ખુદાઇ તરફથી હિમ્મત મળી, અને તે પોતાના માથે ઉઠાવેલાં કામમા ફત્તેહ પામ્યો હતો.

ટૉમસ રાઇટ પોતાના ફુરસદના વખતે જેલની મુલાકાત લેવા લાગ્યો અને જેલરો સાથ ઓળખાણ કરીને રફતે રફતે કેદીઓના સમાગમમાં આવવા લાગ્યો, અને તે ઉપરથી તેમે ખબર મળવા લાગી કે ફલાણા ફલાણા કેદીની ટેપ ફલાણા ફલાણા રોજે પૂરી થાય છે. આવી રીતે ટેપ પૂરી કરતા કેદીઓને તે પોતાનાં કારખાનામાં રાખવા લાગ્યો. રફતે રફતે દર રવિવારે તે કેદીઓને નિતીના સબકો આપવા લાગ્યો, અને જેલની બાહેર તેમનાં સગાં વાહલાંઓને કાંઇ ખબરઅંતર કેહવડાવવી હોય તો તે કામ પોતે ખુશીથી બજાવવા લાગ્યો. કેદીઓ છુટા થાય કે તેમને

પહેલાં તે પોતાને ઘરે લઇ જતો, ત્યાં તેમને ખવાડી પીવાડી તેમને સારાં કપડાં પહેરાવીને તેમને પોતાની નાની આવકમાંથી પૈસા પણ ધીરતો હતો. પોતાનાં કારખાનામાં જગા નહી થાય તો બીજાં કારખાનાના માલેકોને મળીને, પોતાની રૂડી નેમ તેમનાં મગજ ઉપર ઠસાવીને, તે પોતાનાથી બને તેટલા છૂટકારો પામેલા કેદીઓને કામે લગાડતો હતો. ટુંક વખતમાં આ ટૉમસ રાઇટનું નામ અને કામ મશહુર થઇ ગયું. તે માનપાન અને ચાંદ અને ખેતાબને માટે આ પરમાર્થી કામ કરતો ન હતો. કહે છે કે થોડાં વરસમાં તેણે ૩૦૦ છુટેલા કેદીઓને ચાકરી ધંધે લગાડયા હતા. કેટલીક વાર નોકરી ન મળી શકતી હતી, તેવા કેસામાં ટૉમસ રાઇટ પોતાના ખીસામાંથી તેમને નાણાની રકમ ધીરતો હતો, અને કોઇ બીજા શેહરમાં જઇને ત્યાં નોકરી ધંધો શોધી કાહડવાની તેમને સલ્લાહ આપીને તેમને પોતાનાં શેહરમાંથી રવાના કરતો હતો. કેટલીક વાર તે પોતે સખી ગ્રહસ્થો આગલ જઇને તેમને માટે ઉઘરાણું કરી આપતો હતો. કહે છે કે એ પ્રમાણે તેણે ૯૪૧ આસામીઓને પૈસાની મદદ કરાવીને બીજે મુલક મોકલાવી દીધા હતા, જેથી તેઓ નવા મુલકમાં જઇને નવી કારકીર્દી શરૂ કરી શકે. આવી રીતે દૂરદરાજ નિકળી ગયલા આસામીઓમાંથી ઘણા જણ ધંધો ધાપો કરીને નામાંકીત પુરૂષો થઇ ગયા, અને તેમાંથી કેટલાકોએ તો સારી દોલત ભેગી કરી હતી. એક જણે દૂરદરાજ શેહેરથી ટૉમસ રાઇટ ઉપર કાગળ લખ્યો હતો તે ધ્યાન પુગાડવા જોગ ધારી, નિચે આપ્યે છીએ :—

"મારા વાહલા મુરબ્બી બાપ,

કદી નહી વીસરાય એવી, બાપ તરીકે તમે મદદ કીધી હતી, તે મદદ જો તમે નહી કીધી હોત તો આજે હું આ મારી ચઢતી હાલતમાં નહી હોત. આ દુન્યામાં તમારા સિવાય મારો કોઇ સલ્લાહ આપનાર દોસ્ત હતો નહી. તમારાં ખરાં અંતઃકરણની મદદથી હું બદીની જીંદગીમાંથી બચ્યો. જ્યારે બધાંઓ મને કમીજ સમજીને મારાથી દૂર

નાહસ્તાં હતાં ત્યારે તમે મને સદગુણુનો રસ્તો દેખાડયો, અને પ્રમાણિક જીંદગી ગુજારતાં શીખવ્યું, અને મારી જીંદગી આશાવંત બનાવી. તમે મને બેહસ્તનો રસ્તો બતાવ્યો. હું તમને મારા પીતા તરીકે ગણું છું. ખુદા તમને સલામત રાખે! તમારી સઘળી માયા મેહરબાની માટે ખુદા તમને બદલો આપે! તમે તમારા ભાઇબંધુઓ તરફ જે ઉમદા દિલથી કોશેશ કરી રહયા છો તેનો જ્યારે હું વિચાર કરૂં છું ત્યારે તમને યાદ કરીને હું રડું છું."

ટૉમસ રાઇટ પોતાની આવકમાંથી પોતાના નિર્વાહ માટે થોડીક રકમ ખરચીને બાકીની રકમ કેદીઓની હાલત સુધારવા માટે આપી દેતો હતો. આ પ્રમાણે તેણે બુઢાપામાં પણ ચાલુ રાખ્યું, પણ સરકારે તેનાં રૂડાં કામની પીછાણુ કરીને તેને વરસ દાહડે ૮૦૦ પૌંડના પગારે જેલોના ઇનસ્પેકટર તરીકે નેમવાની માગણી કીધી, પણ તે ઓહ્દો તેણે ઉપહાગ સાથે સ્વીકારવા ના પાડી, અને કહ્યુ કે સરકારી નોકર સમજીને કેદીઓ મારી ઉપર વિશ્વાસ રાખતા હોય તે ન ગમે. તેણે પોતાની ૮૫ વર્ષની જીંદગી સુધી, અને મરણુની છેલ્લી ઘડી સુધી પોતાનું કામ પોતાની ફરજ સમજીનેજ બજાવ્યું હતુ અને લોકોનાં મોંઢાંમાંથી 'વાહવા' બોલાવી હતી.

'રાઇટ' ડામીજો ઉપર વિશ્વાસ મેલતો હતો, અને વિશ્વાસ એજ ભરૂસો છે. ભરૂસો મેલવાથી જે સારા ગુણો ન જણાયલા તે પ્રગટી નિકળે છે. વિશ્વાસ મેળવાથી લોકો વિશ્વાસુ નિવડે છે. ઘણાજ થોડા દાખલામાં વિશ્વાસ-ઘાત કરવામાં આવશે, અને તેવા વિશ્વાસઘાત કરનારા તદનજ રતબાતલ હોવા જોઇએ. તમે કોઇને માટે ભૂડું વિચારો ત્યારે તેને ભૂડું થવાનુ મન થાય છે, માટે કોઇ પણ માણુસ તરફ ગેરઇનસાફ નહી થાય તેમ વર્તવું, પછી તેમાં આપણે ઠગાઇએ તો ફિકર નહી. તમે સામા માણુસને કહો કે હું તારી ઉપર વિશ્વાસ મેલવા તૈયાર છું, તેને ખુલ્લેખુલ્લું બતાવો કે હું તને સારાં માણસ તરીકે ગણવા તૈયાર છું, અને તમે ખુલ્લી રીતે તેની સાથે તેવીજ રીતે વર્તો, તો તે માણુસ તમારી સાથે બેવફાઇ કરવાં

અચકાશે, અને તેને તમારી સાથે સારી રીતેજ વર્તવાનું મન થશે, પણ જો તમે કાયદાનો આશરો લેવાની તેને બિહક આપો, અને દમામ બતાવીને તેને ધમકી દેખાડો તો તેથી તે તમારી સાથે સારી રીતે વર્તે, એ બનવાજોગ નથી. તમારી પોતાની ભલી ખાસ્યતથી તેનાં મન ઉપર જેવી ભલી અસર થશે તેવી અસર બીજી કોઇ પણ રીતે થઇ શકશે નહી.

દરેક માણસ, ભૂંડો કે ભલો, તેનામાં ભલાઇનો થોડો ઘણો અંશ તો હોય છેજ. તે ભલાઇના અંશને તમારી તરફના વિશ્વાસની જરૂર છે. દરેક માણસને ઘટે તેવા હક તેને બક્ષો, અને તે જ્યારે પોતાના હક ભોગવતો થશે ત્યારે તે પોતાના હક રૂડી રીતેજ વાપરશે. સામા માણસ ઉપરથી આક્રોશ કાહડી નાખો અને તેને છૂટાપણું બક્ષો, અને તેથીજ તેનામાં જે ભૂંડાઇનો અંશ હશે તે નાશ પામશે. એક માણસમાં ખરી માણસાઇ ખાસ્યત દસાવવા માટે તમે તમારી ઉંચી માણસઇ ખાસ્યત વાપરીને તેને દેખાડો કે જેથી તે ઘણી ઉંચા ગુણોથી વાકેફ થાય, અને તે પ્રમાણે ચાલવાની કોશેશ કરવાનું તેને મન થાય. એક માણસને ભલા શેહરી તરીકે દરેક જાતનો તેને હક અને છૂટાપણું બક્ષો, ત્યારે તે પોતાની મેળે ભલા શેહરી તરીકે ચાલવાને પોતાનાથી બનતું કરશે. જેમ એક માણસને તરવાનું શીખવવા માટે તેને પાણીમાં ઉતરવાની જરૂર છે, જેમ એક માણસને ઘોડેસ્વારી શીખવવા માટે તેને ઘોડા ઉપર બેસવાની જરૂર છે, તેમ એક ભલા શેહરીની શી શી ફરજો છે તે ફરજો તેને શીખવવી જોઇએ. લોકો ઉપર વિશ્વાસ મુકવાથી ખુલ્લાં દિલથી વિશ્વાસ મુકનારને કશું નુકસાન થતું નથી એ નિશ્ચિત છે.

પ્રકરણ ૯.

જાનવરો તરફ દયા.

મુગાં જાનવરો ઉપર કેવું અનહદ ઘાતકીપણુ ગુજારવામાં આવે છે! પક્ષીઓ ઉપર, હેવાનો ઉપર, ઘોડાઓ ઉપર અને બીજાં સઘળાં જાનવરો ઉપર. અસલ રોમ દેશમાં તલવારબાજીની રમત ખેલવામાં આવતી હતી, અને તેમાં લોહીલુહાણુ થઇ મરણુ પામતા માણુસોને જોવાને રોમન દેશની બાનુઓ મોટી મોજ સમજતાં હતાં. હાલ તે જમાનો વહી ગયો છે, પરંતુ હજી સ્પેન દેશમાં જાનવરોની લડાઇમાં જાનવરોને લોહીલુહાણુ થઇ મરતાં જોઇને સ્પેન દેશની ઓરતો બંને હાથે તાલીઓ પાડી મજાહ મેળવે છે. સ્પેન દેશમાં જાનવરો ઉપર ઘાતકીપણું ગુજરતાં જોઇ માટીડા અને બૈરાંઓ જેટલી મજાહ મેળવે છે તેવું બીજા કોઇ સુધરેલા દેશમાં થતું નથી.

ઇંગલંડ પણુ આવી મજાહથી નિરાળું ન હતું. થોડાં વરસની વાત ઉપર ત્યાં પણુ ગોધાની લડાઇ, મરઘાની લડાઇ, પક્ષીઓની લડાઇ વગેરે કરવામાં આવતી હતી, અને તેમાં ગરીબ અને તવંગર લોકો ભાગ લેતાં હતાં. ઇ. સ. ૧૮૩૫ માં પારલામેંટે કાયદો ઘડીને ગોધાની લડાઈ બંધ કરાવી. વળી ઇંગિલંડમાં પ્રાણીઓ ઉપર ઘાતકીપણું અટકાવનારી મંડળીઓ સ્થાપવામાં આવી હતી, અને જાનવરોને કાયદાનું રક્ષણુ આપવામાં આવ્યું. તે છતાં હજી જાનવરો ઉપર ઘાતકીપણું થોડા પ્રમાણુમાં ચાલુ છે.

દાખલા તરીકે પક્ષીઓ તરફ ઘાતકીપણું ચાલુ છે. 'હરલી' ગામમાં એક ચોક્કસ દિવસ સઘળી બાનુઓ કબુતર ઉપર ઘાતકીપણું ચલાવે છે. કબુતરને તેના માળામાંથી ખેંચી કાહડી, તેને ગોળીથી ઘાયલ કરે છે, અને તેમાંથી લોહી નિકળે છે, તે બાનુઓ પોતાના પોશાક ઉપર લગાડે છે,

અને પછી ઘાયલ થયલાં કબુતરને છોડી દેવામાં આવે છે, જે બિચારૂં ઘાયલ થયલું હોવાથી આમ તેમ કૂદીને આખરે મરણ પામે છે. સુધરેલીમાં ખપતી ઇંગ્રેજ બાનુઓની રહેમદિલીનો આ દાખલો તો જુઓ!

વળી યુરોપિયન બાનુઓ પક્ષીઓનાં પીછાં પોતાના પોશાકમાં સજે છે. તેમના પોશાકને ખાતર દેશેદેશ પક્ષીઓનો ઘાણ નિકળે છે. ભલે પક્ષીઓનો કચ્ચરઘાણ થાય, પણ બાનુઓ પોતાની ફેશન શા માટે છોડે! આવું ઘાતકીપણું તેઓ કરાવે છે તે છતાં કહે છે કે અમે તો સુધરેલા માણસો છીએ.

પક્ષીઓનો શેકાર હવે એટલી હદ સુધી પોંહોચ્યો છે કે ખુદરતની પેદાયસમાં જે ઘણાં રંગબેરંગી અને શોભાયમાન પક્ષીઓ હતાં તેની સંખ્યા હવે ઘટવા માંડી છે. લંડનની એક વેપારી પેઢીએ ફકત એકજ ભરતીઆમાં ૩૨૦૦૦ ઉડતાં પક્ષીઓ, ૮૦૦૦૦ જળ પક્ષીઓ અને ૮૦૦૦૦૦ પક્ષીઓની પાંખો મંગાવી હતી.

થોડાં વરસની વાત ઉપર પારલામેંટે પક્ષીઓને બચ્ચાં જણવાની મોસનમાં મારવાં નહીં એવો એક કાયદો ઘડયો હતો, તેમજ વળી જંગલી કુકડીને મારવી નહી એવો પણ એક કાયદો હતો, પણ તેની કોણ દરકાર કરે છે? લેડીઓને પોતાની ટોપીઓમાં પીછાં વગર ચેન પડતું નથી, અને દુન્યાને છેડે ખુણેથી તે મંગાવવાં પડે તો તેમ કરવાને તેઓ ચુકતી નથી. આપણાં હિંદુસ્તાનમાંથી કેટલાં પક્ષીઓનાં પીછાં વેલાત જાય છે, તેનો કાંઇ તમને ખ્યાલ છે?

આ માટે કેટલાક પારધી લોકો જંગલે જંગલ ફરીને હજારો સુંદર પીછાંવાળાં પક્ષીઓને પકડીને મારી નાખે છે, એ કેવી અફસોસની વાત છે!

કહે છે કે ઇંગ્રેજ લોકો નોરવે દેશ મુસાફરીએ જાય છે, ત્યાં પણ તેઓ પક્ષીઓનો કચ્ચરઘાણ કાહડતા હતા, અને તેથી ત્યાંની સરકારે એવો કાયદો

બાંધ્યો છે કે કોઇ પણ પારકા દેશના મુસાફરે સરકારની પરવાનગી–ચીઠી લીધા વગર સાથે બંદુક કે પિસ્ટોલ રાખવી નહી. આવો કાયદો સઘળે ઠેકાણે હોય તો પક્ષીઓનું કેવુ રક્ષણ થાય !

વેલાતમાં લાવરી નામનાં પક્ષીઓનો ભારે નાશ કરવામાં આવે છે. કહે છે કે ત્રણ દિવસમાં એક શેહેરમાં ૨૪૦૦૦ લાવરીને મારી નાખવામાં આવ્યાં અને લનડન શેહર મોકલવામાં આવ્યાં. વેલાતમાં આ પક્ષીનાં માસમાંથી સમુસા બનાવવામાં આવે છે, જે મોટા લોકો ઘણા ખાય છે.

અસલ જે સાધુઓ જંગલમાં એકાંતવાસમાં રહેતા હતા, તેઓ જાનવરો અને પક્ષીઓને પોતાના સાથી સમજતા હતા. સાધુઓની આગલ તેઓ બેધડક આવતાં હતાં, કારણ કે તેઓને પણ જ્ઞાન હોય છે કે સાધુઓ મારશે નહી. જો કોઇના હાથમાં બંદુક કે તીર જોય છે તો પક્ષીઓ પણ ધાસ્તી સમજી જઇને ઉડી જાય છે.

ક્રિસ્ટીઓનો મોટો સાધુ સેંટ ફ્રાનસીસ થઈ ગયો તે જેમ માણસ તરફ ભાઇચારો રાખતો હતો, તેમ જનાવરોને પણ ગણતો હતો. તે એમજ કહેતો હતો કે તેઓ વાચા વગરનાં છે પણ બધું સમજે છે, અને એમ સમજીને તે જાનવરો આગલ પણ વાયજ કરતો હતો. તે કહેતો હતો કે જો તમારૂં હૈયું સાફ હોય તો દરેક પ્રાણી તમને જીંદગીની આરસી મીસાલ દીસશે, અને દરેક પ્રાણીમાં તમે ધર્મનો મોટો પોથો સમાયલો જોશે.

યુરોપની કેટલીક જગાએ લોકો બોટમાં બેસી પક્ષીઓના શેકાર કરવા ઉતરી પડે છે. ખડકોની આસપાસ પક્ષીઓ ઘણાં મળી આવે છે ત્યાં બંદુકો છોડીને તેઓ પક્ષીઓનો શેકાર કરે છે. મોટાં અને નાનાં પક્ષીઓ સંખ્યાબંધ તપોતપ ઘાયલ થઇને પાણીમાં પડે છે. મુવેલાં પક્ષીઓ પાણી ઉપર સેંકડોની સંખ્યામાં તરે છે અને ઘાયલ થયલાં પક્ષીઓ બાપડાંઓ લોહીલુહાણ થઇને આમતેમ ભરાઇને છેવટે રીબી રીબીને પૂરાં થાય છે,

જેમનું દુઃખ વર્ણવું મુશકેલ છે. આ સઘળાંને ઘાતકી લોકો શેકારની મજાહનું નામ આપે છે! જુવો તો ખરાં!

કેટલાંક માણસો કરતાં પક્ષીઓમાં વધારે દયા સમાયલી માલુમ પડે છે. જ્યારે એક પક્ષી મુશકેલીમાં હોય ત્યારે બીજું તેને મદદ કરે છે. સેમ્યુઅલ સ્માઇલ્સ પોતાનાં પુસ્તકમાં એડવર્ડ ઓફ બેન્ક નામના શેકારીને માટે લખતાં કહે છે કે તે શેકારીએ એક ટર્ન (Tern) જાતનું પક્ષી ઘાયલ કીધું. તે ઘાયલ થયલાં પક્ષીને નિચે પડતાંને વાર તેની જાતનાં બે બીજાં પક્ષીઓ આવીને તે ઘાયલ થયલાં પક્ષીને પોતાની પાંખ ઉપર બેસાડીને નહસાડી લઈ ગયાં. કહેછે કે આ જોઇને પેલો શીકારી જેણે તેવાં બીજાં ઘણાં પક્ષીઓને માર્યાં હોત, તે વિસ્મય પામ્યો, અને આ દયાલુ દિલનાં પક્ષીઓની મનમાં તારિફ કરતાં તેણે પોતાનો શેકાર બંધ કીધો.

એક દિવસમાં હજારો પક્ષીઓને મારવાં અને તેમના શેકાર કરીને મજાહ અને ગમત મેળવવી અને તેમનાં પીછાંથી બાનુઓના શોખ પરા પાડવા એમ કરનારને જો આજના જમાનામાં સુધરેલો કહેવામાં આવે તો એથી બીજું વધારે ગંભીર જૂઠું કયું હોય!

'સર ચાર્લ્સ નેપીઅરે' શેકાર કરવાનું તદન છોડી દીધું હતું, કારણકે મુગાં જાનવરોને દુઃખ થાય તે જોઇને તે દુઃખી થતો હતો. આવો દયાલુ માણસ લડાઇનો સપેસાલાર હતો, અને તેણે મીઆનીની લડાઇમાં જીત મેળવી હતી. લડાઇમાં તે હિમ્મતવાન હતો, પણ તે કોઇની ઉપર ઘાતકીપણું ગુજારવા નારાજ હતો. મુગાં પ્રાણીઓની મરતી વખતની ચીસ અને તેમના મરતી વખતના પછાડા જોઇને તેનું દિલ કાંપતું હતું. એ તે ખરો બાહદુર!

જેનરલ 'આઉટરામ,' જે હિંદુસ્તાનની તવારિખમાં મશહુર છે, તે જ્યારે પોતાની તનદરોસ્તીના સુધારાને માટે મીસર દેશમાં ગયો, ત્યારે એક દિવસે ખાણા ઉપર ગોસ્ત ન હોવાથી તેના એક મિત્રે એક પક્ષીનો શેકાર કીધો, પણ આઉટરામે તે પક્ષીનું ગોસ્ત ખાવા સાફ ના પાડી અને બોલ્યો, "કોઇ પણ પક્ષીને મારવું નહી એવા મેં સોગંદ લીધા છે."

ખુદરતમાં ગીત ગાનારાં અને રંગબેરંગી પક્ષીઓથી જંગલો તેમજ આકાશ કેવું ગાજી રહે છે! હજી હિંદુસ્તાનમાં પક્ષીઓ થોડાં પણ મળી આવે છે, પણ ફ્રાન્સ દેશમાં પક્ષીઓ મારીને તેમની સ્વાદીષ્ટ વાણીઓ બનાવવામાં આવે છે તેમજ બાનુઓની ટોપી અને પોશાકમાં તેમનાં રંગીન પીછાંઓનો બોહલો ઉપયોગ થાય છે, અને એ શોખ એટલી હદ સુધી ફેલાયો છે કે ફ્રાન્સનાં જંગલો પક્ષીઓથી લગભગ ખાલી થઈ ગયા છે, પરંતુ ફ્રેંચ લોકોને ખુદરતી શિક્ષા થઈછે તે તો જુઓ! કહે છે કે ફ્રાન્સમાં ઝાડો સુકાઇને મરણ પામે છે, દરાખના છોડવાને કીડા ખાઈ જાયછે, અને પાકને નાનાં જન જાનવરોથી નુકસાન થાયછે. અડસટો કરવામાં આવ્યો છે કે એક બહવાડીઆંમાં અરધો એકર જમીનનો પાક ખાઇ જવાને જેટલા કીડા જોઇએ તેટલા બધા કીડાઓને એક પક્ષી એક દિવસમાં ખાઇ જાય છે. આ ઉપરથી સમજી શકાશે કે પક્ષીઓને ખુદરતે ખાલી શોભાને માટે પેદા કર્યા નથી. તેઓ માણસને સીધી નહીં તો આડકતરી રીતે ઘણાં કામનાં છે, અને તેવાં જનાવરોને દુઃખ દેવું એ કુદરતના કાયદાથી ઉલટું છે.

હાલ અમેરિકામાં તેમજ હવે ફ્રાન્સમાં પણ લોકો પક્ષીઓને નહી મારવાના અગણીત ફાયદા સમજવા લાગ્યાં છે, અને જાનવરો તરફ ઘાતકી-પણું અટકાવવાની પાંચસો ઉપર મંડળીઓ ઉભી થઇ છે, અને હવે નાનાં છોકરાંઓને જાનવરો અને પક્ષીઓ તરફ દયા અને મેહરબાની દેખાડવાના પાઠો નિશાળમાં શીખવવામાં આવે છે.

નિશાળમાં છોકરાંઓ પાસે નકામા નકામા પાઠો ભરડાવવામાં આવે છે. તેમને દયા મયાના પાઠો શીખવવામાં આવતા નથી. માણસાઇ ખવાસ, જેમાં દયા મયાનો અંશ હોવોજ જોઇએ તે તેમનામાં આવતો નથી. ટુંકમાં તેમનું મગજ કેળવવામાં આવે છે પણ તેમનાં દિલને કેળવવામાં આવતું નથી, પણ દિલને કેળવનાર શિક્ષકો મળવા કઠણ છે.

શિક્ષકોનાં પોતાનાં દિલમાંજ દયા ક્યાં હોય છે ! તેઓ પોતેજ છોકરાંઓ ઉપર હાથ ઉંચકે છે અને તેમને મારે છે. કેટલાંક માબાપો અને શિક્ષકો છોકરાંઓને પાઠ ભણાવતી વખતે કેટલું ઘાતકીપણું વાપરે છે તેનું વર્ણન ન થઇ શકે તેવું છે. માબાપો તેમજ શિક્ષકોના જેવું જ ભેજું છોકરાંઓ ધરાવેછે, અને તેટલામાટે તેમની માફક છોકરાંઓ પણ શીખી શકે તેમ છે, અને શીખવાને તેઓ તેટલાંજ લાયક છે, તે છતાં બધાં છોકરાં એક સરખી ઝડપથી શીખી શકતાં નથી. એટલા માટે છોકરાંને મારવું અને તેની ઉપર ઘાતકીપણું ગુજારવું માબાપ તથા શિક્ષકને ન છાજતું છે. મોટાંઓઉપર જુલમ કે ઘાતકીપણું ગુજરે તો તે થોડા વખતમાં વીસરાય છે, પણ નાનાં છોકરાંઓ ઉપર ઘાતકીપણું ગુજરે તે તેઓ ભુલી જતાં નથી, તેમજ તે ઘાતકીપણાં સામે પોતાનો બચાવ કરવાને તેઓ સામર્થવાન હોતાં નથી.

માબાપો, તમારાં છોકરાંને માર મારીને ઉશ્કેરો ના, નહીં તો તેઓ નાસીપાસ થઇને હારી ખાશે. જો એક છોકરો મારમારથી કંટાળી જશે તો તે એકમાર્ગી બનીને બધાંને ધિક્કારતાં શીખશે. જો કોઇ નાનું છોકરૂં પોતાને ગેરઇનસાફ થતા જોશે તો તે છોકરૂં પોતાનાં દિલમાંનો કડવાસ ભુલશે નહીં. એક દીકરાને માટે એક ઘાતકી બાપ નિચલા બોલોમાં વીલાપ કરે છે તે ધ્યાનથી અભ્યાસ કરવો જોઇએ—"મારો છોકરો મને પોતાનાં મરણની છેલ્લી ઘડી સુધી ઘાતકી સમજતો હતો, અને મને તે ઘાતકી સમજતો હતો તે ખરૂં હતું, કારણ કે હું બાહેરથી તેની તરફ જોઇએ તે કરતાં સખ્ત દિલથી વર્તતો હતો, પણ મારા દિલમાં હું તેને કેટલો ચાહતો હતો તેનો મારા દિકરાને કશો ખ્યાલ નહી હતો, પણ અફસોસ! હવે થઇ ચુક્યું છે, હવે મોડું થયું છે, અને મારો પ્યાર મેળવવા તે જીવતો રહયો નથી!"

બચ્ચું જે શીખે છે તે માબાપ પાસેથી શીખે છે. બચ્ચું ચોરી કરે છે તે માટે તેને ઠપકો ઘટતો નથી કારણ કે તે શું કરે છે તે બિલકુલ

સમજતું નથી. આથી માબાપની ફરજ છે કે બચ્ચાંનો સ્વભાવ સુધારવાની કોશેશ કરવી, અને બચ્ચાંને સબુરી, ધિરજ, અને પોતાનાં મન ઉપર કાબુ રાખતાં શીખવવું. ફક્ત માર માર્યાથી બચ્ચું સદગુણી થતાં શીખશે એમ માનવું મૂર્ખાઇ ભરેલું તેમજ ભૂલ ભરેલું છે.

'બચ્ચાંની મરજી પ્રમાણે કાંઇ કરવું નહી' એ પ્રમાણે કેટલાંક માબાપો બોલે છે, પણ તેમાં ભુલ છે. મરજી સારી તેમજ નઠારી બાબદની થાય છે. સારી બાબદની મરજી ખિલવવાની કોશેશ કરવી. સારી સારી બાબદમાં બચ્ચું પોતાની મરજી બતાવે તેવી બાબદોમાં બચ્ચાંને ઉત્તેજન આપવું જોઇએ. બચ્ચાંને પોતાનાં મન ઉપર કાબુ રાખતાં શીખવીને તેમની મરજીની શકતી સારે માર્ગે ખિલવવી ઘટારત છે, પણ તેમ કરતી વખતે તેમની ઉપર જુલમ ગુજારવાની કે તેમને મારવાની કશી જરૂરતા નથી.

શિક્ષકોને પોતાના વર્ગના ચેલાઓને શીખવવાને માટે બે માર્ગ ખુલ્લા છે. માર મારીને, અથવા રૂડો દાખલો બેસાડીને ચોકકસ ધોરણે કામ લઇને શીખવવું, એ બે માર્ગ તેમને માટે ખુલ્લા છે. છોકરાઓને વર્ગમાં તાણાતપલા મારીને અથવા બીજાઓ વચ્ચે હલકો પાડયાથી સુધારવાને બદલે તેઓ ઉલટા બિગાડે છે. તેમને નિતીનો બોધ આપવામાં આવે, તેમને તેમની આબરૂ અને દરજ્જાનો ખ્યાલ આપવામાં આવે, અને તેમ કરીને તેમનામાં શીખવાનો અને સુધારવાનો ઉત્સાહ ઉતપન્ન કરવામાં આવે, તો છોકરાઓ પોતાની મરજીથી અને ખુશીથી ઘણો સારો દેખાવ કરે છે. શિક્ષકોએ યાદ રાખવું જોઇએ કે તેઓ કેદખાનાના કેદીઓ ઉપર જેલરનું કામ કરતા નથી, પણ તેઓ ઓછી ઉંમરના અને ઓછી અકકલના છોકરાઓને કેળવણી આપનાર છે, તેથી પોતાનો ઉમદા ખવાસ દેખાડીને, છોકરાઓનું દિલ જીતી લઇને, તેમની ઉપર હેતપ્રિત રાખીને, અને તેમને પોતાની પક્ષમાં ખેંચીને, તેમની પાસે તેઓ પોતે ખુશી થાય તેમ કેળવણી આપવાનું કામ શિક્ષકે કરવું જોઇએ.

જો બાપ અથવા શિક્ષક એક છોકરાને કેળવતી વખતે માર ઉપરજ આધાર રાખે, તો છોકરો બાપને અથવા શિક્ષકને રાજી રાખવા બાહેરથી બનતું કરશે, પણ તે પોતાના દિલમાંનો બુરો ખવાસ એકદમ તજી દેશે નહી, અને તે જેમ જેમ મોટો થશે તેમ તે ખંધો થશે. ટુંકમાં, તે ખંધો દીકરો, ખંધો વર, ખંધો બાપ, ખંધો પાડોસી, અને ખંધો શેહરી નિકળશે. બાપે કે શિક્ષકે તેના દિલમાંથી ખંધાઇ નિકળી જાય તેમ તેને કેળવવાની કશી કોશેશ કીધી હતી નહી. મોટાં શું કે નાનાં શું, કોઇની ઉપર જબરદસ્તી વાપરીને તેની પાસે કાંઇ પણ કામ કરાવવું તે કામ ખરાં મનનું કે ખરાં દિલનું તો થાયજ નહી.

જે શિક્ષકો પોતાના શિસ્યો તરફ ધાતકીપણું દેખાડતા હોય, તેમને માટે કહી શકાય કે તેઓ પોતાનાં ઘરના માણસો તરફ, બાયડી તરફ, નોકરો તરફ, તથા પોતાનાં સગાંવાહલાં તરફ પણ ધાતકી હશે.

જો શિક્ષકો પોતાના વર્ગમાં છોકરાઓને મારે નહી, અને નહી મારવાનું કારણ કહી સંભળાવે, કે કોઈ પણ જીવવાળાં પ્રાણીને, પછી તે માણસ હોય કે જાનવર હોય, તેને કોઇ પણ પ્રકારની હેરાનગતી કે દુઃખ દેવું નહી, આ નિયમને અનુસરીને હું તમને ફટકા મારતો નથી, તો છોકરાઓ તેમ કરતાં શીખશે, અને તેઓના દિલ ઉપર તેવી રૂડી અસર થશે, અને તેઓ ગાય, બકરી કે કુતરાંને મારીને હેરાન કરે છે તેમ કરતાં અટકશે.

મુંગાં જાનવરોમાં પ્રેરણા–બુદ્ધિ હોય છે. તેઓ પોતાનું દુઃખ રડીને, ચીસ પાડીને કે કોઇ એવી બીજી રીતથી દર્શાવે છે. ભયની વેળા તેઓ પોતાના સાથીઓને ચોક્કસ પ્રકારની તેમની છુપી નિશાનીથી ચેતવણી આપે છે. તેઓ માણસની બોલી અને માણસની ઇસારત સમજી શકે છે. કુતરા, ઘોડા, હાથી અને બીજાં પ્રાણીઓ માણસના હુકમ સમજે છે અને તેમને તાબે થાય છે, એ તેમની પ્રેરણા–બુદ્ધિની સાબેતી છે.

કુતરામાં પ્યાર, તાબેદારી અને સમજણ છે. એક ભરવાડનો કુતરો પોતાના ધણીથી છૂટો પડી ગયો, અને પોતાના શેઠને શોધતો શોધતો અહીં તહીં રખડવા લાગ્યો. રસ્તો સુંઘી સુંઘીને તે આગલ ચાલ્યો, અને છેવટે તે ત્રણ રસ્તાના સંગમ ઉપર આવી લાગ્યો. કુતરે એક રસ્તો સુંઘ્યો, પછી બીજો સુંઘ્યો, પણ ત્રીજો રસ્તો સુંઘ્યા વિના તે ત્રીજે રસ્તે એકદમ દોડ્યો. આ શું દેખાડે છે? એ દેખાડે છે કે કુતરાને અક્કલ હતી કે મારો શેઠ પેહલે રસ્તે ગયો નથી, બીજે રસ્તે ગયો નથી, માટે તે ત્રીજે રસ્તેજ ગયો હશે, માટે તે રસ્તો સુંઘવાની જરૂર ન હતી.

કુતરામાં પણ અંતઃકરણ હોય છે. એક કુતરે અંધારામાં પોતાની શેઠાણીનો હાથ કરડ્યો, પણ તેણીની ચીચીયારી સમજીને હાથ છોડી દીધો, અને તે પોતાના વાંક માટે એટલો પસ્તાવો કરવા લાગ્યો કે પોતાની કોટડીમાં ભરાઇ રહયો, અને ત્રણ દિવસ સુધી ખાવા કે પીવા બાહેર નિકળ્યો નહી. છેવટે, જ્યારે તેની શેઠાણીએ તેને તેડ્યો અને પસવાર્યો, ત્યારે તે ખુશી થઇને તેણીની સાથે વાહલ કરવા લાગ્યો.

કુતરાના પ્યારનો એક સાચો દાખલો મોજુદ છે. 'બૉબી' નામના કુતરાનું નામ સર્વ કોઇને રોશન છે. સ્કૉટલૅંડ દેશની રાજ્યધાની એડીનબરો શેહેરમાં એક માણસ પાસે બૉબી નામનો કુતરો હતો. તેનો ધણી મરણ પામ્યો, ત્યારે તેની ઘોર આગલથી તે કુતરો ખસ્યો નહી. તેને મારી મારીને ત્યાંથી કાહડવામાં આવ્યો હતો, અને જોકે તે ઘોર ઉપર કશી નિશાની કે પથરો હતો નહી, તે છતાં તે કુતરો બરાબર પોતાના શેઠની ઘોર આગલ પાછો આવતો હતો: તે બિચારા કુતરાને દિવસો સુધી ખાવા પીવાનું મળતું હતું નહી, તે છતાં તે ત્યાંથી ચાલી ગયો નહી. કોઇ વાર તેને કોઇ ખાવાનું નાખતું, કોઈ વાર તેને કોઈ પકડી લઇ જતું, કોઈ વાર તેને પોલીસ મારીને કાહડતી, પણ તે પોતાના શેઠની ઘોર આગલથી ચાર વરસ સુધી ખસ્યો નહી, અને છેવટે ભૂખમરાથી રીબાઈરીબાઈને ત્યાંજ મરણ પામ્યો. આ બૉબી કુતરાને પણ તેના શેઠની

ઘોર આગલજ દાટવામાં આવ્યો છે, અને તેની ઘોર તેમજ તેના શેઠની ઘોર ઉપર ઘટતો લેખ કોતરેલો હજી પણ જોવામાં આવે છે.

કેટલાક કુતરાઓએ બરફના પાહાડ ઉપર બરફથી દટાયલા શખ્સોને મરતા બચાવ્યા છે, કેટલાકોએ ડુબતા માણસોને બાહેર ખેંચી કાહડયા છે, કેટલાક કુતરાઓએ ખુનીઓનો પત્તો મેળવી આપ્યો છે, કેટલાક કુતરાઓએ પોતાના શેઠોને ફાંસી જતા બચાવ્યા છે, એ પ્રમાણે ઘણા દાખલાઓમાં કુતરાની વફાદારી અને બુદ્ધિ સાબેત થઇ છે. તે છતાં કેટલાક ધણીઓ કુતરા પાસે કામ લેતી વખતે તેમની ઉપર ઘણું ઘાતકીપણું ગુજારે છે. આવાં એક કિમતી અને ઉપયોગી જાનવર ઉપર ઘાતકીપણું ગુજારવું એ માણસાઇ ખવાસને એબ લગાડનારૂં છે. જાનવરોમાં વફાદારી છે તે કરતાં માણસમાં વફાદારી વધારે રહેવી જોઇએ, તેને બદલે જ્યારે પોતાને ઉપયોગી હોય એવાં જાનવરો ઉપર દયા મયા દેખાડવા વિના શેઠો પોતાના જાનવરો તરફ ઘાતકીપણું દેખાડે છે ત્યારે તેઓને જાનવર કરતાં પણ ઉતરતા કહીએ તો શું ખોટું છે?

જાનવરને કાંઇ હક છે કે? કાયદામાં જેટલો હક આપ્યો છે તે સિવાય તેમને વધુ હક નથી, પરંતુ તેમને જીવવાને અને પોતાને ગમે ત્યાં ફરવાને તો હક છેજ. જે ઇનસાફમાં દયા અને રહેમદિલી ભેળાયલી હોય તે ઇનસાફમાં જાનવરની લાગણી ઉપર પણ ધ્યાન અપાય છે. જાનવર બોલી શકતાં નથી, જાનવર તકરાર કરી શકતાં નથી, તે બાબદ બાજુ મેલો, અને સવાલ પૂછો કે જાનવરને દુઃખ થાય છે કે? આખી બાબદનો મૂળ પાયો એ છે. સુધરેલા લોકોનાં અંતઃકરણ કબુલ કરે છે કે જાનવરોને માણસની માફક દુઃખ થાય છે, અને તેથી માણસની તરફ દયા બતાવવાની જેટલી જરૂર છે, તેટલીજ બલકે તેથી વધુ જાનવરો તરફ પણ દયા બતાવવાની જરૂર છે.

એક જાણીતાં પુસ્તકમાં જાનવરોના હકનો બચાવ કરવામાં આવ્યો છે, જે નિચે પ્રમાણે છે:—

"લોકો કહેછે કે જાનવરો સાંચા મિસાલ છે, તેમનામાં જ્ઞાન નથી, તેમનામાં અક્કલ નથી, અને તેમનાં કામો એક સરખાં હોય છે અને નવું કાંઇ તેઓ શીખતાં નથી, તેમજ તેઓ કોઇ પણ પ્રકારે સુધરતાં નથી. તેમને હું પૂછું છું કે આ પક્ષી જ્યારે પોતાનો માળો દિવાલ ઉપર બાંધેછે ત્યારે અર્ધગોળ બાંધે છે, જ્યારે તે એકાદ ખુણામાં માળો બાંધે છે ત્યારે પાગોળ બાંધે છે, અને જ્યારે તે પોતાનો માળો કોઇ ઝાડમાં બાંધે છે ત્યારે તે તદન ગોળ બાંધે છે, ત્યારે કહો કે તેનાં કામમાં એકસરખાપણું ક્યા છે? એક શેકારી કુતરાનો દાખલો લ્યો. શું એને તમારે ત્યાં રાખીને ત્રણ મહિના શીખવશો તો કાંઇ નવું શીખશે નહી? આ તમારૂં પક્ષી, તમે એને દિવસો સુધી શીખવશો ત્યારે સીસોટી વગાડતાં અને બોલતાં શીખશે. ત્યારે કહો કે એનામાં એકસરખાપણું ક્યાં છે? તેને ચાલુ કેળવ્યાથી તેનામાં સુધારો નથી થયો? મને વાચા છે તેથી તમે મને અક્કલવાલો, યાદદાસ્તવાળો અને વિચારવાળો કહોછો. એમ સમજો કે હું મુગો છું, અને ઘરે પાછો ફર્યો છું ત્યારે ઉદાસ છું, પણ મારી ટેબલ ઉપર પડેલો એક કાગળ ઉચકીને વાંચતા હું ખુશી થાવુંછું. મને જોઇને તે ઉપરથી તમે બેશક કહી શકશો કે પેહલાં હું ગમગીન હતો, પછી કાગળ વાંચીને હું ખુશ થયો, અને તે ઉપરથી તમે કહી શકશો કે મારામાં જ્ઞાન અને યાદદાસ્ત શક્તી છે. તેજ પ્રમાણે આ કુતરાને માટે પણ તમે કહી શકશો. એક કુતરાનો ધણી ગુમ થાય છે, ત્યારે તે મોહલ્લે મોહલ્લે રડતો અને દલગીરીથી બસ્તો ભટકે છે, એમ જાય છે, તેમ જાય છે, અહીં સુંઘેછે, તહીં સુંઘે છે, અને આખરે જ્યારે તેનો ધણી જડે છે, ત્યારે ખુશ થઇ કુદે છે અને પૂછડી હલાવીને ગેલ કરે છે. આ તેના સઘળા ચાળા ઉપરથી તમે એમ નહી કહી શકશો કે પેહલાં તે કુતરો દલગીર હતો અને પછી ખુશાલ બન્યો? કુતરો માણસ કરતાં વધારે વફાદાર છે. કુતરો માણુસ કરતાં વધારે સ્યાણો છે. તે છતાં તેજ કુતરાને જીવતો ટેબલ સાથે ખીલા મારીને ડાકટરો પોતાના પ્રયોગો માટે તેની ઉપર વાહડકાપ ચલાવે છે અને તેની બધી

નસો તપાસે છે! ઓલો ડાક્ટરો, માણુસોમાં જેવાં લાગણીનાં જ્ઞાનતંતુઓ છે તેવાંજ તંતુઓ કુતરામાં નથી? એ ડાક્ટરોને પૂછો કે માણસને દુઃખ થાય તેવાં જ્ઞાનતંતુઓ છે અને કુતરાને તેવી અક્ષેશ ખુદાએ નથી કીધી? તેમને પણ માણસની માફક દુ.ખ થાય તેવાં સઘળાં જ્ઞાનતંતુઓ શું પરમેશ્વરે નથી બક્ષ્યાં? શરમની વાત છે કે માણસો પોતાની મતલબને ખાતર કહે છે કે ખુદરતે તેમને જુદીજ રીતે બનાવ્યા છે. જે ખુદા ઘાસને ઉગાડે છે, જે ખુદા ધરતીને સુર્યની આસપાસ ફેરવે છે, તેજ ખુદાએ માણસને તેમજ જાનવરને એક સરખા અવયવો બક્ષીને બનાવ્યાં છે, અને તે ખુદાએ સર્વ જીવવાળી ચીજોમાં એક સરખો જીવ મુકયો છે, ત્યારે શું તેમને જીવવાને માટે એક સરખો હક નથી?"

આપણને કેટલાક જંગલના સાધુઓની વાત ઉપરથી માલુમ પડે છે કે તેમના વનવાસમાં જંન જાનવરો તેમની સાથે એવાં હળી જાય છે કે કાંઇ કહેવાની વાત નહી. કહે છે કે ફાડી ખાનારાં પ્રાણીથી છેક પાણીની માછલીઓ પણ તેમની પાસે આવીને રમે છે અને તેમને હાથ અડાડવા દે છે. વળી સાંપ અને નાગ જેવાં પ્રાણીઓ પણ આવીને તેમના હાથે પગે વીંટલાય છે અને તેમને કશી ઇજા કરતાં નથી. પહેલી નજરે આપણને આ વાત અતિશ્યોક્તિ જેવી લાગે છે પણ એ વાત ખરી છે. જન જાનવરો એક વાર જાણે કે આ માણસ નુકસાનકર્તા નથી, તો તેઓ તેની નજદીક જવાને અચકાતાં નથી.

એક છોકરે તલાવ આગલ ઉભો રહીને હાથમાં પથર ઉચકયો, અને તે દેડકા તરફ નાખવા જતો હતો તેટલામાં તેના દિલમાંથી તેમ કરવા કોઇએ ના કહી. તેણે તે પથર ફેંકી દીધો અને ઘરે જઇને માને પુછ્યું કે એમ મને અંદરથી મના કરનાર કોણ? માએ કહયું કે દિલની અંદરથી ના પાડનારનું નામ અંતઃકરણ છે, અને એ અંતઃકરણ તે પરમેશ્વરનો અવાજ છે. આ પળથી તે છોકરો પોતાનાં અંતઃકરણ પ્રમાણે ચાલવા લાગ્યો, અને તેમ ચાલીને તે એક મહાન પુરૂષ થઇ ગયો.

આપણને કહેવામાં આવે છે, અને તે ખરૂં જ છે, કે માણસ જો દયાથી કામ લે, તો ગમે તેવાં પ્રાણીઓને કેળવી શકે છે. મક્કમ મન અને તેની સાથે દયા અને નરમાસ અને દિલસોજી વાપરવામાં આવે તો કોઇ પણ પ્રાણી હળી મળી જાય છે.

ગમે તેવો જંગલી ઘોડો લ્યો, અને તેને મક્કમપણે બરાબર રીતે કેળવો, તો તે ત્રણ કલાકમાં નરમ થઇ શકે છે, અને તેના કેળવનારની દરેક ઇસારત સમજી શકે છે, અને જેમ ચલાવે તેમ તાબેદારીથી ચાલે છે. ઘોડા કેળવનારોનાં વર્ણન ઉપરથી દીસે છે કે ગમે તેવો ઝનુની બીનકેળવાયલો અરબી ઘોડો હોય તો, એક અચ્છો ઘોડા કેળવનાર તેને અરધા કલાકમાં નરમ બનાવી શકે છે. આવાં એક સમજુ પ્રાણી પાસે લોકો ઘાતકી રીતે કેટલું કામ લે છે. ઇંગ્લંડ અને ઇટલી વગેરે દેશોમાં ઘોડા પાસે ભારબરદારી કેવી રીતે કરાવવામાં આવે છે, તે સર્વેને જાણીતી વાત છે. હાલ તેમને માટે ચોકકસ કાયદા છે ખરા, પણ તે છતાં ઘોડાઓ પાસે પુષ્કળ બોજા ખેંચાવવામાં આવે છે એ અફસોસની વાત છે!

ગાડાંની અંદર જોડેલા બળદ કેટલો બધો બોજો ખેંચે છે તે જુવો! તે જોઇને વિચાર કરો કે તેઓ ઉપર કેટલી જબરદસ્તી ચલાવવામાં આવે છે! તેમનાં મોંમાંથી ફીણ નિકળે છે અને તે બિચારાં કેવાં પાણી પાણી થાય છે. જો તેમનામાં વાચા હોય તો તેઓ જરૂર બોલે કે માણસો અમારી ઉપર જુલમ અને કેહર વરસાવે છે, અમારી ઉપર ઝુસરી નાખે છે, અમારા નાખમાંથી નથ પસાર કરે છે, અમને આરી ભોકે છે, અમારી ગરદન ઘસી નાખે છે અને અમારાથી જ્યારે ભાર ખસડાતો નથી અને અમે ધીમા ચાલ્યે છીએ ત્યારે અમને ડાંગ મારે છે.

ઘોડા, ખચ્ચર, ઉંટ, હાથી, વગેરે જાનવરો પોતાનું છુટાપણું ખોહી માણસના હુકમ પ્રમાણે કામ કરે છે, ભાર બોજ ઉંચકે છે, અને લાવ લઇ જા કરે છે, તે બિચારાં જાનવરોને માણસના ઘાતકીપણાથી કેટલું

દુઃખ થતું હશે તેનો ખ્યાલ કરો. ચાબક, બગ, તેમજ પરોણી, લગ્ગડી અને કાંટા જેવા દુઃખ ઉપજાવનારાં હથિયાર વડે આ ઉપયોગી જનાવરો ઉપર કેવો અને કેટલો જુલમ !

ઘોડદોડની સરતમાં કેટલા ઘોડાઓનો જીવ જાય છે તેનો કાંઇ તમને ખ્યાલ છે ? કહે છે કે લીવરપુલમાં એક સરતમાં સરત પૂરી થયા પછી એક દિવસમાં પાંચ ઘોડાઓને મારી નાખવાની ફરજ પડી હતી, કારણ કે ત્રણની પીઠનું હાડકું ભાંગી ગયું હતું, અને બેના પગ તદ્દન મરડાઇ ગયા હતા. માણસની મજાહ અને માણસના શોખને માટે આ નિરદોષ પ્રાણીઓ ઉપર કેવો જુલમ અને કેવુ ઘાતકીપણું વાપરવામાં આવે છે, તેનો જો નિરાંતે બેસીને આપણે વિચાર કરીશું તો જનાવરોને દુ.ખ દેતાં જરુર આંચકો લાગશે.

'સર આરથર હૅલ્પ' ઘોડા વિષે બોલતાં કહે છે કે "દુન્યામા માણસે ઘોડાને કેળવ્યો એ આપણી એક કમનસીબી છે. જો કોઇ પણ જનાવર ઉપર માણસ વધારે જુલમ ગુજારતું હોય તો તે ઘોડા ઉપર છે. માણસ જાતે ઘોડાને કેળવ્યો, પણ તેથી માણસને ફક્ત ફાયદો થયો નથી, ગેરફાયદો પણ થયો છે. અસલના જમાનામાં ઘોડાની મદદથી તહરેવાર જાતના જુલમ ગુજારવામાં આવતા હતા, તે વિષે જ્યારે યાદ કરયે છીએ તો તે વખ્તે જુલમની હદ ન હતી. અસલના ઝનુની જમાનામાં લુટફાટ ચાલતી હતી તે વેળા લુટારાઓ ઘોડાની મદદથી* ફાવતા હતા. વળી મારો મત એ છે કે ખુનરેજીભરેલી લડાઇઓમાં પણ ઘોડો મુખ્ય મદદગાર છે. જો માણસને પોતાને તોપો ઘસડવી પડત, તો હાલના જેવી લડાઇ ચાલત નહી એમ હું ધારું છું. વળી જો લશકરના સેનાધિપતીને ખડે પગે ઉભા રહીને લડાઇ ચલાવવી પડત, તો મારી ખાતરી છે કે આજના જમાનાની લડાઇ જેવું કાંઇ હોત નહી, કારણ કે સેના-

* વેલાતમાં તો ગાડામાં પણ ઘોડાને જોડવામાં આવે છે.

થ્રિપતી ટુંક વખતમાં લડાઇ બંધ પાડત. લડાઇમાં ઘોડો મૂખ્ય કામ બજાવે છે અને આજના જમાનાની લડાઇની ભયંકાર ખુનરેજી ઘોડાને મૂખ્ય આભારી છે."

કહે છે કે અમેરિકામાં આવેલા મેક્સીકો અને પીરૂ પ્રાંતો યુરોપિયનોએ જીત્યા, તે જીત ખરેખરજ ઘોડાને આભારી હતી. ઘોડેસ્વાર સીપાહોને જોઇને ત્યાંના લોકો તેમને દેવ ગણીને તેમની આગલથી ઉભી પુછડીએ નાઠાં. તેઓના દેશમાં ઘોડા નહી હતા, તે છતાં તેઓ દરેક રીતે ઘણા સુખી હતા, અને લાખો કંગાળ અને ગરીબ યુરોપિયનોના કરતાં બાગબગીચામાં રહીને તેઓ ઘણી ઉદ્યોગી અને સુખવાસી જીંદગી ગુજારતાં હતાં.

માણસો ઘોડા અને બળદો ઉપર જુલમ ગુજારે છે તે છતાં તેઓથી આપણને કેટલું બધું સુખ અને કેટલી સગવડ મળે છે. ઘોડા માણસને કેવો ફેરવે છે અને કેવી મજાહ આપે છે! કેટલાક દેશોમાં ઘોડા બોજા પણ ઘસડે છે. આપણા હિંદુસ્તાનમાં ગાડાંમાં બળદ કેટલો બધો બોજો ઘસડે છે તેનો ખ્યાલ માણસને કયાંથી આવે? જો એ સઘળો બોજો માણસને ઉપાડવો પડે, તો તેને ઘોડા અને બળદની કદર આવે ખરી. ઘોડા અને બળદથી માણસને આટલાં સુખ અને સગવડ મળે છે તે છતાં તેમની ઉપર જુલમ શા માટે ગુજારવામાં આવે છે તેની સમજ પડતી નથી. તેમનાથી ઘસડાય તે કરતાં વધારે બોજો ગાડાંમાં શા માટે ભરવામાં આવતો હશે? બળદનાં નાકમાં નથ ઘાલવામાં આવે તેથી તેમને કેટલું દુઃખ થતું હશે તેનો ખ્યાલ માણસ નહી કરે? વરસાદના દિવસ જાનવરોને આખો વખત પાણીમાં ભીજાતાં ઉભાં રાખવામાં આવે છે, એ શું જુલમની વાત નથી? પાણીના ખાબોચીઆમાં તેમના પગો લાંબો વખત રાખવાથી, અને ખબરાયલા રસ્તા ઉપર તેમની પાસે ભારી બોજો ઘસડાવામાં આવે છે ત્યારે, તેમના પગોને કેટલી બધી હેરાનગતી પુગે છે, તેનો

તેના માલેકોને ખ્યાલ આવતો નથી એ અફસોસની વાત છે! જ્યાં સુધી એ બિચારાં દુઃખી પ્રાણીઓ પાસે કામ લઇ શકાય ત્યાં સુધી તેમની ઉપર જુલમ ગુજારવામાં આવે છે, પણ તેમનાથી કામ ન થાય અને તેઓ બુઢાં થાય, ત્યારે પણ તેમને જરાપણ આશાયશ આપવામાં આવતી નથી, અને જ્યારે તેઓ નકામાં થઇ પડે છે ત્યારે તેમને કસાઇને ત્યાં વેચી નાખવામાં આવે છે, અને કસાઇની છરીથી આખરે તેમનો અંત આવે છે! અફસોસ!!

ફ્રાન્સની દક્ષિણે આવેલા એક પ્રાંતમાં નકામા ઘોડાઓને જુદીજ રીતે મારી નાખવામાં આવે છે. ગેરોન નદીના કિનારા ઉપર નદીનું પાણી અંદર લઇને મોટા તલાવો બનાવવામાં આવ્યા છે, તે તલાવોમાં નકામાં ઘોડાને ઉભા રાખવામાં આવે છે. આ તલાવોમાં પુષ્કળ જળોઓ મુકવામાં આવે છે, જે જળોઓ ઘોડાઓના અંગ ઉપર વળગે છે અને તેમનું સઘળું લોહી ચુસે છે. જળોઓ તેમના મોં ઉપર, તેમનાં પેટ ઉપર, અને તેમનાં નસ્કોરાંમાં એટલું તો દુઃખ ઉપજાવે છે કે તેની વેદનાથી તે બાપડા ઘોડાઓ તલાવમા અછાડ પછાડ મારે છે, અને તેમનાં આખા શરિરમાંથી લોહી વહી વહીને આખરે તેઓ પછડાઇ અફળાઇને મરણ પામે છે. કહે છે કે આવી રીતે ત્યાં દર વરસે અટારથી વીસ હજાર ઘોડાઓનો અંત આવે છે!

આ બાપડાં પ્રાણીઓ કામ કરી શકે ત્યારે તેમની ઉપર જુલમાત ગુજારવામાં આવે, અને જ્યારે તેઓ બુઢાં અને નકામાં થઇ પડે ત્યારે તેમને રીબાવીને મારી નાખવામાં આવે એ શું માણસાઇપણું કહેવાય? ડયુક ઓફ વેલીંગટનનો રક્ષ જેની મદદથી આ માહાન યોધ્ધો લડાઇઓ જીત્યો હતો, તેણે શું કર્યું તે જુવો, અને તેનો દાખલો લ્યો. તેણે પોતાના ઘોડાને તે કામ કરવા નાલાયક થયો ત્યારથી તે ઘોડો મુવો, ત્યાં સુધી તેને સુખમાં બેસાડીને ખવાડયો, અને છેલ્લી ઘડી સુધી તેની બરદાસ્ત લીધી.

યુરોપના સુધરેલા દેશોમાં જાનવરો ઉપર ઘાતકીપણું અટકાવવા માટે ઘણા દયાળુ દિલના શખ્સો પોતાની આખા જીંદગી દરમ્યાન લડત ચલાવી ગયા છે અને હજી ચલાવે છે, અને અતરે હિંદુસ્તાનમા પણ ઘણા હિંદુ અને પારસી રહેમદીલી શખ્સો જાનવરો ઉપર ઘાતકીપણું ગુજારવા સામે ચાલુ લડત ચલાવે છે, તેઓ ખરેખર પોતાની ફરજ બજાવે છે. તે માટે તેમને ધન્યવાદ ઘટે છે!

પ્રકરણ ૧૦.

જોખમદારી.

"એક ભલો માણસ મરણ પામે છે ત્યારે તે જાણતો નથી કે મારાં મરણ પછી લોકો મને વર્ષો સુધી યાદ કરીને મારે પગલે ચાલશે."

લૉર્ડ લીટન એક જાણીતા લેખક વિષે લખતાં કહે છે કે—"તેણે જીંદગી દરમ્યાન એક પણ ખોટો વિચાર કર્યો ન હતો, તેમજ તેનાં લખાણમાં એક પણ લીટી અનિતી ભરેલી ન હતી, કે જે તે મરતી વખતે પસ્તાઇને છેકી નાખવા માગે."

"જાણે આપણે હંમેશા સુધી જીવનાર હોઇએ તેમ સમજીને નવું નવું શીખો, પણ આપણે કાલે મરણ પામીશું એવો વિચાર કરીને તમે બીજાં લોકો સાથે વરતો."

જન્મ લીધો ત્યારથી ફરજ શરૂ થઇ, અને ફરજ મરણ સાથે ખતમ થાય છે. આપણી આખી જીંદગીમાં ફરજ આપણી આસપાસ ફરી વળે છે. ભલાં કામ કરવા આપણને ફરજ શીખવે છે, અને ભુંડાં કામ ત્યાગ કરવાને પણ ફરજ કહે છે. છોકરાંઓને ઉછેરતી વેળા ફરજ આપણી સામે આવી ઉભી રહે છે. તેમને પાળીપોષીને મોટાં કરવાં, તેમને કેળવવાં, તેમને સુધારવાં, અને ભલા માર્ગે તેમને ચાલતાં શીખવવું, એ પણ આપણી ફરજ છે.

આખી જીંદગી દરમ્યાન ફરજ બજાવવી એવો પરમેશ્વરનો હુકમ છે. આપણાં ઘરમાંજ ફરજ બજાવવી બસ નથી. ઘરમાંથી બાહેર નિકળી બીજાંઓ તરફ પણ નજર કરવી ઘટે છે. એક શેઠની ફરજ છે કે પોતાના નોકરો તરફ શેઠ તરીકેની ફરજ બજાવવી, તેમજ નોકરોની ફરજ એ કે શેઠ તરફની તેમની ફરજો પરેપૂરી અદા કરવી. આપણા પાડોસી, આપણા દેશ, અને આપણા રાજા તરફની આપણી ફરજો બરાબર બજાવવી ઘટે છે. એ સઘળી સંખ્યાબંધ ફરજો બજાવવાની જોખમદારી આપણાં સરપર લટકે છે. જે ધણી એ જોખમદારી બરાબર સમજે નહી તે પોતાની જીંદગી સાચે માર્ગે દોરવી શકે નહીં.

મંડળી તરફ અને આપણા ભાઇબંધો તરફ મંડળીના કાયદા પ્રમાણે ચાલવું જરૂરનું છે. જો મંડળી તરફની ફરજ બજાવવામાં માણુસ જાત ગફલતી કરે, તો મંડળીનું નામ નાબુદ થાય, અને ભાઇબંધી જેવું પછી કશું રહે નહીં. જો માણુસો એક બીજાને મદદ કરવાનું બંધ પાડે તો એક જાણીતો લખનાર કહે છે તેમ માણુસ જાતની હસ્તી નાબુદ થાય. માનાં પેટમાંથી બાહેર નિકળે ત્યારથી તે મોહતના બિછાના ઉપર કોઇ માયાળુ મિત્ર મગજ ઉપરથી પસીનો નુછે, ત્યાં સુધી અરસપરસની મદદ વગર જીવી શકાતું નથી, માટે જ્યારે પણ મદદની જરૂર પડે ત્યારે દરેક જણને પોતાના ભાઇબંધો તરફથી મદદની આશા રહે છે, તેમજ દરેક જણને પોતાની આસપાસનાઓની મદદ માગવાનો હક છે. માટે જ્યારે પણ મદદ થઇ શકે ત્યારે મદદ કરવી દરેક જણની ફરજ છે અને તે ફરજમાં પછાત પડનાર શખ્સ ગુનેહગાર ઠરે છે.

આપણા માથે મોટી જોખમદારી લટકે છે, તે એ છે કે ભલાં કામ કરીને રૂડો દાખલો બીજાને બેસાડવો. મોંઢેથી શિખામણ આપવા કરતાં ભલી ચાલનો રૂડો દાખલો બેસાડવો. આમ કરવાથી તમારી આસપાસનાં નાનાં મોટાં નરનારીઓ ઉપર ઘણી ભલી અસર થશે. ભલી

રીતે ચાલીને પોતાનાં છોકરાંનાં મન ઉપર ભલો છાપ મારી જવો તેના કરતાં બીજી મોટી બક્ષેશ કાંઇ નથી. તેના કરતાં બેહતર વારસો બીજો કોઇ નથી.

જે પોતાની જોખમદારી બરાબર સમજે, તેનામાં ઇમાન, હિમ્મત, સભ્યતા, અને બિનસ્વાર્થીપણું એ ગુણો અવસ્ય જોઇએ. આપણા માર્ગમાં લાલચો પુષ્કળ આવે છે, તે સઘળીને મારી હટાડવા ખુદા તરફ આઇાન, અને આકીન સાથે હિમ્મતની જરૂર છે. તે ઉપરાંત આપણી ફરજ આપણને શીખવે છે કે પાક દિલથી સર્વને ચાહતાં શીખવુ, ઇનસાફને ખાતર સ્વાર્થનો ત્યાગ કરવો, અને જુલમાત અને ઘાતકીપણું છોડી દેવું. ખુદા ઉપર ઇતબાર રાખ્યાથી આપણી ખાતરી થાય છે કે ભુંડાઇ ઉપર ભલાઈ હંમેશ ફાવે છે. ભુંડાઇનો નાશ કેમ કરવો? ભુંડાં માણસોને ભલાઈ શીખવો—એટલે ભુંડાઇનું નામ ન રહેશે. અંધારૂં હોય ત્યાં દીવો સળગાવો એટલે અંધારૂં જતું રહેશે. વાંકી ચાલના આદમીને સીધી રીતે ચાલતાં શીખવો તો તેની ખોડ જતી રહેશે.

ભલામાં ભલા અને બાહદુરમાં બાહદુર માણસોને પણ કોઇ કોઇ વાર પરમેશ્વરની હસ્તી વિષે શંકા ઉત્પન્ન થાય છે અને તેમની ઇમાનદારીનો પાયો કોઇ કોઇ વાર ઢીલો થઇને હાલે છે, પણ જો તેઓ ખરેખર ભલા અને બાહદુર હોયછે તો પોતાના મનની નબળાઇને મારી હટાડે છે, અને પોતાના આગલા વિચારોને વળગી રહે છે. આ સૃષ્ટિમાં જ્યાં જોઇએ છીએ ત્યાં પરમેશ્વરનુ ડહાપણ નજરે પડે છે, તેટલામાટે કુદરતમાં જે ભલી વ્યવસ્થા આપણી નજરે પડે છે, તેવી વ્યવસ્થા તમે તમારી જીંદગીમાં રાખો. પરમેશ્વરે જે જે કર્યું છે તે આપણાં ભલાંને માટેજ છે એવો મક્કમ ઇતબાર ધરાવો. દરેક માણસ આપણો ભાઇબંધ થાય છે એમ ખાતરીથી ગણો, અને તેટલામાટે દરેક જણ તરફ માયા મહેરબાનીથી વર્તવાની આપણી ફરજ છે એમ ખરા ભાવથી માનો. ત્યારેજ તમે માણસ જાતને મદદ કરતાં શીખશો.

ખુદાની હસ્તીનો અનાદર કોઈ પુરેપુરી રીતે કરી શકતું નથી. આકીન વગર માનવીનું કશું ભલું થતું નથી, ઉલટું નુકસાન થાય છે. આકીન વગર આપણામાં જે ભલાઈનો અંશ હોય તેનો સમુળગો નાશ થાય છે. આકીન વગર આશાનો ભંગ થાય છે. સંકટ વેળાએ ફકત સંકટને ગાળો ભાડવાથી કે બડબડાત કરવાથી સંકટ ઓછાં થશે નહી, પણ ભલાઈની રીતે મેહનત અને ઉદ્યોગથીજ સંકટ ઓછાં થાય છે.

મોટા મોટા વિદ્વાન શોધકો પણ ખુદા ઉપર આકીન રાખીને કામ કરે છે. આકીન ન હોય તો હિમ્મત આવતી નથી અને સેવટ નિરાશામાં આવે છે. જેને ખુદા ઉપર આકીન ન હોય, તેને માણસ ઉપર પણ એતબાર હોતો નથી, તેમજ તે ફરજ અને ઇમાનદારી પણ ભકતીભાવથી સમજતો નથી. તે ફકત પોતાનો સ્વાર્થ અને પોતાની મજાહ સમજે છે. ખુદરતે જે કાયદા ઘડયા છે, અને તે કાયદા ઘડવામાં જે મુખ્ય નેમો રાખા છે તે બરાબર સમજતાં શીખીને જે જે તકો આપણને મળે તે સઘળી તકોનો રૂડો ઉપયોગ કરયે, ત્યારેજ આપણે આપણી જીંદગીમાં કાંઈ રૂડું કાર્ય કીધેલું કહેવાય.

એક માણુસ સખ્ત માંદગીના બિછાને પડયો પડયો મનમાં પોતાને સવાલ કરે છે, કે મારી જીંદગીમાં મેં કાંઇ ભલું કામ કર્યું છે કે કોઇનું દિલ મારાથી ખુશી થયું છે કે? કદી કોઇની દિલગીરી ઓછી કરવા મેં કોશેશ કરી હતી કે? મારાથી શું ભલું થયું છે? આ સવાલોના જવાબ તેને પોતાને ઘણા અસંતોષકારક મળ્યા, તેથી તે પસ્તાવો કરતો બિછાને પડયો, પરંતુ જ્યારે તે માંદગીમાંથી બચવા પામ્યો, અને પાછો સાજો થયો, ત્યારે તે સુધરીને જુદીજ રીતે ચાલવા લાગ્યો, અને પોતાના પૈસા ભલાં કામ પછવાડે ખરચવા લાગ્યો. એ પ્રમાણે જે કોઈ સારો ઠરાવ કરીને સારી રીતે ચાલવા ઇચ્છે તો તે તેમ કરી શકે છે. તમારાં દિલમાં પ્યારનો ઝરો ચાલુ રાખો, કારણકે દયા એ તમારો ધર્મ છે. આશા કરતાં

અને આકીન કરતાં પણ પ્યાર વધારે છે, અને પરમેશ્વરની ઇચ્છા અને હુકમ છે કે તમે ખુદરતની દરેક પેદાયશને ચાહો, અને તેમાં તમારી સઘળી ફરજને સમાઇ જાય છે.

ફરજ સમજીને જે કામ કરીયે તે કામ અઘરૂં લાગતુ નથી. જે ધણી ફરજ સમજતા શીખ્યો, તે તાબેદારી કરતા શીખ્યો, અને ફરજ આવડી એટલે લાલચને વશ કરતાં શીખ્યો એમ સમજવુ. ફરજ સમજનાર શખ્સ મહેનત અને ઉદ્યોગ કરીને ગુજરાન મેળવશે. જે ધણી પોતાની ફરજ બરાબર સમજે છે તે પ્રમાણિક, સાચ્ચા અને માયાલુ હોય છે. અનુભવ આપણને શીખવે છે કે જેવા આપણે બનવા માગ્યે તેવા આપણે થઇ શકયે છીએ. ખરાબ કામની લાલચની સામે થવા માગ્યે તો તેમ કરવાને માટે આપણામાં સામર્થ છે. વળી અનુભવ ઉપરથી સિધ્ધ થયલી વાત છે કે દરરોજ એકની એક કોશેશ કરવાથી કામ હલકું અને સહેલુ થાય છે. વળી જેવું આપણે વાવ્યે તેવું લણ્યે છીએ.

રૂડામાં રૂડા દાખલાની નકલ કરવાની કોશેશ કર્યાથી આપણે ઘણાં સુધરયે છીએ. પહેલાં કદાચ સંપૂર્ણતા ન મળે, પણ રફતે રફતે ફતેહ જરૂર મળે છે. ચાલચલણ પણ એવીજ રીતે સુધરે છે.

તમારી પાસે બુદ્ધિનું બળ ન હોય, માલ મીલકત ન હોય, તેમજ તમે મોટો ઓહ્દો ભોગવતા ન હોવો તો તેની ફિકર નહી, પરંતુ તમારી ચાલચલણ ઉમદા હોય, તમારી આબરૂ ઉંચી હોય, તો દરેક જણ તમને માન આપશે. તમારા દિલમાં ઉલટ અને ઉમંગ રાખશો તો તમારી જીંદગીની કારકીર્દી ઝળકતી નિવડશે.

યાદ રાખવું કે સઘળી ચળવળ અને સઘળો સુધારો વધારો જુવાનીના વખતમાંજ થઇ શકશે. જુવાની તમારી જીંદગીની વસંત રતુ છે. જવાન વયે દુન્યાના સાગરમાં ઝીપલાવો, તે વખતે સંભાળ રાખવી કે તમારા બાપદાદાની આબરૂને ઝાંખ લાગે તેવું કશું પગલું ભરવું નહીં.

ખરાબ શબ્દોની અસર જવાન બેજા ઉપર જાદુક રહે છે. કોઇ પણ ખરાબ શબ્દ જવાન માણસ ભૂલી જઇ શકતો નથી. દરેક ખરાબ શબ્દ મોમાંથી નિકળે તે તરફ બેદરકારીથી જોવું નહી, કારણ કે તે ખરાબ શબ્દ આજે નહી તો વીસ વરસે પણ કાંઇ ખરાબ પરિણામ નિપજાવે છે. એક માણસ કેવા શબ્દો બોલે છે તે ઉપરથી તેની ચાલ-ચલણનું તોલ થાય છે માટે ખરાબ શબ્દો ઓચરતી વેળા ઘણી સંભાળ રાખવી ઘટે છે.

માણુસના દરેક વિચાર, દરેક શબ્દ અને દરેક કામ તેનાં નસિબ સાથે સંબંધ ધરાવે છે. એક ભલી અથવા ભૂંડી જીંદગી દરમ્યાન ઓચરેલા શબ્દોની અને થયલા કામોની જમાના સુધી અસર ચાલુ રહે છે, માટે દરેક વિચાર, દરેક શબ્દ અને દરેક કામની વેળા આપણી જોખમદારીનો ખ્યાલ કરવાની આપણી દરેકની ફરજ છે.

ખરાબ શબ્દો કરતાં ખરાબ પુસ્તકોથી પુષ્કળ નુકસાન થાય છે. ખરાબ કામોની માફક ખરાબ પુસ્તકો ભવિષ્યની ઓલાદોના વિચારો અને કામો ઉપર બહુ માઠી અસર કરે છે. ખરાબ પુસ્તકનો રચનાર મરી જાય છે, અને તેનું શરિર માટીમાં મળી જાય છે, પણ તેનું ખરાબ લખાણ મરતું નથી. તે અતરે હમેશની હસ્તી ભોગવે છે, અને તેથી કરીને તે લખનારનું નામ પણ એક ખરાબ ગ્રંથકર્તા તરીકે મશહુર થાય છે. તેની ચોપડીથી લોકોમાં બદી, અનિતીપણું, અને નાસ્તીપકણું દુન્યામાં ફેલાય છે. ખરાબ પુસ્તકો અને ચોપાનિયાંઓ ઝેરની માફક કાતેલ અસર નિપજાવે છે, અને તે અસર બહુ જલદીથી પંથરાય છે. આવાં નુકસાનકારક લખાણોથી સારા વિચારનું ખુન થાય છે, પવિત્રાઇનો નાશ થાય છે, અને નક્કરપણાંની જગાએ પોકળપણું દાખલ થાય છે.

અનિતીમાન લખાણો કરનાર લોભથી દોરવાઇ લખાણો કરે છે. ઉદાર દિલના વિચારો, ઇજત, ઇમાનદારી, યકીન એ સઘળાંને માટે

બાપદાદાઓ જેહમત ખેંચી ગયા તે સઘળા ગુણો તેઓ પોતાના ખીસામાં મુકે છે, અને તેઓ પોતાના લાભનીજ ગણત્રી કરે છે. આવા લેખકોનું અંતઃકરણ સુતેલું હોય છે.

સારાં લખાણોને માટે તેના લખનારને જેમ શાબાશી ઘટે છે, તેમ ખરાબ લખાણોને માટે તેના લેખક જોખમદાર અને જવાબદાર છે. નઠારાં લખાણો લાઇબ્રેરીમાં જગા લે છે અને લોકોનાં ઘરમાં દાખલ થાય છે. આવી ચોપડીઓ ઘણી વાર ઝહમકથી લખાયલી હોય છે. તેની ભાષા અને રચના ઘણી છટાદાર અને મનને રોકી રાખે તેવી હોય છે, તે છતાં તેમાં નુકસાન કરનારા વિચારો સમાવેલા હોય છે, અને એવાં ખરાબ લખાણો ચેપી રોગની માફક લાગી પોંહચાડે છે. દાખલા તરીકે નઠારા હલકા પ્રકારની વારતાઓ લ્યો. તેની ભાષા મનહર હોય છે તે છતાં તેમાં અનિતીમાન અને અપવિત્ર વિચારોનું ઝેર સમાયલું હોય છે. ખુન જનાકારી અને લુચ્ચાઈ લફંગાઇના સફાઓ જવાન શખ્સોનાં મન ઉપર ધીમાં ઝેરની માફક કાતીલ અસર કરે છે. તેજ પ્રમાણે જે ચોપડીમાં આખો વખત હસવાનું અને ખીખીખાખા કરવાનું હોય તે તેના લખનારનું પોકળ મન દેખાડે છે. દ્વેશભાવી ટીકાઓ, બલાં માણસોની ટકોર અને ભૂંડાઓની વખાણ લખાણ મારફતે થાય ત્યારે તે ભયભરેલી અસર નીપજાવે છે. એથી ઉલટું, સારાં વારતાનાં પુસ્તકોથી વાંચનારનું મન પોપાઇને પુખ્ત થાય છે અને તનદરોસ્ત બને છે, તેમજ તેનામાં હિમ્મત, પવિત્રાઇ વગેરેના સદગુણો ખિલે છે. એવા એક વારતા લખનાર તરીકે ઈંગ્લંડનો સર વૉલ્ટર સ્કૉટ જાણીતો છે. તેણે ત્રીસ વરસ સુધી પુસ્તકો લખ્યાં, પણ તેનાં લખાણમાં કાંઇક અજબ જાદુઇ અસર છે જેની બરાબરી કોઇ જવલેજ કરી શકે. તેનાં લખાણોમાં હલકા વિચારો તરફ સદા ધિક્કાર જોવામાં આવે છે. તેનાં લખાણોથી સખ્તાઇ તરફ અને દુશ્મનાઇ તરફ, તેમજ અનિતીભરેલાં છુટાપણાં તરફ ન ઢળતાં વાંચનાર ઉદારતા અને સખાવત તરફ ઢળે છે. તેનાં પુસ્તકો વાંચ્યાથી વિચારોમાં નાજુકઇ આવે છે પણ

નબળાઈ આવતી નથી. તેનાં સઘળાં લખાણોમાં એકજ ઢબ, એકજ રૂડી વળણ, એકજ મત, અને એકજ પ્રકારની લાગણી દીઠામાં આવે છે. ટુંકમાં, માણસ જાતને માટે જે જે ભલાં કામ, જે જે ભલા વિચારો, જે જે ભલી બાબદો હોય તેની ભલામણ કરનારાં, અને જે જે હલકા વિચારો અને જે જે આપમતલબથી ભરેલી અને અનિતીમાન બાબદો હોય તેની તરફ ધિક્કાર અને ધીટકાર દેખાડનારાં લખાણો સર વૉલ્ટર સ્કૉટનાં વારતાનાં પુસ્તકોમાં કાંઈ પણ અપવાદ વિના નજરે પડે છે.

'સર વૉલ્ટર સ્કૉટ' માટે આપણે જે ઉપર વખાણ ગાયાં તે ભારી છે, પણ એ સઘળાં વખાણને એ લખનાર લાયક હતો. વૃદ્ધ વયે તે આતે પોતાના લખાણો માટે નિચે પ્રમાણે બોલ્યો હતોઃ—

“હવે મારી જીંદગીની કારકીરદીનો છેડો નજદીક છે. હવે દુન્યાના નાટકના તખ્તા ઉપરનો મારો ભાગ જલદીથી પૂરો થવા આવ્યો છે. આ જમાનાના લેખક તરીકે મેં સર્વથી વધારે લખ્યું છે, પણ મારા દિલને સંતોષ છે કે મેં મારાં લખાણથી કોઇનું આકીન બગાડવાની કોશેશ કરી નથી, કોઇના સદગુણો બગાડવાને મેં જરા પણ યત્ન કીધો નથી, અને મેં એવું કશું લખ્યું નથી જે મારાં મોહતનાં બિછાના ઉપર પસ્તાવાને હું ભુસી નાખવા ઇચ્છું.”

એવોજ એક વારતા લખનાર 'ચાર્લ્સ ડિકન્સ' હતો. ખરૂં કહીએ તો તે લોકોને સદગુણી માર્ગે દોરવનાર હતો. તેના વારતાનાં પુસ્તકો માટે મૅનચેસ્ટરનો વડો પાદરી કહે છે કે, “મેં ચાર્લ્સ ડિકન્સનાં ઘણાખરાં પુસ્તકો વાંચ્યાં છે, અને મને યાદ છે તે ઉપરથી હું કહી શકું છું કે એકબી પાનું, અથવા એકબી વાક્ય એવો મેં વાંચ્યો નથી, જેમાં અનિતી ભરેલો અને દુર્ગણી નિચ વિચારનો જરા પણ અંશ હોય.”

ચાર્લ્સ ડિકન્સના પુસ્તકોથી તેના વાંચનારને બેહદ ફાયદો હાંસલ થાય છે. બાહેરથી ખોટી અને ખબરાયલી બાબદો હેથલ અંદરની ખરી

અને સાચી વિગતો તેના પુસ્તકમાં ખુલ્લી થાય છે. ધર્મ જે દિલસોજી દેખાડતાં શીખવે છે તે તેના પુસ્તકમાંથી આપણે શીખ્યે છીએ. તેના પુસ્તકોએ ઇંગ્રેજી વાંચક વર્ગના મનની હાલત સુધારી છે, અને તેને સ્વચ્છ બનાવવામાં ખરેખર મોટો હિસ્સો આપ્યો છે.

સારી અને નિતીમાન ચોપડીઓ પણ સેંકડો અને હજારો વર્ષ સુધી હૈયાત રહે છે, વંચાય છે, અને ફાયદો કરે છે. બે હજાર વર્ષ ઉપર લખાયલુ એક ભલુ લખાણ આજે પણ કોઇ તેનાં વાંચનારને બેહદ ફાયદો કરે તેમાં નવાઇ નથી. સેંકડો વર્ષ ઉપર મરણ પામેલા લેખકનો કોઇ ઉમદા વિચાર કોઇ તેનાં વાંચનારનું લક્ષ રોકીને તેને કોઇ સીધે માર્ગે ઉતારે અને તેને નામાંકીત બનાવે એ બનવાજોગ છે. તેજ પ્રમાણે એક નજીસ લખાણુ તેના લખનારની હસ્તી નાબુદ થઇ ગઇ હોય તે છતાં સેકડો વરસ પછી પણ બેશરમીભરેલા ગુનાહ તરફ તેના કોઇ વાંચનારને દોરવી જાય છે અને નુકસાન કરવાનું ચાલુ રાખે છે. એક ખરાબ લેખક મરણ પામે છે, પણ તે પોતાની ઘોરમાં સુતો સુતો પણ દુન્યામાં અનિતી અને ગુનાહનો ફેલાવો કરે છે.

ચોપડી એ એક જાતનો જીવતો અવાજ છે. ચોપડી દુન્યાની સપાટી ઉપર ચાલતો દેવતા છે. એક ચોપડી લખનાર વખતથી અને જગાથી દૂર થાય તોપણ તે આપણી સાથેજ ફરે છે. માણસો મરણ પામે છે અને અતરેથી ચાલ્યા જાય છે, માનની ઇધાણીના સ્તંભો જુના થઇને પડી ભાગે છે, પણ જે આ દુન્યામાં અમર છે અને જાવદાન જીવે છે તે માણસના વિચાર છે. વિચાર કદી મરતા નથી. અફલાતુન મરણ પામી ચાલ્યો ગયો છે, પણ તેના વિચાર હજી જીવે છે અને હજી આપણી આગલ હાજર છે.

ખરાબ પુસ્તકો અનિતીનું ઝેર છે, જે ખરાબીનાં બી ચોમેર ફેલાવે છે. લાટીનમાં કેહવત છે કે લખેલો અક્ષર રહે છે. (Litera

scripta manet) નુકસાનકારક ગ્રંથોના કર્તા ઘોરમાં સુઇને પણ પાછલા જમાનાના લોકોને નુકસાન કરે છે. એક ભલો ગ્રંથ દોલતના ખજાના મીસાલ છે, જ્યારે એક બુરો ગ્રંથ બુરા દેવ સમાન છે. જ્યારે એક સારો ગ્રંથ વાંચ્યાથી પ્રમાણિકપણું, સચ્ચાઇ અને ભલાઈ અખત્યાર થાય છે, ત્યારે એક બુરો ગ્રંથ દુર્ગુણ, સ્વાર્થ અને નાસ્તીકપણું શીખવે છે. ગ્રંથ-કર્ત્તાઓ મરણ પામે છે પણ તેમના ગ્રંથો જમાના પછી જમાના સુધી હૈયાતી ભોગવે છે, તેથી ગ્રંથકર્ત્તાએ સાહિત્યની સેવા બજાવતી વેળા ન ભુલાય, ન ભુસાય, અને ન મરે તેવી જોખમદારીઓ ઉંડાણથી સમજતાં શીખવું જોઇએ છે.

'વર્ડસ્વર્થ' જેવો નામીચો કવિ જે શબ્દો વૃદ્ધ વયે પોતાના એક મિત્ર આગલ બોલ્યો હતો તે શબ્દો દરેક ગ્રંથકર્ત્તાએ ગોખી રાખવા જોઇએ. તે શબ્દો નિચે પ્રમાણે હતાઃ—"મારે વાસ્તે કે મારી કવિતા વાસ્તે દુન્યાના લોકો ગમે તેવો મત બાંધે તેને હું કશી અગત્યતા આપતો નથી, પણ મારા બુઢાપામાં એક વાતનો મને મોટો સંતોષ છે કે મારી જવાનીમાં લખેલાં મારાં પુસ્તકોમાં એવી એકે લીટી નથી જે લીટી માણસ જાતના હલકા ખવાસને ઉત્તેજન આપે અને જે લીટી હું આ મારી વૃદ્ધ વયે છેકી નાખવા માગું. તેટલા માટે મારાં મરણ પછી મારાં લખાણથી કોઇને નુકસાન થશે નહી એવા વિચારથી મને ઘણો સંતોષ થાય છે."

ગ્રંથકર્ત્તાઓ વિષે લખવાનું ખતમ કરવા આગમજ એને લગતી એક જોડી કાઢેલી વારતા* નિચે આપીશું :—

"દોજખના અંધારા ગારમાં બે ગુનેહગારોને ઇનસાફના કરનાર દેવતા આગલ ઉભા કરવામાં આવ્યા, અને તેમને બન્નેને એકી વેળા શિક્ષા કરવામાં આવી. એક ચોર હતો અને બીજો નામાંકીત ગ્રંથકર્ત્તા હતો. ચોરે લોકોને ધોળે દિવસે લુટ્યા હતા અને તેમની ઉપર જબરદસ્તી

* "Krilof and his fables" by W. R. S. Ralston, M. A.

ગુજારી હતી. ગ્રંથકર્તાએ પોતાના પુસ્તકોમાં ધીમું ઝેર દાખલ કીધું હતું, જેથી લોકોમાં નાસ્તીકપણું વધ્યું હતું, અનિતીનો ફેલાવો થયો હતો, અને જેમ એક હસ્તે મુખડેની વેશ્યા જેટલું નુકસાન કરે તેટલું, બલકે તેથી વધુ, નુકસાન તેણે કર્યું હતું. દોજખમાં ઇનસાફ કરવામાં કશી નકામી ઢીલ થતી નથી. જડજે એકદમ બન્નેને સજા ફરમાવી. એ મોટા લોઢાંના કઢા સાંકળ વડે હવામાં લટકાવવામાં આવ્યા, અને હરેકમાં એકેકને એસાડવામાં આવ્યો. પેલા ચોરના કઢાની નિચે પુસ્કળ લાકડાંનો ઢગ મુકીને તેને એકદમ સળગાવવામાં આવ્યો, અને તેથી એવું તો બળતું સળગ્યું કે દોજખના ગારનું છાપરૂં પણ કડકડ બોલવા લાગ્યું. પરંતુ પેલા ગ્રંથકર્તાને શિક્ષા થઇ તે પેહલાં એટલી સખ્ત નહીં હતી. તેના કઢાની નીચે થોડીક લાકડાંની પટીઓ સળગાવવામાં આવી હતી, અને તે આસ્તે આસ્તે સળગી, પણ જેમ વખત જતો ગયો તેમ તે કઢાની નિચેનુ બળતું વધતું ગયું. સદીઓ વહી ગઇ, પણ તે ગ્રંથકર્તાના કઢાની નીચેનું બળતુ હજી હોલવઇ ગયું નથી. પેલા ચોરના કઢાની નિચેનો આતશ તદન બુજાઇને થોડી વારમાં ઠંડો પડી ગયો, પણ પેલા ગ્રંથકર્તાની નિચેના આતશ તો દિન પ્રતિ દિન વધારે ધગધગતો બનતો જાય છે. જ્યારે તે ગ્રંથકર્તાએ જોયું કે તેને થયલી શિક્ષા આ પ્રમાણે ચાલુ છે, ત્યારે તેણે ફરિયાદનો પોકાર ઉઠાવ્યો કે આકાશમાં ઇનસાફ બરાબર નથી. તેણે કહ્યું કે મેં નિચલી દુન્યામાં છૂટથી લખાણો કર્યાં અને નામના મેળવી, અને જેટલા છુટા વિચારોનો મેં ફેલાવો કર્યો, તેટલી મને શિક્ષા થાય છે. શું ચોરી અને લુટફાટ કરતાં પણ મેં મોટો ગુનાહ કીધો કે મને આ પ્રમાણે રીબાવવામાં આવે છે? આ સાંભળી એક દેવી જેના બાલેબાલમાં સાંપો ફુંફારા મારતા હતા, અને જેણીના હાથમાં લોહીથી ખરડાયલો ચાબુક હતો, તેણીએ પોતાના પુર જોસ્સામાં તે ગ્રંથકર્તા આગલ દેખાવ દીધો અને તેણી બોલી:—

"કંગાલ! શું તું આકાશમાં થતા ઇનસાફને વગોવે છે? તું શું પોતાને પેલા ચોર સાથે સરખાવે છે? તારા ગુનાહ સાથે સરખાવતાં તેનો

ગુનાહ બેશક નજીવા છે. તેણે ફક્ત પોતાની જીંદગી દરમ્યાન ઘાતકીપણુ અને લટફાટ ચલાવી, પણ તારાં કામો તરફ નેગાહ પ્રગાડ! તારાં લાકડાં નદીમાં તદ્દન મળી ગયાં છે, તે છતાં હજી એવો દિવસ ઉગતો નથી જે દિવસે તારાં શીખવેલાં ફુડાં કામો દુન્યામાં થતાં નથી. તારાં ઝેરી લખાણનું ઝેર કમી થવાને બદલે દરરોજ વધતું જાય છે, અને જેમ વર્ષો વહે છે તેમ દુન્યામાં વધારે ખુવારી કરે છે. જો નિચે, નિચલી દુન્યા તરફ નજર કર. પેલાં છોકરાંઓએ પોતાનાં કુટુંબીઓને નાલેશીમાં મુકયાં છે અને પોતાનાં માબાપને નિરાશામાં મેલ્યાં છે. તેમના દિલમાં અને તેમનાં મગજમાં ખરાબ વિચારો કોણે દસાવ્યા? બેશક, તેં તારાં લખાણ મારફતે. નિચલી દુન્યામાં લગ્નની પવિત્રાઇની સામે હેમકાઇ અને મૂર્ખાઇભરેલા વિચારો દરશાવીને ખુદરતના ઘડેલા કાયદાને હસી કાહડતાં તેં લોકોને શીખવ્યાં, તેથી મંડળીમાં અને કોમમાં તે કેવી ખાનાખરાબી કરી છે તેનો તુ ખ્યાલ કર! હાલ પણ નિચલી દુન્યાંમા કેટલાંક સંકટો ફેલાયલાં છે તેનુ મૂળ અને પેહલું કારણુ તુ છે. તેં તારાં લખાણોથી સેકડો અને હજારોને બદી અને હવસના સબકો શીખવ્યા. તું નિચે નજર કર અને જો, આજે તારાં લખાણોને લીધે રંડીબાજી, ખુનો, ચોરીઓ અને લુટફાટથી આખો દેશ કંગાળ અને દયાજનક સ્થીતિમાં આવી પડયો છે. તે સઘળુ શાથી? ફક્ત તારાં બદીને ઉત્તેજન આપનારાં તારાં ઝમકદાર લખાણોથી! બોલ, હવે કહે, આકાશમા ઇનસાફ ચોખ્ખો છે કે નહીં? અરે એ ચંડાળ! હજી તો બીજા કેટલાંક વર્ષો સુધી તારાં લખાણનું કાતીલ ઝેર દુન્યાને ખરાબ કરશે, અને જ્યાં સુધી આ તારાં લખાણની અસર કાયમ રહેશે, ત્યાં સુધી આ કઢાની નિચેનું બળતું વધારે અને વધારે તેજ પકડીને તને તપાવશે, તે તું નિશ્ચય માનજે.

આમ બોલીને પેલી દેવીએ તેનો કઢો પાછો ઢાકી દીધો.

પ્રકરણ ૧૧.

રીતભાત.

"આપણે ગ્રહસ્થાઇ વાપરવી જોઇએ, કારણ કે હવે આપણે ગ્રહસ્થ બન્યા છીએ."

"રીતભાત કાંઇ નકામા નથી, કારણ કે રીતભાત ઉમદા ખાસ અને વફાદાર મનનું ફળ છે."

"મનહર ચેહરા કરતાં મનહર રીતભાત વધારે પસંદ કરવાજોગ છે. મનહર પીકચરો અને બાવલાંઓ કરતાં મનહર રીતભાત વધારે પસંદ કરવાજોગ છે. સારી ચાલચલણ એક ઉમદા હુન્નર છે."

માણસની ચાલચલણ તેની બાહેરની રીતભાત ઉપરથી માલુમ પડે છે. આપણે જે કામ કરીએ તેમાં સારી રીતભાત એક સુંગાર સમાન છે, અને એક નજીવામાં નજીવું કામકાજ જો સારી રીતભાતથી બજાવ્યું હોય છે, તો તેમાં કાંઇ નવી તરાહની ઝમક દીસે છે. કામકાજમાં સારી રીતભાત અવસ્ય જોઇએ, કારણ કે જીંદગીની નાની નાની વીગતોમાં પણ સારી રીતભાત એક ઘરેણા મીસાલ ઉપયોગી તેમજ દિલને ખુશ કરે છે.

કેટલાકો ધારે છે કે રીતભાતમાં કાંઇ ઝાઝો દમ નથી, અને એ બચ્ચાંનો ખેલ છે, પણ તેમાં ભુલ છે. રીતભાતથી દુન્યા સંસારના કામકાજમાં સેહલાઇ થાય છે, અને સંસાર વેહવારમાં જે સખ્તાઇ હોય

છે તે રીતભાતથી નરમ બને છે. એક માણુસ સદગુણી હોય, તે છતાં તેની રીતભાત કઠોર હોય તો તે સામા ધણીને નાખુશ કરે છે.

મોટાં માણુસો જેઓ દુન્યામાં જાણીતા હોય છે, તેઓની રીતભાત સાથે પ્રજાને ઘણું કામ રહે છે. વળી બીજાઓ ઉપર હકુમત ચલાવતી વેળા પણ બીજા મોટા ગુણ અને લાયકાત ઉપરાંત રીતભાતની ભારે અગત્યતા છે. દરેક ફત્તેહનું એક મૂખ્ય કારણ સભ્યતા અને લાયકી ભરેલી રીતભાત હોય છે, અને જેઓમાં સારી રીતભાત હોતી નથી તેઓની નિષ્ફળતાનું મૂખ્ય કારણ પણ એ હોય છે. કોઇની સાથે પણ સંબંધ શરૂ થાય કે તેની ઉપર પેહલી અસર આપણી રીતભાતથી થાય છે, અને જો તેની સાથે લાયકી વાપરીને સંબંધ શરૂ કર્યો હોય તો ઠીક વેહવાર ચાલુ રહે છે, નહીં તો તે સંબંધ એકદમ તુટી જાય છે.

તોછડાઇ અને કઠોરતાથી વેહવારના દરવાજા બંધ થાય છે, અને સામા ધણીનાં હૈયામાં દાખલ થઇ શકાતું નથી, પણ મહેરબાની અને લાયકાતથી જ્યાં જાય ત્યાં દરવાજા ઉઘડી જાય છે અને દાખલ થવાની જગા ઝટ મળે છે. બુઢા અને જવાનો સર્વે લાયકીવાલા અને સભ્ય માણુસની સોડ સાંધે છે.

કહેવત છે કે 'રીતભાત માણુસને ઘડે છે.' પણ ખરૂં પુછો તો માણુસ પોતે રીતભાત બનાવી શકે છે. કેટલીકવાર કોઇ માણુસનું હૈયુ ઘણું સાફ હોય છે, અને તેની ઇમાનદારી અને યકીન ઘણાં મુસ્તકીમ હોય છે, તે છતાં તે કઠોર અને તોછડો હોય છે. અગરજો એવો માણુસ પોતાનો સ્વભાવ ખુશ રાખવાની કોશેશ કરે અને તે સભ્યતાભરેલી રીતભાત રાખે, તો તે માણુસ વધારે ઉપયોગી થઇ લોકોની સાથે ભેળાઇ શકે, કારણ કે સભ્યતા તે લાયકાતનું પાલીસ છે.

'મીસીસ હટચીનસન' પોતાના ભરથાર વિષે લખતાં કહે છે કે "તે કોઇ હલકામાં હલકાં માણુસને ધિક્કારતો હતો નહી, તેમજ મોટામાં મોટા શખ્સને કદી છાપરે ચહાવતો હતો નહી. ગરીબમાં ગરીબ તરફ તે આવા

ખુશમીજાજ અને સભ્યતાથી વર્તતો હતો, અને પોતાની ફુરસદનો ઘણો વખત ગરીબ કામદારો અને ઉતરતી પંક્તીના સીપાહો સાથે વાતચીતમાં કાહડતો હતો, પણ તે પોતાનાથી ઉતરતાં માણસો સાથે પોતાની મીલનસારી એવી રીતે વાપરતો હતો કે જેથી તેઓમાંનું કોઈ પણ તેનો અઘટિત લાભ લઇ શકે નહી, તેમજ પોતાને હલકું લાગે નહી તે પ્રમાણે તેવી સંભાળ લઇને તે ચાલતો હતો, જેથી દરેક જણ તેની તરફ માનની અને પ્યારની નજરથી જોતું હતું."

એક માણસની રીતભાત ઉપરથી તેની સઘળી ખાસીઅત વર્ણવી શકાય છે, કારણ કે રીતભાત તે તેના ભીતરના ખવાસની બાહેરની નિશાની છે. તેના શોખો કેવા છે, તેની લાગણીઓ અને તેનો સ્વભાવ કેવો છે, અને તે કેવી જાતની સંગતમાં ફરે છે, એ સઘળું તેની રીતભાત ઉપરથી કહી શકાય છે. તાણીતોડીને રીતભાત વાપરનાર શખ્સ માટે આપણને કશું બોલતું નથી, કારણ કે તેની તેવી રીતભાત જાથુકની હોતી નથી, પણ ખુદરતી રીતભાત જે સારી કેળવણીથી ખિલે છે અને જે ખુદરત તરફથી એક મોટી બક્ષેશ સમાન છે, તેવી સારી ખુદરતી રીતભાત ઘણું અગત્યનું કામ બજાવે છે.

દિલસોજી એ એક સોનાની ચાવી છે, જેથી સામાં ધણીનાં હૈયાંનું તાળું ઉઘાડી શકાય છે. દિલસોજી સભ્યતા અને નમ્રતા શીખવે છે, એટલુંજ નહી, પણ ડહાપણ અને દુરઅંદેશી બક્ષે છે, અને માણસાઇ ખાસીઅતમાં સર્વથી પહેલી અગત્યતા ધરાવે છે.

સભ્યતાના બનાવતી કાયદા ઝાઝા અગત્યના નથી. જેને આપણે રીતીનીતીના કાયદા (rules of etiquette) કહીએ છીએ તેમાંના કેટલાક કાયદા અસભ્યતા અને જુઠાઇ ઉપર રચાયલા હોય છે. એ સભ્યતાની નકલ કોઈ હુસ્યાર ઘણી ઝટ પારખી શકે છે. રીતીનીતીના કાયદામાં કેટલાક સારા છે, જે સારી રીતભાતની જગા લઇ શકે છે, પણ ખુદરતી સારી રીતભાત તે અસલ કહેવાય, જ્યારે બનાવતી કાયદા તે નકલ કહેવાય છે.

ખુદરતી નમ્રતા અને ખુદરતી માયાળુ દિલ ધરાવનારમાં સારી રીતભાત હોય છે. બીજાંઓ તરફ આપણા દિલમાં ચાહ હોય, તે બાહેરથી દેખાડવી તેને સભ્યતાનો હુન્નર કહેવામાં આવે છે. એમ તો જે ધણી તરફ આપણને જરા પણ ચાહ નહી હોય, તેવા ધણીની તરફ પણ સભ્યતા દેખાડી શકાય છે. સારી રીતભાતને ફક્ત ખુબસુરત હૈયું કહીએ તો તેમાં કશું ખોટું નથી. કહેવત છે તે ખરી છે કે ખુબસુરત મોં કરતાં ખુબસુરત શરિર હોય તે સારૂં, અને ખુબસુરત શરિર કરતાં ખુબસુરત ચાલચલણ હોય તે સારૂં.

અંતઃકરણની સચ્ચાઇમાં ખરી સભ્યતા સમાયલી છે. ખુદ હૈયાંમાંથી તે સભ્યતા જન્મ પામવી જોઇએ, નહીં તો તે ઝાઝી વાર અસર કરી શકતી નથી. બાહેરનું પાલીસ લગાડીને સભ્યતા દેખાડવાની કોશેશ કરે તેનું ખોટારૂં થોડી વારમાં પકડાઇ જાય છે.

એક મહાન પુરૂષના બોલમાં કહીએ તો સાચી સભ્યતા પાણીને મળતી આવે છે, એટલે નિર્મળ પાણી જેવી ચોખ્ખી, અને તેમાં બીજી કોઇ પણ ચીજની ભેળ નહિ તેવી સાદી, અને જેમાં કાંઇ સ્વાદ ભેળેલો નહી હોય, તેવી સભ્યતા તે સાચ્ચી સભ્યતા કહેવાય.

આજની કેળવણીથી અને બુદ્ધિનાં બળથી ઘણાંઓ પોતાની ખુદરતી ખોડને ઢાંકી શકે છે, પરંતુ જે ધણીમાં ખરાંપણું અને ખુદરતી સભ્યતા નહી હોય, તે ધણીમાં મજબુત અને માનવીને છાજે તેવી ચાલચલણ ખિલી શકતી નથી.

સાચી સાલેસાઇમાં દયા ભેળાયલી હોય છે. સાચી સાલેસાઇમાં બીજાંઓનાં સુખની કાળજી હોય છે. સાચી સાલેસાઇમાં દયા ઉપરાંત ઉપકારની લાગણી ભેળાયલી હોય છે, અને સાલેસ માણસ કોઇનાં માયાળુ કામનો ઝટ ઉપકાર માને છે. કૅપટન 'સ્પીક'ના જણાવવા મુજબ આફ્રિકામાં યુગાન્ડાના દેશીઓ, જેઓ 'નાયનઝા' સરોવરના કિનારા ઉપર

વસે છે, તેઓમાં પણ એક ઉત્તમ ગુણ એ છે કે સામા ધણીના દરેક ભલાં કામ માટે ઉપકાર માનવો, અને જો કોઈ માણસ ઉપકારનો આભાર નહી માને તો તેને ત્યાં સજા કરવામાં આવે છે.

ખરો સભ્ય માણસ સામા ધણી તરફ માનની નજરથી જુએ છે. જે માણસ પોતે અપમાન મેળવવા ઇચ્છતો ન હોય તેણે સામાધણી તરફ માનની નજરથી જોવું અવસ્ય છે. સામા ધણીના વિચાર અને મત આપણાં મતથી ગમે તેવાં જુદાં પડે, તોપણ તેને ઘટતું માન આપવું ઘટારત છે. સારી રીતભાતનો માણસ બીજાને નમીને માન આપે છે, અને સબુરી રાખીને સામો ધણી જે કહે તે સાંભળે છે, અને તેમ કરીને સામા ધણીના ચાહ મેળવે છે. સભ્યતાવાળો માણસ સામા ધણીના વિચારને એકદમ તડછોડી કાહડતો નથી. એમ એકદમ તડછોડ કરવાથી સામા ધણીને અણગમો પેદા થાય છે, અને અસભ્ય માણસ સામા ધણીના મતમાં હલકો પડે છે.

અસભ્ય માણસ પોતાના મિત્ર સાથે ઘડીભર ઉસ્કેરાઈ જઇને મિત્રાચારી ખોહે છે. એક પળના ગુસ્સામાં જે ઘણાં સામા ધણીનો ધિક્કાર મેળવે તે ધણી ખરેખર બેવકુફ હોવો જોઇએ.

વિદ્વાન ડાક્ટર 'જૉનસન' કહેતો હતો કે "સાહેબ, જેમ એક માણસને અસભ્ય કામ કરવાનો હક નથી, તેમ તેને અસભ્ય બોલ બોલવાનો પણ હક નથી; જેમ કોઇને મારીને ભોંય ઉપર નાખી દેવાનો હક નથી, તેમ કોઇને તોછડો બોલ કહેવાનો પણ હક નથી."

સમજુ અને સભ્ય માણસ પોતાના પાડોસી કરતાં પોતે ડાહયો અને વધારે પૈસાવાલો છે એમ દેખાડતો નથી. તે પોતાના દેશને માટે, પોતાના ખાનદાનને માટે કે પોતાની પદ્નીને માટે મગરૂબી લેતો નથી, અને પોતાના જેવા મોટા હકો બીજા ભોગવતા નથી માટે તેમને તે હલકા ગણતો નથી. તે પોતાના ધંધા વિષે કે પોતાની મીલકત વિષે વાત કરતો નથી. કેટલાકો બસ પોતાની તારિફની વાત કર્યા વિના રહેતા નથી પણ તેમ એક સમજુ

અને સભ્ય માણસ કરતો નથી. તેથી ઉલટું, તે જે પણ બોલે અથવા કરે તેમાં સભ્યતા, સાદાઇ અને નમ્રતા વાપરે છે. ખરો સભ્ય માણસ મોટી મોટી ડીંગ મારવાને બદલે મુંગે મોંઢે કામ બજાવે છે.

જેઓ સામા ધણીની લાગણીને માન આપતાં નથી તેઓ આપમતલબ્યાં અને તોછડાં અને કઠોર હોય છે, અને કોઇની સાથે ભેળાતાં નથી. તેઓમાં દિલસોજી અને દયા હોતી નથી. નાની નાની માયાભરેલી વર્તણુક જે સામા ધણીને ખુશ કરે છે, તેવી વર્તણુકથી તેઓ તદન અંજાણ્યાં હોય છે. દુન્યાના સાધારણ વેહવારમાં આપસ્વાર્થ છોડી દઇને દિલસોજીથી કામ લેનાર ધણી પોતાનું ઉચું ખાનદાન પુરવાર કરે છે.

મંડળીમાં જે ધણી પોતાના જુસ્સાઓ ઉપર કાબુ રાખી ન શકે તે ધણી મંડળીમાં પળોતાઇ શકતો નથી, તેની સાથે કોઇ ઝાઝો વેહવાર રાખવાને ખુશી થતું નથી, અને બીજાઓનાં મનથી તે એક પીડા સમાન થઇ પડે છે. પોતાનાં મન ઉપર કાબુ ન રાખનાર શખ્સ પોતાની આખી જીંદગી દરમ્યાન પોતાના હાથે ઉભી કીધેલી મુશકેલીઓમાં તણાયો જાય છે, અને પોતાના ખરાબ સ્વભાવને લીધે તે પોતાનાં કામોમાં ફત્તેહ મેળવી શકતો નથી. બીજાઓ જેઓ સબુરી, શાંત મન, અને મન ઉપર કાબુ ધરાવે છે, તેઓમાં થોડી હુશ્યારી હોવા છતાં તેઓ પોતાની દુન્યા સસારની કારકીરદીમાં ફત્તેહમંદ નિવડે છે.

આપણને કહેવામાં આવ્યું છે કે માણસો જેમ બુદ્ધિ બળથી તેમ સ્વભાવથી પણ જીંદગીમાં ફત્તેહ મેળવે છે, પણ આ તો ચોક્કસ છે કે મૂખ્ય કરીને તેમનું સુખ તો ફક્ત સ્વભાવ ઉપરજ આધાર રાખે છે; આનંદી સ્વભાવથીજ સુખ હાંસલ થાય છે; માયા, મોહબત, પરોપકાર અને ખુશાલ ચેહરાથીજ સુખ મળે છે. જેમ નાણાંનાં ચલણમાં ચવલી પાવલી વગર ચાલતું નથી, તેમ જીંદગીના ચલણમાં એ સઘળા ગુણો વગર સુખ હાંસલ થતું નથી.

ઘણા લોક બીજી કેટલીક રીતે અસભ્ય બને છે. દાખલા તરીકે જેઓ પોતાનો પોશાક ઠીકઠાક રાખતા નથી, જેઓ સુઘડાઇ સફાઇ ધરાવતા

નથી, અથવા જેઓ સામા ધણીને કમકમાટ છૂટે તેવી વર્તણુક રાખેછે, તેવા ધણીઓ પણ અસભ્ય કહેવાય છે. એક મેલો અને ફુવડ શખ્સ સામા ધણીને કમકમાટ અને ખિજવાટ ઉત્તપન્ન કરે છે, અને સામા ધણીનું દિલ દુઃખવે છે, તે ધણીની વર્તણુક પણ એક જાતની અસભ્યતા છે.

રીતભાતની સંપૂર્ણતા તાણીતોડીને નહી પણ સેહલાઇથી અને સગવડથી મેળવવી જોઇએ. સામા ધણીનું ઝાઝું ધ્યાન ખેંચાય નહી, અને તેને આપણી વર્તણુક ખુદરતી લાગે તેવી રીતે આપણે ચાલવું જોઇએ. તાણી તોડીને નકલ કરીને રીતભાત દેખાડવાની કોશેશ કરવી તે સારી રીતભાત નહી કહેવાય. એટલામાટે સારી સંપુર્ણ રીતભાતમાં સચ્ચાઈ અને ખાલેસ દિલ રાખવાની જરૂર છે, અને એ બે ગુણોમાં માયા, ભોલાપણું, દયા, અને બીજાઓ તરફની સારી લાગણીના ગુણો સમાઇ જાય છે. એક ભોલો અને ખાલેસ દિલનો શખ્સ પોતાની સાથનાં સઘળાં માણસોને નચિંત બનાવે છે. ભોલો અને ખાલેસ દિલનો માણસ પોતાની હાજરીથી બીજાંઓને ખુશ કરે છે અને તેમના દિલ જીતી લે છે. આ પ્રમાણે એક સારી રીતભાતવાલો માણસ બીજાઓને આગલ વધારનાર હથિયાર થઇ પડે છે.

'સર સીડની સ્મીથ' વિષે પાદરી 'કીંગસ્લી' લખતાં કહે છે કે :— સર સીડની સ્મીથ જેવા બાહદુર અને માયાલુ માણસને જે સઘળાં ગરીબ અને તવંગર, જેઓ તેના સબંધમાં આવ્યાં હતાં, તેઓ દરેક તેને માટે ચાહ અને વખાણ ધરાવતાં હતાં, અને તેનું કારણ એ છે કે તે ખુદરતી રીતે તવંગર તેમજ ગરીબ સાથે, પોતાના નોકરો સાથે અને પોતાના અમીરી પદ્વિના પરોણાંઓ સાથે, બધાં સાથે એકસરખી રીતે ખુશાલ ચેહરે, પુરતી સભ્યતાથી અને જોઇતી દરકારથી, તેમજ માયા અને મોહબતથી વર્તતો હતો, અને જ્યાં જતો હતો ત્યાં લોકોને તે આશીરવાદ દેતો હતો, તેથી દરેક જણનો તે આશીરવાદ મેળવતો હતો.

જેઓ મોટાં ખાનદાનમાં જનમ્યાં હોય, અને પોષાયાં હોય, અને જેઓ મોટે મોટે ઘેર અને મોટી મોટી મંડળીઓમાં ફરતાં હોય, તેઓ

ઉતરતી પંક્તીનાં લોકોની રીતભાત કરતાં વધારે ચઢીઆતી રીતભાત ધરાવે છે એમ સાધારણ રીતે માનવામાં આવે છે. આ વાત ઘણે દરજ્જે ખરી છે, કારણકે ઉંચી પંક્તીનાં લોકોને મોટી મંડળીની રીતભાતથી વાકેફ થવાને નાનપણથીજ ઘણી તકો મળે છે; પણ ગરીબ લોકોએ સારી રીતભાત કાંય નહી અખત્યાર કરવી તેનું મુસ્તકીમ કારણ એકે નથી.

જેઓ પોતાનાં ખભાંનાં બળથી રોટલી પેદા કરે છે, તેમજ જેઓ ખભાંનાં બળ વગર ગુજરાન ચલાવી શકે છે, તેઓ સઘળાઓએ પોતાની આબરૂ સાચવીને બીજાઓને આબરૂ આપતાં શીખવું જોઇએ. એક માણસની સારી રીતભાતથી તે પોતાનું સ્વમાન વધારી શકે છે, તેમજ સારી રીતભાતથીજ અરસપરસ માન જળવાય છે. કારખાનામાં કહો, ઘરમાં કહો, રસ્તે વાટે કહો, જ્યાં કહો ત્યાં સારી રીતભાત દેખાડવાની તક મળી શકે છે. કહે છે કે 'બેનજામીન ફ્રાંકલીન' જે પહેલા એક કામદાર માણસ હતો, તેણે પોતાની સારી રીતભાતનાં જોરે પોતાની સાથના સઘળા કામદારોની રીતભાત સુધારી હતી.

જેના ગજવામાં ઝાઝું નાણું નહી હોય, તે પણ સભ્ય અને નમ્ર બની શકે છે. સભ્યતા એક બેમુલી ગુણ છે પણ તે વાપરવા માટે પૈસાની જરૂર પડતી નથી. સભ્યતાનું મૂલ થતું નથી, પણ તે સસ્તી મળી શકે છે. સભ્યતા એક ઘણો નમ્ર હુન્નર છે, અને તે એટલી ઉપયોગી અને અગત્યની ચીજ છે, તોપણ તે વાપરનાર શખ્સને ખરી મજાહ આપે છે.

ઇંગ્રેજ કામદારોમાં સભ્યતાની ખુટ છે, જે ખુટ જરમન અને ફ્રેંચ કામદારોમાં જોવામાં આવતી નથી. જરમનીમાં અને ફ્રાન્સમાં હલકામાં હલકા વર્ગના લોકો પણ એક બીજા સાથે સભ્યતાથી વર્તે છે, ખાલેસ દિલથી વાત કરે છે, અને ખુશાલ ચેહેરે ફરે છે. પોતાના ઓળખીતાને સલામ કરયા વિના તેઓ પસાર થતા નથી, અને એમ કરવામાં તેમનો માન મરતબો કાંઇ ઓછો થતો નથી. ઇંગ્રેજ કામદારો

જેવા મોટા રોજ તેઓ મેળવતા નથી, તે છતાં ખુશાલ અને આનંદી સ્વભાવથી તેઓ એક બીજા સાથે સારી રીતભાતથી વર્તે છે, અને ગરીબાઈમાં પણ જેમ બને તેમ સારી વર્તણુંક અને સારી રીતભાતથી જીંદગી ગુજારે છે.

સારા શોખ ધરાવવામાં પણ મોટો ફાયદો અને ખરી કરકસર છે. નાની આવકમાંથી પણ સારા શોખ ધરાવીને સેહલાઈથી રહી શકાય છે. પોતાની ફરજ બજાવીને ઉદ્યોગથી મેળવેલી નાની આવકનાં ફળો પણ ઘણાં મીઠાં લાગે છે. સારા શોખથી એક ગરીબ માણસ પણ ઉચી ટોચે પુગી શકે છે. ઘરબારની કસરમાં પણ સારા શોખથી ફાયદો થાય છે. સારા શોખ ધરાવનાર ગરીબ માણસનું ઘર ચળકતું અને ઝળકતું લાગેછે. સારા શોખથી સુધારો થાય છે, સારા શોખથી સારી ઇચ્છા થાય છે, અને સારા શોખથી સઘળે આસપાસ આનંદનો પવન વાય છે. સારા શોખ સાથે માયા, દિલસોજી અને સારી સમજણ ધરાવી હોય, તો તેથી ગમે તેવા હલકા વર્ગનો આસામી પણ ઉચી પંકતીએ ચઢી શકે છે.

રીતભાત શીખવવાની સર્વથી પેહલી અને સર્વથી સરસ શાળા તે આપણું પોતાનું ઘર છે, જ્યાં ઓરત શિક્ષક છે. આપણા સર્વેના ઘેરની ઓરતો જે રીતભાતો શીખવે તે સામટી લઇએ તો આપણી મંડળીઓની રીતભાતનો તુરત ભાસ થાય છે. કેટલાક માણસો ઘસ્યા વગરના હીરા જેવા હોય છે. તેઓમાં હીરાના જેવા ગુણો હોય છે, પણ તે ગુણો ઘસ્યા વગરના હીરાની માફક પ્રકાશતા નથી. કેટલાક માણસોના ગુણો એક બાજુથી ઘસેલા હીરાની માફક ફકત થોડાજ ઝળકે છે. જેમ એક હીરાનાં સઘળાં પાસા ઘસે ત્યારેજ તેનું આબ દીપી નિકળે છે, તેમ એક માણસમાં ખુદરતી સારા ગુણો હોય, તે છતાં તે ગુણોને ઘસીને પ્રકાશિત નહી કરવામાં આવ્યા હોય, તો તેઓના તે સારા ગુણોમાં કચાસ અને કોરતા જણાઇ આવે છે. માટે અનુભવી હાથ હેઠલ સારી તરબીઅત જેને મળી હોય તે દરરોજના વેહવારમાં પ્રકાશી નિકળે છે.

સારી રીતભાત બજાવવામાં કુનેહ પણ ચોક્કસ ભાગ બજાવે છે. મરદો કરતાં ઓરતોમાં કુનેહ વધારે રહે છે, માટેજ તેઓ રીતભાત અસરકારક રીતે શીખવી શકે છે મરદો કરતાં ઓરતોમાં મન ઉપર કાબુ રાખવાની શક્તિ વધારે હોય છે, અને ઓરતો ખુદરતી રીતે માયાલુ અને સભ્ય હોય છે. ઓરતો ખુદરતી રીતે ચંચળ રહે છે, અને ઝટ મરદોને પારખી શકે છે. ઓરતો વાત કરવામાં ઘણી સાવચેત હોય છે, અને દિલનો ગર લેવાની અચ્છી કુનેહ ધરાવે છે. સંસાર વેહવારમાં પણ ઓરતોમાં ઝડપ અને ચાલાકી ખુદરતે બક્ષેલી છે. તેટલા માટે નમ્ર અને ચાલાક સ્ત્રીઓની મંડળીમાં ભળાયાથી સારી રીતભાત મેલવવાને મરદો શક્તીવાન થાય છે.

બુદ્ધિ અને જ્ઞાન કરતાં કુનેહ એક વધુ મોટી ખુદરતી બક્ષેશ છે. તે ખુદરત તરફથી મળેલો એક હુન્નર છે, જે વડે મુશકેલીઓ પસાર થઇ શકે છે. એક જાહેર લેખકના બોલોમાં જણાવ્યે તો બુદ્ધિ એક જાતનું બળ છે, પણ કુનેહ એક જાતની ચાલાકીભરેલો હુન્નર છે: બુદ્ધિ એક જાતનું વજન છે, પણ કુનેહ તે વજનને નિભાવી રાખનાર ટેકો છે: બુદ્ધિથી શું કરવું તે આવડે છે, પણ કુનેહથી તે કામ કેમ કરવું તે આવડે છે: બુદ્ધિથી એક માણુસ આબરૂમાં રહે છે, પણ કુનેહથી તે આબરૂ મેળવે છે: બુદ્ધિ એ સંગ્રેહલો ખજાનો છે, પણ કુનેહ તે રોકડ નાણું છે.

એક તદન બદસુરત માણુસ જેનું નામ 'વિલ્કસ' હતું તેનામાં ઘણી કુનેહ હતી. તે તેમજ એક બીજો ઘણો ખુબસુરત ગ્રહસ્થ એક બાનુ ઉપર મોહી પડયા હતા, અને કહેછે કે 'વિલ્કસ' પોતાની કુનેહથી તે બાનુનો હાથ જીતી ગયો હતો.

પરંતુ એટલું તો ધ્યાન રાખવું જોઇએ, કે જે માણુસમાં રીત-બાત સાથે અતીઘણી કુનેહ ભેળાયલી હોય, તે માણુસથી બિહીને ચાલવું. તેનામાં અને એક નાટકીમાં કાંઇ ફરક હોતો નથી. એવી કુનેહવાલા

સખ્સોની રીતભાત ફક્ત બાહેરથી સારી લાગે છે, પણ અંદરખાનેથી તેની મતલબો બુરી હોય છે. એવો માણસ દરેકનું દિલ જીતી લઇ શકે છે, પણ તેના સદગુણના અને નેકીના સાહયા હેથલ તેનામાં દુર્ગુણ અને બદીના ગુણો હાજર હોય છે. જેમ એક શખસનો રળિયામણો ચેહરો જોઇને આપણે ખુશ થઇએ છીએ, પણ તેનું બદસુરત પાપી હૈયું જોઇને કમકમયે છીએ, તેમજ એક માણસની બાહેરથી તાજીમતવાજો જોઇને આપણે ખુશ થઇએ છીએ, પણ જ્યારે તેની મતલબ બુરી માલુમ પડે છે ત્યારે આપણે તેનાથી ચોંકયે છીએ. જેમ એક લાકડાંનો સામાન બાહેરથી તદન પાલીસ થયલો ચકચકીત દીસેછે, પણ અંદરથી સડેલાં લાકડાંમાં હજારો ઢીંગડીઓ મારેલી હોય છે, તેમ એક અતી તાજીમતવાજોવાલાં માણસની રીતભાત બાહેરથી પાલીસ થયલી હોય છે, પણ તેનું હૈયું અંદરથી કોહેલું સડેલું અને ગંધીલું હોય છે. આવા શખ્સનું ગ્રહસ્થાઇપણું ફક્ત તેના શબ્દોમાં અને તેના હાથના ચાળામાંજ સમાયલું હોય છે.

એથી ઉલટું, કેટલાક ખરા મોટા દિલના અને સાફ હૈયાંના ગ્રહસ્થો બાહેરથી સભ્યતા અને લાયકી દેખાડતા નથી. જેમ કેટલીક વાર ખબરાયલી છાલનું ફળ માંહેથી મીઠું અને લેહેજતદાર નિકળે છે, તેમ કેટલાક બાહેરથી કઠોર અને તોછડા માણસોના દિલ અંદરથી ખરેખર ઉમદા, દયાળુ અને સખાવતી હોયછે. એક તોછડો માણસ કેટલીક વાર પ્રમાણિક, દયાલુ, અને ગરીબ માલુમ પડે છે.

'સેમ્યુઅલ જૉનસન' નામનો જાણીતો લેખક તોછડો અને વાતચીતમાં સેહજ કઠોર હતો. તેણે શરૂઆતની કેળવણી ગામડાંનાં રીતભાત વગરનાં છોકરાંઓ સાથે એક નિશાળમાં લીધી હતી. વળી તે નાનપણમાં ગરીબાઇમાં ધકેલા ખાઇને ઉછર્યો હતો. જ્યારે મોટી ઉંમરે તે પોતાની જાતી હુસ્યારી, ચંચળાઇ અને ખંતીલી કોશેશથી ઉંચી પંકતીએ ચઢયો, ત્યારે પણ તેની નાનપણની કઠોર અને તોછડી વાતચીત કરવાની રીત

ગઇ હતી નહી. તે પોતે તનદરોસ્ત અને મજબુત બાંધાનો હતો, એટલે તે ન કોઇથી ડરતો કે ન કોઇથી બિહતો હતો. એક દાહડો તેના એક મિત્રે પુછ્યું, "તારા દોસ્ત 'ગેરીક'ને ઉમરાવોના ખાણા ઉપર હાજર થવાનું તેડું આવે છે અને તેઓ તને બોલાવતા નથી તેનું કારણ શું?" જોનસને તેને જવાબ દીધો, "ઉમરાવો અને ઉમરાવ જાદીઓ પોતાના મોં બંધ કરવા માંગતાં નથી તેથી મને બોલાવતાં નથી." ખરેખર, જોનસન એવો બોલીદરાજ હતો કે તેના જવાબથી સામા ધણીના મોં બંધ થઇ જતાં હતાં, પણ એટલું તો ખરૂં કે તેની વાતચીત ખરેખર સાંભળવા લાયક હતી. જોનસનના સોબતીઓ તેને 'મોટા રીછ'ના નામથી ઓળખતા હતા, પણ તેના વિષે ગોલ્ડસ્મીથ કહેતો હતો કે "જોનસનનાં જેવું દયાળુ દિલ કોઇનુંજ હશે. તે બાહેરથી રીંછ જેવો દેખાય છે, પણ તેનામા રીંછનો કશો ખવાસ નથી."

કેટલાક માણસોની ખાસીઅત એવી હોય છે કે તેઓ જુદાંને નોંપર જુઠો પાડે છે, અને દરેક ખોટી બાબદમાં તકરાર ઉઠાવે છે એવાં માણસોથી લોકો નાખુશ થઇને દુર રહે છે, પણ જેઓ દરેક વાતમાં હાજી હા કરે અને સામા ધણીને દરેક વાતમાં રાજી રાખવાની કોશેશ કરે, તેપણુ તેટલુંજ ખરાબ અને તેટલુંજ નાખુશ કરનારૂં છે. હિચકારા અને અપ્રમાણિક માણસોજ દરેક વાતમાં હાજી હા કરીને સામા ધણીને બધી વાતે રાજી રાખે છે. કઠોરતા અને તોછડાઇથી દૂર રહીને તેમજ ચાપલુસી અને ખુશામતથી હાથ ઉઠાવીને દરેક જણે એ બન્ને માર્ગની વચ્ચેનો રસ્તો લેવો જોઇએ, અને પ્રસંગ જોઇને અને ડાહાપણ વાપરીને જેને ઘટે તેની તારીફ કરવી, અને જેને ઘટે તેને ખોટો પાડવો. ટુંકમાં સેહલાઇ, સાદાઇ, સારો મીજાજ, સારૂં દિલ વાપરીને સાચે માર્ગે સાચી રીતે ચાલવું.

કેટલાક સંજોગોમાં ઘણા સમજુ માણસો પણ તોછડાઇ દેખાડે છે. તેમ કરવાની તેઓની મતલબ કાંઇ હોતી નથી, તે છતાં તેઓના બોલોમાં કેટલીક તોછડાઇ લાગે છે. એક દાખલો લઇએ. રોમની તવારિખ લખનાર

'ગીબન'ને 'ડ્યુક ઑફ કમ્બરલૅન્ડ' એક દહાડો સામે મળ્યો, ત્યારે તે બોલ્યો, "કેમ ગીબન, બસ ચીતર—ચીતર—ચીતર્યાજ કરશે કે?" ડ્યુકની મતલબ આ જાણીતા તવારિખનવેશને શાબાશી આપવાની હતી, પણ તેણે જે ઢબે અને જે બોલોમાં તેને કહ્યુ તે પેલા લેખકને લગરીક તોછડું અને કઢંગુ લાગ્યુ હતું.

વળી, કેટલાંક લોકો શરમાળ હોય છે, તેઓને સામા ધણી મગરૂબ અને મીજાસી સમજે છે. ઇંગ્રેજ લ્યચ્ચો સહેલાઇથી બીજાઓ સાથે ભેળાતો નથી, તેનું મુળ કારણ તેનુ શરમાળપણું છે, જે તેમને ઓધે ઉતરેલું હોય છે. એક ઇંગ્રેજ મુસાફર સામા ધણીને મગરૂબ, કરડો અને અદિલસોજ લાગે છે તેનું કારણ તેનું શરમાળપણું છે. ફ્રેંચ લોકો તેવું શરમાળપણું દેખાડતા નથી અને ઇંગ્રેજોની તેઓ મશકેરી કરે છે. ફ્રેચમેન, અને આઇરીશ લોકો ઇંગ્લંડના જરમનીના અને અમેરિકાનાં લોકો કરતાં સભ્યતામાં અને ખુશાલ વાતચીતમાં અને વેહવારમાં ચઢયાતા હોય છે, અને એ તેમના જાતી ખવાસ છે. ફ્રેચમેન અને આઇરીશ લોકો જલદીથી બીજાઓ સાથે ભેળાય છે, તેઓ પોતાનો ટેક ઝાઝો દેખાડતા નથી, ખુલ્લાં દિલથી સામા ધણી સાથે વાતચીત કરે છે, અને ઇંગ્રેજો, અમેરિકનો અને જરમનોની માફક પારકા ધણીને જોઇને ભડકતા નથી. જરમન લોકો તો ઘણાજ કરડા, ઘણાજ એકમાર્ગી, ઘણાજ શરમાળ અને ઘણાજ કઢંગા હોયછે. સામટી રીતે લેતાં, બાહેરના દેખાવ ઉપરથી કોઇની પણ ખરેખરી ચાલચલણ કહી શકાતી નથી, કારણકે એક ઇંગ્રેજ બાહેરથી જે મગરૂબ અને મીજાજી લાગે તે દિલમાં દયાળુ અને દિલસોજ હોય છે, જ્યારે એક ફ્રેંચમેન જે બાહેરથી મીઠો અને તાજીમતવાજેવાલો અને વાતચીત કરીને દિલ ખુશ કરનારો હોય છે, તે ખરેખર અંદરથી દયાહીન, નાદાન, અને મતલબી નિકળે છે.

ઇંગ્રેજો પોતાનાં જાતી શરમાળપણાંને લીધે એકાંત રહેવાનું વધારે પસંદ કરે છે. મરહુમ રાણી વીકટોરીઆનો ભરથાર 'પ્રીન્સ કૉનસર્ટ', જોકે

તે ઘણો નમ્ર હતો અને ઘણો ખુશ મીજાજ ધરાવતો હતો, તોપણ તે ઘણોજ એકમાર્ગી અને શરમાળ હતો. કહે છે કે તે પોતે બીજાઓ સાથે ભેળાવા ઘણો ખુશી હતો, તે છતાં તે પોતાના જાતી સ્વભાવથી તેમ કરી શકયો હતો નહી.

'સર આઇઝેક ન્યુટન' જેવો નામીચો ફીલસુફ પણ એકમાર્ગી અને શરમાળ હતો. કહે છે કે તેણે કેટલીક શોધો કીધી, તે પણ જાહેરમાં મુકવાને તે શરમાયો હતો, કારણ કે તેની જાહેરમાં તારીફ થાય તે જોવા કે સાંભળવાને તે ખુશી ન હતો. ગુરૂત્વાકર્ષણની તેની શોધ પાકી થયા પછી કેટલેક વર્ષે તેણે તે જાહેરમાં મુકી હતી, અને એ બાબદની વાત પોતાના મિત્ર આગલ કરતાં તેણે તેને સાફ કહયું હતું કે મારૂં નામ બાહર પાડીશ નહી, નહીંતો લોકો મારી તારીફ કરવા મંડી જશે. મારી હૈયાતીમાં મારી તારીફ થાય તે સાંભળવા હું ખુશી નથી."

'શેકસપીઅર' પણ ઘણો શરમાળ હતો. તેણે જે જે નાટકો લખ્યા હતા, તે પણ તેણે પોતે છપાવ્યા હોય કે તેણે કોઇને વેચ્યા હોય એવી કશી શાહદત મળતી નથી. પોતાના લખેલા ખેલોમાં તે નજવા પાર્ટો ભજી બતાવતો હતો, અને નામના કે કીર્તિ તેને ગમતાં હતાં નહીં. ચાલીસમે વર્ષે તે લંડનમાંથી જતો રહયો, અને એકાંત જગે રહીને એકાંત જીંદગી ગુજારવાનું તેણે શરૂ કર્યું હતું. પોતાની તારિફ થાય તે સાંભળવા તે ખુશી ન હતો, કારણકે તેનો જાતી ખવાસ શરમાળ હતો. જો તે નાટકના તખ્તા ઉપર વારંવાર બાહેર નિકળ્યો હોત, તો તેનું જાતી શરમાળપણું થોડેક દરજ્જે દુર થાત, પણ જે શરમાળપણું લોહીમાં મિશ્ર થયલું હોય છે તે એકદમ જતું નથી.

'લૉર્ડ બાયરન' પણ શરમાળ હતો. કહે છે કે તે એક જણને ત્યાં જમવા ગયો, ત્યાં પરોણાઓ એક પછી એક આવવા માંડયા, ત્યારે લૉર્ડ બાયરન ઓરડામાંથી બાહેર નિકળીને કમપાઉન્ડમાં જઇને ઘાસ ઉપર બેઠો હતો, એટલો તે શરમાળ હતો.

ઇંગ્રેજ પ્રજામાં જાતી શરમાળપણું છે, અને તેને લીધે તેઓ બીજી પ્રજા સાથે ભેળાતા નથી, અને તેને લીધે સામા ધણીને તેઓ મગરૂબ અને મીજાસી લાગે છે, તેના ઉપલા થોડાક દાખલા ઉપરથી વાંચનારની ખાતરી થશે. ઇગ્રેજ બચ્ચો ઘણો દયાળુ અને દિલસોજ હોય છે, પણ તે એકલો રહેવા ઇચ્છે છે, તે કોઇની ખુશામત કરતો નથી, અને કોઇની તરફથી ખુશામતની આશા પણ રાખતો નથી.

શરમાળપણાને બે બાજુ છે, એક ધોળી બાજુ, ને બીજી કાળી બાજુ. શરમાળપણાંમાં થોડેક અંશે ભલાઇનો ગુણ રહેછે, પણ શરમાળ માણસોમાં અને શરમાળ જાતોમા બાઇચારો જોઇએ તેવો વધતો નથી. મંડળીના સુધારા વધારા માટે શરમાળ માણસો નાલાયક છે. છુટથી એક બીજાના સમાગમમાં આવ્યાથી જે સુંદર રીતભાતનો અનુભવ અખત્યાર થાયછે, તે સુંદર રીતભાતથી શરમાળ માણસો બેનસિબ રહે છે, એક શરમાળ માણસ મંડળીમાં સામેલ થવાને નાખુશ હોય છે, જ્યારે તેથી ઉલટું, એક બેસરાઙ માણસ મંડળીની શોધમાં હોય છે. જેઓ શરમાળ હોય છે તેઓ પોતાનાં બાયડી છોકરાંની હાજરીમાં પણ શરમાય છે, અને પોતાનાં સગાંવાહલાં સાથે પણ ભેળાતાં નથી. તેઓ પોતાના દિલની દરેક જાતની લાગણી એકમાર્ગીપણાના સાહયા હેઠલ છુપાવે છે, અને પોતાની લાગણી કોઈ આગલ કદાચજ દરશાવે છે. તેઓ તદન લાગણીરહિત છે એમ નહી સમજવું, પણ તેઓ પોતાની લાગણીને જાહેર રૂપ લેવા દેતા નથી.

એકવાર જરમન લોકોની આસપાસ રહેતી બીજી મલતાવડા સ્વભાવની પ્રજાએ જરમનોને 'મુંગા'નો એલકાબ આપ્યો હતો. ખરૂં કહીએ તો તે એલકાબ ઇગ્રેજી પ્રજાને ઘટે છે. ખરેખર, ઈંગ્રેજ લોકો મલતાવડા થઈને બીજાઓ સાથે ભેળાવાને બદલે 'મુગા' રહેવાનું વધારે પસંદ કરે છે.

પરંતુ, ઈંગ્રેજોની એક ખાસીઅત આખી દુન્યાનું ધ્યાન ખેંચી રહી છે અને તે એ છે કે ઈંગ્રેજ બચ્ચો જ્યાં પણ જશે, ત્યાંજી તે

આફ્રિકાના જંગલમાં હોય કે અમેરિકાના ઉજ્જડ મેદાનોમાં હોય, કે હિંદુસ્તાનના કોઈ એકાંત ગામડાંમાં હોય, ત્યાં પણ તે પોતાનું ઘર માંડીને રહેશે. તેને મંડળીમાં રહેવાનો શોખ નથી, પણ તેને પોતાનું ઘર માંડીને બચ્ચાં છોકરાંવાળો થવાનો શોખ રહે છે. તે પોતાનાં બાયડી છોકરાં સિવાય બીજા કોઇની સંગત માટે ઝાઝી દરકાર કરતો નથી. ઇંગ્રેજ બચ્ચો એકલો પોતાના કુટુંબ સાથે રહી શકે છે, પણ ફ્રેંચમેનને મોટી મોટી મંડળી જોઇએ છે, તે પોતાના જાતભાઇઓની સંગત વગર રહી શકતો નથી, અને તેથી તે દુરદરાજ દેશમાં ટકી શકતો નથી.

ઈંગ્રેજોના શરમાળપણાંથી તેમને એક મોટો ફાયદો થાય છે. તેઓ બીજાઓ સાથે ભળાતા નથી, અને તેથી તેઓ બીજાઓ ઉપર આધાર રાખતાં શીખતા નથી. તેઓ પોતાનું ફોડી લેવાને વધારે પસંદ કરે છે, અને તેથી તેઓ સ્વતંત્રતા મેળવી શકે છે. મંડળીમાં તેને સુખ મળતું નથી, અને તેથી તેને વાંચણ, અભ્યાસ, અને શોધખોળમાં ધ્યાન રોકવાનો અવકાશ મળે છે, તેમજ તે ઉદ્યોગમાં પડીને વખતનો સારો ઉપયોગ કરીને મજાહ મેળવે છે. ઇંગ્રેજ બચ્ચો દરિયામાં એકલો રહેવાને ડરતો નથી, અને તેથીજ ઇંગ્રેજ જેવા ખલાસીઓ મળવા મુશકેલ છે.

શરમાળપણાને લીધે ઇંગ્રેજો બીજા હુન્નરમાં પછાત પડે છે. ગાયણ-કળા, નાટક, અને ચિત્રકળામાં તેઓ પછાત રહે છે, જ્યારે ફ્રેંચ લોકો જેવી મળતાવડી પ્રજા એવા હુન્નરમાં ચઢીઆતી આવે છે.

જેઓ મંડળીમાં ફરેછે તેઓ પોશાક સજવાનો હુન્નર શીખે છે, તેઓ વાતચીત કરવાની કુનેહ શીખેછે, અને તેઓને કાગળ લખવાની તાલીમ તવાજો આવડે છે, પણ ઇંગ્રેજોને એ સઘળી કુનેહ આવડતી નથી, કારણ કે તેઓ સાદાઇમાં રહે છે, અને ઝટ ને પટ જે ખરૂં લાગે તે લખે છે, અને બોલે છે.

પ્રજા પ્રજા વચ્ચેનો ફરક દેખાડવા એક ખરો બનેલો દાખલો અતરે આપીશું. થોડાં વરસની વાત ઉપર પેરીસ શેહેરમાં દેશપરદેશના ગાય-

ઢોરનું મોટું પ્રદર્શણ ભરવામાં આવ્યું હતું. છેલ્લા દિવસે જ્યારે ઇનામો વેહચી આપવામાં આવ્યાં, તે દિવસે પેહલો એક સ્પેન દેશનો રહેવાસી ઇનામ લેવા આવ્યો. તે બહુ રંગીલો અને રસીલો જવાનીઓ હતો. તેનો પોશાક બહુ ભપકાદાર હતો અને તેનો દેખાવ ઘણોજ ખુબસુરત હતો. તેને છેલ્લું ઇનામ મળ્યું હતુ પણ તે લેતી વેળાનો તેનો દેખાવ એક પેહલી પંક્તીના અમીરને મળતો આવતો હતો. ત્યાર પછી ફ્રેંચમેનો, ઇટાલીઅનો, અને બીજી પ્રજાના પ્રતિનિધીઓ આવ્યા, તેઓ સઘળા ઠમઠમાતમાંજ હતા, તેઓ સઘળાઓનો પોશાક ભપકાદાર હતો, અને તેઓ બધાંનાં ગાયઢોરો માથાથી પુછડી સુધી ફુલો અને રીબનથી સણગારેલાં હતાં. છેક છેલ્લાં ઇંગ્લંડ દેશનો પ્રતિનિધી આવ્યો, અને તેને સર્વથી પેહલુ ઇનામ મળ્યું હતુ. તે ઇગ્રેજનો પોશાક તદન સાદો હતો, અને તેણે વલાતમાં ખેડુતો પેહરે છે તેવાં 'ગૅટર' પેહરેલાં હતાં, અને તેના ડગલાના નાકાંમાં એક પણ ફુલ ખોસેલુ હતુ નહી. તેને જોઇને ભેગાં મળેલાં લોકો પુછવા લાગ્યાં, 'એ કોણ છે?' જવાબ મળ્યો કે 'એ તો ઇંગ્રેજ છે.' આ સાંભળીને લોકો અજાયબીમાં બોલવા લાગ્યાં કે "એક મોટા દેશનો પ્રતિનિધી, ઇંગ્રેજ, તે આવો!" કહે છે કે એક ઇંગ્રેજ જ્યાં જશે ત્યાં ઇંગ્રેજ તરીકેજ વર્તશે. તે પૅરીસમાં ગાયઢોરો દેખાડવા ગયો હતો, તે કાંઇ પોતે પોતાનો ભપકો દેખાડવા ગયો હતો નહી. તેણે ગાયઢોરોના સર્વથી સરસ નમુના દેખાડયા હતા, અને તે પેહલું ઇનામ ખેચી ગયો હતો. તે છતાં તેણે જો પોતાના ડગલા ઉપર ફુલ ટાંગ્યું હોત તો તેમાં તેને કશું નુકસાન થાત નહી.

શોભા અને સંગારનો હુન્નર, જેમાં ઇંગ્રેજ લોકો બીજી યુરોપિયન પ્રજા કરતાં ઉતરતા હતા, તે હુન્નર પછવાડે હવે ઇંગલંડમાં વધારે ધ્યાન આપવાની શરૂઆત કરવામાં આવી છે. એમ માનવામાં આવે છે કે શોભા અને સંગારના શોખ વધવાથી પ્રજામાં વધુ સુધારો થશે, અને ખુબસુરતીનો ખાસ અભ્યાસ કરવાથી તેમના નિતીના ખવાસમાં સુધારો થશે, પરંતુ

આવી જાતના શિક્ષણથી ઉચી પંક્તીની રીતભાત અને ખાલેસ અંતઃકરણ મેળવી શકાશે એમ ઘણાઓ માનતા નથી.

તમારી રીતભાતમાં ચોક્કસ પ્રમાણમાં ખેંચાણ હોય તો તે તમારી ચાલચલગતનો સંગાર કહેવાય છે, અને તે ખિલવવાની કોશેશ ઘટીત કહેવાય છે. ગાયણકળા, ચિત્રકળા, અને એવા બીજા સુદર હુન્નરો મોજ મજાહના સાધનો છે, અને એ હુન્નરો, જોકે તે શારિરીક હવસ નથી, તોપણ તે ફકત આંખ, અને કાનને ખુશ કરવા ઉપરાંત બીજો કશો ફાયદો કરતા નથી. જુદા જુદા શોખ વિષે અભ્યાસ કરવામાં આવે, ખુબસુરત આકારો અને ખુબસુરત રંગોનો અભ્યાસ કરવામાં આવે, અથવા દિલપઝીર દબદબ રાખવાનો હુન્નર શીખવવામાં આવે, તેથી મનની બુદ્ધિ ઝાઝી વધતી નથી, કે રીતભાત ઉપર તેની રૂડી અસર થતી નથી. હુનરના સુદર નમુનાઓ ઉપર ધ્યાન આપ્યાથી તમારા શોખો સુધરશે, અને તમે સારા હુનર વખાણતાં શીખશો, બસ એટલુંજ. બીજો તેમાં કશો ફાયદો જોવામાં આવતો નથી; પણ તમારા બાહ્યબંધાની હજુરમાં તમે એક ઉમદા કામ કરી બતાવો તેથી લોકોના મન ઉપર જેવી રૂડી અસર થશે તેવી રૂડી અસર મોટા વીસ્તારમાં ગોઠવેલાં પીકચરો અને પુતલાંના સંગ્રહસ્થાનથી થશે નહી, કારણ કે તમારાં ઉમદા કામની નકલ બીજાઓ કરતા શીખે તેવાં કામ કરીને બીજા લોકોને તમારાં કામ ઉપરથી રૂડો ધડો લેવાને શીખવો. હુનરના શોખથી માણસ મોટો કહેવાતો નથી, પણ મોટું મન, મોટું દિલ અને ઉમદા અતકરણ ધરાવનાર માણસ મોટો કહેવાય છે.

હુનરના શોખીનો બાઝે વખત મોજમજાહના પણ શોખીન હોય છે, અને હુનરના શોખથી માણસજાતને સગીન ફાયદો થયો નથી એમ કેટલાક લોકો માને છે. વળી કેટલાકો કહે છે અને તેઓનું કહેવું ખરૂં છે કે જો આખી જીંદગી આવા એકાદ હુનરને અર્પણ કરવામાં આવે તો ચાલચલણ અને રીતભાત સુધરવાને અને મજબુત થવાને બદલે ઉલટી નબળી

અને બાયલી બને છે, કારણકે તેથી રીતભાતનો મૂખ્ય આધાર ઇંદ્રિઓના ખેંચાણ ઉપરજ રહે છે. જેને ખરી હુન્નરમંદીની કુદરત તરફથી બક્ષેશ હોય છે, તે તો પોતાના ગાયણમાં કહો, ગમે તો ચિત્રકળામાં કહો, કે ગમે તો સાહિત્યની બાબદમાં કહો, તે તો કોઇપી બાબદની પોતાની હુન્નરમંદીમાં આત્માના અમરપણાનો ખ્યાલ દરશાવ્યા વિના રહેશે નહી.

મોટી પ્રજાઓનું બળ જ્યારે પડી ભાગ્યું તે વેળા હુન્નરમંદીનુ જોર આગલ વધ્યું, અને તે વખ્તથી દોલતમંદોએ પોતાની મોજશોખને પોષવા માટે હુન્નરનો આશરો શોધવા માંડયો. યુનાન દેશમાં તેમજ રોમ દેશમાં જે વખ્તથી લોકોની ચાલચલગતમાં અને રીતભાતમાં ઘટાડો થવા લાગ્યો, તે વખ્તથી હુન્નરમંદીની ખિલવણી શરૂ થઈ.

જો ચિત્રકળા અને ગાયણકળા જેવા હુન્નરોથી એક પ્રજાની ઉન્નતી થતી હોય, અને જો ખુબસુરતીનો અભ્યાસ કરવાથી પ્રજામાં ભલાઇ આવતી હોય, તો આજે ફ્રેન્ચ પ્રજામાં લાખો ડાહયા અને ભલા માણસો હોવા જોઇએ. આજે પણ 'રોમ' મોટો હુન્નરમંદીનો મુલક છે, અને ત્યાંપણ અસલના રોમન લોકોની વખાણવા લાયક બહાદુરીની જગાએ બાહેરની ખુબસુરતી ઉપર ફીદાગીરી માલુમ પડે છે અને હમણા પણ તે મુલકમાં જ્યાં જોશો ત્યાં બીજી બધી રીતની નઝીમાઇ માલુમ પડે છે.

તેટલા માટે, રીતભાતમાં અને ચાલચલણમાં શોભા, ભપકો, બાહેરનો ઠાઠમાઠ, અને સભ્યતા અને લાયકી, જેથી જીંદગીમાં મજાહ અને માન મળે છે, તે સઘળા હિકમત અને કુનેહના હુન્નરો તમને જોઇએ તો ભલે ખિલવો, પણ એટલું ધ્યાન રાખવું કે પ્રમાણિકપણા, સચ્ચાઇ અને ઇમાનદારીના ભોગે એ સઘળું કરવું સજાવાર નથી. ખુબસુરતીનો ઝરો આંખોમાં નથી પણ દિલમાં છે એ ખુબ યાદ રાખવું, અને જો હિકમતથી અને કુનેહથી તમે તમારી જીંદગીના ફૂતવ્યોમાં ખુબસુરતી બતાવી ન શકો, તો તમારી એ સઘળી કુનેહ અને હિકમત નકામી છે. ફક્ત

શબ્દોની તાજીમતવાજોમાં લાભ નથી, સિવાય કે તાજીમતવાજો સાથે તમારાં કામ પણ તાજીમતવાજો ભરેલાં હોય. જેમ મોંઢાંની ખુબસુરતી ફક્ત ચામડી ઉપરજ હોય છે, તેમ શબ્દોની તાજીમતવાજો પણ ફક્ત બાહેરના પડ ઉપરજ સમજવી. મોંઢેની મીઠાસ બેશક ઘણી ખેંચાણકારક અને ખુશ લાગે છે, પરંતુ ઉંડાણમાં ઉતરતાં તેમાં અંતઃકરણની સામેલગીરી મુદલ દીસતી નથી. ઉંચા હુન્નરોથી નિરદોષ મજાહ અને સુખ મળે છે એ ખરી વાત છે, પણ ઉંચા હુન્નરની મારફતે ચઢતી લાગવણી સંપાદન થાય છે, અને જ્યાં સુધી હુન્નર મારફતે મગજની ઉંચી લાગણી હાંસલ ન થાય, ત્યાં સુધી હુન્નર ફક્ત બાહેરથી આંખ અને કાનનેજ ખુશ કરે છે, અને જ્યાં સુધી હુન્નરની મતલબ આંખ કાનને રાજી રાખવાની હદમાં રહે, ત્યાં સુધી નિતોના વધારા ઉપર હુન્નરની અસર થાય એ માનવુ ભુલભરેલું છે. શોભાયમાન રીતો કરતાં પ્રમાણિકપણાંની હિમ્મત વધારે વખાણ લાયક છે; ખુબસુરતી કરતાં પવિત્રાઇ ચઢીઆતી છે, અને બાહેરની સફાઇ કરતાં મનની અને અંતઃકરણની સફાઇ વધારે ફાયદાકારક છે.

ટુંકમાં, જ્યારે બાહેરની શોભા, બાહેરના ભપકા, અને બાહેરના ઠાઠમાઠની તમને જરૂર પડે, ત્યારે આ વાત તમારા ધ્યાનમાં રાખવાને ભુલશો નહિ, કે ભપકા સપકા કરતાં પણ વધારે ઉમદા અને વધારે ફાયદાકારક બીજું એવું કાંઇ છે, જેની તરફ તમારી નજર ટીકી રાખવાની જરૂર છે, અને મજાહ કરતાં, હુન્નર કરતાં, દોલત કરતા, સત્તા કરતાં, બુદ્ધિના બળ કરતાં, અને ડાહાપણ કરતાં પણ તે વધારે ફાયદાકારક છે, અને તે બીજું કાંઇ નહિ પણ તમારી રૂડી ચાલચલણ છે. નેકીનીતિના સંગીન અને ટકાઉ પાયા વગર ઠાઠમાઠ, ભપકો, શોભા અને ખુબસુરત દેખાવોનો અભ્યાસ કરવાથી કોઇબી પ્રજાની ઉન્નતી થાય એમ માનવું ભુલ ભરેલું છે.

પ્રકરણ ૧૨ મું.

પૈસો—ઉપયોગ અને ગેરઉપયોગ.

"કોઇ પાસે ઉછીનું લેતો ના—તેમજ કોઈને ઉછીનું આપતો ના. ઉછીની આપેલી રકમ સાથે ઉછીનું લેનાર દોસ્ત પણ ખોહીએ છીએ. વળી ઉછીનું લેવાની ટેવથી કરકસરની ધાર બુઠ્ઠી થાય છે."—શેકસપિયર.

"પૈસાની બાબદને નાનીસુની સમજીને હસી કાહડશો નહી"—બુલવર લીટન.

એક માણસ પૈસા કેમ વાપરે છે, એટલે કેમ કમાય છે, કેમ બચાવે છે, અને કેમ ખરચે છે તે ઉપરથી તેના ડાહપણની પરિક્ષા થાય છે. જોકે માણસની જીંદગીમાં પૈસાને સર્વથી અગત્યની ચીજ ગણવી નહી જોઇએ, તોપણ તે નકામો છે એમ ગણીને તેને ફિલસુફી ભરેલી રીતે ધિક્કારવો પણ ભૂલભરેલું છે, કારણકે પૈસો માણસના શરિરની સુખાકારીમાં અને સંસારના સુખમાં મોટો ભાગ ભજવે છે. ખરેખર, માણસાઈ ખસલતના કેટલાક ઉમદા ગુણો સાથે પૈસાના રૂડા ઉપયોગને ઘણું લાગેવળગે છે. ઉદારતા, પ્રમાણિકપણું, ઇનસાફ, અને જાતી ભોગ, તેમજ કરકસર અને ડાહપણના ગુણોને પૈસા સાથે નિકટ સંબંધ છે. બીજા હાથ ઉપર લોભ, દગો, ગેરઇનસાફ, અને સ્વાર્થને પૈસાના પુંજારીઓ સાથે ધાડો સંબંધ રહે છે. વળી ઉડાઉપણું અને મૂર્ખાઇ પૈસાનો ઉંધો ઉપયોગ કરનારાઓ સાથે નીસબત ધરાવે છે. આથી જેમ 'હેનરી ટેલર'

કહે છે તેમ ' પૈસો મેળવવો, બચાવવો, ખરચવો, આપવો, લેવો, ધીરવો, અને કહડાવવો, એ સઘળું ખરી રીતે અને સાચા માર્ગે કેમ કરવું તે સઘળું જેને આવડે તેને સંપુર્ણ માણસ કહેવો.'

દરેક માણસને દુન્યાના સંજોગો વચ્ચે પોતાના સુખચેનનો વિચાર કરવાને પુરતો હક છે. પોતાની ખાસયતના સુધારા વધારા માટે તેને શરિર અને મનના સુખની જરૂર છે, અને તેથીજ તે પોતાના ઘરખટલાનો નિભાવ કરી શકે છે. આપણને આ દુન્યામાં આપણા સુધારા વધારાને માટે જે જે તકો મળે તેનો આપણે કેવો ઉપયોગ કરયે છીએ તે જોઇને લોકો આપણને માન આપશે, અને તેટલા માટે આપણે આપણા ઘરખટલાને નિભાવવાની ફરજ અવસ્ય બજાવવી જોઇએ. જીંદગીના નિભાવને માટે જે જે મહેનત અને કોશેશ આપણે કરયે છીએ તેજ આપણી કેળવણી છે, કારણકે જીંદગીની લડતમાં આપણને આપણું સ્વમાન જાળવવું પડે છે, તેમજ સબુરી, ખંત, અને બીજા સદગુણો વાપરવાની ફરજ પડે છે. એક સાવચેત અને પોંહચેલો માણસ બેશક વિચારવંત પણ હોય છે, કારણકે જે સાવચેત અને ડાહયો હોય તે ફક્ત હાલના વખતનોજ વિચાર કરતો નથી, પણ તે તો ભવિષ્યનો વિચાર પણ સાથે સાથે કરે છે, અને તે હાલની મજાહને બાજુ મેળીને ભવિષ્યના ફાયદાને લીધે પોતાનાં મનનેમારે છે.

જેઓ ઘણી મહેનત કરીને અને ઘણું વહીતરૂં કરીને પૈસા કમાય, તેને પૈસાની વધુ કદર લાગવી જોઇએ, તે છતાં કેટલાકો પોતાની કમાઇનો પૈસો ખાઇ પીને ખરચી નાખે છે, અને પછી બીજા કરકસરીઆ અને ડાહયા માણસોને માથે પડે છે. એવાં ઘણાં માણસો હશે, જેઓની હાલની હાલત સુખચેન અને સ્વતંત્રતામાં પસાર થતી હશે, પણ જો તેઓ ઉપર કાઇ પૈસાનું વધારે દબાણ આવી પડે તો તેઓ તેની સામે ટક્કર ઝીલવાને અશક્ત થઇ પડશે. કોમોમાં નાચારી અને સંકટનું કારણ આ છે કે મોટો ભાગ જેટલું કમાય છે તેટલું ખરચી ખાય છે.

'સૉ ટીસ' કહેતો હતો કે જેઓ દુન્યામાં મોટી હીલચાલ કરવા ઇચ્છતા હોય, તેઓએ પહેલે પોતાના શરિરની હીલચાલ શરૂ કરવી જોઇએ.

વળી ઇંગ્રેજીમાં કવિતાની બે જાણીતી લીટીઓ છે કે:—

" If every one would see his own reformation,
How very easily you might reform a nation."

યાને, જો દરેક જણ ખુદ પોતાનો સુધારો કરે તો આખી પ્રજાનો સુધારો કેટલો સેહલાઇથી થાય.

કોઇ પણ દેશમાં જે વર્ગ કમાઇને ખરચી ખાતો હોય, અને જેનો પોતાની કમાણી ઉપરજ ગુજારો થતો હોય, તે હમેશાં ઉતરતી હાલતમાં રહેશે, અને તે વારંવાર લોકોની ઉપર આધાર રાખતો થઇને નાચારીમાંજ ફાલ્ડશે. આવા માણસોને પોતાને માટે માન હોતું નથી, અને તેથી તેઓને સામા ધણી પણ માન આપતાં નથી. વેપાર રોજગારની મંદીની વેળા આવા માણસો તદન નાચારીમાં આવી પડે છે. પોતાની પાસે કાંઇ પણ બચાવેલું ન હોવાથી પોતાનાં બાયડી છોકરાંનું શું થશે તેનો તેમને વિચાર આવ્યા વિના રહેતો નથી, પરંતુ લોકોની દયા ઉપર આધાર રાખવા સિવાય પછી તેમને બીજો કશો ઇલાજ સુઝતો નથી.

'કૉબડન' કહેછે કે "દુન્યામાં બે જાતના લોકો હોય છે, એક જેઓ પૈસો બચાવે તેઓ, અને બીજા જેઓ પૈસા ખરચી ખાય તેઓ. પેહલા વર્ગના લોકોને કરકસરીઆ કહે છે ને બીજાઓ ઉડાઉ કહેવાય છે. ઘર, મીલ, પુલ, વાહણ, અને જે જે મોટાં કામોથી માણસો સુધરેલા અને સુખી થાય છે, તેવાં સઘળાં કામો જે આ દુન્યાંમાં થયાં છે તે સઘળાં પૈસા બચાવનારથી થયાં છે, અને જેઓ પૈસો ખરચી ખાય છે તેઓ પેહલા વર્ગના લોકોની ગુલામગીરી કરે છે. ખુદરત અને ખુદરતના ડાહપણનો કાયદો છે કે એમજ થવું જોઇએ. જેઓ મૂર્ખ હોય, જેઓ અવિચારી

હોય, અને જેઓ આળસુ હોય તેઓને જો હું આશા આપું કે તમે આગલ ચાલતાં વધશો તો હું ઠગારો કહેવાઉં."

'જૉન બ્રાઇટે' એક વાર ઇ. સ. ૧૮૪૭ માં કામદારો સનમુખ ભાષણ આપતાં ઘણીજ ધરખમ શીખામણ આપી હતી, તેના બોલો નિચે પ્રમાણે હતા: "દરેક માણસને માટે, અથવા દરેક મંડળને માટે, જો તેઓ પોતાની હાલની હાલત સારી હોય, અને તે વધારે સારી બનાવવા માગતા હોય, અથવા જો તેમની હાલત માઠી હોય અને તે સુધારવા માગતા હોય, તો તેમને માટે એકજ સલામતીનો રસ્તો છે, અને તે એ કે તેઓએ ઉદ્યોગ, કરકસર, મીતાહારીપણું અને પ્રમાણિકપણાના સદગુણોનો ઉપયોગ કરવો. પોતાની દુઃખી અને અસંતોષી મનની અથવા તનની હાલત ફક્ત આ સદગુણો વાપર્યાથીજ સુધારી શકાય છે, અને તે સિવાય તેમને માટે બીજો સેહલો રસ્તો કોઇ નથી. દુન્યામાં હજારો લોકોનો ચાલુ સુધારો વધારો થતો જાય છે તે પણ આ સદગુણો વાપર્યાથીજ થાય છે."

એક સાધારણ કામદાર માણસની હાલત ઉપયોગી, સુખી અને માનવાળી કાં નહી થઇ શકે તેનું કશું કારણ નથી. તેઓ પણ કરકસરીઆ, સદગુણી, ગ્નાની, અને સુખી થઇ શકે છે. તેઓમાંના થોડા સારી હાલતમાં હોય છે, ત્યારે તેઓ બધાં કાં નહી તેવી સારી હાલતમાં આવી શકે? બીજાઓ જે રીતે સુખ મેળવે છે તે રીત જો કામે લગાડવામાં આવે, તો બાકીના પણ તેવાજ સુખી થઇ શકે, એમાં નવાઇ નથી.

દરેક રાજ્યમાં અને દરેક જગે મજુર વર્ગ રહેવો જોઇએ એમ ખુદાએ નિર્માણ કરેલું છે, પણ મજુર વર્ગે કરકસર, અને સંતોષ વાપરવાં નહી અને ગ્નાની અને સુખી બનવું નહી એવી પરમેશ્વરની મરજી છેજ નહી. માણસ પોતાની નબળાઇથી ઉડાઉપણું વાપરીને આડો ફાટે છે. મજુર વર્ગ જે પોતાના આપબળ ઉપર મુસ્તાક હોય છે તેઓ જો ચાહે તો ધર્મ, ગ્નાન, અને સદગુણ હાંસલ કરીને પોતાની હાલત સુધારી શકે.

નિતીશાસ્ત્ર જે ઉચ્ચ વર્ગને માટે છે તેજ નિતીશાસ્ત્ર સાધારણ લોકોને લાગુ પડે છે. દરેક માણસ, પછી તે ગમે તે પંક્તીનો હોય, તેને પણ ખુદરતનો કાયદો એકસરખો લાગુ પડે છે.

જો માણસ દુરઅંદેશી વાપરીને ધ્યાન પુગાડે તો તે ત્રણ અધરા વખતને માટે તૈયારી કર્યા વિના રહે નહી. (૧) નોકરી ધંધો, (૨) બિમારી, (૩) મોહોત. પેહલા બેથી તે કદાચ બચી જવા પામે, પણ ત્રીજી અધરીમાંથી બચવું તદન માહાલ્ય છે, કારણ કે મોહોત નક્કી આવશેજ. તોપણ ડાહયા માણસોની ફરજ છે કે એવી રીતે જીંદગી ગુજારવી, અને પોતાનો ખરચ એવી રીતે ગોઠવવો કે સંકટનાં દબાણની વેળા, પછી તે ઉપર જણાવેલા પેહલા નંબરની અધરી હોય કે બીજા નંબરની અધરી હોય, તેની સામે ટક્કર ઝીલીને તે અધરીને ભાજી શકાય, અને તેથી પોતાનેજ કાયદો કરી શકાય એટલુંજ નહી, પણ જેઓ તેમની ઉપર આધાર રાખીને જીવતાં હોય તેમના સુખ સગવડને પણ ટેકો મળે. આ બાબદ ઉપરથી તપાસતાં માલુમ પડે છે કે પ્રમાણિક સકમાઇની સાથે કરકસરનો હુન્નર પણ સાથે અવશય હોવાજ જોઇએ. સકમાઇ ઉપરથી કહેવાય છે કે તે કમાઈ કરનાર સબુરીવાલો, ઉદ્યોગી, મેહનતુ અને ખંતીલો છે, તેમજ આશાવંત રહીને બુરી લાલચની સામે થનારો છે, અને જે ધણી પોતાની સકમાઇ સમાર્ગે કરકસરથી વાપરે છે, તે ઉપરથી સિદ્ધ થાય છે કે તેનામાં ડાહાપણ, દુરઅંદેશી, અને મન મારવાના ગુણો છે, જે ગુણો માણસની સારી ચાલચલણનો સાચો પાયો છે.

સેંકડો નજીવી અને નિરૂપયોગી ચીજો માટે પૈસો વપરાય છે એ ખરૂં છે, પણ પૈસાથી અતી ઉપયોગી અને અતી કિમતી અને અતી માહાભારત કામો પણ થાય છે. લુગડાં લત્તાં, ખોરાક અને ઘર સંસારની ચીજો પૈસાથી મળે છે, તે ઉપરાંત પૈસાથી જે માન અને સ્વતંત્રતા મળે છે તે અતી કિમતી છે. એક કામદારે પોતાની કમાઇમાંથી બચાવીને સંગ્રેલું

હોય, તો તે પગભર થાય છે અને તંગીની સામે થઇ શકે છે, અને જ્યારે કામકાજની ખુટ હોય છે ત્યારે પણ ભવિષ્યની સારી આશામાં તે આનંદી જીંદગી ગુજારે છે. આ દુન્યામાં સ્વતંત્ર બનીને પગભર થવું તેમાં મોભો અને માન છે, અને તેથી મજબુતી અને બેહતરી મળે છે. કોઇબી રીતે તે કોઇનો ઓસ્યાળો રહેતો નથી, અને કરકસરની તેની આદતથી તે ભવિષ્યમાં મોટાં કામની કોશેશ કરવાને શક્તિવાન થાય છે.

જે માણસ હંમેશાં તંગ હાલતની સીમાની આસપાસ રહેતો હોય, તે ગુલામગીરીની હાલતથી બેહેતર હાલતમાં હોતો નથી. દિલ ચાહે તેમ વર્તવા તેનામાં તાકાત હોતી નથી, કારણકે તે પોતે સ્વતંત્ર હોતો નથી, પણ તે વારંવાર બીજાઓના દબાણમાં હોય છે, અને તેથી તેમના હુકમ અને ઇચ્છા પ્રમાણે તેને ચાલવું પડે છે. પોતાની હાલત પરતંત્ર હોવાથી તેને બીજાઓનાં મેલાં ધોતીઆં ધોવાની ફરજ પડે છે, એટલુંજ નહી, પણ કેટલીક વખત તેમની સખાવતનો અથવા બીજાં ધર્માદા ખાતાંનો આશરો શોધવા વગર તેમને બીજો છુટક રહેતો નથી. જો તેને પોતાનાં ગામમાં કામ મળતું નથી તો બીજે દેશ પોતાનું નસિબ શોધવાની તેનામાં જોગવાઇ હોતી નથી, અને તેથી તેને પોતાનાં ગામમાંજ રહીને સંકટમાં સબડવાની ફરજ પડે છે.

જો સ્વતંત્ર થવું હોય, તો ફક્ત કરકસર કરવાની જરૂર છે. કરકસર કરવામાં મોટી હિમ્મત કે ભારે સદ્દગુણની જરૂર નથી. સાધારણ શક્તિનો અને સાધારણ બુદ્ધિનો માણસ પણ કરકસર કરવા ચાહે તો તે કરી શકે છે. ઘરસંસારની બાબદમાં કરકસર કરવી એટલે ઘર ચલાવવામાં સઘળું રીતીથી અને કાયદાથી કામ લેવું, અને તેમ કરવામાં નિયમીતપણું અને ડાહ્યાપણની જરૂર છે, તેમજ બિગાડો ન થાય તેની સંભાળ લેવી ઘટે છે. જો ઘરમાં નાની નાની બાબદોના નાના નાના ખરચો બચાવવામાં આવે તો મોટી કરકસર થાય છે.

ભવિષ્યના ફાયદા માટે હાલની આપણી મોજમજાહ છોડી દેવી એ કરકસરની મતલબ છે, અને તેમ કરતાં આપણે આપણા સઘળા હવસોની ઉપર સરસાઇ ભોગવીને આપણી સાદી અક્કલને ફાવવા દઇએ છીએ.

કરકસર કંજુસાઇથી તદન જુદીજ બાબદ છે. ઉલટું, કરકસરવાળો પોતાની બચાવેલી પુંજીમાંથી સખાવત કરવાને વધારે સામર્થ ધરાવે છે. કરકસરવાળો માણસ પૈસાને દેવ ગણીને પુંજતો નથી, પણ તેનો બને તેટલો રૂડો ઉપયોગ કરે છે. 'ડીન સ્વીફ્ટ' નામનો લેખક કહે છે તેમ 'આપણે પૈસા ભેજાંમાં રાખવા જોઇએ, પૈસા હૈયાંમાં રાખવા ન જોઇએ.' કરકસરને ડાહપણની દીકરી કહેવી, મીતાહારની બેહન કહેવી, અને છુટાપણાની માતા કહેવી વાજબી છે. કરકસરવાળો માણસ પોતાનાં જાતી બળ ઉપર અને પોતાનાં ખભાં ઉપરજ આધાર રાખવાને શક્તીવાન થશે.

એક બાપે પોતાના દીકરાને દુન્યાદારીમાં પડતી વેળા નિચલી શીખામણ દીધી હતી:—"તું દરેક રીતે સુખમાં રહે એમ હું ઇચ્છું છું, તે છતાં બાર મુકીને કરકસર રાખવા તને કહું છું, કારણકે દરેક માણસ કરકસર વગર સંપુર્ણ સદગુણી કહેવાતો નથી. કેટલાક છાલકા માણસો કરકસરને ધિક્કારે છે, પણ એમાં તો કશો શક નથી કે કરકસરની આદતથીજ માણસ સ્વતંત્ર રહી શકે છે, અને દુન્યાદારીમાં સ્વતંત્ર બનવું એ દરેક માણસની મૂખ્ય નેમ રહેવી જોઇએ."

દરેક માણસે કરકસર કરવાની શીખામણ બીજાને આપવાને બદલે પોતે કરકસર કરતાં શીખવું જોઇએ. કવિ 'બર્નસ' પોતાના લખાણમાં સ્વતંત્રતાને વખાણે છે, તે છતાં તે પોતે સ્વતંત્ર થઈ શકયો હતો નહી. પોતાના મરણના બિછાના ઉપર તેણે પોતાના મિત્ર ઉપર એક કાગળ લખ્યો હતો કે "અફસોસ! મને ઘણુંજ દુઃખ થાય છે, કારણકે મારી બાયડી અને અરધી દજન વાહલાં બુલકાંઓને નિરાધાર મેળી જાઉં છું, અને એ વિચારથી મને એક બાયલાની માફક રડવું આવે છે!"

દરેક માણસે પોતાની આવકની હદમાંજ રહેતાં શીખવું જોઇએ. એવી ટેવથીજ પ્રમાણિકપણાનો ગુણ ખિલશે. જો એક માણસ પોતાની આવક કરતાં ખરચ વધુ રાખે, તો તેને પારકાંઓના પૈસાની ગરજ રહેશે, અને તેથી તેને અપ્રમાણિકપણું વાપરવાની ફરજ પડશે. જેઓ પોતાના અંગત ખરચ વિષે બેદરકાર રહે છે, અને પોતાની મોજશોખ પોષવાનોજ વિચાર રાખે છે તેઓને જ્યારે પૈસાની તગી પડે છે ત્યારેજ તેઓ પૈસાની કદર સમજે છે. જેઓ છુટા હાથના હોય છે તેઓ છેવટે કટંગી હાલતમાં મુકાય છે, તેઓ પોતાના પૈસા ખરચી નાખે છે, બીજાઓ પાસે ઉછીનું લે છે, ભવિષ્યમાં કમાઇને કરજ ફીટાડવાની આશા રાખે છે, અને એ પ્રમાણે બાકીની જીંદગી કરજમાં તણાઇ જાય છે. ફિલસુફ 'લૉર્ડ બેકન'ની શીખામણ છે કે જેઓને કરકસર કરવી હોય, તેઓએ નાની નાની રકમ બચાવવાની કોશેશ કરવી. ઘણી વાર લોકો ગજવામાં છુટા પૈસા, પાઇપટખરચને માટે રાખે છે તે રકમમાંથી બચાવ કરવામાં આવે, તો રફતે રફતે દોલત એગી થાય, અને ભવિષ્યમાં સ્વતંત્રતા મળી શકે. ઘણાંઓ બબડે છે કે ખુદાએ બીજાઓને પૈસાવાળા બનાવ્યા અને અમુને ગરીબ બનાવ્યાં, પણ આવી રીતે બડબડનારાંઓનો મોટો ભાગ છુટા હાથે પૈસા ખરચનારાં હોય છે.

જેઓ નાના નાના ખરચ કરવાને મન મારીને અખાડા કરે છે અને કાંઇ બચાવે છે, તેમની પાસે બીજાઓને મદદ કરી શકાય એટલી પુંજી થાય છે. ઉડાઉ માણસ પાસે સખાવત કરવા માટે અને બીજાઓ તરફ મદદનો હાથ લંબાવવાને માટે ફાજલ કાંઇ પડતું નથી.

કંજુસાઇ કરીને કરકસર કરવી કંગાળ માણસનું કામ છે. ગુજરાન કરવામાં સાંકડા વિચાર રાખનાર અને આપ લેના વેહવારમાં બખીલાઇ કરનાર કદી આગલ વધતો નથી. જેનું દિલ આનાની કિમતનું તે કદી રૂપીઆની કિમતનું થતું નથી. ઉદાર અને સખી દિલ રાખવામાંજ ફાયદો છે.

ઈંગ્રેજીમાં કહેવત છે કે 'ખાલી કોથલી ઉભી રહી શકતી નથી' અને એ કહેવત કરજદારને પણ લાગુ પડે છે. કરજદાર માણસથી સચ્ચાઇ

વાપરી શકાતી નથી, અને તેથી કહેવત બની છે કે કરજદારની પીઠ ઉપર જુઠાઇ હંમેશા ઘોડો કરે છે. કરજદારને પોતાના માગનારને ચોબાડવાને માટે જુઠા વાયદા કરવા પડે છે, અને તે માટે તહરેવાર હિકમતી જુઠું બોલવું પડે છે. કરજ નહીંજ કરવું એમ જો ઠરાવ કરવામાં આવે તો તે ઠરાવને વળગી રહેવું સેહેલ છે, પણ એક વાર કરજની શરૂઆત થઇ અને કરજ કરવાની આદત પડી, એટલે તેમાંથી બાહેર નિકળવું મુસ્કેલ છે. જે ધણી કરજની જાળમાં એક વાર સપડાયો તે બાહેર નિકળી શકતો નથી. જેમ જુઠું બોલવાની આદત પડે છે તે જતી નથી, તેમ કરજ કરવાની ટેવ ફરી મટતી નથી. કરજદાર માણસ હોય તે જુઠું બોલનાર પણ હોવાજ જોઇએ એમ નક્કી માનવું, અને જેમ એક પછી બીજુ કરજ થતુ જાય, તેમ એક પછી બીજું જુઠું બોલવાનું ચાલુજ રહેછે. ઈંગ્રેજીમાં કહેવત છે કે જે કરજ કરવા જાય છે તે દરદ કરવા જાયછે. ઘણા માણસોની પડતીની શરૂઆત કરજથી થાય છે.

વિદ્વાન 'જૉનસન' કરજને અગવડ નહી પણ આફત ગણે છે. તે કહે છે કે જો તમારે ગરીબાઇમાં સબડવું નહી હોય તો કમાણી કરતાં ઓછું ખરચો, અને કોઇ પણ માણસનું કરજ ના કરો, કારણકે કરજ કર્યાથી ગરીબાઇ આવશે, અને ગરીબાઇથી તમારી સ્વતંત્રતા જતી રહેશે, અને તેથી તમારા સદગુણનું સત્યાનાશ વળશે. વળી કરકસર કરનાર પાસે બીજાને મદદ કરવાને માટે કાંઇક ફાજલ પડે છે, પણ જે માણસ પોતે બીજાઓનો કરજદાર, તે બીજા સંકટમાં પડેલાંઓને મદદ ક્યાંથી કરે?

દરેક માણસની આઇન ફરજ છે કે પોતાની આવકનો અને ખરચનો હિસાબ રાખવો. 'ડયુક ઓફ વેલીંગટન' કહે છે કે "હું મારાં પોતાનાં બિલો મારા હાથેજ ચુકવી આપું છું, અને બધાંને બલામણ કરૂં છું કે તેઓએ પોતાનો હિસાબ પોતાના હાથેજ રાખવો. અગાઉ હું મારાં બિલો મારા એક નોકર પાસે મોકલાવતો હતો, પણ એક દિવસે એક માગનાર

એ વરસનાં સામટાં બિલો મારી આગલ લાવ્યો, જે મને ચુકવી આપવાં પડયાં, કારણકે મારા નોકરે મારા પૈસા વડે જુગાર રમીને તે બિલો આપ્યાં હતાં નહી. કરજ માણસને ગુલામની હલકી પંક્તી ઉપર મુકે છે. મને પૈસાની તાણ ઘણી વાર પડી છે, પણ મેં કોઇ દિવસે કરજ કર્યું નથી."

અમેરિકાનો મોટો 'વોશીંગટન' પણ પોતાનાં બિલો માગનારાઓને પોતે ચુકવી આપતો હતો, અને સઘળા હિસાબની બારીક વીગત રાખતો હતો, કારણકે તે પોતાની આવક કરતા ખરચ વધારે રાખવાને બીલકુલ ખુશી હતો નહી.

કેટલાકો બાહેરનો દેખાવ ગ્રહસ્થાઇનો રાખે છે. તેઓના રહેવાના મકાનનો ઠાઠ, તેમનાં ઘરનો મોટો ખરચ, એ સઘળું દેખાડે છે કે તેઓ પાસે પૈસા છે, પરંતુ એ સઘળો બાહેરનો દેખાવ હોયછે. તેઓની ચાલ-ચલણમાં પ્રમાણિકપણું હોતું નથી. તેઓ બાહેરથી આબરૂવાળા ખપીને અંદરથી હજારો રીતે કરજમાં ડુબેલા હોય છે. તેઓને ગરીબ દેખાવાને ગમતું નથી, પણ એનું સેવટ ઘણું દુઃખદાયક અને કમકમાટભરેલું આવે છે.

'નહી, મારી ગુંજાસ નથી,' આ શબ્દો બોલવાની જેનામાં હિમ્મત નહિ હોય, અને પોતાની નાની ગુંજાસ કબુલ કરવાની જેનામાં નૈતીક ઠરાવની શક્તિ નહી હોય, તે માણસ શરમનો મારયો ખરચમા તણાતો જાય છે. મોજમજાહના અને ખાણીપીણીનાં તેડાં દોસ્તદારો તરફથી આવે, ત્યારે 'મારી ગુંજાસ નથી' એમ કહેતાં શરમાવું એ કાંઇ નહી પણ ખરાબા તરફ ઘસડાવા બરાબર છે.

ઘણી ચોપડીઓ બાહેર પડી છે જેમાં પૈસા કેમ ભેગા કરવા તે સમજાવવામાં આવેલું છે, પણ એવી ચોપડીઓની કશી અગત્યતા નથી. દરેક દેશમાં કહેવતો બોલાય છે કે, (૧) તમે અરધી અરધી બચાવો તો રૂપીઓ થાય. (૨) કમાય થોડું ને ખરચે ઘણું પેહલો મુરખ તેને ગણું. (૩) પૈસા વગરનું જીવતર બળ્યું. (૪) પૈસે ખોયો પાવલો, ને પાવલે

ખોયા પાંચ, પાંચે ખોયા પંચાણુ, ડોસી બેઠી બેઠી કાંત. (૫) પૈસો પૈસાને વધારે છે. (૬) પૈસો બચાવ્યો તે પૈસો રળ્યા બરાબર છે. આવી સઘળી કહેવતો સેંકડો જમાનાની કસોટીમાંથી ખરી તરીકે પસાર થઇ છે. દુન્યાના અનુભવે આપણને શીખવ્યું છે કે ઉદ્યોગ અને કરકસર એ બે ગુણ જેનામાં હોય તે સ્વતંત્રતાથી ગુજરાન કરી શકે છે. 'સોલોમન' જે અગાઉ દુન્યામાં સર્વથી ડાહયો ગણાતો હતો તે આળસુ માણસને કહેતો હતો કે "એ સુસ્ત આદમી, તું કીડીને જો, અને તે જેમ કામ કરેછે તેમ કામ કર, અને ડાહયો થા." સોલોમનની શીખામણો કેટલીક હજી આપણે વાપરયે છીએઃ "છાકટા અને ખાઉધરા ગરીબાઇમાં સબડશે, અને આળસાઈ માણસને ચોથડે હાલ ફેરવશે." તે કહેતો હતો કે "બધી વાત બાજુએ મેલો, અને સોના કરતા ડાહપણ એકઠું કરો, કારણકે ડાહપણ માણેક મોતી કરતાં પણ વધારે કિમતી છે, અને બીજી બધી ચીજ જે આપણને જોઇએ છે તેની ડાહપણ સાથે સરખામણી થઈ શકતી નથી." 'સોલોમન'ની આ ડાહી શીખામણો પ્રમાણે આજે પણ ચાલવામાં આવે તો બેશક ફાયદો થાયછે.

ઉદ્યોગ અને કરકસર કોઈ પણ સાધારણ માણસને સુખ બક્ષીને સ્વતંત્ર બનાવી શકે છે. હલકામાં હલકો મજુર પણ જો મેહનત કરીને કરકસર કરે તો થોડાં વરસમાં કાંઇક પુંજી એકઠી કરી શકે છે. એક આની ઘણી નજીવી રકમ છે, પણ એવી એકેક આની ખરચતી વખત વિચાર કરીને બને તેટલી આની બચાવી હોય, તો હજારો આની બચાવી શકાય છે. જો આની ખરચતાં વિચાર નહી કરયે, તો રૂપીઆની આખી રકમ ખરચાઈ જાય છે. નાના નાના ખરચનો જુમલો મોટો થાય છે, માટે કરકસરનો વિચાર નાના નાના ખરચ કરતી વેળા કરવો ફાયદાકારક છે.

કોઇબી ધંધામાં શરમ નથી. હળ ખેડવાનો, કાંતવાનો, વણવાનો, લુહારનો, કે દુકાનદારીનો, કોઇબી પ્રમાણિક ધંધાદારીને શરમાવાનું કાંઇ કારણ નથી. અપ્રમાણિક ધંધાદારી પછી તે ગમે તેવો નામચીન હોય,

તો તેણે ખરેખર શરમાવું જોઇએ. નાના ધંધાની શરૂઆત કરવી પણ હમેશાં આગલ વધવાનો યત્ન કરવો. કાપડની દુકાનમાં ગજ લઇને બેઠા કરે તેનો દીન ઉઘડશે નહી, પણ નાની શરૂઆત કરીને નજર ઉંચી રાખીને ધંધામાં વધવાની ઉંચી અને ઉમદા નેમ રાખીને નામીચા કાપડીઓ બનવું, એવી મોટી નેમથી નાની ચાકરી શરૂ કરવીજોઇએ છે.

જે લોકો નાના ધંધામાંથી વધીને તવંગર બન્યા હોય, તેમને પણ શરમાવાનું કાંઇ કારણ નથી. ખરૂં કહીએ તો તેવા માણસોને ઉલટી શાબાશી ઘટે છે, કારણકે ગરીબાઇમાંથી ઉદ્યોગ, ખંત અને ચાલાકીથી મુશકેલીઓને દુર કરીને આગલ વધવું એ કાંઇ નાની સુની વાત નથી, પરંતુ વખાણવા લાયક વાત છે.

પૈસા મેળવવાને માટે ફક્ત ઉદ્યોગ અને ખંત જોઇએ છે, પછી તેની નેમ ફક્ત પૈસા ભેગા કરવાની હોય, અથવા પૈસા ભેગા કરીને સમાર્ગે વાપરવાની હોય. જે માણસ ખાઇપીને પૈસા ભેગા કરવા મંડે તે પૈસાવાળો થયા વિના રહેતો નથી. કારણકે એમાં કાંઇ મોટું બુદ્ધિબળ જોઇતું નથી. એક સાધારણ માણસ પણ પોતે કમાય તેના કરતાં ઓછું ખરચે, તો તેની પાસે પૈસા ભેગા થાય તેમાં કશી નવાઇ નથી. પેરીસના એક બેંકર (નાણાવટી)ને માટે કહે છે કે તે તદન ગરીબ હતો, અને તે દરરોજ પીઠાંમાં એક પાઇન્ટ બીર દારૂ પીવા જતો હતો, ત્યાંથી જેટલા બાટલીના બુચ મળે તેટલા ગજવામાં મુકતો હતો. કહે છે કે આઠ વર્ષ એમ કરીને તેણે બુચ ભેગા કીધા, તે તેણે ૮ સોનાના સીક્કા (નજદીક ૧૨૦ રૂપીઆ)એ વેચ્યા. એ રકમમાંથી તેણે વેપાર કીધો અને મરણ પામ્યો ત્યારે તે પોતાની પાછલ ત્રીસ લાખ (૩૦૦૦૦૦૦) ફ્રાંક મુકી ગયો.

પૈસા ભેગા કરવાનો ઠરાવ જેણે કર્યો તે માણસ કેટલો ફાવે છે તેનો એક દાખલો 'જૉન ફૉસ્ટર' આપે છે. એક જવાને પોતાના બાપની દોલત ઉડાઉપણામાં ખરચી ખાધી, અને છેવટે તંગીમાં આવી પડયો તે

વખ્તે તે તદન નિરાશ થઇ ગયો. તે પોતાના ઓરડામાંથી નાસીપાસ થયલો બાહેર નિકળ્યો અને આપઘાત કરીને મરી જવાનો વિચાર કરવા લાગ્યો. આવા વિચાર કરતા તે પોતાનાં બાપીકાં ઘર આગલ આવી પુગ્યો, અને તેને ટીકતો એક પથર ઉપર થોડી મીનીટ બેઠો. તેણે તુરત આપઘાત કરવાનો વિચાર માંડી વાળ્યો અને પોતાની દોલત પાછી મેળવવાનો મક્કમ નિશ્ચય કર્યો, અને તુરત કામ શોધી કાહડયું. તે બેગારી તરીકે રોજે રહયો અને જે રોજ કમાતો ગયો તે તેણે ભેગા કરવા માડયા, અને અને ત્યાં સુધી ભીખ માગીને ટુકડો રોટલી ખાઇને સતોષી રહેવા લાગ્યો. મજુરીના રોજ એકઠા કરતાં તેની પાસે નાની જેવી પુંજી થઇ તેમાંથી તે ઢોર ખરીદીને નફાથી વેચવા લાગ્યો. આ પ્રમાણે તેણે જેટલી દોલત ખોહી હતી તેના કરતાં બમણી દોલત એકઠી કીધી, પણ તેણે જે કંજુસાઇ કરવા માંડી તે તેના મરણની છેલ્લી ઘડી સુધી ચાલુ રહી હતી. જ્યારે તે મરણ પામ્યો ત્યારે તેના શરિરની મટી મટી સાથે મળી ગઇ અને પૈસા પાછળ રહી ગયા. આ દાખલામા જે કંજુસાઇ બતાવવામાં આવી છે તેવી કંજુસાઇ કરવાની કશી જરૂર નથી. જો ઉપલો શખ્શ ચાહત તો પોતાના પૈસાથી ઘણાં વખાણવાજોગ અને પરમાર્થી કામો કરી જાત, પણ આ કંજુસ કંગાળ હાલતે મુવો, તેમજ તે કોઇની હાલત સુધારવામાં કાંઇ પણ કામે લાગ્યો નહી.

આપણા બુઢાપામા કામ લાગે તે માટે કાંઇ નાણું ખસેડી રાખવાની તેમજ આપણા બાયડી છોકરાંનાં ભવિષ્યને માટે કાંઇ નાણું ફાજલ પાડવાની દરેક સમજુ માણસની ફરજ છે, પણ બાયડી છોકરાંનો તેમજ પોતાનો વિચાર બાજુ મેળીને ફકત દોલતનો ઢગ એકઠો કરનાર ઘણોજ નિચ અને કગાળ હોવો જોઇએ. ડાહયા માણસોએ પૈસાનો આવો લોભ રાખવો ન જોઇએ, અને લોભમાં ફસવાથી ઘણું સાવધ રહેવુ જોઇએ. કરકસર તે એક સદગુણ છે પણ કંજુસાઇ એ એક દુરગુણ છે. પૈસો પોતે દલિદ્રતાનું મુળ નથી, પણ પૈસાનો લોભ તે દલદ્રતાનું મુળ છે,

કારણકે પૈસાના લોભીનો જીવ બહુ કંજુસ હોય છે અને તે સખાવતના કામો કદી કરી શકતો નથી, તેનાથી કશું ભલું થતું નથી, ઉલટું, પૈસાને લોભ તેને પૈસાને ખાતર લુચ્ચાઇ લફંગાઇ, જુઠ અને અપ્રમાણીકપણું વાપરતાં શીખવે છે.

આજે જેની પાસે પૈસા હોય, તેને લોકો માન આપે છે અને કહે છે કે એ ઘણો ડાહ્યો છે અને ઘણો ફાવેલો છે, પરંતુ જેણે ફક્ત પૈસાનોજ વિચાર રાખ્યો હોય, અને પાસે પૈસા હોવા છતાં ભલાઇ કરવાની તક ગુમાવી હોય તે માણસ પોતાની ફરજમાં પછાત પડેલો કહેવાય છે. તે માણસ દુન્યાના લોકોના માનને લાયકનો નહી કહેવાય, અને તે માણસે દુન્યામાં જન્મ લઇને ખુદાનો હુકમ બજાવેલો નહી કહેવાય. ટૂકમાં, ફક્ત પૈસાને ખાતર જીવનાર માણસ પેલી દુન્યામાં બેહસ્તમાં જાઇ શકનાર નથી કારણકે પૈસા એ કોઇ પણ રીતે નૈતિક સરસાઇની પરિક્ષા નથી. કંજુસને આગ્યા કીડા સાથે સરખાવી શકાય છે. જેમ આગ્યો કીડો પોતાના ચળકાટ છતાં બીજાને કશો ઉપયોગી થઇ શકતો નથી, તેમ કંજુસના પૈસાનો ખણખણાત કોઇને કામ લાગતો નથી.

પૈસાનું જોર જોઇએ તે કરતાં વધારે આંકવામાં આવે છે. દુન્યામાં માહાન કામો થયાં તે સઘળાં પૈસાવાળાઓથી થયાં નથી. સઘળાં મોટાં કામો ઘણા તવંગરોથી થયાં નથી. મોટાં મોટાં કામો કરનારની પૈસાની હાલત ગરીબ અથવા મધ્યમ હતી. ધર્મના ફેલાવો કરનારા, પૃથ્વી ઉપરની મોટી મોટી શોધો કરનારા, નવી નવી ચીજો બનાવનારા, અને મોટા હુન્નરમંદો મધ્યમ દોલત ધરાવતા હતા. પૈસાવાળાઓ મોટા કામમાં તન રગડે એ બનવાજોગ નથી. પાસે પૈસા હોવાથી તેઓ એવી મેહનત અને જંજાળ માથે હોરે એમ માનવાજોગ નથી. પૈસાને લીધે તેઓ કાંઇ પણ માહાન શોધ કે વખાણવાજોગ મોટાં કામમાં ઝીપલાવતા નથી. પૈસો તેમને એક જાતની નડતર છે. જે જવાનને બાપનો ફાલો મળ્યો, તે જવાન મેહનતમાં અને વહીવટમાં પડવાને રાજી થતો નથી. તેને મળેલો ફાલો તેને કાંઇ પણ

આગલ વધવા દેતો નથી. તે નિતીમાં અને દુન્યાના વેહવારમાં આગલ વધતો નથી, પણ આળસાઇ અને અયાશીપણામાં પૈસા ઉપર આધાર રાખીને જીંદગી ફોકટ ગુમાવે છે.

પણ જો તવંગર પોતાની આ દુન્યાની ફરજ સમજતો હશે, તે આળસાઇ બાજુ મુકશે, અને અયાશી બાયલાની માફક પોતાની જીંદગી વ્યર્થ ગુમાવશે નહી. પરમેશ્વરે પૈસા આપ્યા તેની જોખમદારી તે સમજશે, અને તે જોખમદારીની ફરજ બરાબર બજાવવાને માટે તે ગરીબ કરતાં વધારે મેહનત કરશે; પણ આવા ડાહયા પૈસાવાળા કેટલા મળશે? ઘણાજ થોડા, બલકે કોઇ નહી.

જો ખરેખર ડાહયો હશે તે મધ્યમ માર્ગ પસંદ કરશે. તે ખુદા પાસે દુવા માગશે કે 'ઓ ખુદા, મને એકદમ તવંગર બનાવીશ નહી, તેમ મને છેક ગરીબાઇમાં સબડાવીશ નહી, પરંતુ મને મારી હાજત જેટલું આપજે.'

આબરૂદાર થવું એ સારૂં છે, અને આબરૂદાર માણસને માન આપવું ઘટારત છે, પણ આબરૂદારમાં ખપવાના ઢોંગ કરનાર, અને જે બાહેરથી શ્રીમતરાઇ થઇને ફરનાર આબરૂદાર કહેવાય છે, તેને માન ઘટે છે એમ સમજશો નહી. બાહેરથી પૈસાવાળામાં ખપતા એક લુચ્ચા માણસ કરતાં એક નિતીમાન પણ ગરીબ માણસ વધારે માનને લાયક છે. એક લુચ્ચો ઘોડાગાડીમાં ફરનાર હોય તેના કરતાં એક ગરીબ પગે ચાલનાર સો દરજ્જે ભલો કહેવાય છે. બાહેરથી ખોટો દમદમાત અને ખોટો દેખાવ રાખનાર હોય તેના કરતાં એક થોડું કમાનાર અને પોતાની ગુંજાસની હદમાં રહેનાર માણસ વધારે આબરૂદાર અને વધારે માનને પાત્ર છે. જીંદગીની મોટામાં મોટી નેમ જીંદગીના વેહવારમાં પોતાની સઘળી ફરજો પુરેપુરી બજાવવામાં સમાયલી છે, યાને બીજા બોલોમાં ટુંકમાં કહીએ તો આપણું મન, અંતઃકરણ, દિલ અને આત્મા, એ સઘળાંને ખિલવીને સમાર્ગે વાપરીને આપણી સઘળી ફરજો આપણે બજાવવી જોઇએ. જીંદગીની આ મુખ્ય

નેમ છે, બાકી બીજી નેમો નજીવી અને નકામી છે. આથી જે માણસે પોતાની જીંદગીમાં પુષ્કળ મોજમજા ભોગવી, ઘણી ઘણી જાતની વાણીઓ ખાધી, સારા સારા ઉંચા દારૂઓ પીધા, ઘણા પૈસા કમાયો, ઘણી સત્તા ભોગવી, તે માણસે જીંદગી ફતેહમંદીથી પસાર કીધી એમ સમજવું નહી, પણ જે માણસે પોતાનું માણસાઇપણું બતાવ્યુ, અને બને તેટલાં ઉપયોગી અને ભલાઇનાં અને પરમાર્થનાં કામો કરયાં હોય, તે માણસની જીંદગી ફતેહમંદી સાથે પસાર થયલી ગણવી દુન્યામાં પૈસાનું અને દોલતનુ જોર મોટું કહેવાય છે, પણ બુદ્ધિબળ, જાહેર સેવાની હિમ્મત અને ઉચા સદગુણો એ પૈસા કરતાં વધારે જોરાવર રહે છે, અને એ સઘળા ગુણો પૈસા કરતાં વધારે વખાણને પાત્ર છે.

દોલત ભેગી કરીને બેશક મોટી મોટી મંડળીમાં સામેલ થઇ શકાય છે, પણ એવી મોટી મંડળીમાં માન પામવાને ઉચા ગુણો, મોટું ભપકો, ઉંચી રીતભાત, અને સખી ગુરદો ધરાવવો જોઇએ, નહી તો એવા પૈસાવાળાને મંડળીમાં પૈસાના પુતળાં કરતા ચઢીઆતો કોઇ ગણશે નહી. આજે પણ કેટલાક શ્રીમંત લોકો મોટી મોટી કલબોમા અને મંડળીમાં દાખલ થાય છે, પણ તેમની તરફ કોઇ ઝાંખીને જોતુ નથી, કારણકે તેઓનાં ભેજાંમાં ભપકો કે દિલમાં દયાનો ઝરો હોતો નથી. તેઓ ફક્ત પૈસાના ગાંસડાની પેઠે મંડળીમાં ફરે છે. એથી ઉલટું, જેઓ સારી ખાસીઅતના, ભારે અનુભવના, અને ઉચી નિતીના ગ્રહસ્થો, જેઓ પાસે મધ્યમ દોલત હોય છે, તેઓ મંડળીમાં અને કલબોમાં ઘુંઘરાની પેઠે ગાજી રહે છે, અને સઘળાઓનુ ધ્યાન પોતાની તરફ ખેંચીને સઘળાઓની શાબાશી મેળવે છે.

પ્રકરણ ૧૩.

સેવટ—મોહોત.

"હું એક અવાજ સાંભળુંછું જે તમે સાંભળી શકતા નથી. તે અવાજ કહે છે કે મારે હવે અતરે થોભવું નહી. હું એક હાથ જોઉંછું જે તમે જોઇ શકતા નથી, તે હાથ ઈસારત કરીને મને બોલાવે છે."

"જ્યાં સુધી આપણે ભોગવ્યે છીએ ત્યાં સુધી આપણી જીંદગી છે. સૂર્ય તીર કરતાં પણ ઝડપથી ફરે છે, તે છતાં કોઇ માણસને તે ફરતો દેખાતો નથી. આપણી જીંદગી પણ સૂર્ય મોસાલ છે. જ્યારે આપણી જીંદગીની રાત આવશે ત્યારે આપણો સૂર્ય પણ આકાશના સૂર્ય માફક અસ્ત પામશે અને માટીમાં માટી મળશે."

એક જવાન માણસ જવાનીના બાહારમાં ખુશાલ ચેહરે દુન્યાના સાગરમાં ઝીપલાવે છે. દુન્યામાં સઘળે ઠેકાણે તેને પોતાનું ભવિષ્ય સોનેરી ઢોળ ચઢાવેલું દીસે છે, પણ વખ્ત જતાં જવાનીનો બાહાર તેને છોડી જાય છે. જેમ સહવારના પોહોરમાં દિવસની તાજગી ઠંડી લેહેર આપે છે તેમ તેને જવાનીમાં ઠંડી લેહેર લાગે છે, પણ જેમ દિવસ ચઢતો જાય છે તેમ તે ઠંડી લેહકી ઓછી થતી જાય છે તેમ તેની જીંદગીમાં પણ તરો તાજગીનો વખ્ત જતો રહીને તાપ અને તડકાનો વખત તે જોય છે. જવાની વહી જાય છે, ઉમર પાકત થાય છે, અને આખરે બુઢાપો ગલબો કરે છે.

પરંતુ જેવી તેણે જીંદગી ભૂતકાલમાં ગુજારી હોય તેવો તેનો અંજામ આવે છે. જે શબ્દો તે બોલ્યો હોય અને જે જે કામો તેણે કર્યાં હોય

તે ભુસાઇ શકતાં નથી કે પાછાં ખેંચી લઇ શકાતાં નથી. તેના બોલો અને કામો તેની ચાલચલણમાં અને ખુદ તેના લોહીમાં આમેઝ થાય છે, અને તે સઘળાં તેના વંશમાં ફરે છે. સઘળો ભુતકાળ વર્તમાનકાળમાં આપણી સામેજ ઉભેલો હોય છે. આપણે જે દરેક કાર્ય કીધું હોય તે આપણાં મોહાં ઉપર છાપ મારી બેસે છે. પાકત વય થાય છે તે છતાં જો એક પાપી પોતાનો બુરો ખવાસ છોડતો નથી, તો તે બુઢાપો નિરાશા અને અફસોસમાં ગુજારે છે.

બીજા હાથ ઉપર ભલાઇનો માર્ગ અખત્યાર કર્યાથી ભલાં કામ આપણા બુઢાપામાં ઢાલ અને બખ્તરની માફક આપણાં શરિરનો બચાવ કરે છે, અને આપણાં શરિરને કશી હાણી પોંહચવા દેતાં નથી.

'સેસીલ' કહે છે કે ખરો ધર્મ એ છે કે આત્માને પોષવો, આત્માને તનદરોસ્ત બનાવવો, અને આત્માને કેળવવો, અને જે ધણી એવી રીતનો કેળવાયલો આત્મા ધરાવતો હોય તે માણસને ભલાં કામો માટે અને બલી ભલાઇના માર્ગે ચાલવા માટે કાંઇ અજાયબ જાતની ખુદરત તરફની મદદ અને ઉત્તેજન મળે છે.

તે છતાં આપણને સઘળાંને અતરેથી એક દિવસ કૂચ કરી જવી પડશે, અને જે જગે હાલ આપણે છીએ તે જગે આપણે વધુ વાર ચોબીશું નહી. પેલો અણદીઠ કાસદ હમેશાં આપણી આગલ ભમતો ફરે છે. તે કાસદ ઉદ્યોગી તેમજ આળસુને પકડી પાડે છે. કોઇ મજાહમાં લીન હોય કે ધંધામાં ગુંટાયલો હોય તેની તે દરકાર કરતો નથી, પણ આવીને તેનો હાથ ઝાલે છે, અને તેનો ચેહરો બદલીને તેને અહીંથી ઘસડી લઇ જાય છે.

તે કાસદ–મોહત–સઘળાંને પકડે છે. આપણે દરરોજ મોહત તરફ એક પગલું આગલ વધ્યે છીએ. કલાક માપવાનું યંત્ર આપણી જીંદગીનો દાખલોઆપે છે. જેવી રીતે તે યંત્રમાંથી રેતીનો છેલ્લો દાણો પડે છે ત્યારે કલાક પૂરો થાય છે, તેમ જીંદગીની છેલ્લી પળ તે મોહત છે. એક રાજા પણ, જે પોતાના બાપદાદાની ઘોર આગળ ઉભો રહીને માથે તાજ પેહરે છે, તેપણ એક દિવસ ત્યાંજ ઘોરમાં સુવા જશે.

એક માણસ પોતાના સાથીઓને એક પછી એક મરતાં જોય, તે પોતાના વડવાઓમાંથી એક પછી એક ઓછાં થતા જોય, તે પોતાના કરતાં નાનાં માણસોને એક પછી એક મરણ પામતાં જોય, તે છતા તે પોતાની તનદરોસ્તી અને પોતાના જોર ઉપર મુસ્તાક રહીને પોતાના મૃત્યુનો વિચાર કદી કરે નહી, તે છતાં તે કાંઇ મોહોતના સપાટામાંથી બચશે? સીતેર વરસની ઉમરે, કે સો વરસની ઉમરે પણ તે મરશેજ. તે કાંઇ જુગજુગ જીવશે? નહી, તે એક દિવસે અહીંથી વાસો ઉઠાવશે એ તો નક્કી છે.

બુઢાંઓ આ દુન્યામાંથી જગા ખાલી કરીને જુવાનીઆઓને જગા આપે છે, અને જુવાનયાઓ પણ અહીંથી ચાલી જઇને તેમનાંથી નાનાં-ઓને માટે જગા કરે છે. જો કોઇ અતરે આ જેહાનમાં અતીઘણો વખત વાસો નાખી પડે, તો તે આ દુન્યામાં તદ્દન નકામો થઇ પડે છે; અને તેની હાલત સુકાં ઝાડનાં ઠુંઠાં માફક બને છે. વળી અતીઘણી વૃદ્ધ વયે તેનું જીવતર તેને પોતાને ભારી પડે છે, અને વળી આસપાસનાઓને તે બોજા સમાન થઇને માથે પડે છે. પરંતુ આ એક ધ્યાન પુગાડવા જોગ હકીક્ત છે કે જેમ માણસ વૃદ્ધ થાય છે તેમ તેને મરવા ગમતું નથી.

ઇરાનના બાદશાહ સાઇરસ (Cyrus) ની ઘોર ઉપર નિચલો લેખ હતો :—

"ઓ માણસ! તું ગમે તે હોય અને ગમે ત્યાંથી આવ્યો હોય, અને હું જાણું છું કે તું આવશેજ, તો જાણ કે હું ઇરાનની સલતનતનો સ્થાપનાર સાઇરસ છું, પણ આ નાના જમીનના ટુકડા ઉપર હું સુતો છું તેટલા ટુકડા માટે મારી અદેખાઇ કરતો ના." જ્યારે સીકંદર બાદશાહે તેની ઘોર ઉપર ઉપલા શબ્દો વાંચ્યા, ત્યારે આ દુન્યાની ચીજોની નાપાયેદારી અને અનિશ્ચિતપણાં માટે તેની ઉપર ઘણી મોટી અસર થઇ હતી. સાઇ-રસની ઘોર ભાગી નાખવામાં આવેલી જોઇને સીકંદરે આ પવિત્ર ઘોર ભાગનારને શોધી કહડાવીને મોહતની શિક્ષા કીધી હતી.

જેઓની ઇચ્છાની હદ ન હોય તેવા લોભીઓ આ દુન્યામાં નિરાશી મેળવે છે, કારણકે મોહતથી તેઓની ઇચ્છાની પણ હદ આવે છે. અને ચોક્કસ હદે, અને ચોક્કસ વખ્તે તેમના લોભનો છેડો આવે છે. સીકંદર બાદશાહે બધા મુલકો જીત્યા પછી જ્યારે તેને માટે બીજાું જીતવાનું કાંઇ રહ્યું નહી ત્યારે તેને રડવું આવ્યું હતું. મહમદ ગઝની, જેણે મુસલમાની સલતનતનો હિંદમાં પાયો નાખ્યો હતો, તેણે પણ મરતી વખતે પોતાનો સઘળો ખજાનો પોતાના બિછાના આગલ મંગાવ્યો, અને તે જોઇને અફસોસ કરવા લાગ્યો કે હાય, કેવી જેહમનો અને કેવી મુશકેલીઓ વેઠીને, અને શરિર અને મનને કેવું થાકવી નાખીને આ ખજાનો મે એકઠો કર્યો, અને એને સાચવવાને મને કેટલી જંજાળ ઉથાવવી પડી, તે છતાં અફસોસ કે મારૂં મોહત તો નજદીક આવ્યું છે અને હું એ સઘળો ખજાનો અહીં મેળી જાઉ છું. તેને તેના મેહેલમાં દાટવામાં આવ્યો હતો અને એવું માનવામાં આવતું હતું કે તેનો ભુત ખજાનાના ઓરડાની આસપાસ ભમ્યા કરતો હતો.

કહે છે કે મેનચેસ્ટર શેહેરમાં એક મોટો કારખાનાવાળો બહુ પૈસાવાલો હતો. તે હમેશાં નવી સોનાની ગીનીઓ મંગાવીને તેનો ઢગ પોતાની સામે મુકતો હતો અને આખો દાહડો ખખડાવ્યા કરતો હતો, અને તેના ખખડાતના મધુર અવાજથી હમેશાં મધન રહેતો હતો. કહે છે કે જ્યારે તે મરણ પામ્યો ત્યારે તેની હાલત એક ભીખારી કરતાં પણ બદતર હતી.

ફ્રાંસના નવમા ચાર્લ્સ રાજાનું મોહત બહુજ ભયાનક હતું. તેણે 'હયુજીનૉટ' લોકોની કતલ ચલાવવાને હુકમ કર્યો હતો. મરતી વખતે તે કતલના ભયંકાર દેખાવો તેના મન આગલ હાજર થવાથી તેના છેલ્લા દિવસો તેણે ધ્રુજી ધ્રુજીને પસાર કર્યા હતા. તેનાજ બોલો જે તેણે પોતાના ડાકટરને કહ્યા હતા, તે નિચે પ્રમાણે હતા:—"આજ કેટલાક દિવસ થયા મારૂં અંગ તાવથી ગરમ થયલું હોય તેમ લાગે છે. મારૂં મન તેમજ તન બન્ને સારી હાલતમાં નથી. કેટલાક દિવસ થયા જાગૃત હાલતમાં તેમજ ઉંઘમાં

કતલ થયલાં માણસોનાં લોહીથી ખરડાયલાં બદનો, જે જોઇને મને ઘણો ત્રાસ લાગેછે, તે મારી નજર આગલ ભમ્યા કરેછે. અરે! મેં જો નિરદોષ અને નબળાંઓની કતલ કરવાનો હુકમ નહી આપ્યો હોત તો, કેવું સારૂં!" કતલ પછી બે વરસ થયાં ત્યારે ચાર્લ્સ મરણ પામ્યો પણ તે બે વરસ તેણે કતલના સ્વપ્ના જોઇ જોઇને બિહિને કાહડ્યા હતા

કેટલાંક માણસો આ દુન્યાની અંદર પોતાના ચોક્કસ શોખ (Hobby) પુરા પાડવાને તન, મન અને ધન અર્પણ કરે છે, અને તે શોખની પછવાડે પછાડા મારી જીંદગી પુરી કરે છે, અને જ્યારે મરણનો વખત આવે છે ત્યારે અફસોસ કરે છે કે પોતાનો સંગ્રહ સાથે લઇ શકતાં નથી. મોહોત તવંગર અને ગરીબને એક પંકતી ઉપર મુકે છે, એટલુંજ નહી પણ મરણ કેટલાકોને મોટી નામના આપે છે. ફરજ બજાવતાં અથવા ફરજ બજાવીને મરણ પામતું તેવા મરણની વેળા આત્મા શાંત રહે છે, પણ માન આબરૂ ગુમાવીને મરણને તેડવું તેમાં આત્મા શોકાતુર બને છે. 'સર હેરી વેન' જેને ગરદન મારવામાં આવ્યો તે પોતાની છેલ્લી ઘડીએ ખુશ થઇને બોલ્યો હતો કે "હુ ખુશી સાથે મરણ પામુ છુ કારણ કે જે સચ્ચાઇના કારણને માટે હુ લડયો છુ તેને છેલ્લી ઘડી સુધી હું વળગી રહયો છું!" એવો એક બીજો દાખલો 'સર વૉલટર રાલી' જેને પણ ગરદન મારવામાં આવ્યો હતો તેનો છે. જ્યારે જલ્લાદે તેને ઢીમરાં ઉપર માથું પુર્વ દીશા તરફ ફેરવવા કહ્યું, ત્યારે રાલીએ તેને જવાબ દીધો હતો કે "જ્યાં સુધી મારૂં હૈયું સાચી દિશામાં છે ત્યાં સુધી મારૂ માથું ગમે તે દિશા તરફ હોય તેની મને પરવા નથી."

એક વાર એક મોટો સેનાધિપતી મરણને કાંઠે બીછાને પડેલો હતો, તેને તેના દોસ્તઆસ્નાવો છેલ્લી ઘડીએ તેને ખુશી કરવા માટે તેની મોટી મોટી લડાયક જીતોની અને દુશમનોની હારની યાદ આપીને કહેવા લાગ્યા કે 'તમોએ તમારી જીંદગીમાં ભારે કીર્તી મેળવી છે.' તે વખ્તે તે લડવૈયાએ જવાબ દીધો, "તમે જે કામોને કીર્તીવાન ગણો

કે તેમાંનું એકે કામ મને બીજી દુન્યામાં કામ આવે તેવું નથી. ફક્ત જો મેં કોઇ દીવસે ખરાં અંતઃકરણની દયા દેખાડીને કોઇ હાજતમંદને એક ગ્લાસ પાણી આપ્યું હોત, તો તેવું કામ મને મારાં મરણની વેળાએ મને કાંઇ હીમ્મત આપીને બીજી જેહાનની કાંઇ આશા આપત."

'સર જોન મુર' કોરૂનાનાં લડાઇનાં મેદાનમાં જખમી થઇ પડયો તેને લશકરનો વડો શસ્ત્રવૈદ મદદ કરવા દોડતો ગયો, ત્યારે તેણે તેને કહ્યું, "મરણની વેળા તમારી મદદથી મને કાંઇ ફાયદો થાય એમ લાગતું નથી, માટે દોડો દોડો, પેલા સીપાહીઓને જઇને મદદ કરો."

લોર્ડ નેલસન જેવો જોદ્ધો મરતી વખતે ખુશ મીજાજે બોલ્યો હતો, "હું પરમેશ્વરનો પાડ માનું છું કે મેં હમેશા મારી ફરજ બજાવી છે."

'સર વોલટર સ્કોટે' પોતાના મોહતના બીછાના ઉપર પોતાના જમાઇને શીખામણ દીધી કે "મારા વાહલા, ભલો થજે. સદગુણી રહેશે, અને ધર્મી બનશે તો તું ભલો થશે. જ્યારે મારી માફક આ પ્રમાણે મોહતને બીછાને તું પડશે ત્યારે તને ભલાઇની યાદ સિવાય બીજી કોઇબી વાતથી સંતોષ મળશે નહી."

'કેન્ટ' નામનો જાણીતો નર એંસી વર્ષની વયે મરણ પામ્યો હતો. તેની છેલ્લી માંદગીની વેળા તે પોતાની જીંદગીના અંત વીશે ઘણું કહી ગયો છે. તે બોલ્યો હતો કે, "મને મોહતની બીહક નથી. આજે મારૂં મોહત આવે તો તેને ખુશીથી શરણ થવા તૈયાર છું, કારણ કે ખુદાની મેહરબાનીથી મેં મારા ભાઇબંધોને કશા પ્રકારની હેરાનગતી પોંહોચાડી નથી. જો મેં કોઇને દુઃખ દીધું હોત તો આજે મરતી વખતે મારી હાલત તદન જુદીજ હોત."

ઉપલોજ માહાન પુરૂષ એક વાર બોલ્યો હતો કે "જો તમે એક માણસની ઉંઘ અને આશા છીનવી લઓ, તો તે આ ધરતી ઉપર સર્વેથી મોટી કંગાળીઅતમાં આવશે. આપણા નબળા ખવાસથી આ દુન્યામાં

જીંદગીનો બોજો આપણુને મોટો કુંટાળા સમાન દીસે છે, પણ આપણુને આશા છે કે બીજી દુન્યામાં આપણુને સુખ મળશે, તેથીજ આપણે આનંદથી એ બોજો ઉપાડયે છીએ."

જન્મ લેવાનો એકજ રસ્તો છે, પણ મરણુના હજાર રસ્તા છે. પરમેશ્વર આપણુને જન્મ આપેછે અને તેની સાથે જીંદગીની ચાવી આપણા સ્વાધીનમાં આપે છે. તેથીજ આપણે મહેનત કરયે છીએ, આપણા ભાઇબંધોને ચાહીએ છીએ, અને તેમની તરફ આપણી ફરજ બજાવ્યે છીએ.

'જેરીમી ટેલર' નામનો નામીચો ગ્રંથકર્તા લખે છે કેઃ—આપણી ફરજ બજાવ્યે તે ઉપરથી આપણો ધર્મ સિદ્ધ થાય છે. ખુદરતના જ્ઞાનમાં નહી, પણ ખુદરતી નિયમ પ્રમાણે ગુજારેલી જીંદગીમાં ધર્મ સમાયલો છે. આ દુન્યામાં પેહલાં આપણે દયા અને માયાથી વર્તયે ત્યારેજ આપણી આંખો ઉઘડે છે, અને ત્યારેજ આપણું દિલ ખુલે છે, અને ત્યારેજ આપણને ખુદરત વિષે સમજણુ આવે છે અને અનુભવ મળે છે.

જો ભવિષ્ય સુધારવું હોય, તો દિન પ્રતિ દિન હિમ્મતથી અને ખુશીથી આપણે ઉદ્યોગથી આગલ વધવું જોઇએ. મીનોઇ જીંદગીમાં કોઇનીબી આંખોમાં આંસુ હોતાં નથી તેવી મરણુ પછીની ઉંચી પંકતીની જીંદગીની આશામાં રહીને આપણે આ દુન્યાની મુસીબતો અને જંજાળો ખુશીથી વેઠવી જોઇએ. આ દુન્યામાં પોતાના ભાઇબંધો તરફ કીધેલી ભલાઇનો ખજાનો તેજ હવે પછીની જીંદગીમાં સાથે આવશે. મરણુની વેળા લોકો પૂછે છે "એની પુંજી કેટલી છે?" પણ પેલી જેહાનમાં ફરેસ્તાઓ તેને પૂછે છે કે "નિચલી દુન્યામાંથી તુ કેટલી ભલાઇ સાથે લાવ્યો છે?"

આ ધરતી ઉપર દરેક ચીજનો અંત છે. ચોપડીમાં છેલ્લું પ્રકરણુ તેમજ છેલ્લી લીટી હોય છે. છેલ્લો બોલ, છેલ્લું ભાષણુ, છેલ્લું કામ એ પ્રમાણે દરેક ચીજનો અને દરેક બાબદનો છેડો હોય છે, તેજ પ્રમાણે માણુસની જીંદગીમાં પણુ છેલ્લી ઘડી આવે છે, અને તે મોહત છે.

"ઓ વખત! તું બી કેવો છે કે અમે તને અમારી જુવાની, અમારી ખુશાલીઓ અને અમારી પાસે જે જે હોય તે સઘળું તને સોંપ્યે છીએ, પણ તું અમને બુઢાપા સિવાય બીજું કાંઇ આપતો નથી, અને છેવટે અમને મટીમાં મેળવે છે, કે જયાં અંધારી અને એકાંત ઘોરમાં અમે સુઇએ છીએ!"

ભાગ ૧ લો સમાપ્ત.

PART II.

An Original Essay

on

Duty

by R. H. MISTRI.

ભાગ ૨.

ફરજ

વિષે અસલ નિબંધ

લખનાર—રૂસ્તમજી હોરમસજી મીસ્ત્રી.

ફરજ.

(લખનાર—રૂસ્તમજી હોરમસજી મીસ્ત્રી.)

જે વગર ચાલે નહી તે માટે ફારસીમાં 'ફર્ઝ' શબ્દ વપરાય છે, તે ઉપરથી ગુજરાતીમાં આપણે 'ફરજ' બોલ વાપરયે છીએ. જ્યાં પારસીઓ ફરજ બોલ વાપરે છે, ત્યાં બાઝે વખ્ત હિંદુઓ ધર્મ શબ્દ વાપરે છે. પારસીઓ બોલે છે કે 'આ મારી ફરજ છે,' ત્યાં હિંદુઓ બોલે છે કે 'આ મારો ધર્મ છે.' ઈંગ્રેજીના force શબ્દને એ મળતો આવે છે. ફરજ બજાવવા કોઇ તમારી ઉપર જોરજુલમ વાપરતું નથી, પરંતુ જે ધણી પોતાની તલરેવાર ફરજોમાં પછાત પડે, તેની ઉપર કુદરત રૂઠે છે, તે હેરાન થાય છે, અને તે નુકસાન ખમે છે, એટલે જો ખરૂં કહીએ તો માનવીને ફરજને રસ્તે ચલાવવાને કુદરત ગોયા force યાને જોર વાપરે છે. માનવીને માથે જે જુદી જુદી ફરજો લટકે છે તે આપણે છુટી છુટી તપાસીએ.

ખુદા તરફની ફરજ.

જે માણસે આ દુન્યામાં અવતરીને પોતાની જીંદગી દરમ્યાન પોતાની ફરજો બજાવી, તે માણસને હું ધર્મી કહું તો કશું ખોટું નથી, પરંતુ જે માણસ રાતદિન ચોક્કસ પ્રાથનાઓ બડબડી જાય, અને પોતાની બીજી ફરજોમાં પછાત રહે તે માણસને હું કદી ધર્મી લેખું નહી. એવા બગલા ભક્ત અધર્મીને હું પેલી કહેવત લાગુ પાડું કે 'ભણે ગણે ને દયાનત બુરી, ને પેટમાં રાખે ચાલતી છુરી.'

કેટલાંકો કહે છે કે અમે અમારી સંસારની ફરજો ઘણી ઇમાનદારીથી અને એકીનથી બજાવ્યે છીએ, અને તેમ કરીને અમે પરમેશ્વરને રાજી કર્યે

છીએ, અને અમે તેનેજ બંદગી સમજ્યે છીએ, માટે અમને જેમ બીજાઓ ચોપડીમાંથી વગર સમજવે બંદગી બબડી જાય છે તેમ બંદગીનું ખોટું ડોળ ઘાલવાની અમને જરૂર નથી. આ જવાબને આપણે ફક્ત ઇશ્વરની બંદગી ન કરવાનુ બાહાનું સમજીશું. લાંબી બંદગીની જરૂર નથી. લાંબી લાંબી બંદગી કરવા અને મોટા મોટા પોથા ઉકલાવવા કોઇ તેમને કહેતું નથી, પણ સહવારે ઉઠતી વેળા અને રાત્રે બિછાને જતી વેળા ઉપકારની લાગણી સાથ તે પરમકૃપાળુ ઇશ્વરની થોડા પણ ઘટતા શબ્દોમાં વખાણુ ગાઇને તેના પાડ માનવાની, અને ફક્ત પાંચ મિનિટ તે પરવરદેગારને અર્પણ કરવા ફાજલ પાડવાની દરેક માણસની ફરજ છે. વળી દરેક શુભ કામ આરંભતાં તે પરમેશ્વરની મદદ ઇચ્છવી તે પણ એક જાતની ટુંકી બંદગી સમાન છે. દુન્યાની બીજી ફરજો બજાવીશું, તો તે પાલણહાર રાજી થશે એમ ધારીને, ખુદ ખુદા તરફની આપણી ફરજ, જે બીજી બધી ફરજોમાં સર્વોપરી છે, તે પવિત્ર ફરજનેજ વીસારી મેલ્યે, તો આપણી બીજી ફરજોની અગત્યતા મોટે દરજ્જે ઘટી જાય છે. જે દયાળુ ઇશ્વરે આપણને સર્વને પેદા કીધાં છે, જે આ આખી સૃષ્ટિનો રખેવાલ છે, જેના હુકમથી આપણે જન્મ લીધો, અને જેની ઇચ્છાથી આપણે મરણ પછી તેને પાછાં જઇ મળીશું, તેને ભુલી ન જવા, અને તેને ભુલી જવાના બાહાનાં ન કહાડવાં, પણ તેને દિવસમાં, વારંવાર નહી તો એક બે વખત પણ યાદ કરવો એ દરેક માનવીની પહેલી પવિત્ર ફરજ છે.

આતશબેરામ ઘણું સુખડ સાથે લઇ જઇને, હાથી માફક ડોળતા જઇને, ધર્મપોથીના જાડાં પુસ્તકમાંથી એક છેડેથી બીજા છેડા સુધી મોટે સાદે રાગડા કાહડીને ભણી જવું, અને ભણતાં ભણતાં આસપાસની ખુબસુરત નારીઓને જોઇને તેમની તરફ દિલ અને મન ખેંચાવા દેવું, અથવા મંદીરમાં જઇને દેવીને ફુલ શાકર ચઢાવવું, કે હનુમાનજીના મંદીરમાં જઇને તેલ ચઢાવવું ને ઘંટ વગાડીને હનુમાનજીને જગાડવા, કે દેવલમાં જઇને પોતાની માશુકનો મનહર ચેહરો જોઇને તેણીની તરફ મન લીન કરવું અને પાદરીની

વાયજ આ કાને સાંભળીને બીજા કાને કહાડી નાખવી, અથવા તો કાજીએ પાક કુરાનમાંથી નેક નસીઅત કહી સંભળાવા મેહનત ઉઠાવીને મીજલસ ભરે તેમાં જઇને કાફીનાં પ્યાલાં અને હુક્કા પીને વખત કહાડવો, એમાંની કોઇ પણ બાબદથી ખુદાની ઉપર ચિત્ત લાગતું નથી. આટલું તો કહીશું કે જે લોકો પાસે વખ્ત ફાજલ હોય, તેઓ આવાં ધાર્મીક સ્થલ ઉપર પોતાની હાજરી આપે, તો પુરેપુરો રૂપ્યો નહી તોપણ રૂપ્યે આનો પણ ફાયદોજ થવાનો સંભવ છે, માટે એવાં એબાદતખાનામાં અથવા ધાર્મીક મિજલસમાં જવાની વિરૂધ્ધ કાંઇ પણ લખવું, અથવા તો ત્યાં આપેલી હાજરી જેને તદન નકામી તો કહીશું નહી તેને તદન વખોડી કહાડવામાં દુરઅંદેશી સમાયલી નથી એમ એક હાથ પર કબુલ કરીશુ, તે છતાં એ પ્રમાણે ખુદાને યાદ કર્યાથી પારસી, હિંદુ, ખ્રિસ્તી કે મુસલમાન એમ તો દાવો નહીજ કરી શકશે અને એમ તો છાતી ઠોકીને નહિજ કહેશે કે મે એમ કરીને ખરાં દિલથી અને એક મનથી અને એક ચિત્તથી તે સાહેબને યાદ કીધો.

જે પહેલી અગત્યની ફરજ ઉપર ભાર મુકવા માગ્યે છીએ, તે આવાં ધાર્મીક સ્થળે જઇને અથવા ધાર્મીક મેલાવડામાં હાજર થઇને ખુદાની બંદગી કરવા વિષે નથી. કેટલાક પારસીઓ હાલ ભેગી બંદગી કરવા નિકળે છે, ત્યા પણ ખુદા ઉપર એક ચિત્તની બંદગી થતી નથી, એ તો જેઓ એવી હમબંદગીમાં સામેલ થઇ ચુક્યાં છે, તેઓ પણ જોઇ ચુક્યા છે. જ્યાં સેંકડો માણસો સાથે મળીને ભણે ત્યાં ધ્યાન એક ચિત્તે ખુદા ઉપર લાગે એ માનવુંજ કાંઇ અકકલથી ઉલટું લાગે છે, તે છતાં અમે એમ કહેતાં નથી કે એમાં પાપ છે. કાંઇક ભાર મુકીને પેહલી ફરજ બજાવવા વિષે જે અમે કહેવા માગ્યે છીએ તે **ખુદાની એક ચિત્તની બંદગી વિષે છે.** આવી એક ચિત્તની બંદગીથીજ અંતઃકરણ તેમજ આત્મા શુદ્ધ થાય છે. એક ચિત્તથી બંદગી કરવાથી મન એકજ મધ્યબીંદ ઉપર યાને ખુદા ઉપર લાગીને, મન માહેલા બદ વિચારો ગળાઇને સાફ થાય છે. એક ચિત્તની બંદગીથી તે કિરતારનો ભલો અંશ આપણામાં ઉતરે છે,

અને તેમ થવાથીજ એક ચિત્તની બંદગી કરનારને આ દુન્યાના લોભ-લાલચ સામે થવાને ઇશ્વરી શકિત મદદ કરે છે. જે ધણી આવી રીતે પોતાની પહેલી ફરજ અંતઃકરણથી બજાવે છે તે આ દુન્યાને લગતી બીજી ફરજો ખુશીથી બજાવે છે. આવી એક ચિત્તની બંદગી ફક્ત એકાંતમાંજ થઈ શકે છે. આજુબાજુના દેખાવો આંખને અથવા કાનને બીજી બાજુ રોકી રાખે તેવી જગામાં એક ચિત્તની બંદગી થઈ શકતી નથી. તે કૃપાળુ કિરતાર ઉપર મન ચોંટાડવા માટે અને તેનાં ધ્યાનમાં લીન થવા માટે આ સૃષ્ટિ ઉપરની કોઈ પણ સ્થુળ શરિરવાળી ચીજ ઉપર નજર રોકવી જોઇતી નથી, અને આંખ ઉઘાડી અને કાન ખુલ્લા રાખવા છતાં આપણી આજુબાજુની કોઈ પણ ક્ષણભંગુર ચીજ જોવી કે કોઈ પણ જાતનો બંદગીમાં હરકત કરનારો અવાજ કાનમાં જવા દેવો જોઇતો નથી. ત્યારેજ અને ફક્ત ત્યારેજ તે પરમકૃપાળુ પરવરદેગારની ઉપર લક્ષ ચોંટે છે, અને ત્યારે અને ત્યારેજ એક ચિત્તની બંદગી થાય છે. કોઈ કહેશે કે ઉપર પ્રમાણે કરવું એ તો એક જાતની સમાધી થઈ, અથવા કોઈ કહેશે કે એવી એક ચિત્તની બંદગી કરવી હોય તો વૈરાગ્ય લઇને વનવાસ કરયે ત્યારેજ એમ બને. ના, આપણ સાધારણ માણસને નથી સમાધીની જરૂર, કે નથી વનવાસની જરૂર. જરથોસ્તી ધર્મ કહો, કે આજની ફિલસુફી કહો, કોઇ પણ તમને વનવાસ કરવાને અને આ જહાન ત્યાગ કરીને સાધુ થવાને કહેતું નથી. જે એમ કરવા કહે તેઓ મોટી ભુલ કરે છે, તેઓ પરમેશ્વરના હુકમનો અનાદર કરે છે, તેઓ પરમેશ્વરને નારાજ કરે છે, અને જેઓ વનવાસ કરીને સાધુ થાય તેને મારા વિચાર પ્રમાણે પરમેશ્વર જડતો નથી અને પરમેશ્વર મળતો નથી. જેઓ વનવાસ પસંદ કરે છે તેઓ આ દુન્યાની તપાસમાં હારેલા હોય છે. તેઓમાં આ દુન્યાની હાડમારી સાબુરીથી ખમવાની તાકાત નથી. એક હારેલા માણસની માફક તેઓ નાહસભાગ કરીને વનવાસ શોધે છે. અગરજો પરમેશ્વરની ઇચ્છા હોય કે આ દુન્યાની ચીજો ઉપરથી ધ્યાન છોડી દઇને વનમાં જઇને મારૂં નામ જપો તો

પરમેશ્વરે આ બધું આપણે માટે બનાવ્યું શા માટે? ટુંકમાંજ કહીશું કે પરમેશ્વરનો હુકમ છે કે તમને હું નિચલી દુન્યામાં જન્મ આપુછું ત્યાં ખાઈ પી, અદરાઇ પરણીને, છોકરાં બચ્ચાંવાળા થઇને, તમારાં બાયડી છોકરાં તરફ સદગુણથી વર્તીને, તમારાં સગાવાહલાં અને મિત્રોને મદદ કરીને, અને બને તેટલા ઉપયોગી થઇને અને સર્વ સાથે હસીખુશાથી અને સલ્લાહસંપજથી રહીને, અને જે તમારી ઉપર દુઃખ પડે તે ધિરજથી ખમીને વૃદ્ધ વય થાય ત્યારે ભલાઇનો ભંડાર સાથે લઇને મારી આગલ પાછા આવો, અને જરથોસ્ત પેગમબરનું શિક્ષણ પણ બરાબર એજ મતલબનું છે.

કેટલાંક કહે છે કે કોઇબી રીતે ખુદાને રાજી કરવો એ માનવીની ફરજ છે. એ વાત આપણે કબલ રાખીએ છીએ, પણ તેઓ જો એમ કહે કે ફકત આ દુન્યાની મતલબી ફરજને બજાવી એટલે ખુદા રાજી થશે, તો અમે કહીએ છીએ કે આ દુન્યાની ફરજને બજાવી એટલે ખુદાની બંદગી કીધી એમ અમે માનતા નથી. એક ચિત્તથી ખુદાની બંદગી કરવાની પણ સાથે સાથે જરૂર છે. ફકત આ દુન્યાની બીજી ફરજ બજાવનાર પણ ખુદાને યાદ ન કરનાર એવા શખ્શો ફકત ચોક્કસ સ્વાર્થથીજ દોરવાઇને તે ફરજો બજાવે છે. તેઓ ફરજો બજાવે છે તે ખુદાને રાજી કરવા માટે બજાવતા નથી. જ્યારે ખુદાની હસ્તી સ્વીકારીને તેની પેદાયશની સ્તુતી કરયે, અને જ્યારે ખુદ ખોદાને ખાતર અને નહી કે કીર્તિને ખાતર, નહી કે માનને ખાતર, નહી કે દ્રવ્ય અને આશાને ખાતર આપણે આપણી ફરજ બજાવયે, ત્યારેજ આપણે ખુદાને રાજી કરી શકયે. ટુંકમા, તે પરમેશ્વરની બંદગી કરીને તેના વખાણ ગાયા પછીજ તેનો ચાહ મેળવવાને ખાતર, તેને રાજી રાખવાને ખાતર, તેણે જે હુકમો આપ્યા છે તેને માન આપીને તે હુકમો પ્રમાણે ચાલવાને ખાતર જે જે બીજી ફરજો આપણે બજાવ્યે, તેથી તે કિરતાર રાજી થાય છે.

યાદ રાખવું કે આતશબેરામ સુખડ ચહાવવા, કે દરિયા સાગરને નાળિયર, ફુલ, સાકર, અર્પણ કરવા, કે મંદીરમાં ને દેહરાંમાં ફુલ તેલ

ચઢાવવા, ઇશ્વરે આપણને હુકમ આપ્યો નથી. એ ઇશ્વરનો હુકમ છે એમ ન સમજવું. એ ફક્ત ધર્મગુરૂઓનો હુકમ છે એમ સમજવું. અસલના વખતમાં ખુદા ઉપર આકીન લાવવાને માટે લોકોના ધ્યાનમાં કાંઇ પણ વાત ઉતારવી એ ઘણું મુશ્કેલ કામ હતું, તેવા સમયમાં ખુદા ઉપર આકીન લાવવાની શુભ નેમથી કહો, કે સ્વાર્થી નેમથી કહો, ધર્મગુરૂઓએ કેટલાક ફતવાઓ ઉભા કર્યા હતા તેમાંના આ થોડા ફતવા છે. આ ફતવા હાણી કરતા નથી. ઉલટા, ખુદા ઉપર આકીન વધારવામાં એ ફતવા મદદ કરે છે. તેથી તેને આપણે હસી કહાડવા જેવી મૂર્ખાઇ કરીશું નહીં. વળી એથી કેટલાક વેપારીઓની બે પૈસાની કમાઈ થાય છે, એટલે સુખડ ખરીદનાર, કે નાળિયર, તેલ વગેરે ખરીદનાર આડકતરી રીતે પોતાના બાઇબિંધોને મદદકર્તા થઇ પડે છે.

ઉપર કહ્યું તે પ્રમાણે એક ચિત્તની બંદગીથી ખુદા તરફની પહેલી અગત્યતાની ફરજ બજાવવા પછીજ બીજી ફરજો બજાવવાની છે. તે સઘળી ફરજો તે જગદિશ્વરના સૃષ્ટિના કાયદામાં સમાઇ જાય છે અને તેના હુકમનો કાયદો આપણે ટુંકમાં નિચલા ફકરામાં સમાવીશું:—

એ માનવી, તને હું પૃથ્વી ઉપર પેદા કરૂં છું ત્યાં જઇને મારી પેદાયશની વૃદ્ધિનાં કામમાં હિમ્મત, સબુરી અને સહનશીળતા વાપરીને તારી મદદનો હીસ્સો આપ, અને નેક ઉદ્યોગથી તારો અને તારાં કુટુંબનો નિર્વાહ કરીને તારા આત્માને ઉંચી પંકતીએ ચઢાવ, ને તારાથી બને તેટલો સામાન્ય માનવી વર્ગને ઉપયોગી થા, ને હું બોલાવું ત્યારે મને પાછો આવી ભેટ.

ઉપલા નાના ફકરામાંનો દરેક બોલ ધ્યાનથી તપાસીશું તો તેમાં માનવીની આ દુન્યાની સઘળી ફરજો સમાઈ જાય છે, અને તે આપણે હવે છૂટી છૂટી તપાસીશું. પેહલી અગત્યતાની ફરજ

માબાપની ફરજ

છે, અને તેની આપણે ટુંકમાં તપાસ લઇશું.

બાળક અવતરે છે તે તદન અશક્ત અને માબાપ ઉપર આધાર રાખતું આવે છે. તેને સારી રીતે ઉછેરવા માટે માબાપ જોખમદાર અને જવાબદાર છે.

બચ્ચાંનું પોષણ માતાનાં દુધથી શરૂ થાય છે, અને તેથી જે માતા પોતાનાં બાળકને ધવાડવાને આનાકાની કરે અથવા બાહના કહાડે તે માતા તરીકેની ફરજમાં પછાત પડેલી કહેવાય. માતાને પુરતું દુધ ન હોય, કે માતાનું દુધ ન ધવાડવું એવી તબીબી સલ્લાહ મળી હોય, ત્યારેજ બીજા સાધન વડે બાળકને પોષવું, તે સિવાય ફક્ત હેકારીને લીધે, ફક્ત ફેશીનને લીધે, ફક્ત પોતાની બાહેર ફરવા હરવાની સગવડને ખાતર જે માતા પોતાનું દુધ બાળકને ન ધવાડે તે માતા પરમેશ્વરની નજરમાં ગુનેહગાર છે, કારણ કે તે માતા ઉપર કહેલા સૃષ્ટિના કાયદા પ્રમાણે ખુદાની ખલકતમા વૃદ્ધિ કરવાને બદલે, ખુદાની પેદાયશને મદદ ન કરતાં તેની પેદાયશને આડકતરી રીતે મારી નાખવાની કોશેશ કરે છે, કારણ કે આ તો સિદ્ધ થયલી બીના છે કે જેટલાં બચ્ચાંઓને માતાનું દુધ મળતું નથી, તેમાંનો મોટો ભાગ હેરાન થઇ રીબીને મરણ પામે છે, અને બાકીનાં જેઓ બચવા પામે છે તેઓ દુર્બળ અને નાતવાન ઉછરે છે.

બાળક ચોક્કસ ઉમરે પુગે કે તેની કેળવણી શરૂ થવી જોઇએ, અને તે નિશાળમાં જાય તે અગાઉ માબાપોએ નિતીની કેળવણી શરૂ કરવી જોઇએ, કેટલાંકોના મત પ્રમાણે તે ચાર વર્ષથી શરૂ થવી જોઇએ, અને બીજા કેટલાક ફિલસુફોનાં મત પ્રમાણે બચ્ચું દોઢ વરસનું થાય ત્યારથી ઘરની કેળવણીના સારા સારા શબ્દો તેના કાનમાં નાખવાનું કામ શરૂ કરવું જોઇએ. સ્કુલની કેળવણી કરતાં ઘરની કેળવણી દસ ગણી બલકે સો ગણી અગત્યતા ધરાવે છે. એક અનિતીમાન છોકરો કૉલેજનો અભ્યાસ પુરો કરીને પદવીઓ મેળવે, પણ સભ્યતા, લાયકી, તાબેદારી, સહનશીલતા, વગેરે સદગુણો જે માબાપોએ તેને ઘરમાં શીખવવા જોઇએ, તે જો તેને ન શીખવ્યા હોય, તો તે આ દુન્યામાં નકામો છે, તેમજ પેલી

જેહાન માટે નાલાયક છે. કૉલેજનું શિક્ષણ આત્માને ઉચી પક્તી ઉપર મુકતુ નથી, પણ સદગુણી જીંદગીજ આત્માને શુદ્ધ કરે છે, અને આપણે ઉપર કહયું તેમ માનવીને આખરે શુદ્ધ આત્મા લઇને ઇશ્વિરને પાછું જઇ મળવું છે, માટે સદગુણો સાથે આવશે, સ્કુલ અને કૉલેજની કેળવણી, પરિક્ષા અને કૉલેજની પદવીઓ સાથે આવશે નહી.

જ્યાં સુધી છોકરૂં પોતાનું ફોડી લેવાને સામર્થવાન થાય, ત્યાં સુધી માબાપે તેની સંભાળ લઇને, તે સદગુણી માર્ગે જાય છે કે નહી, તેની તકેદારી અને સંભાળ રાખવી ઘટે છે. આવી રીતે ઉછરેલું છોકરૂં બેશક પોતાની ઉમરમાં આવશે ત્યારે પોતાની સંભાળ સદમાર્ગેજ લેશે, અને જાતી મેહનતથી આગલ વધીને પોતાનું ગુજરાન કરશે, ને પોતાની ફરજ બજાવશે.

માબાપ પોતાનાં છોકરાંને તનદરોસ્ત હાલતમાં ઉછારવાની કોશેશ કરે, અને તેમને સદગુણી બનાવવાનો યત્ન કરીને પોતાનું ગુજરાન કરવાને શક્તીવાન બનાવે, એ સઘળું કરવા માટે અલબતાં માબાપને પોતાને પ્રમાણિકપણે ચાકરી ધંધો કરવો પડે છે, અને તે તેઓ ખુશી સાથે પોતાનાં બચ્ચાંનાં ભલાંને ખાતર અને પોતાના પરવરદેગારને રાજી રાખવા ખાતર કરે છે. આમ કરીનેજ તેઓ માબાપ તરીકેની ફરજ અદા કરે છે, અને જો તેમ નહી કરે તો તેઓ ખુદાના ગુનેહગાર ઠરે છે.

છોકરાંઓએ માબાપની તાબેદારી કરવી જોઇએ, એ તેમની ફરજ છે, એ વાત તદન ખરી છે, પણ એ ફરજ તેમને શીખાડવાની અને તેમનાં મન ઉપર તાબેદારીની ફરજ ઠસાવવાની ફરજ માબાપને માથે લટકે છે, અને તેટલા માટે છોકરાંઓની એ ફરજ માબાપને માથે લટકેલી ફરજોમાં સમાઈ જાય છે. બાળકોને પોતાની ફરજ વિષે કશો ખ્યાલ હોતો નથી. નાનાં છોકરાંઓ ખરાં ખોટાં વચ્ચેનો ફરક સમજતાં નથી, માટે તે ખ્યાલ તેમનાં મનમાં ઠસાવવાનો અને ખરાં ખોટાં વચ્ચેનો ફરક દેખાડીને છોકરાંઓને નિતીના શિક્ષણ વડે દુન્યાનો અનુભવ આપવાની ફરજ માબાપને સરે ચોંટેલી છે. કુમળી ડાંખલીને જેમ વળાવ્યે તેમ વળે,

તેમ નાનાં બચ્ચાંઓને જે માબાપ શીખવે તે તેઓ શીખે છે અને તેમનાં કુમળાં મગજ ઉપર માબાપ જેવો છાપ બેસાડે તેવો છાપ જીંદગી-ભર રહે છે. વળી નાનપણમાં તાબેદારી શીખેલાં છોકરાંઓ પાછળથી વફાદાર શેહરી તરીકે કાયદાને તાબે થાય છે, તેમજ તેઓ પોતાનાથી જેઓ પાંચ વરસ મોટાં હોય તેમને નમતાં અને માન આપતાં શીખે છે.

માબાપ પોતાનાં છોકરાંઓને ખોટું કામ કરતાં ધમકાવે અને મારે, આ તેઓ કરે, એટલે નિતીની કેળવણી આપી એમ માની લઇને માબાપે સંતોષ પકડવો નહી. ધમકી અને મારથી તેમની ઉપર ઝાઝી અસર થશે નહી. ધમકી અને માર કરતાં હેત અને વાહલથી આપેલી રૂડી શીખામણ વધારે કારગત લાગશે. વળી, છોકરાઓનાં મન ઉપર રૂડા અને ભલા દાખલા દમાવ્યાથી જે ફાયદાકારક અસર થાય છે, તેવી જાતુકની અસર માર માર્યાથી કે ધમકી આપ્યાથી થતી નથી. છોકરાંઓ બીજાં છોકરાંઓની સંગતમાં જે શીખે છે તેથી ઘણું નુકસાન થાય છે, માટે માબાપોએ તેમને બની શકતી તાકીદથી અને બની શકતી જોગવાઇથી તેઓ બદ સંગતમાં નહી પડે તેની કાળજીભરેલી સંભાળ લેવી ઘટે છે. તમારાં છોકરાંઓ નિશાળમાં કોઈ બુરાં છોકરાંઓની સંગતમાં બગડે નહી, તેમજ મોહલ્લાના લફંગાં અને રખડતાં છોકરાંઓની ગાળાગાળીની અને આડી ચાલની નકલ કરે નહી, તેની ચાંપતી તપાસ અને જુસ્તેજો રાખવાની ગંભીર ફરજ માબાપો તમારે માથે છે; વળી માબાપોએ ઇમાનદારીથી, પ્રમાણીકપણાંથી, સભ્યતાથી, અને લાયકીથી પોતાના બાઇભાંડુઓ અને સગાંવાહલાંઓ સાથે વર્તિને પોતાનાં છોકરાઓને નસીઅત કરવી જોઇએ કે તમે પણ એવીજ રીતે વર્તજો. જે માબાપનાં મોંહાંમાં ગાળાગલીચી ભાપા હોય, તેઓ પોતાનાં છોકરાંઓને બીજાંઓને ગાળ ન દેવાની શિખામણ આપે તો કહો, તે છોકરાંઓ માનશે? માબાપ બીજાંઓ સાથે તોછડાઇથી વર્તશે ને છોકરાંઓને સભ્યતા વાપરવા કહેશે તો કહો, છોકરાંઓ સભ્યતા વાપરશે? નહી, બિલકુલ નહી. તેઓ કહેશે કે અમારાં

માબાપ જેમ કરે છે તેમ અમે પણ કરીશું. પોતાનાં છોકરાંઓને સારી તાલીમ અને સારી તરબીયત આપવાને કાજે, પોતાને કાજે નહી તો પોતાનાં છોકરાંનાં ભલાંને કાજે, માબાપોએ પોતાની ઘરની તથા બાહેરની ચાલચલણમાં દરેક સદગુણ મિશ્ર કરવો જોઇએ, જેથી તેમનાં છોકરાંઓ તેની આબેહુબ નકલ કરે, કારણ કે બાળક જ્ઞાન વગર અવતરે છે, અને અવતરે છે તે પળથી બીજાંઓની મદદ ઉપર આધાર રાખીને નકલ કરતાં શીખે છે અને તેમાં મુખ્ય કરીને ઘરનાં માણસોની નકલ કરતાં શીખે છે, અને દર રોજ તે આજુબાજુનાંઓને વારંવાર જોઇનેજ કાંઇ અને કાંઇ નવું શીખે છે. બાળક તો શું, પણ મોટાં માણસો પણ આ દુન્યામાં જોઇને અને સાંભળીનેજ શીખે છે, એટલે માનવી માત્ર નકલ કરનારૂં પ્રાણી છે એમ કહયે તો તે જરા પણ ખોટું નથી. એક બાળક મુખ્ય કરીને પોતાની માવતરની નકલ અવ્વલથી કરે છે, અને તેથી અવસ્ય છે કે દરેક માતાએ પોતાનાં બચ્ચાંની હાજરીમાં એવું કશું બોલવું ચાલવું ન જોઇએ કે જેની નકલ કરીને બાળક બગડે.

પોતાનાં છોકરાંને નિતીની કેળવણી આપવા ઉપરાંત, તેઓ પોતાનું ગુજરાન સ્વતંત્ર રીતે કરી શકે તેવી રીતે તેમને તૈયાર કરવાની માબાપની ફરજ છે. તે માટે આપણા હિંદીઓ એક બાબદ ઉપર ઝાઝું લક્ષ આપતા નથી, જે ધ્યાન યુરોપિયન લોકો આપે છે. કેટલીક વાર માબાપ તેમને જે ધંધો આપવા માગે છે તે ધંધા માટે છોકરો બિલકુલ લાયક હોતો નથી. એક છોકરાની ખુદરતી વળાણ વેપાર તરફ હોય તો તે કુશળ ડાકટર થઇ શકશે નહી. તે જો વકીલને લાયકની કુનેહ ધરાવતો હશે તો તે ઇજનેરી વિદ્યામાં નિષ્ફળ નિવડશે. બાપે દીકરાની ખુદરતી વળાણ તપાસવી જોઇએ, અને જે લાઇન તરફ તે નાનપણમાં ઢળતો માલુમ પડે તે લાઇનમાં તેને મોટપણે નાખવાની માબાપની ફરજ છે. એક છોકરો નાનપણથી પિકચરો પાડવામાં, કે ગાયણ વિદ્યામાં પ્રવીણ હોય, અને તેને જો તે વિદ્યામાં ઉંચી કેળવણી આપી હોય તો તે જગતમાં પોતાનું નામ જરૂર આશકારા કરે છે.

એક છોકરો કૉલેજની પરિક્ષા પસાર કરે તેથી તે ભવિષ્યમાં જે લાઇનમાં પડશે તેમાં ફાવશે એમ ઉતાવળે કહી શકાય નહી. વળી બીજા હાથપર ઘણા છોકરાઓ જેઓ પોતાના વર્ગમાં ઠોઠ નિશાળીયા તરીકે જાણીતા થયલા હોય તેઓ સઘળા ભવિષ્યમાં પોતાની કારકીર્દીમાં નિષ્ફળ નિવડશે એમ પણ ઉતાવળે મત બાંધવો નહી. અનુભવથી પુરવાર થયલુ છે કે ઠોઠ નિશાળીઆઓ ભવિષ્યની કારકીર્દીમાં, મુખ્ય કરીને વેપારી વર્ગમાં ઉગી નિકળેછે. આ વાત ધ્યાનમાં ન રાખતાં કેટલાક દેશી લોકો પોતાના છોકરાંને પોતાની પસદગીની લાઇનમાં નાખવાની હુજત લે છે, અને પોતાની હુજત પાળીને પોતાના છોકરાનું ભવિષ્ય બિગાડે છે, તેઓ પોતાની ફરજમાં પછાત પડે છે, અને પોતાના છોકરાનું નખોદ વાળે છે.

આ રીતે પોતાનાં સદગુણી માબાપોના હાથ હેઠલ એક છોકરો ઉંમરે પુગીને પોતાનું ગુજરાન કરવાને સામર્થવાન થઇને આ દુન્યાના સાગરનો અનુભવ લેવા બાહેર પડે ત્યારે તેને જે નેમ પોતાની નજર સામે રાખવાની જરૂર છે તે એ છે કે તે કિરતારનો હુકમ તેની પેદાયશની વૃદ્ધિ કરવાનો છે, અને જેમ તેના માબાપો પવિત્ર લગ્નના ગાંઠથી જોડાઇને પરમેશ્વરના હુકમને શરણ થયાં હતાં તેમ તેણે પણ તેજ નેમથી પહેલા

એક ઉદ્યોગી શેહરી તરીકેનો ફરજો

બજાવીને કોઇ સદગુણી સ્ત્રી સાથે લગ્નના ગાંઠથી જોડાઇને આ દુન્યાંની વૃદ્ધીમાં પોતાનો નાનો હિસ્સો આપવાની નેમ બર લાવવી જોઇએ. આ નેમ બર લાવવા માટે સદગુણી, ઉદ્યોગી અને પ્રમાણિક ચાલચલણ અખત્યાર કરવી જોઇએ, અને પોતાની કેળવણીના બળથી અને રૂડી ચાલના પ્રતાપથી પોતાને તેમજ પોતાના દેશને ફાયદો થાય તે પ્રમાણે વર્તવું જોઇએ. જો પાસે માબાપનો પૈસો હોય તો વેપાર કરવો, અથવા બાપીકો વેપાર ચાલતો હોય તો તેમાં પડીને

એક વેપારી તરીકેની ફરજ

બરાબર સમજવી ઘટે છે. વેપારીની ફરજ પણ ખુલ્લી છે. ગ્રાહકો

સાથે નમનતાઇથી ચાલીને, દગાફટકાને ધિક્કારીને, તેમને વગર ભેલસેલનો અને વાજબી કિંમતનો માલ પુરો પાડીને, પોતાની આબરૂ અને આંટ વધારવાની દરેક ધંધાદારીની ફરજ છે. એક પ્રમાણિક વેપારી પોતાને, પોતાનાં ગ્રાહકોને, અને પોતાના દેશને લાભ કરે છે. ફકત પૈસા કમાવા, અને બસ મોટો નફો કરીને પૈસા કોથળીમાં ભરવાની નેમ જે વેપારી રાખે, અને જેમ ફાવાય તેમ ગ્રાહકને કાપે, તો તેનો વેપાર લાંબો વખત નીભશે નહી, એમ કોઇ સાદી સાધારણ અક્કલનો માણસ પણ કહી શકશે. એવા આપસ્વાર્થી વેપારીને પોતાના સ્વાર્થની ગરમીથી આંખે ઝાંખ ચઢેછે અને નુકસાન થશે એમ તેને દેખાતું નથી, પણ થોડા વખતમાં તેની આંટ બગડે છે, તેનું નામ વાયડું થાય છે, અને ગ્રાહકો જેઓ એક વાર દગાયાં હોય તેઓ તેની સાથનો વેહવાર બંધ પાડે છે. આવી રીતે થાયછે ત્યારે તે અપ્રમાણીક વેપારી પોતાનાં નસીબને દોષ દે છે, પણ તે એમ નથી સમજતો કે મેં મારાં ગ્રાહકો સાથે દગો કર્યો તેનો આ બુરો અંજામ છે. વળી દેશ પ્રદેશ સાચો માલ પ્રમાણિકપણે નિકાશ કરનાર વેપારી પોતાના પ્રમાણિકપણાંથી પોતાનું નામ જગઆશકારા કરે છે, એટલુંજ નહી પણ તેનાં કામથી તેના દેશનું નામ વખણાય છે, અને એવા પાંચ પચીસ પ્રમાણીક વેપારીઓ પોતાના દેશને આડકતરી રીતે ફાયદો કરે છે, અને પોતાના દેશના વેપારના વધારામાં પોતાનો કિંમતી હિસ્સો આપે છે, અને તે વધારો તેમનાં પ્રમાણિકપણાંને આભારી છે. આથી દરેક ધંધાદારીની ફરજ છે કે દગાફટકાનો વિચાર સદંતર બાજુ મેલીને પોતાના વેપારમાં અખંડ પ્રમાણિકપણું વાપરવું અને એજ તેનું પ્રમાણિકપણું તેનું નામ ધીમે ધીમે પ્રખ્યાત કરીને તેને લાભ કરશે.

એક દાખલો લ્યો. એમ સમજે કે અત્રેના બે ત્રણ વેપારીઓએ આફ્રીકા દેશથી ચોકક્સ માલ મંગાવ્યો અને તે સઘળાઓને માલ વકી રાખવા કરતાં હલકી કીસમનો મળ્યો. આ બે ત્રણ વેપારીઓને થયલાં નુકસાનની વાત બીજા બે પાંચ વેપારીઓએ જાણી, અને થોડા વખતમાં

આપણી બજારમાં આફ્રીકાના માલનું નામ હલકું પડી ગયું, અને તેનું કારણ જોશો તો આફ્રીકાના અપ્રમાણીક વેપારીઓનો દગો.

ઉંચા ધંધાદારીઓની ફરજ.

ડાકટર, વકીલ, બારીસ્ટર, ઇજનેર જેવા ધંધાદારીઓની ફરજ છે કે પોતાના ગ્રાહક સાથે પોતાના ધંધાના નામને શોભા આપે તેવી અચ્છી રીતે વરતવું. કેટલાક અપ્રમાણીક ડાકટરો પોતાની કમાઇને લીધે નજીવાં દુઃખદરદને મોટું રૂપ આપી, ગ્રાહકને બિહવડાવીને તેમનો કેસ લંબાવે છે અને તે સઘળું આપસ્વાર્થને લીધે. ડાકટરની ફરજ છે કે ગ્રાહકને ધીરજ આપવી, તેનું ગમે તેવું બીકટ દુઃખ હોય તે માટે તેને ગભરાવવો નહી, અને પોતાનાથી જેમ બને તેમ તેને સાજો કરવાની કોશેશ કરવી. આમાં ડાકટરને લાંબી મુદતે ઘણોજ લાભ છે. એક વાર તે પંકાઇ ગયો તો તેને ગ્રાહકોની ખોટ નહી. વકીલો પોતાના ગ્રાહકોને સામી પક્ષ સાથે લડવાની શિખામણ આપે છે અને જો મુકદમાની સલાહ સંપજથી માંડવાળ થતી હોય તો તે તોડી પાડે છે. એ કાંઇ વકીલની નઇતીક ફરજ નથી. તેની ફરજ છે કે ગ્રાહકને ખરેખરી સલ્લાહ આપવી, બની શકતું હોય તો મારામારી અને કજીઆનું મોં કાળું કરવું, અને તેમાં તેની રોજી જાય તેની તેને દરકાર કરવી નહી. આમ કરવાથી તેની વાખવાખી ગવાશે, અને તે લાંબી મુદતે નામાંકીત થશે, અને તેને ત્યાં સલ્લાહ લેવા આવનારની સંખ્યા વધતી જશે, અને તેની આવક ઘટવાને બદલે વધશે. ઇજનેરની ઉપર ઘર બાંધનાર વિશ્વાસ છોડે અને તે કનત્રાકટર સાથે મળી જાય, ને હલકા પ્રકારનો માલ મસાલો વપરાઇને ઘર જેવું તેવું બંધાઇને ઉભું થાય, અને થોડા વખતમાં લચીને ઘર પડી જાય, ને તેમાં બે ચાર જીવનો કચ્ચરઘાણ થાય, એનો દોષ કોને માથે? બેશક ઇજનેર ખુદાની નજરમાં ગુનેહગાર છે. દગો કોઇનો સગો નથી. અંતઃકરણની વિરૂધ જઇને ડાકટરો, વકીલો અને ઇજનેરો કમાણી કરે છે તે રૂઢી અલ્પ દૃષ્ટીની છે, યાને બીજા બોલોમાં કહીએ તો એ રીત લાંબી મુદતે તેમને નુકશાન

કરનારી છે. પ્રમાણિકપણે પોતાના ઉંચા ધંધાની સઘળી ફરજો બજાવનાર ડાકટર, વકીલ, કે ઇજનેર થોડા વખતમાં પ્રખ્યાત થાય છે અને તેને ત્યાં ગ્રાહકની ભીડ ભાગતી નથી.

જેઓ વેપાર ધંધો ન કરે ને નોકરીમાં દાખલ થાય તેમને

નોકર તરીકેની ફરજ

બરાબર જાણવી જોઇએ. પોતાના શેઠને નુકસાન કરીને પોતાનો લાભ સાચવનાર નિમકહરામ નોકરનું ભવિષ્ય કદી પણ સુધરીને ઝળકતું બનશે નહી એ નક્કી માનવું. કામચોર નોકર પણ પોતાની ફરજમાં પછાત પડેલો ગણાયછે. શેઠની તાબેદારી કરવી, શેઠ તરફ માનની નજરથી જોવું, શેઠના લાભ સાચવવા, પોતાના લાભને માટે બીજાઓ સાથે મળી જઇને શેઠને નુકશાન નહી કરવું, પોતાનો ઓધ્ધો ખરાં અંતઃકરણથી અને નિમકહલાલીથી બજાવવો એ સઘળું નોકરી કરનારનું કામ છે, અને એ સઘળી તેની ફરજો છે. પ્રમાણિકપણે નોકરી કરનાર કદી ભૂખ્યો રહે એ તો નહીંજ માનવું. આબરૂ સાચવીને થોડા રૂપિયા પ્રમાણિકપણે મેળવનાર શખ્સ, લુચ્ચાઇ, લફંગાઇ અને લાંચ રૂસવતથી મોટી દોલત મેલવનાર નોકર કરતાં વધારે શુદ્ધ અંતઃકરણ, વધારે માન, વધારે સંતોષ અને વધારે સુખ ભોગવે છે. આનું કારણ શું? પ્રમાણિક માણસને પકડાઇ જવાની ધાસ્તી કે આબરૂ સાચવવાની ફિકરચિંત્તા રહેતી નથી, અને વગર ફિકરચિંત્તાના સબબે તેનાથી માંદગી દૂર રહેછે, જ્યારે તેથી ઉલટું, ઠગાફટકા કરનાર, લાંચ રૂસવત લેનાર, જેને તહરેવાર ઉંધાં ચત્તાં સમજાવવાં પડે છે, જેને એક જુઠાંને નિભાવવા અનેક જુઠી વાતો કહેવી પડે છે, તેને ચિંત્તા ડાકણ થઇ વળગે છે, અને તેના પાપી અંતઃકરણના ફરિયાદના પોકારને લીધે તેના મનની હાલત બગડેલી રહે છે, અને તેના મનની બિગડેલી હાલતને લીધે તેના તનની હાલત પણ બિગડે છે. ટુંકમાં, તેને અંતઃકરણની શાબાશી અને સંતોષી અંતઃકરણની ખુશાલી હોતી નથી, અને તેના અપ્રમાણિકપણે મેળવેલા પૈસા ખુદરતના વાજબી ઇનસાફને લીધે ઘણું ખરા આડે માર્ગે ખરચાય છે.

ચાકરી ધંધામાં અને નોકરી કરનારની ફરજો પછી હવે આપણે એક

ભરથાર તરીકેની ફરજ

ઉપર આવીશું. જવાન વયે ધંધો ચાકરી કર્યા પછી કમાતા પુતને પવિત્ર લગન તરફ પોતાની નેગાહ પુગાડવી ઘટે છે. એ ખુદરતી છે, અને એ ખુદરતનો કાયદો છે. માનવીને એ વગર બીજો છૂટક નથી. મોટી ઉંમર સુધી પડી રહીને અહીંતહીં અકર્મી અને અધર્મી સ્ત્રીઓની સંગતમાં તનમન અને ધનનો બિગાડો કરનાર સૃષ્ટિમાં વૃદ્ધી કરતો નથી. એથી ઉલટું, તે સૃષ્ટિના નિયમથી ઉલટો ચાલીને પરવરદેગારની પેદાયશનો નાશ કરનાર થાય છે. નાશ કરનાર કેવી રીતે? એક વેસ્યાની સંગતમાં પૈસાનોજ બિગાડો થતો હોય તો સમજ્યા, પરંતુ તનનો બિગાડો પણ થાય છે, અને તે બિગાડો એવો થાય છે કે આજના આગલ વધેલા વૈદાંના જમાનામાં પણ તેનો રામબાણ ઇલાજ મળતો નથી. એક વેસ્યાની સંગત કરવાથી લોહીમાં જે ઝેર પેવસ થાય છે, અને જે બુરા રોગનો હુમલો થાય છે, તે આજે પણ વૈદો સદંતર મારી હટાડવાને અશક્ત છે. ફકત બાહેરથીજ સારૂ થયલું લાગે છે, પણ ભીતરમાં લોહીની અંદર જે ઝેર પ્રસરીને મળી ગયું હોય તે ઝેર લોહીમાંથી પાછું નિકળતું નથી. સારી માવજત અને લાંબા કાળ પછી તે ઝેર મટી ગયું હોય એમ થોડાં વરસ લાગે છે પણ તે પાછું મોટપણે ઉભરી આવે છે. ટુંકમાં કહીએ તો વેસ્યાને ઘર રખડપનીની જીંદગી ગુજરનાર રોગીષ્ટ તનનો, ચિંતાતુર મનનો અને લુટાયલા ધનનો રહે છે.* આથી પેહલેથીજ પવિત્ર લગ્ન કરવાં, અને એ ફકત એકજ રસ્તો છે કે જે કોઈ પણ આસામીને ખુદરતની રચનામાં માન ઇજતથી ટકાવી શકે છે. પવિત્ર લગ્નજ ખુદરત કબુલ રાખે છે અને સ્વીકારે છે. માટે એક જવાને ધંધા નોકરીમાં વધ્યા

*વળી આવી સંગતમાં પડીને અને તનને રોગીષ્ટ બનાવીને જો લગન કરે તો તેની બાયડીને પણ ઝેર લાગુ પડે છે, અને તેટલુંજ નહીં, પણ જે બચ્ચાં અવતરે તેનાં લોહીમાં પણ તે ઝેરનો અંશ ઉતરે છે.

પછી લગ્નનો વિચાર અમલમાં મુકવો જોઇએ. પોતાની હમશરીક અને જીંદગીની જોડયણ તરીકે જે બાયડી તે પસંદ કરે તેણીનો તે નિભાવ કરી શકશે કે નહીં તેનો આગલથી વિચાર કરવાની તેને માથે ફરજ લટકે છે. પોતાની હાલત સારી ન હોવા છતાં લગ્ન કરનાર શખ્સ ગોયા પોતાની ફરજમાં પછાત પડેલો કહેવાય છે, કારણ કે તે ઉતાવળ્યાં લગ્ન કરીને પોતાની હુલડાઇથી અને અવિચારી પગલાંથી પોતાને તથા પોતાની ધણીઆણીને તેમજ પોતાનાં બચ્ચાંને આ દુન્યામાં ગરીબાઇનાં સંકટમાં જાણી જોઇને ઉતારે છે. આ સઘળુ તેના ઉતાવળ્યાં અને અવિચારી લગ્નને લીધે થાય છે, માટે લગ્ન કરવાની અગાઉ પુખ્ત વિચાર કરવાની દરેક જવાન પુરૂષની ફરજ છે.

બાયડી છોકરાનું ગુજરાન કરવાને શક્તિવાન હું કે? આ સવાલનો જવાબ હકારમાં આવે કે તુરત લગ્ન થવાં જોઇએ, કારણ કે તેથી ખુદરતના વૃદ્ધીના કાર્યમાં મદદ અને વધારો થાય છે. આ કામ ખુદરતને અનુસરતું છે, અને ખુદરતના પેદા કરનારને વાહલું છે. દુન્યામાં ત્રણ પ્રસંગ મોટા છે, જન્મ, લગ્ન અને મરણ, અને તે ત્રણે બનાવ અવસ્યના છે. એ ત્રગડીમાંથી દરેક માનવીને પસાર થવું છે.

ફક્ત બાયડી સાથે ફરવા હરવા, અને એશઆરામ ગુજારવાની લગ્નની મૂખ્ય નેમ નથી. તેમજ બાયડીના બાપ પાસેથી મોટી રીત મળી તેથી લગ્ન કરીને પરવાર્યા એમ ન સમજવું. છોકરાં અવતર્યા એટલે પણ જીંદગીનું કાર્ય પુરૂં થયું એમ ન સમજશો. કોમળ અબળા સાથે સલ્લાહ સંપજથી રહેવાની અગત્યતા પીછાણનારજ સંસારનું સુખ ભોગવી શકે છે. પૈસાને ખાતર પરણનાર શખ્સને તેવું સંસારનું સુખ જવલેજ મળે છે. નેક, સભ્ય, લાયકીવાલી, અને અસીલ ખાનદાનની સ્ત્રી સાથે તેવીજ રીતની સભ્યતા, લાયકી અને પ્યારથી વર્તણુંક ચલાવવાનું કામ કંઇ મોંમાં કોળીઓ મુકીને ખાવા જેટલું સહેલું નથી, પણ જે ધણી પોતાનો સંસાર પ્યારથી અને માયા મોહબતથી ચલાવી સુખી થવા માગે તો તે તદન

અશક્ત બને છે એમ નહી સમજવું. આ સઘળાં માટે ધણી તેમજ ધણીઆણી બન્નેએ પોતાની ફરજનો ખ્યાલ પોતાની નજર આગલ હમેશા ખડો રાખવો જોઇએ, અને ધણી તરીકેની ફરજ બજાવનાર, અને ધણીઆણી તરીકે ધણીને તેની ફરજ બજાવવામાં અંતઃકરણથી સહાય થનાર સ્ત્રી એ બન્ને સાથે અરસપરસના વાહલથી સંસારને સુખી બનાવે છે. સંપીલો સંસાર તે એક સંપુર્ણ વાજીંત્ર છે. બિગડેલો સંસાર તે વાજીંત્રની તુટેલી દોરી સાથે સરખાવો. બિગડેલા સંસારમાં તાલસુર હોયજ ક્યાથી? કેટલાક ભરથારો બાહેર લાંબા લાંબા હાથ કરીને લોકોને તેમની ધણીઆણી અને છોકરાં તરફ ફરજ બજાવવાની મોટી મોટી શિખામણો દે છે, અને એમ બોલીને લોકોનાં મતમાં ઘણા ઉંચે ચડે છે. તેઓ બાહેર ફુલની માફક પમરે છે, પરંતુ ઘરમાં તેઓ મુવેલા ઉંદરની માફક ગંધાય છે. જુલમગાર ભરથારને ઘરમાં આવેલો જોઇને તેની બાયડીના પેટમાં ફાલ પડે છે, અને બિચારી બિહતી ધ્રુજતી હાજીહા કરીને તેણી તેને ઠંડોમીઠો રાખે છે. જરા જરામાં તે છેડાઇ પડે છે, જરા જરામાં તેણીના અંગ ઉપર ધસી જાય છે, જગ જરામાં તે તેણીને ગાળો ભાંડે છે, એ પ્રમાણે તેણીની ઉપર તરેહવાર જુલમ ગુજારવામાં આવે છે તેનુ કેટલીક વાર ધ્યાન પણ થઇ શકતુ નથી. બાહેર ગવરનરની પાર્ટીમાં જાવાને પોતે ભપકાદાર પોશાક સીવડાવે છે, અને બેંડ સ્ટાંડ ઉપર ફરવા જતી વખતે કૉલર નેકટાઇનો ઠીક ઠાઠમાઠ કરે છે, પણ બાઇડીના અંગમાં પુરી આખી લંગી પણ હોતી નથી. જો કોઇ તેણીનુ પાલણહાર નહી હોય તો, તેણી બિચારી મુગે મોંહે રાંક બકરીની માફક કસાઇના હાથમા રહીને ટુકડા રોટી માટે લોહીનો ઘોટ ગળીને જીંદગી ગુજારે છે. આવા જાહેરમાં પમરતા અને ખાનગીમાં ગંધાતા ભરથાર બેશક મોટા બગલાભક્ત હોવા જોઇએ. સંસારનાં સુખનું તેમને કશું ભાન પણ હોતુ નથી. તેઓ પોતાની જાહેર મોટાઇના અભખરામાં લીન હોય છે. પોતાની ધણીઆણી સાથે સંપથી રહેવામાં કેવુ સુખ અને કેવો આનંદ થાય છે તેનો તેમને ખ્યાલ વટીક હોતો નથી. આવા ભરથારોને બને તો જાહેરમાં ઉઘાડા પાડવાની દરેક જણની

ફરજ છે. આવી રીતે જુલમમાં સબડતી ધણીઆણીને બને તો મદદ કરીને તેના બરથારથી છુટી પાડીને સ્વતંત્ર રીતે ગુજરાન કરવાની જોગવાઇ કરી આપવી એ તેણીના દરેક લાગતા વળગતાંની ફરજ છે.

વળી છોકરાં અવતર્યાં અને માય બાવા કહેવાયાં તેમાં કાંઈ દલિદ્ર ફીટયું નહીં. તેમને સંભાળથી પોષીને, ઉછેરીને મોટાં કરીને, નિતીમાન બનાવીને, દુન્યા સંસારની કેળવણી આપીને અને સઘળી જાતનો અનુભવ દેખાડીને તેમને દુન્યાના સાગરના ખળભળતા અને ઉછાળા મારતા મોજાઓ વચ્ચેથી તરીને પાર ઉતરતાં શીખવે, ત્યારે લગ્નનું કામ પુરૂં થયલું કહેવાય, અને ત્યારેજ લગ્ન કરવાની મુખ્ય નેમ પાર પડે.

હવે આગલ વધીને એક ભલા શેહરીએ

સરકાર તરફની ફરજ

શી છે તે જાણવું જોઇએ. જે ધર્મની વાત હોય તે માનવીને માથે ફરજબાત છે, અને જે કામ ફરજ સુચવે તે કરવાને દરેક માણસનો ધર્મ છે. એને ફરજ કહો કે ધર્મ કહો, ફરજ તેમજ ધર્મ બન્ને રાજ્યકર્તા તરફ અખંડ વફાદારી દેખાડવા શીખવે છે. રાજ્ય તરફ વફાદારી બતાવવાનો સુતરો અને સેહલો માર્ગ એ છે કે આપણા મુલકના કાયદાઓને માન આપવું અને તે પ્રમાણે ચાલવું. કાયદાને માન આપીને ચાલનાર વફાદાર શેહરી તરીકે ગણાય છે. એટલું યાદ રાખવું કે સરકારી કાયદા ઘડનારા પણ માણસો છે, અને જે માણસો ભેગા મળીને, ધ્યાન પુગાડીને, દેશનાં ભલાં માટે અને દેશની સુલેહ સંપજ માટે, અને દેશની સુખશાંતી અને વ્યવસ્થા જાળવવા માટે જે કાયદા ઘડે, તે બધાજ ખામીરહિત હોય છે એમ તો સરકાર પોતે પણ કહેતી નથી. માણુસ માત્ર ભુલને પાત્ર છે, એ આપણે જાણીએ છીએ, માટે જો કોઈ કાયદામાં ખામી માલુમ પડે, કોઇ કાયદામાં સેહજ વધતી ઓછી સખ્તાઇ પણ હોય, તેટલા માટે સરકાર સામે જાહેરમાં બડબડાટ કરીને, ઘોંઘાટ મચાવીને, અભણ લોકોને ઉશ્કેરીને,

સરકારને દબાવવાની અને ધમકી આપવાની નબળી કોશેશ કરવી તેમાં સર્વાંગ મૂર્ખાઇ અને ઘેલાપણું છે. જો ખરતી વફાદારીના ઉભરા સહિત પ્રસંગને અનુસરીને કાર્ય સિદ્ધ થાય તેવી નમનતાઇભરેલી ભાષામાં સલુખાઇથી અરજ કરીને સરકારનું માનપૂર્વક ધ્યાન ખેંચ્યું હોય, તો બેશક પ્રજાના મોટા ભાગને સરકાર માન આપ્યા વિના રહે નહીં અને એમ કરવાથીજ કાંઇ ફાયદો થવાનો સંભવ રહેછે, અને એથીજ પ્રજા અને સરકાર વચ્ચે સારો એખલાસ વર્તે છે. નહીં તો પ્રબળ અને સત્તા ભોગવતી સરકાર સામે રૈયતનાં પાંચપચીસ માણસને ઉશ્કેરીને કિંવા ભરાઇ સંતાઇને નિચ બિચકારાપણું બતાવીને કોઇ નિરદોષ અમલદારનો જીવ લેવાનું કાવત્રું રચવામાં આવે, તેથી સરકાર બિહીને શરણ થશે એવી અપકીર્ત અને ન્યાયે નહી બને એવી વાતની આશા રાખનારાઓ પોતાની હાલત સમજતા નથી, તેમજ વફાદારી સમજતાં નથી. તેઓ પોતાની શેહરી તરીકેની સરકાર તરફની પવિત્ર ફરજ સમજતા નથી, એટલુંજ નહીં પણ એવાં માણસોના મગજ મધ્યબીંદુમાંથી ખસેલાં હોય છે એમ નક્કી માનવું જોઇએ. એક સાધારણ દાખલો લઇએ. એક છોકરૂં તોફાન મચાવીને બાપને ગાળો ભાંડીને અથવા તેને મારવાની ધમકી આપીને કાંઇ ચીજ કે પૈસા માગશે તો તે તેનો બાપ આપશે કે? બિલકુલ નહી. પણ બાપ આગલ નમાનો થઇને બાપને કાલાવાલા કરીને અને સમજાવી પતાવીને તેની પાસે કાંઇ માગશે તો તે આપશે અને જરૂર આપશે. આ દાખલો સરકાર માબાપને પણ લાગુ પડે છે. 'સત્તા આગલ સ્યાણપટ ખોટી છે' એ કહેવત સરકાર સામે બડબડનારાઓએ હમેશાં ધ્યાનમાં રાખવી જોઇએ. ભુલ હોય તો માનપૂર્વક સીધી સલુકાઇથી અરજીઓ કરીને કાયદાપૂર્વક લડત ચલાવો તો તેમાંથી પ્રજાને કાંઇ ફાયદો હાંસલ થશે. જે દેશમા આપણે રહેતા હોઇએ તે દેશના કાયદાને માન આપવાની આપણી ફરજ છે, તેમજ બીજાઓને તે સમજાવીને સીધા સદ્ગુણી રાહે ચલાવવાની ફરજ છે, અને તે ફરજ પવિત્ર છે, કારણ કે તેમાં આપણને પોતાને ફાયદો છે, આપણા

પાડોસીને ફાયદો છે, મોહલ્લાવાસીઓને ફાયદો છે, કારણુ કે રાજ્યને વફાદાર રહેવું પારસી, હિંદુ, મુસલીમ સઘળા ધર્મમાં ફરમાવેલું છે. વળી જ્યાં સુલ્લેહ હોય છે ત્યાં સુખચેન પણ હોય છે.

કિરતાર તરફની ફરજ, માબાપ તરીકેની ફરજ, ધંધાદારી અને વેપારી તરીકેની ફરજ, શેહરી તરીકેની અને ભરથાર તરીકેની મુખ્ય ફરજો વિષે આપણે વિવેચન કરી ગયા, હવે

સગાં વાહલાં અને ભાઈબંધો તરફની ફરજ

વિષે થોડુંક કહીશું. સખાવત ઘરથી શરૂ થાય છે એ કહેવત ઘણા જણ બાહાના કાહડતી વખતે કહી સંભળાવે છે, પણ આ તો કહેવતનો પેહલો અરધો ભાગ છે. આખી કહેવત તો આ પ્રમાણે બોલાય છે કે 'સખાવત ઘરથી શરૂ થાય છે ખરી, પણ તેનો છેડો ઘરમા પુરો થતો નથી' (Charity begins at home, but it does not end there) આ આખી કહેવત જો બરાબર સમજ્યે તો સગાંવાહલા તથા ભાઈબંધો તરફ આપણી ફરજ શી છે તે સ્પષ્ટ સમજી શકાય છે. આપણાં બાયડી છોકરાંના માટે મેહનત કરીને તેમનુ ગુજરાન કરવું એ આપણી ફરજે અવ્વલ છ, અને તેટલા માટે સખાવત ઘરમાંથી શરૂ કરવી ઘટારત છે. 'ઘરનાં પોરયાં ઘંટી ચાટે ને પાડોસીને આટો આવે,' એવું કરવા આપણે કોઈને કહેતા નથી, પણ સખાવત ઘરમાજ પુરી થતી નથી. આપણી પાસે આપણા પોતાના ખરચ ઉપરાંત બાકી કાંઈ ફાજલ પડયું હોય, તો તેમાંથી આપણાં ગરીબ સગાંવાહલાંને સખાવતી હાથ લાંબા કરીને મદદ કરવી ઘટે છે, અને જે ઘટતું હોય તે ફરજ્યાત કહેવાય. ગરીબ સગાંવાહલાંઓને આપણી ફાજલ આવકમાંથી કાંઈ મદદ આપી શકાતી હોય તો તે આપવી અને જરૂર આપવી એ આપણી ફરજ છે. એક આસામી લખોપતીમાં ખપીને ઘરમાં પોતાનાં છોકરાંઓ સાથે મજાહ ઉડાવીને વાડી ગાડીમાં જીંદગી ગુજારતો હોય, ને તેના અતરાગના બેચારાઓમાં

કોઈ ખોરાકના અને વસ્ત્રના મોહતાજ હોય, તો તેઓને મદદ કરીને તેમની હાલત સુધારવાની કોશેશ કરીને, તેમને સારી હાલતમાં મુકવાની અને તેમને પોતાની રોટલી સ્વતંત્રપણે પેદા કરવાની જોગવાઇ કરી આપવાની દરેક પૈસાવાલામાં ખપતા સગાની આસાન ફરજ છે. પોતાના ગરીબ સગાં-વાહલાંઓને રીબતી હાલતમાં રહેવા દઇને પોતે સુખચેનમાં રહેનાર આસામી ખુદરતની નજરમાં ગુનેહગાર ઠરેછે. ખુદરતના કાયદાને માન આપીને ખુદરતની પેદાયશ, જેમાં માનવી શ્રેષ્ઠ જગા લે છે, તેવી ખુદરતની શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પેદાયશને ગલીચીમાં અને ગરીબાઇમાં અને તંગીના દુઃખથી હાય માગતાં અને તંગદસ્ત રહેવા દઇને તેમને કમોતે મરવા દેવાં એ સખ્ત હાલતના હૈયાની નિશાની છે, અને એવું સખ્ત હૈયું પરવરદેગારને પસંદ નથી, કારણ કે દયાનો ગુણ ખુદ ને દાતારનો પોતાનો અંશ છે. સખ્ત અને ધાતકી હૈયું ફરેસ્તાઇ ખસલતની નિશાની નથી, પણ ઉઘાડી આંખ ગરીબોને રીબતા જોઇને, રહેમદીલીથી મદદનો હાથ લંબાવવાને બદલે, બાહાના કહાડીને મદદ કરવાનો અભાવ કરનાર પૈસાવાલો શેતાનીઅત ખસલતનો પુજારી થાય છે. પૈસાવાલા ઘોડાઓ પછવાડે સેકડો રૂપીઆ ખરચે, કુતરાંને માટે કોડીની માફક રૂપીઆ આપે, મેના પોપટનો શોખ પુરો પાડવા માટે કાકરાની માફક રૂપીઆ ખરચે, ને પોતાના ગરીબ સગાં વાહલાંઓને કાંઇક મદદ કરવાને કચવાટ ઉપજાવે, અને તેમના ગરીબ દીદાર જોવાને પણ સુગાય, તો મરણ પછી એવા પૈસાવાલાનો હાલ શો થશે તેનો તેમને ખ્યાલ હોતો નથી. મરણ પછી ઇનસાફ થશે તે વેળા ત્યાં 'કેટલા હજાર રૂપીઆ તું કમાયો?' અને 'કેટલા રૂપીઆ ખાત્રા ખરચ્યા?' અથવા 'કેટલા હજાર બાયડી છોકરાંનાં નામ ઉપર ચઢાવી આવ્યો?" એ સવાલો પુછવામાં આવશે નહિ, પણ ત્યાં પુછવામાં આવશે કે 'તને પરમેશ્વરે રહેમદીલીથી જોઇએ તે કરતાં વધારે દોલત બક્ષી, તેમાંથી તેં કેટલાં ગરીબોનાં સંકટ ટાળ્યાં? કેટલાંઓને દુઃખમાંથી છોડાવ્યાં?' એવા સવાલો પુછવામાં આવશે. ઓ માનવી, તું જવાબ દેશે

કે હું લાખો રૂપીઆ કમાયો, ને તેમાંથી મેં વાડી ભોગવી, ગાડી વાપરી, અને મારી બાયડી છોકરાંઓ અને ખુશામત્યા મિત્રો સાથે તરેહવાર શોખો પુરા કીધા, તો ઝટ બેહસ્તનો દરવાજો ઉઘડીને તને દાખલ થવાનો હુકમ થશે, એમ કંઇ સહમજતો ના, અને એમ મનમાં ખાંડ ખાતો ના. તું કહેશે કે મેં મારી બૈરી છોકરાંને સુખમાં રાખ્યાં તેથી મને બેહસ્તમાં જવાનો હક છે, તો પરમેશ્વર આ તારો બચાવ ધ્યાનમાં લેશે નહી. આમ સમજવામાં તું ભૂલ કરે છે, અને ભૂલમાં ગોતાં ખાય છે.

અલબતાં, જે ધણીની પોતાની હાલત માઠી હોય, અને જે ધણી પોતાની જરૂર જોગી હાજતોને માંડમાંડ પુગી વળતો હોય, તે બીજાઓનાં સંકટો પૈસાથી ટાળી શકતો નથી, પણ તેને માટે પરમેશ્વરે બીજો રસ્તો ખુલ્લો રાખ્યો છે. એવાં મધ્યમ વર્ગનાં લોક પણ પોતાનાથી ઉતરતાં સગાંવાહલાંઓને અને ભાહઝ્યધોને ચોક્કસ દરજ્જે ઉપયોગી થઇ શકે છે. પૈસાથીજ સંકટ ઓછાં થતાં નથી. અલબતા, જ્યાં પૈસાનીજ જરૂર હોય ત્યાં પૈસાવાલાઓને માથેજ બાહેર પડીને મદદ કરવાની પવિત્ર ફરજ છે, અને તેમાં પછાત પડનાર તવંગર હજાર વાર ખુદરતનો ગુનેહગાર છે, પરંતુ મધ્યમ વર્ગના પણ ચાહે તો વગર પૈસે પોતાનું તન આપીને, પોતાનું મન આપીને, યાને બીજા બોલોમાં કહીએ તો જબાંનથી મદદ કરીને, જીભ હલાવીને અથવાં હાથ હલાવીને, પોતાનાથી ઉતરતાં ગરીબોનાં સંકટો ઓછાં કરી શકે તેમ છે.

ટુંકમાં, દિલસોજી દેખાડીને ધિરજ આપવી એ પણ દુઃખીનું દુઃખ ચોક્કસ દરજ્જે ઓછું કરે છે. પેલી જેહાનમાં ઇનસાફ થતી વખ્તે, બેહસ્તનો દરવાજો ખુલી જાય તે માટે, હિમ્મતથી ગરીબોને સહાય થાઓ, તેમની તરફ દિલસોજી અને દયા બતાવો, બને તો પૈસાની અને વસ્ત્રની મદદ કરો, અને તેથી પણ વધુ બને તો તેમની હાલત જાથુકની સુધરે તે માટે તેમને બરાબર ઠેકાણે પાડો, અને તેમને કમાતાં કરીને તેમની હાલત સુધારો, તેથીજ તમારો આત્મા ઉચી હાલતે પુગશે, અને તેથીજ

તમારી આ દુન્યાની હસ્તી સમાર્ગે વાપરેલી કહેવાશે. સવાબનો હમેશો હાંસલ કરવાનો આ ફકત એક રસ્તો છે.

મિત્ર તરીકેની ફરજ

વિષે થોડીક લીટીઓ આપ્યે તે ઉપર ધ્યાન આપશો તો પાપ કરતાં અટકશો. ગરીબ ભાઇબંધોને મદદ કરનાર તવંગર પણ ગરીબોના મિત્ર કહેવાય, પણ અતરે આપણે સારી ઓળખાણ અને ધાડી મિત્રાચારી વિષેજ બોલીશું. આ દુન્યામાં તમે એકલા આગલ વધી શકશો નહીં; સાથે મળીને કામ કરવા માટે અરસપરસની મિત્રાચારીની જરૂર છે. કાંઈ પણ સંસારને લગતાં અને ધંધા ધાપા અને વેપારને લગતાં કામકાજમાં પણ આપણને મિત્રોની મદદની જરૂર પડે છે, અને મિત્રોની અરસપરસની મદદથીજ આ દુન્યાનો સઘળો વેહવાર ચાલે છે. સગાંવાહલાંઓ અને ઘેરી કુટુંબીઓ બધાં સાથે એક ઠેકાણે કે એક શેહેરમાં રહેતાં નથી, તેથી આપણી પાસે રહેતા આપણા મિત્રોની સાહયતાથી આપણે ઘણું કામ બજાવી શકયે છીએ, અને તેમની ઉપર આપણને ઘણી હિમ્મત રહે છે. મિત્રોની ભલામણથી અને મિત્રોની લાગવગથી કેટલી બધી સવલતા અને કેટલી બધી સગવડ થાય છે, તે જેઓ મોટાં શેહેરમા જીંદગી ગુજારે છે તેઓને રોશન છે. પણ આ તો આપણે મિત્રાચારીની ધોળી બાજુ તપાસી ગયા, પણ બીજી કાળી બાજુનો ખ્યાલ કર્યે છીએ, ત્યારે જણાવ્યા વગર ચાલતું નથી કે ધંધાધાપામાં તેમજ વેપાર વણજમાં, તેમજ આપણા સંસાર વેહવારમાં અથવા આપણી સુખશાંતીમાં જ્યારે પણ નુકસાન પુગે છે, અને અગવડ થાય છે, ત્યારે તે નુકસાનનો કર્તા અને અગવડનો આપનાર સોએ નેવું ટકા આપણા હાલના અથવા જુના મિત્રોમાંનો કોઇ હોય છે. બીજી રીતે બોલ્યે તો આપણને નુકસાન કરનાર પણ કોઇ આપણો કહેવાતો મિત્રજ હોય છે. આપણને જેની સાથે ઓળખ ન હોય, અથવા આપણે જેની સાથે કાંઇ પણ સંબંધ ધરાવતા નહીં હોઇએ, તે માણસ આપણને નુકસાન શા માટે કરે? તદ્દન

અંજાણ્યાં માણસને આપણને નુકસાન કરવાની મતલબજ શી હોય? બેશક કાંઇ નહી. નુકસાન કરનાર કોઇ એવો શખ્સ હોવો જોઇએ, જે એક વાર આપણો મિત્ર હોવો જોઇએ, જેની સાથે આપણને ઓળખ પડી હોય અથવા જે આપણા સંબંધમાં આવી ગયો હોય, અને જે હાલ પોતાની ચોક્કસ મતલબસર આપણી સાથે ખુલ્લી અથવા છુપી દુશમની ધરાવતો હોય, તેજ શખ્સ આપણને નુકસાન કરનાર હોય છે. આપણા હાલના સઘળા દુશમનો ભૂતકાળમાં બધા આપણા ઓળખીતાઓ અથવા મિત્રોજ હોવા જોઇએ. ટુંકમાં, આપણને આપણા માર્ગમાં જે જે નડતર અને હરકત નડે છે તે કરનાર બાઝે વખ્ત આપણા મિત્રોજ હોય છે.

ઘણી વાર આપણા દોસ્તો મોઢાં ઉપર મિત્રાચારીની મીઠાસ રાખીને પડદા પછવાડે રહીને નુકસાનની દોરી ખેંચે છે. કેટલીક વાર આપણા દોસ્તો આપણને એક વાત સમજાવે છે, અને બીજાઓ આગલ બીજી વાત કરે છે, અને બન્ને પક્ષને રાજી રાખીને બન્નેના મિત્રો હોય તેમ દેખાવ રાખીને માંહેથી ગોલાલડાઈ કરાવે છે. એવા શખ્સો બેશક સદગુણના સબકોથી તદન અંજાણ હોવા જોઇએ, એવા શખ્સો કેળવણીથી તદન અતરંગ હોવા જોઇએ, અને તેઓ મરણ પછીની જીંદગીથી સદંતર બીનવાકેફ હોવા જોઇએ. મિત્રાઇનો સાહયો પેહરીને દુશમનની ગરજ સારનાર એવા કહેવાતા મિત્રોના હૈયામાં સખ્ત આંટણ પડીને ચામડી સુન મારી ગયલી હોયછે, અને તેમનાં અંતઃકરણ સુસ્ત અને મંદ હાલતમાં હોય છે. મિત્ર તરીકે આપીને, ખુદ પોતાને મિત્ર કહેવાડીને, પોતાના નિરદોષ મિત્ર તરફ સ્વાર્થને ખાતર કે પોતાના બુરા હવસને ખાતર, મિત્ર તરફ દગો રમવો અથવા તેની તરફ વિશ્વાસઘાત કરવો, એ મહા જબુન પાપ છે. વિશ્વાસઘાતને સરકારે પણ મોટો ગુનાહ ઠેરવ્યો છે. એક મિત્ર બીજા મિત્ર તરફ સીધી અથવા આડકતરી રીતે વિશ્વાસઘાત કરે તે તેને પહેલી નજરે બહુ નજીવું લાગે છે, ગોલા લડાઇ કરાવી અથડાવી માર્યાથી તેનાં મનમાં

મલકાત અને દિલમાં ગીલગીલી છુટે છે, પણ ગંભીરપણે ખ્યાલ કરતી વેળા, અને મુખ્ય કરીને જ્યારે મરણની છેલ્લી ઘડી આવે ત્યારે મોહતનાં બિછાના ઉપર, આવાં કાળાં કરતુકી મિત્રનો આત્મા શરિરમાંથી છુટો થતી વેળા કમકમાતથી ધ્રુજ્યા વિના રહેશે નહી, એ નક્કી માનવું, કારણકે મિત્ર તરીકે કીધેલો દગો દુર્ગુણોમાં પેહલાં નંબરનો દુર્ગુણ છે.

અગ્રેસર અથવા જાહેર પુરૂષની ફરજ.

કોમના અગ્રેસરો અને આગેવાનોએ પોતાના સરકાર દરબારના લાગવગથી તેમજ પોતાની ભારે દોલતની અને મોટા મરતબાની અસરથી પોતાની કોમનાં ભલાં માટે વખતનો અને બની શકે તો જરનો ભોગ આપવો જોઇએ, એ તેમની પવિત્ર ફરજ છે. પરમેશ્વરે તેમને આગેવાની ભરેલી જગા આપી અને પેહલી હરોલમાં જન્મ આપ્યો, ત્યારે તે જગા ઉપર લાયક થવાની કોશેશ કરવાની તેમની ફરજ છે. ઘણા મોટા લોકો પોતાનો અંગત લાભ જોય છે. જાહેરમાં પોતાની કોમને ગેરઇનસાફ થયો હોય તે તેઓ મુગે મોઢે જોઇને અને ખમીને બેસે છે, અને કહેછે કે બા, અમે શું કરયે. તેઓ તેનો રદયો આપવાને બિહે છે, અને એ કડાકુટમાં કોણ પડે, એમ બોલીને કાને હાથ દે છે. આમ કરવું તે પોતાની ફરજમાં પછાત પડવા બરાબર છે. અગાઉ પારસી, હિંદુ અને મુસલમીન કોમના આગેવાનો પોતાની કોમ તરફથી સરકાર સાથે બાથ ભીડતા હતા, તે હવે ઓછું થઈ ગયું છે, અને હાલ શેઠયાઓનો મોટો ભાગ સરકારના વાહલા થઇને ખેતાબો મેળવવાને ફાંફાં મારે છે, અને જ્યારે કોમી સવાલ ઉભો થાય છે ત્યારે અલગ રહેવાને પસંદ કરે છે. આવી રીત તેમના મોટા મરતબાને નામોશીભરેલી છે. વળી કોમના વડાઓએ પોતાની કોમનાં ગરીબોની હાજતો ટાળવાને કાર્ય સિદ્ધ થાય તેવા ઉપાયો લેવાની જરૂર છે, અને એ તેમની ફરજ છે. પોતાનાં ભાઇભિંધોનો લાભ જોવો એ તેમની ફરજ છે. તેઓ પોતાની કોમનું હિત હૈડે ધરે ત્યારેજ તેમને કોમ તરફનું માન મળશે, અને યાદ રાખવું કે કોમ તરફનું માન તે સરકાર તરફના માન કરતાં સોગણું ચઢિયાતું છે.

જાહેર પુરૂષોનો મોટો ભાગ ખુશામત્યા અને આપમતલબ્યાનો બનેલો હોય છે. આપણા શેહરી બાવાઓ, આપણા ભાષણકર્તાઓ, આપણા સંસાર સુધારકો, આપણા ન્યુસ પેપરના અધિપતીઓ, તેમજ રાજદ્વારી પુરૂષો વગેરે એ સઘળાઓ જાહેર પુરૂષોમાં લેખાય છે.

આપણા શેહરીબાવાઓ લ્યો. તેઓમાંનો મોટો ભાગ સરકારી પક્ષને રાજી રાખવાની કોશેશ કરે છે, જાહેર લાભના સવાલોની વેળા ઘરથી ઠરાવ કરીને આવે છે તે પ્રમાણે પોતાની પક્ષનેજ હાથ ઉચકીને મત આપે છે. કેટલાકો પૈસાના લાગવગથી શેહરી સમાજમાં બેસવાને શક્તિવાન થાય છે. શેહરીબાવા થવાની લાયકાત માટે ફક્ત પૈસાજ ધ્યાનમાં લેવામાં આવે એ કેટલું ભૂલભરેલું, એ કેટલું ખુશામતનું, અને કેટલું હલકું કામ છે. બીનલાયક આસામીને ફક્ત પૈસાવાળો જોઇને શેહરી સમાજમાં દાખલ કરવો, એ માટે મત આપનારાઓ તકસીરવાર ઠરે છે. મત આપનારાંની લાયકાતમાં પણ પૈસોજ જોવામાં આવે છે. ટુંકમાં શેહેર સુધરાઇ ખાતાંનો વહિવટ તવંગરથી ચાલે છે એમ કહીએ તો ખોટું નથી. મ્યુનીસીપાલીટીની ફરજ છે કે મત આપનારાંઓની લાયકાતનો કાંઇ નિયમ રાખવો. ફક્ત કેળવાયલા પુરૂષોનેજ મત આપવાનો હક બક્ષવો જોઇએ, અને ત્યારેજ શેહરી સમાજમાં પૈસાનાં પુતળાંઓ ઘુસવા ન પામશે. એક રાંડીરાંડ જેને કશી આવડ કે સમજણ નહી, તેણી ઘરવાળી હોવાથી તેણીને મત આપવાનો હક! અને એક પુરૂષ જે બસો ચારસો રૂપીઆ કમાતો હોય અથવા સારા વેપાર વણજમાં ધીકતો હોય અને તે પુરો કેળવાયલો અને દુન્યામાં ઘડાયલો હોય તોપણ જો તે ઘર કે ગાડીઘોડા ન ધરાવતો હોય તો તેને મત આપવાનો હક નહી! આવા સુધરેલા જમાનામાં આવું હમબગ ચાલે છે તે ખેદકારક છે!

શેહેરીબાવાની ફરજ છે કે લોકોના લાભના સવાલનો બરાબર અભ્યાસ કરવો, અમલદાર વર્ગની ચાપલુસી કરવી નહી, તેઓ જે કહે તે ખરૂં માનીને હાથ ઉંચા કરવા નહી, પરંતુ ખુદ એક બાબદનો

અભ્યાસ કરીને પોતાના અંતઃકરણને પોતાનો ભોમિયો બનાવીને ખરે માર્ગેજ મત આપવો. અંતઃકરણ પ્રમાણેજ ચાલવું, અને લોકોનાં ભલાંને માટેજ લડત ચલાવવી અને મત આપવો, એ તેમની ફરજ છે. પ્રજાનાં પ્રતિનિધીઓ તરીકે તેમની ઉપર વિશ્વાસ મુકાયલો સમજીને તે વિશ્વાસને સાચા નિવડવાની કોશેશ કરવા માટે તેઓ બંધાયલા છે, અને જો તેઓ તેમ ન કરે તો પોતાની ફરજમાં નિષ્ફળ થયલા કહેવાય, એટલુંજ નહિ પણ તેમની ઉપર વિશ્વાસઘાતનો ચાર્જ પણ લાગુ પડે છે.

આપણા સંસાર સુધારકો જેઓ જાહેર તખ્તા ઉપર ભાષણ કરવા નિકળે તેઓએ પોતાની ફરજ ઘણી સંભાળથી અદા કરવી ઘટે છે. તેઓએ ફક્ત સદ્‌ગુણ ઉપર રચાયલા વિચારો બાહેર પાડવા ઘટે છે, અને એવું કશું બોલવું નહીં જોઇએ જેથી તેમના વિચાર પ્રમાણે ચાલીને કોઇ ફસે ને હેરાન થાય. વળી તેઓ જે મત ખાનગીમાં ધરાવતા હોય તેજ મત જાહેરમાં મુકવો જોઇએ. જે ભાષણકર્ત્તા ડાહ્યા ડોહરા થઇને લાંબા લાંબા હાથ કરીને લોકોની રાહબરી કરવા નિકળે, પણ તેઓ જે બીજાઓને કરવાં કહે તે પ્રમાણે જો તેઓ ખાનગીમાં નહી ચાલતા હોય, તો પેલી કહેવત યાદ આવે છે કે કાજીજી કહેનેવાલે કુચ કરનેવાલે નહી. એવા રાહબરોને લોકો ઝટ પીછાણી શકે છે અને તેથી તેઓ જો પોતે ચેતીને ચાલે તો વધારે સારૂં. ધર્મ સંબંધી સુધારકે તો ઘણું બિહને સાવચેતીથી પોતાનો મત જાહેર કરવા જોઇએ. તેઓ કેટલીક વાર પોતાના અતીઘણા છુટા વિચારો ફેલાવીને પ્રજામાં સારા વિચાર ફેલાવાને બદલે નુકસાનકારક વિચારોનાં બી રોપે છે અને તેમાંથી એટલું બધું નુકસાન કરે છે કે કેટલાકો તેથી ધર્મ છોડીને અધર્મી બનીને તદન ઉખડી જાય છે. આ સઘળું અવિચારી ભાષણકર્ત્તાથી થાય છે. જાહેર લેખકો અને જાહેર ભાષણકર્ત્તા એ બન્નેની ફરજ એક સરખી છે, બલકે જાહેર લેખકની ફરજ ભાષણકર્ત્તા કરતાં વધારે ગંભીર છે, કારણ કે ભાષણ કરનારનું બોલવું વખ્તના વેહવા સાથ વીસરાઇ જાય છે, પણ લેખકનાં લખાણ વીસરાઇ

જતાં નથી, પણ જમાના સુધી તે વંચાય છે. લેખકો અજ્ઞાન લોકોને સુધારી શકે છે તેમ બગાડી પણ શકે છે. લેખકો સારો નીતીમાન માર્ગ દેખાડી શકે છે, તેમજ તેઓ તદન ઉલટો રસ્તો પણ દેખાડી શકે છે, માટે એક લેખકે ઘણું સાવચેત રહેવું અને બહુ સંભાળ લઇને પોતાના લખાણુમાં એવું કશું દાખલ થવા દેવું જોઇએ નહી, જેને માટે તે પોતાનાં મરણ પછી પરવરદેગારને જવાબદાર રહે.

અધિપતીઓ તો પ્રજાને નાક પકડીને ચલાવી શકે છે. અત્યાર સુધીમાં જેમ અધિપતીઓએ ફાયદો કર્યો છે તેમ ફાયદાના જેટલુંજ નુકસાન પણ કર્યું છે. અધિપતીઓ રાજદ્વારી બાબદમાં, સંસારી બાબદમાં સાહિત્યની બાબદમાં, વિદ્યા હુન્નરની દરેક શાખામાં, ધર્મની બાબદમાં, વેપારી બાબદમાં,અને જ્યારે જરૂર પડે ત્યારે ખાવાની વસ્તુઓ ચાખીને તેની પરિક્ષામાં પણ કહો, તમે જે કહો તે બાબદમાં, પોતાનો અભિપ્રાય આપે છે. તેઓ સર્વજ્ઞાનીમાં ખપીને જાણે ખુદા સાથે હરિફાઇ કરતા હોય એમ લાગે છે! પરંતુ બાઝે વખ્ત ચોક્કસ બાબદો, જેમાં તેઓ અજ્ઞાન હોય છે, તેમાં છબરડો કરે છે, અને તે છબરડો તેઓ કરે છે એમ તેઓનું અંતઃકરણ તેમને કહે છે, તે છતાં અધિપતી તરીકે પોતાનો માન મરતબો નિચે ન પડે, માટે દરેક બાબદમાં 'અમારો અભિપ્રાય' એવાં મથાલાં હેઠલ ઘણી વાર પોતાનો રકાસ કરે છે. તે વાંચી સમજુઓ મૂછમાં હસે છે, મતલબીઆઓ અધિપતીને દુઆ દે છે, અને અજ્ઞાન લોકો અધિપતીએ કહ્યું તે ખુદાએ કહ્યું એમ માનીને તે મત પ્રમાણે દોરવાય છે. આવા છબરડાથી ઘણી વાર નુકસાન થાય છે, અને કેટલીક વાર એ અધિપતીના 'અમારા અભિપ્રાય' થી કેટલાકો ખ્વાર થાય છે. ન્યુસપેપરનો અધિપતી લોકોને સારાં કામની ભલામણ કરીને સુધારો અને વધારો કરી શકે છે, તેજ પ્રમાણે બીજા હાથ ઉપર લોકોને ઉશ્કેરીને બંડ પણ કરાવી શકે છે. આવા અધિપતીઓ, જો કલમ હાથમાં ધરતી વખ્તે પોતાની ફરજનો ખ્યાલ ભુલે નહી, તો અધિકાઅધિક ફાયદો કરે છે, અને સવાબનો ગાંસડો

બાંધી શકે છે, અને બેહસ્તમાં જવાનો રસ્તો મોકળો કરે છે, પણ જે લખનાર, પછી તે અધિપતી હોય કે ગ્રંથકર્ત્તા હોય, તે જો લોકોને ઉશ્કેરનારાં લખાણ કરે, ને તેથી જો લોક લાગણી ઉશ્કેરાઇને બંડ મચે, અને તેથી જે લાહી રેડાય, તેથી જે ખુનામરકી થાય, અને તેથી જે ઉથલપાથલ અને નુકસાન અને ખ્વારી થાય, તેને માટે રસ્તાખેજનાં દાહડે તે લખનાર જવાબદાર છે, અને તેનું સર હંમેશાં દોજખમાં ઉંધું લટકશે એમ આપણને કેટલાક પેગમ્બરો જણાવે છે, માટે ઓ લેખક, કલમ હાથમાં ધરતી વખતથી તે કલમ પાછી ટેબલ ઉપર મુકે ત્યાં સુધી, તારી સામે આ બે બોલનુ પાટીઉં ટાંગેલું રાખજે કે 'મારી ફરજ.'

માબાપ તરફ છોકરાંઓની ફરજ.

માબાપો છોકરાંઓને પાળી પોષીને મોટાં કરવાને બંધાયલાં છે, પણ ખુદરતની અજાયબ કારીગરીથી જેઓ બચ્ચાં હોય તે જવાન બને છે, જેઓ જવાન હોય છે તેઓ બુઢાં થાય છે, અને જેઓ બુઢાં હોય તેઓ બચ્ચાં બને છે. આવી વખ્તે, યાને જ્યારે માબાપોને બુઢાપો આવે, જે બુઢાપો બીજી વારની બચગી (Second childhood) છે, કારણ કે બુઢાપામાં ધ્યાન ઓછું થાય છે બુદ્ધી નાહસે છે, યાદદાસ્ત કમી થાય છે, જોર ઓછું થાય છે, અને કામકાજ કરવાની શકિત ઘટે છે, તે વેળા તેમનાં દીકરા દીકરીએ પોતાનાં માબાપનો પાડ વાળી આપવો જોઇએ. માબાપો છોકરાંને માટે જે મેહનત કરે છે અને દીકરા દીકરીને પાળવા પોષવાની જે જેહમત ઉઠાવે છે તે એક જાતનો તેમની ઉપર પાડ કરે છે, અને તે પાડ વાળવાનો વખત છોકરાંઓની જવાનીમાં આવે છે. જે વેળા તેમનાં માબાપ બુઢાં થઇ અશક્ત બને છે તે વેળા દીકરા દીકરીઓએ પોતાના માતપીતાની ચાકરી કરીને તેમની ઘટતી બરદાસ્ત લઇને, અને તેમની ઉમરને છાજતું માન આપીને, પુરતો પાડ વાળી આપવો જોઇએ, એ તેમની ફરજ છે, કારણ કે એ ખુદરતનો કાયદો છે, અને જેઓ એ ફાયદો નહી સમજે તેઓની જીંદગી ઉપર ખુદરતની લ્યાનત છે! માબાપ

ખોરાક પાણી વગર અને વસ્ત્ર વગર તલખે, અને પારકાંઓના આધારે કંગાલ જીંદગી ગુજારે, અને તેમના દીકરા દીકરીઓ મજાહ મારે અને એશઆરામમાં વખત કાહડે, એ શું ફરજદોની ફરજ? નહી, નહી. એને બેશરમી, બેહયાઈ, નફટાઇ અને હરામખોરી કહયે તો ચાલે. છોકરાંઓને કરજદાર ગણ્યે તો તેમાં કશું ખોટું નથી, કારણ કે માબાપની સેવા અને જેહમતનું કરજ તેમનાં માથાં ઉપર લટકે છે, તે કરજ જો તેઓએ અદા નહી કર્યું હોય, તો તેઓ તે કરજ ફીટાડવાને બંધાયલા છે, અને જેમ પૈસાનું કરજ નહી ફીટાડવા માટે તેમને સરકારમાં ઘસડીને શિક્ષા થઇ શકે છે, તેમ બલકે તેથી વધુ સખ્ત કાયદા ઘડીને જેઓ પોતાના માબાપને.નાચાર હાલતમાં મદદ નહી કરે, તેમને સખ્ત કેદખાનાની સજા કરવી જોઇએ છે. નાની ઉમરનાં છોકરાંઓને તજી દેવા માટે અથવા તેમના ભરણ પોષણ માટે બાપને કોર્ટમાં ઘસડી શકાય છે, તેને મળતો કાયદો ઘડવામાં આવે કે જો દીકરા દીકરીઓ બુઢાં માબાપને મદદ નહી કરે, અને તેમનું ગુજરાન નહી કરે, તો તેમને દંડની અથવા કેદખાનાની સજા કરવી જોઇએ. હેતવંતા દીકરા દીકરીઓને માટે એવા કશા કાયદાની જરૂર નથી, કારણ કે તેમનાં અંતઃકરણ તેમને તેમની ફરજ શીખવે છે, અને તે પ્રમાણે તેઓ ચાલે છે, અને પોતાનાં બુઢાં માબાપની સેવા તેઓ પોતાની ફરજ સમજીને કરે છે, પરંતુ નાફરમાન દીકરા દીકરીઓ માટે સખ્ત કાયદાની જરૂર છે, અને ત્યારેજ તેઓ નીમકહરામી અને બેહયાઇ છોડશે.

બીજાંઓના ધર્મ તરફ આપણી ફરજ.

લોકોમાં એવો ખોટો અને નુકસાનકારક ખ્યાલ બેસી ગયો છે કે અમારોજ ધર્મ ખરો. જો ફક્ત એક ચોક્કસ કોમનો ધર્મ ખરો હોય તો તે કોમને સર્વ સક્તિવાન પરમેશ્વર ઝટ સર્વથી મોટી સને સર્વથી બળવાન બનાવી દે, અને બીજી બધી કોમની હસ્તી તુરત નાબુદ કરે, પણ જ્યારે બધાંના ધર્મમાં જન્મ આપવાનું ખુદરતે ચાલુ રાખ્યું છે, ત્યારે તે

દેખાડે છે કે ખુદાને ચોક્કસ એક ધર્મ વાહલો નથી, પણ સર્વ તેનાં મનથી સરખા છે. ખરૂં કહીએ તો ફક્ત પોતાનો કાયદો ખુદાને વાહલો છે. તેનો કાયદો તે આપણો ધર્મ થવા જોઇએ. જે તેના કાયદા પ્રમાણે વરત્યો તેણે ખુદાનો ધર્મ પાળ્યો કહેવાય. ખુદાની મરજી છે કે સઘળાઓએ, સઘળી કોમોએ સલ્લાહ સંપજથી અને એકજ કાયદાથી ચાલવું, અને તેથી ખુદરતમાં જો સઘળાઓનો એકજ ધર્મ હોય તો જગતની રચનામાં કશી ખલલ થાય નહી. ઘણા પેગમ્બરો થઇ ગયા છે પણ તે સર્વેએ નેકી, સચ્ચાઇ અને પવિત્રાઇ ઉપરજ પોતાના ધર્મનો પાયો રચ્યો છે. સઘળા ધર્મનાં મૂળ તત્વો એકજ છે, બીજું બધું ધર્મગુરૂઓએ પોતાની મતલબનું ઉમેરેલું છે. ભલે તમે જે ધર્મમાં જન્મ લીધો તે ધર્મ પ્રમાણે ચાલો, કારણકે હજી સુધી કોઇબી ધર્મ ખુદાની હસ્તી વિષે, કે નેક વિચાર, નેક બોલ, અને નેક કામ વિના તમને આડે રસ્તે દોરવતો નથી, પરંતુ કોઇના ધર્મ સામે તમારે ટીકા કરવી નહી, કોઇના ધર્મ માટે અણગમો બતાવવો નહી, અને સર્વેના ધર્મ તરફ માનની નજરથી જોવું. એમ કર્યાથી તમારો ખુદા રાજી થશે, કારણકે તેના કાયદામાં એવું કશું નથી, જેથી તમે પારકાંઓને કે પારકા ધર્મને ધિક્કારી શકો. આવી નેક વર્તણુકથી તમોએ તમારી ફરજ બજાવેલી ગણાશે. વળી આટલી વાત યાદ રાખવી કે જે ધર્મમાં જન્મ લીધો તે ધર્મનાં સિદ્ધાંતો બધાંજ માનવાં કે નહી, તે તમારી પોતાની મરજી ઉપર છે, અને સાદી અક્કલનો ઉપયોગ કરીને જે માન્ય રાખવા જેવું હોય તે તમારે માન્ય રાખવું, અને જે પડતું નાખવા જેવું તમને લાગે તે બાજુ મેલવું, પરંતુ તમોએ તમારો ધર્મ ત્યાગ કરવો નહી, અને બીજા ધર્મમાં દાખલ થવું નહી. પરમેશ્વરને વાજબી લાગ્યું તે ધર્મમાં તમને જન્મ આપ્યો અને તમે તે ધર્મ ત્યાગ કરો, તો એની મતલબ એમ થાય છે કે તમે પરમેશ્વર કરતાં પણ વધારે ડહયા છો, અને તેણે જે કર્યું તે ખોટું છે. પણ નહી, આપણે સર્વ જાણયે છીએ કે પરમેશ્વરે જે કર્યું છે તે બરહક છે, તેજ વાજબી છે, તેજ

રાસ્ત છે, માટે પરમેશ્વરે જે ધર્મમાં આપણને મુક્યા હોય, તેજ ધર્મ પ્રમાણે ચાલવું. બીજો ધર્મ અખત્યાર કરનારને લોકો માન આપતાં નથી. લોકો તેને ડાહયો ગણતાં નથી, કોઇ તેને મતલબસર બાહેરથી માન આપે તે છતાં તેઓ પણ તેને અંદરથી ધિક્કારે છે અને તેની હાલત ધોબીના કુતરાની માફક નહી ઘરનો કે નહી ઘાટનો એવી થાય છે. પારસી, હિંદુ, મુસલમાન કે ખ્રીસ્તી, એ સઘળાંઓના ધર્મમાં ખુદા એક છે, ખુદા વાજબી છે, અને ખુદાના કાયદા પ્રમાણે ચાલવાથી બેહસ્ત મળે છે. ખુદાનો હુકમ સદગુણ ઉપર રચાયલો છે. સર્વે ધર્મનું મળ નેકી છે, સર્વ ધર્મ સદગુણ શીખવે છે. તમે ગમે તો મંદીરમાં કે આતશબેહરામમાં ના જાઓ, પરંતુ ખુદાને વારંવાર યાદ કરીને નેક રાહે ચાલો, સદગુણી બનો, પોતાના આત્માને સુધારો, તમારી પોતાની જીંદગી સુધારો, તેમજ બીજાંઓના ભલાં માટે કાળજી રાખો, બીજાના સુધારા વધારા પાછળ મંડો, એ તમારો ધર્મ છે, અને એ તમારી ફરજ છે. પરંતુ બીજાના ધર્મને વગોવવો એ કાંઇ તમારૂં કામ નથી, એ કાંઇ તમારો ધર્મ નથી, અને એ કાંઇ તમારી ફરજ નથી.

સુઘડાઇ—સફાઇની ફરજ

આ ફરજ બીજી ફરજો કરતાં કોઇ પણ પ્રકારે ઉતરતી નથી. જેટલી જરૂર ખોરાકની છે તેટલી જરૂર સુઘડાઇની છે. જે ઘરમાં રહીએ તે ઘર સાફસુફ હોવું જોઇએ, અને પોતાનાં ઘરની સંભાળ લેવાની દરેક સાવધ માણસની જરૂર છે. જે અસાવધ હોય તેજ સુઘડાઇ સાચવતું નથી. પવિત્રાઇની સાથે સાથે સુઘડાઇ સફાઇ ચાલે છે. એક પવિત્ર માણસ સુઘડ હોવો જોઇએ. જો તેનું શરિર અપવિત્ર હોય તો તેનો આત્મા પવિત્ર ક્યાંથી હોય? જો તેનું શરિર ગંધીલું હોય તો તેનું મન શુદ્ધ ક્યાંથી હોય? જો તેનો પોશાક મેલો હોય તો તેનું હૈયું સાફ ક્યાંથી હોય? જો તેનાથી દુન્યાની નજીવી બાબદોમાં સુઘડાઇ ન જળવાય તો મન અને અંતઃકરણ જે આત્મીક તત્વો છે તેને સાફ અને

પવિત્ર ક્યાંથી રખાય ? ઇંગ્રેજીમાં કહેવત છે કે ફરેસ્તાઇ અથવા દેવતાઇ ખસલતથી સુઘડાઇ ફક્ત એક પગથિયું ઉતરતી છે. તમારૂં ઘર કે તમારાં ઘરનું આંગણું ચોખ્ખું રાખવાની તમારી ફરજ છે, કારણ કે અચોખ્ખાઇથી તમારાં ઘરની હવા બિગડે છે, એટલુંજ નહી, પણ તમારા પાડોસીનાં ઘરની હવા પણ બિગડે છે. તમારી ગંધીલી વર્તણુંકથી અને તમારી મેલી ટેવોથી તમને નુકસાન થાય છે, એટલુંજ નહી, પણ તમારા આડોસી પાડોસીને પણ નુકસાન થાય છે. તમારી ફરજ છે કે તમારાં શરિરની ચોખ્ખાઇ રાખવી, તમારી ફરજ છે કે તમારાં છોકરાંને સુઘડ રહેતા શીખવવું, તમારી ફરજ છે કે તમારા પાડોસીની સુખશાંતીમા કશી ખલલ ન થાય તેમ વર્તવું, તમારી ફરજ છે કે તમે જે ગામ અથવા શેહેરમાં રહેતા હોવો ત્યાંના સુધરાઇખાતાંના હુકમને માન આપવું. તેથી તમને, તમારાં કુટુંબને અને તમારા આડોસીપાડોસીને ફાયદો થશે, તેથી તમારી તનદરોસ્તી સુધરશે, તેમાં તમને મેહેનત ચોકસાઇ અને સંભાળ રાખવી પડશે, પણ તેથી તમને કશું દુખદરદ થશે નહી, અને વળી ડાકટરનો ખરચ ઓછો થશે. તમારી ફરજ છે કે તમારાં બાયડી છોકરાં પાસે સુખશાંતીનાં પુસ્તકો વચાવવાં, અને તમારાં નોકરોને પણ સુઘડાઇ રાખવાની તાકીદ કરવી. તેમને સુખશાંતીના વિષયોથી વાકેફ કરવાં. ઘરમાં હવાની આવજાવ રાખવી, અને હવા ઉજાસના મકાનમાંજ રેહેવું, ભીનાસવાળી જગા પસંદ કરવી નહી, સંડાસો અને ગટરો સાફ રખાવવી, બિછાનાં સાફસુફ રાખવાં, વગેરે વિગેરે, સુખશાંતીના મુળતત્વોથી તમારાં છોકરાંઓને પણ માહીતગાર બનાવવાં, તેથી ઘરને સાફસુફ રાખવાની તમારી મેહનત અને કડાકુટ ઘણે દરજ્જે ઓછી થશે. જે મોહલ્લામાં અજાન લોકો રહીને ગલીચી કરીને હવાનો બિગાડ કરતાં હોય, તે મોહલ્લામાં રહેવું તનદરોસ્તીને નુકસાનકારક છે. આપણે કહેવત જાણીયે છીએ કે પેહલું સુખ તે જાતે નર્યા, માટે તનદરોસ્તી સાચવવાની આપણી પેહલી ફરજ છે, અને સુઘડાઇ સફાઇ ન રાખનારની તનદરોસ્તી કદી પણ

સારી રહેતી નથી એ તો નક્કી માનવું. સુઘડ શખ્સનાં મોં ઉપર ખુદરતી નુર રહે છે. માણસનો ચેહરો તેની પવિત્રાઇની ગવાહી પુરી પાડે છે.

પરોણાગત કરવાની ફરજ.

આ ફરજ જેટલી ગામડેનાં લોકો સારી પેઠે સમજે છે તેવી રીતે શેહરીઓ સમજતાં નથી. જો કોઇ સગું વાહલું તમારે ત્યાં બાહેરગામથી આવીને ઉતારો માગે તો તે આપવાની તમારી ફરજ છે. તેને સગવડ કરી આપવી એ તમારો ધર્મ છે. તે જેટલો વખત રહે તેટલો વખત તેની બરદાસ્ત કરવાની તમારી માણુસ તરીકે ફરજ છે. પરોણા કાંઇ ઝાઝો વખત રહેતાં નથી. થોડીક ટુકી મુદત રહે તેટલાં સેહજ અગવડ પણ ભોગવવી પડે, તો તે અગવડ પરોણાગતના ઉત્તમ નિયમને ખાતર તમારે ખમવી જોઇએ. એ તમારી ફરજ છે. જ્યારે પણ તક મળે ત્યારે સાફ દિલથી અને ઉમદા ખયાલથી તમારે દેખાડી આપવુ જોઇએ કે તમારાંમાં કાંઇ માણુસાઇપણુ છે. અગર જો માણુસ માણુસને મદદ ન લાગે, અને એકબીજાંની અગવડ ન સંભાળે, તો જનાવર અને માણસમાં પછી ફરક શો? માણુસ જનાવરથી જુદો પડે છે તેનુ એક કારણ એ છે કે માણુસ એક પરોણાગત કરનારૂં પ્રાણી છે. જનાવરો એક બીજાનાં મોંમાંથી ઝુટવીને ખાવા જાય છે અને બીજાને ખાવા દેતાં નથી. માણસોએ તો ભુખ્યા અને હાજતમંદોને પોતાના ખોરાકમાંથી ભુકો કહાડી આપવો ઘટેછે, અને ત્યારેજ તેનું માણુસાઇપણું દેખાય છે. એક માણુસ જમવા બેઠો હોય ને કોઇ બીજો ત્યાં આવી લાગે તો તેને ખાણાંમાં હમશરીક થવાની અરજ કરવી એ દરેક સમજુ માણુસની ફરજ છે. પરોણાગત ન સમજનાર અને પારકાં માણુસને જોઇને સુગાઇ ઉઠનાર આદમીને આદમીનો એલકાબ આપવો વાજબી નહી કહેવાશે. અતરે એટલું ઉમેરીશું કે પરોણાએ પણ સારી સમજણ વાપરીને પોતાના યજમાનને નકામી અગવડમાં અને બીનજરૂરી ખરચમાં ઉતારવો નહી, અને પેલી જાણીતી કહેવત યાદ રાખવી કે પહેલે દાહડે પરોણો, બીજે દહાડે પઇ, અને ત્રીજે દાહડે રહે તેની અક્કલ ગઇ.

કરકસરની ફરજ.

કહેવત છે કે કરકસર રાજ્યશ્રીઓનું ભૂષણ છે. રાજાઓ કરકસર ફક્ત સાહેબીના શણગારને માટે કરે છે, પરંતુ રૈયતના લોકો કરકસર કરે તો તે ફરજ્યાત કરે છે, કારણ કે પૈસો આજે છે ને કાલે નથી. તવંગરી સદાકાળ રહેતી નથી, અને રોજી જાવેદાન ચાલતી નથી, તેમજ માણસ જીંદગીભર કામ કરી શકતો નથી. બુઢાપો જે જીંદગીની ઓટ છે તે માણસને નાહિમ્મતવાન અને નબળો બનાવી દે છે, અને તે વખતે દરેક માણસ પાસે કાંઇ બચાવેલું હોય તો તે તેને કામ લાગે છે. જો કરકસર કરીને પુંજી એકઠી કીધી હોય, તો બુઢાપામાં બેસીને ખાવા કામ લાગે છે, ભીખ માગવી પડતી નથી, ઓસ્યાલો અવતાર થતો નથી, અને જીંદગીનો સાંજ આનંદ અને સુખચેનમાં પસાર થાય છે. એકાદ માણસનો દાખલો લ્યો. જવાનીમાં ધમચકરી કરીને લાખો રૂપીયા કમાયો, ગાડી ઘોડે, વાડી બંગલે રહીને ખાધું પીધું અને મોજમજાહ ભોગવી, જેટલું કમાયો તેટલું ખર્ચી દીધું, બુઢાપો આવ્યો ત્યારે હાડકાં ચાલ્યાં નહી, પૈસા કમાવાની તાકાત જતી રહી, યાદદાસ્ત ગુમ થઇ ગઇ, દાહડા પડતો આવ્યો, પૈસા પાસે મળે નહી, અને અધુરામાં પુરૂં દીકરાઓ જેની ઉપર તેનો આધાર હતો તે પણ મરી ગયા, ઘડપણમાં પોતાનું અને પોતાની બુઢી બાયડીનું પોષણ કરવાને અશક્ત હોવાથી સગાંવાહલાઓની અને કોમની મદદ ઉપર આધાર રહયો, હાથ ઓરવા પડયા અને ભીખ માગવી પડી, અને કંગાલ કોટડીમાં રહેવું પડયું, જ્યાં આગલા સુખી દિવસોની યાદ થતાં હાય અફસોસ થવા લાગ્યો. હવે જો તે દર વરસે લાખો રૂપીઆ કમાયો તેનાથી સોએ દસ ટકા, એટલે લાખે દસ હજાર બચાવ્યા હોત, તો તેણે મોટી પુંજી એકઠી કીધી હોત, અને ઘડપણમાં લાંબા ટાંટીઆ કરીને દિવસો પસાર કીધા હોત. પસ્તાવો હમેશાં પાછળથી આવે છે, માટે તેવો પસ્તાવો થાય નહી, તેની આગલથી સંભાલ લઇને દરેક આસામીની ફરજ છે કે પોતાની આવકમાંથી કરકસરથી ખરચ કરીને કાંઇ પણ બચાવવું, અને

વરસાદ દર વરસ પૂરતો વરસતો નથી, માટે બુઢાપાના દુકાળનાં વર્ષને માટે અનાજ ભરી રાખવો જોઇએ. પરંતુ આજના સુધરેલા જમાનામાં જેઓથી કાંઇ બચાવી શકાતું ન હોય, તેઓએ

વીમો ઉતરાવાની ફરજ

સમજવી જોઇએ. નિચલા વર્ગના લોકે, અને મૂખ્ય કરીને મધ્યમ વર્ગના લોકે, જેઓની જાથુકની આવક નક્કી ન હોય, તેઓએ પોતાની જીંદગીનો વીમો ઉતારવાની ફરજ છે. જે લોક પાસે સ્થાવર મિલકત હોય, અને જે મીલકત વંશપરંપરા ઉતરતી હોય, અને જેમાંથી આવક ચાલુ થતી હોય, તેવી આવકવાળાને વીમાની જરૂર નથી એમ એકબારગી કબુલ કરચે, પણ નોકરી કરનાર દરેક આસામીએ જરૂર વીમો ઉતારવો જોઇએ, કારણ કે નોકરી કરનારની આવક ઉપર ગુજરાન ચાલે છે. એક બાપનો દાખલો લઇએ. તેને પાંચ સાત છોકરાં હોય તેનું ગુજરાન તે બાપની માસીક આવકમાંથી થાય, પણ કમભાગ્યે તે બાપનું મરણ નિપજે ત્યારે તે મરનાર બાપ પાંચ સાતને રખડાવીને ચાલ્યો જાય છે. બાપની માસીક આવકમાંથી જે છોકરાંઓએ કશું દુઃખ ન દીઠેલું તેઓ એકાએક તંગીની ઝાળમાં સપડાય છે, અને મરનારના પેહલે દિવસથી તેઓની હાડમારી ચાલુ થાય છે, પરંતુ જો તે બાપે પોતાની માસીક આવકમાંથી વીમો ભરીને પોતાનાં છોકરાનાં ગુજરાન અર્થે કાંઇ બચાવ્યું હોય, તો તેઓ આવી રીતે એકદમ આફતમાં આવી પડે નહીં. દરેક બાપની ફરજ છે કે પોતાનાં બાયડી છોકરાંનાં ભવિષ્યના નિભાવનો બંદોબસ્ત કરવો જોઇએ. જેટલું કમાય તેટલું ખરચી નાખે અને ભવિષ્યનો કશો વિચાર કરે નહી તે બાપ પોતાની ફરજમાં પછાત પડેલો કહેવાય. જે બાપ પોતાનાં બચ્ચાંને ચાહતો હોય તે બાપ પોતાનાં બચ્ચાંને આ દુન્યાની સખાવત ઉપર લટકતાં કદી નાખે નહીં, પણ જે બાપ પોતાનાં બચ્ચાંનો દુશમન હોય, અને જેને પોતાનાં બચ્ચાંનાં ભવિષ્યની દરકાર નહી હોય તે બાપ પોતાનાં નાનાં નિરાધાર છોકરાંનાં ભવિષ્યનો વિચાર નહી કરે. માટે સર્વથી સેહલો અને સાદો

રસ્તો ખુલ્લો છે કે દરેક બાપે પોતાની આવકના પ્રમાણમાં વીમો ઉતારવો જેથી તેનાં મરણ બાદ તુરતવેળા તેનાં બચ્ચાંઓ આફતના ખાડા ઉપર અથડે નહીં. આ ફરજ ઉપર દરેક બાપે ગંભીરપણે ધ્યાન પુગાડવું ઘટે છે.

ખુદાની હસ્તી સ્વિકારવાની ફરજ.

ઉપલી બધી ફરજો માનવીને બજાવવાની જરૂર છે. અજ્ઞાન લોકો એમ સમજે છે કે ખુદાએ પોતાની રમુજ માટે આ દુન્યા બનાવી, અને તેમાં માનવી, જન જાનવર અને ઝાડ પાન પેદા કીધાં, અને ખુદા ઉપર બેઠો બેઠો માણસોનાં દુઃખ સુખનો ખેલ જોઇને પોતાનું મન રીઝવે છે કેટલાક ભણેલા પણ ઘણા છટા વિચારના શખસો સમજાવે છે કે ઝાડપાન આગલ વધીને જન જાનવર થાય છે, અને જન જાનવર આગલ વધીને માણસ થાય છે, એ પ્રમાણે સૃષ્ટિની રચના પોતાની મેળે આગલ વધતી જાય છે, બેહસ્ત અને દોજખ જેવું કશું નથી, અને માનવીએ જેમ બને તેમ દેશકાળની સ્થિતી પ્રમાણે ચાલવું, અને જીંદગી ગુજારવી. તેમની ફિલસુફી ઉપરથી જણાય છે કે તેઓ જગતના પેદા કરનાર એક ખુદાની હસ્તી વિષે શકમંદ છે, અને તેઓ આ આખી જગતને હજારો અને લાખો વરસની આગલ વધેલી સ્થિતી (evolution) તરીકે કબુલે છે. સવાલ એ ઉભો થાય છે કે આ પૃથ્વિની હસ્તી ક્યાંથી થઇ? જે ચીજની હસ્તી કબુલ્યે તેનો કોઇ બનાવનાર પણ હોવો જોઇએ. ત્યારે પૃથ્વીનો બનાવનાર કોણ? પરિણામ તરીકે પૃથ્વિ લઇએ, તો કારણ તરીકે તેનો બનાવનાર પણ હોવો જોઇએ. વળી આ પૃથ્વિ ઘડી રાખેલા ચોક્કસ નિયમે ચાલે છે, સૂર્ય પોતાને નેમી આપેલા કાયદા પ્રમાણે ચાલે છે, પૃથ્વિ તેની ધરી ઉપર ચોક્કસ નિયમે ફરે છે, રાત દાહડો અને રૂતુઓ નિયમીત થાય છે, ત્યારે આ સઘળી સૃષ્ટિની અંદર જે વ્યવસ્થા અને નિયમીત કાયદા ચાલુ છે, તે વ્યવસ્થા શું પોતાની મેળે થઇ? તે કાયદા પોતાની મેળે હસ્તીમાં આવ્યા? તે કાયદા અને તે વ્યવસ્થા

ઘડનાર વગર એ સઘળું હસ્તીમાં આવ્યું ? આવી મોહોટી સૃષ્ટિ, જેમાં આપણી દુન્યા જેવી બીજી સેંકડો દુન્યા સમાઈ જાય છે, તેમાં જ્યાં જુવો ત્યાં નિયમીત ગતી, નિયમીત કાયદા, નિયમીત ફેરફાર થયા કરે છે, એ શું બધું પોતાની મેળે થયું અને થાય છે ? આવું માહભારત આકાશ-મંડળ અને સૂર્યમંડળ અને સૃષ્ટિમંડળ પેદા કરનાર શું કોઈ નહીં હોવો જોઈએ ? આ સઘળા સવાલોનો જવાબ સંતોષકારક એકજ રીતે આપી શકાય છે કે હા, જે ચીજની હસ્તી હોય, તે ચીજનો પેદા કરનાર પણ હોવો જોઇએ. કવિ 'પોપ' કહે છે તેમ માનવી માતરે ખુદાની હસ્તી ચુપચુપ માનવી, બાકી કુદરતની છુપી ચાવી, જે ખુદાએ પોતાની પાસે રાખી છે, તે છુપી કુદરતનો ભરમ જાણવાની માનવીએ કોશેશ કરવી નહી જોઇએ. ફિલસુફી આ સૃષ્ટિને હજારો અને લાખો વરસની જુની જણાવે છે, ત્યારે આ લાખો વરસમાં ખુદરતનો ભેદ કોઈ ઉકેલી ન શક્યું, તો શું હવે પછી કોઈ તે ભેદ શોધી કાહડશે ? ના, કુદરતનો છુપો ભેદ જાણવાની દરકાર કરવાની ફરજ માનવીને માથે નથી. માનવીની ફરજ ખુદાની હસ્તી સ્વિકારવાની છે, અને તેની હસ્તી સ્વિકાર્યા વિના માનવીને બીજો છુટક નથી. સુખમાં નહી, તો દુઃખમાં તો રામ યાદ આવ્યા વિના રહેશે નહી. તમારી આખી જીંદગીમાં તમે ખુદાની હસ્તી નહી સ્વિકારશો તોપણ મોહતનાં બિછાના ઉપર તમને ખુદા યાદ આવ્યા વિના રહેશે નહી, કારણ કે ખુદા દૂર નથી, તે તમારાં જીગરમા વસે છે. તમારાં અંતઃકરણના અવાજને આખી જીંદગી સુધી દાબી દાબીને રાખશો, અને ખુદા નથી એમ માનતાં શીખવવાની કોશેશ કરશો, પણ મોહતનાં બિછાના ઉપર તમારૂં અંતઃકરણ ગમે તેવી સુતેલી હાલતમાંથી જાગૃત થશે, અને મરણની છેલ્લી ઘડીએ તમારાં મોંઢે બોલાવશે કે "ઓ ખુદા !" આ દુન્યામાં માનવી જન્મ લે છે તેમાં પણ ખુદાની અજાયબ કરામત છે અને તેમાં પણ કુદરતની છુપી મતલબ છે એમ માન્ય રાખવું. ખુદાએ આપણને મિથ્યા પોતાની મજાહને માટે આ દુન્યાના તખ્તા ઉપર મુક્યા નથી.

આ દુન્યાના તખ્તા ઉપર તમારે ફાલે જે ભાગ આવે, તે સંપૂર્ણ રીતે બજાવવાને તમને સરજ્યાં છે, માટે આખી જીંદગી દરમ્યાન આપણને આપણી જે જે ફરજો હોય તે બજાવવી ઘટે છે. એટલું યાદ રાખવું કે આપણે જેવું આ દુન્યામાં કરીશું, તેવું બીજી જેહાનમાં મેળવીશું, કારણ કે જેવું વાવ્યે તેવુંજ ઉગે છે. જેમ વાંસ રોપીને શેરડીની આશા રખાય નહી, જેમ બુવડ રોપીને ગુલાબની આશા રખાય નહી, તેમ બુરાઇ કરીને ભલાઇની આશા રાખવી નહી, તેમજ દોજખને લાયકનાં કામ કરીને બેહસ્તમાં જવાની આશા રાખવી નહી. બેહસ્તમાં જવાને માટે ફક્ત એકજ વાત ઉપર ધ્યાન આપવું, અને તે એ કે આપણે આપણી ફરજ બજાવવામાં કદી પછાત પડવું નહી.

સમાપ્ત.